
"ગુજરાતી"ની ૪૭ અને ૪૮ મી ભેટ   ઇ. સ. ૧૯૩૧

અને



રાયસિંહજીની હવેલી

"ગુજરાતી" પત્રની ઑફીસ.

સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧.

ઇ. પ્ર. પ્ર. 'ગુજરાતી'ના ગ્રાહકોને ભેટ.   પાકું પૂંઠું રૂ. ૩-૬-૦

સેંકડો તરેહના માથાના મલમો
દરેક ગાંધીને ત્યાં મળી શકશે.



અને દરેક ગાંધી જેમાં તેને વધારે નફો હશે તે મલમ ઉંચકીને તેની સીફારસ કરશે, પરંતુ ગેરંટી આપી શકશે નહિ. તો તેવી રીતે દુકાનદારની દયા ઉપર પૈસાની બરબાદી કરવા કરતાં તમો જગપ્રસિદ્ધ

ઓડમેન્સ

સાઇમસ સાલ્વ

(રજીસ્ટર્ડ)

માગજો. તેનાથી ગેરંટી મળે છે એટલું જ નહિ પણ તેમાં રહેલી દુઃખ દુર કરવાની ઝડપી અસર જોઇ તમો હેરત પામશો.

સાઇપ્રસ સાલ્વ (રજીસ્ટર્ડ)

માથાનો દુઃખાવો શરદી "વા" સળેખમ કમરનું ઝલાઇ જવું, હાથ પગનં રહી જ. હવાના ફેરફારથી શરીરમાં થઇ આવતો દુખાવો–ઝેરી જંતુ કરડવાથી થઇ આવતો સોજો, વિગેરે દરદો ઉપર તાત્કાળીક અસર કરનાર જાદુઈ મલમ છે.

જેઓએ સાઇપ્રસ સાલ્વ વાપર્યો છે તેઓ શું કહે છે:—

કંસારા ત્રિભોવન વસનજી મુ. સુલતાનપુર (કાઠીઆવાડ)થી તા૦ ૧૭–૧૨–૧૯૩૦ ના પત્રમાં લખે છે કે:–"આપની પાસેથી સાઇપ્રસ સાલ્વ મંગાવ્યો હતો, તે અમોને બહુજ ફાયદાકારક નીવડયો છે "વા"ની ઉપર તે અકસીર દવા છે. તે દવા અહિં ઘણાને અમે "વા"ના દરદ ઉપર આપી હતી તો તેને પણ ફાયદાકારક થઇ હતી તો વળી પણ સાઇપ્રસ સાલ્વનો એક પોટ વી. પી. થી મોકલવા મહેરબાની કરશો.

વગર માગે આવાં સંખ્યાબંધ સરટીફીકેટો મળેલાં છે.

વધારે કીંમત ખરચવાની જરૂર નથી. ફકત બે આનાની નમુનાની ડબી મંગાવો, અને ખાત્રી કરો. ફાયદો થએ મોટા પોટ મંગાવજો.


મોટા ચીનીના પોટ ૧ ની કીંમત રૂ ૧–૦–૦. વી પી. ખર્ચ રૂ. ૦–૬–૦

૩ પોટના રૂ ૨–૧૦–૦. „ રૂ. ૦–૧૦–૦

સોલ એજન્ટ:–ધી એંગ્લો ઇન્ડીઅન ડ્રગ એન્ડ કેમીકલ કુાં૦,

૨૮૫ બારકેટ, પોસ્ટ બોક્ષ–૨૦૮૨, મુંબઇ નં. ૨.

મનુષ્ય માત્રની જીંદગીનો પાયો
વીજળીક તત્વ ઉપર રહેલો છે.



શાસ્ત્રવેત્તાઓએ શરીરની શોધ ઉપરથી સિદ્ધ કર્યું છે કે મનુષ્યના શરીરમાં વીજળીક શક્તિ રહેલી છે. અને વીજળીક શક્તિ એજ મનુષ્યની જીંદગીનું મુખ્ય તત્વ છે. જ્યારે આ વીજળીક શક્તિ ચોક્કસ પ્રમાણમાં શરીરમાંથી ઘટી જાય છે ત્યારે અનેક જાતનાં દરદો ઉત્પન્ન થાય છે અને વખતસર તેનો ઇલાજ કરવામાં ન આવે તો મૃતપ્રાયજેવી સ્થિતિ થઇ પડે છે.

પ્રો. જેમ્સ
ઇલેક્ટ્રો-ટોનીક પલ્સ (રજીસ્ટર્ડ)
(પ્રો. જેમ્સની વીજળીક શક્તિની ગોળીઓ)

શાસ્ત્રોક્ત ક્રિયાની સહાયથી વીજળીક શક્તિ આમેજ કરીને દરેક માણસ ને દરેક રૂતુમાં માફક આવે તેવી રીતે બનાવવામાં આવેલી છે. આ ગોળીઓ કોઇ પણ કારણથી આવેલી નબળાઇને દુર કરી શરીરમાં સંપૂર્ણ શકિત ઉત્પન્ન કરે છે. માનસિક ક્ષીણતાઓ દુર કરવામાં આ ગોળીઓ અજાયબી ભરી અસર કરે છે. કવખતનું ઘડપણ, ધાતુની-ક્ષીણતા, પીસાબમાં ધાતુનું જવું, મગજની ચકરી; આંખે અંધારાં આવવા, કમ્મરમાં અથવા હાથપગમાં કળતર થવી, વીગેરે રોગો ઉપર આ ગોળીઓ હેરત પમાડે તેવી અસર કરે છે, મંદ પડેલી પાચન શક્તિને તેજ કરે છે.

તેના સંખ્યાબંધ વાપરનારાઓ તરફથી મળેલા સેંકડો અભિપ્રાયો પૈકી આ એક જ વાંચોઃ—

ભગવતી સહાય મથુર, બી. એ. એલ. એલ. બી. વકીલ મુ. અમરોહાથી લખે છે કે—મહેરબાની કરીને તમારી **પ્રો. જેમ્સની વીજળીક શકિતની ગોળીઓની** ત્રણ બાટલી વી. પી. થી મોકલજો. આ ગોળીઓ હું ઘણા વખતથી વાપરૂં છું અને ત શકિત આપનારી સાબીત થઈ છે.

વગર માંગે આવાં સંખ્યાબંધ સરટીફીકેટ મળેલાં છે.

ફક્ત ચાર આનાની ટીકીટ મોકલી ૧ દિવસ ચાલે તેટલી નમુનાની શીશી મંગાવી તમો પોતેજ ખાત્રી કરો.

કી.-૪૦ ગોળીની ૧ શીશીના રૂ ૨-૦-૦, ૨૫ ગોળીની ૧ શીશીના રૂ ૧-૪-૦, વી. પી. ખર્ચ ૧ થી ૩ શીશી સુધીના રૂ ૦-૮-૦ જુદા.

સોલ એજન્ટ:-ધી એંગ્લો ઇન્ડીઅન ડ્રગ એન્ડ કેમીકલ કુંપની,
૨૮૫ માર્કેટ પોસ્ટ બોક્ષ નંબર ૨૦૮૨ મુંબઇ નં. ૨.

"ગુજરાતી" પત્રની ૪૭ મી ભેટ

અમરેશરી કટારી

ગ્રન્થકર્તા:

સ્વ. છગનલાલ મથારામ બ્રહ્મભટ્ટ

(મહેસાણાવાળા)

પ્રકાશક:

"ગુજરાતી" પ્રેસના માલીક

મુંબઈ નં. ૧

સં. ૧૯૮૭ ઇ. સ. ૧૯૩૧

પુસ્તક મળવાનું ઠેકાણું:—

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ,

સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ,

કોટ, મુંબઈ નં. ૧.

—:o:—

—:o:—

Printed at and Published by Natverlal Itcharam Desai at "The Gujarati" Printing Press. Sassoon Buildings, Elphinstone Circle, Fort, Bombay No. 1.

પ્રસ્તાવના

"ગુજરાતી" પત્રની આ ૪૭ મી વાર્ષિક ઐતિહાસિક વાર્તાની ભેટ છે. આ ભેટના પુસ્તકમાં ત્રણ નાની મોટી વીરરસની વાર્તાઓ છે, અને તે ત્રણે ભાટચારણોના મુખે વારંવાર સંભળાતો એક ઐતિહાસિક, અમર અને લોકસાહિત્યમાં મશહૂર, દુહો, જે ત્રણે વાર્તાના આરંભમાં અમે મૂકેલો છે, તેમાં દર્શાવેલી હકીકતના સત્ય ઇતિહાસ રૂપ છે. આ ત્રણે વાર્તાઓના લેખક એક બ્રહ્મભટ્ટ સ્વર્ગસ્થ કવિ છગનલાલ અમથારામ મહેસાણાવાળા છે. "ગુજરાતી"ના આદ્યતંત્રી, અમારા પૂજ્ય પિતાશ્રીને ભાટચારણોને મોઢેથી કથાવાર્તાઓ સાંભળવાનો ભારે શોખ હતો, અને મારી જાણ પ્રમાણે ઇ. સ. ૧૯૧૦ માં ખેરાળુ અને રૂપાળ ગામના બે બ્રહ્મભટ્ટ કવિઓ શિવલાલ અને કવિ દામોદર મુંબઈ આવેલા ત્યારે તેમની વાર્તા કહેવાની શૈલીથી મુગ્ધ થયા હતા. તે પછી આ કવિની વાર્તાની બેઠકો મુંબઇના ઘણા શ્રીમંતોને ત્યાં થઇ હતી, અને એક વાર તો કવિને ઉત્તેજન આપવા માટે ધોબીતળાવ આગળના ફ્રામજી કાવસજી ઇન્સ્ટીટયુટમાં એક જાહેર મેળાવડો પણ કરવામાં આવ્યો હતો. આ વખતથી ભાટચારણો સાથે મને પણ કેટલોક પ્રસંગ પડયો હતો. તે પછી મહેસાણાના કવિ છગનલાલ મુંબઇમાં આવેલા, ત્યારે તેમની સાથે વાતચિત થયેલી કે, ભાટચારણો વગેરે કથાનકો ને વાર્તાઓ મોઢેથી કરે છે, તેવી રીતે જો લખી આપે તો જનતા અને તેમને પોતાને પણ ઘણો લાભ થાય. તેમણે જણાવ્યું કે, 'જેને વાર્તા કહેવાની ટેવ છે તેઓ લખી નહિ શકે, અને જેઓ લખી શકે તેવા હોય છે તે કહી શકતા નથી. વળી ભાટચારણોની વાર્તામાં ભાષાની શુદ્ધાશુદ્ધિનું કંઈ ઠેકાણું હોતું નથી, અને કાવ્યાદિ ગુજરાતી ભાષામાં હોતાં નથી, પણ મારવાડી, ડીંગળી, હિન્દી કે વ્રજભાષામાં હોય છે, જેની લખાવટ ને ઉચ્ચારણમાં પણ ઘણો ફરક હોય છે, તેથી તેઓ બોલે છે તેવું લખી લેવું તો અશક્ય છે. વાર્તાનો કહેવાનો તોર જૂદો અને લખવાની ઢબ પણ જૂદી હોય છે; જે કેટલીક વાર કહેવામાં

શોભે છે તેનો રસાસ્વાદ લખવામાં આવતો નથી, અને ભાટચારણો પોતે કોઇ પણ દિવસ સિલસિલાબદ્ધ બોલે છે તેવું લખી શકે તેમ નથી. કોઈ તેમની પાસેથી સાંભળીને અનુસરણ કરીને ઉતારી લે તો જૂદી વાત છે.' મેં કહ્યું કે, 'તમે લખવાની ટેવ પાડો તો કેમ?' તેણે ઉત્તેજન મળે તો પ્રયત્ન કરી જોવાની હા ભણી અને ભારતલોકકથા સંગ્રહ માટે કેટલીક નાની મોટી વાર્તાઓ લખી પણ મોકલી હતી. તેઓ મુંબઇમાં હતા ત્યારેજ ઉપલા દુહાની વાર્તાઓ અમને કહી હતી. તે રસમય બનાવી તેની સાથે ઇતિહાસનો મેળ રાખી, આ જ ત્રણ વાર્તાઓ લખવાનું અમે તેમને જણાવેલું, અને તેમણે આ વાર્તાઓ લખવામાં સફળતા મેળવી છે, એટલું વાંચનાર જોઇ શકશે. તેમણે પાત્રોના મુખમાં રાજસ્થાની ભાષાનું સ્વરૂપ જ રહેવા દીધું છે. આ પ્રમાણે તેમણે ભાટચારણોના વહીવંચા અને જૂના ચોપડા, પ્રાચીન કવિતા અને ઉક્તિઓ ઉપરથી **પ્રતાપી મહારાણા પ્રતાપ**ની વાર્તા પણ લખી આપી છે, જે "ગુજરાતી" પ્રેસે પ્રકટ કરી છે. તેના કરતાં પણ **અમરેશજીની કટારી, તોગાજીની તલવાર** અને **ઝાલારાણા રાયસિંહજીની હથેલી**ના બળની એ ત્રણ વાર્તાઓ વિશેષ રસિક છે. તેથી જ અમે આ ત્રણ વાર્તાઓ "ગુજરાતી"ના વાંચનારાઓના કરકમળમાં મૂકીએ છીએ, અને આશા રાખીએ છીએ કે તે તેની અન્ય વાર્તાઓ જેવી જ લોકપ્રિય થઇ પડશે. હમણા જૂદા જૂદા લેખકોને હાથે આવી શૂરવીરોનાં પરાક્રમોની વાર્તાઓ વિવિધ પ્રકારે ગુજરાતીમાં જૂદા જૂદા દૃષ્ટિબિંદુથી લખાય છે, તેમાં આ વાર્તાથી એક સારો ઉમેરો થશે. ભાટચારણો પાસેથી આવી વાર્તાઓ મેળવવાનું કામ અતિ વિકટ છે, તેમાં તોગાજીની તલવારની વાત તો અદ્ભુત અને વીર રસથી છલકાતી છે, અને આર્યત્વ તેમ જ ક્ષાત્રવટ માટે દરેકના મનમાં અત્યંત માન ઉત્પન્ન કરે તેવી છે. અમે આ વાર્તા જ્યારે તેઓના મોંઢેથી સાંભળી ત્યારે ખરે દિઙ્મૂઢ થઈ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા હતા. આ ત્રણે વાર્તાઓ ઐતિહાસિક ખરી બનેલી છે, અને તેનો ઉલ્લેખ કર્નલ ટોડ સાહેબના રાજસ્થાનના ઇતિહાસમાં અને ગેઝેટિયરોમાં, અને જોધપુર રાજના ઇતિહાસમાં મળી આવે છે. તેમ મારવાડી ભાષામાં રચાયલા ખ્યાલ, લાવણી અને કાવ્ય તથા ઉક્તિઓમાં પણ મળે છે, જેમાંનાં ઘણાં ફુટનોટમાં છાપેલાં છે.

અમે વાર્તામાં રાજવી મારવાડી ભાષાનું સ્વરૂપ જેવું અને તેવું રહેવા દીધું છે. મૂળ લેખક ગુજરી જવાથી વાર્તામાં કદાચ કોઇ સ્થળે

કંઇ અશુદ્ધિ નજરચૂકથી રહી ગઇ હોય તો તે સુજ્ઞ વાંચકોએ સુધારી લેવી. અત્રે એક બાબત ઉપર વાંચનારાઓનું ધ્યાન ખેંચવા જેવું છે. ગુજરાતનો પ્રદેશ આજે અંગ્રેજી રાજ્યમાં જેટલો મર્યાદિત થઇ ગયો છે તેટલો જૂના વખતમાં નહતો, અને તેનો રજપૂતાના સાથે સંબંધ જૂનો અને ગાઢો ખરો; અને હાલની હિન્દુ ગુજરાતી પ્રજા, શ્રીકૃષ્ણના યાદવોની અને તેની સાથે આવેલા સૌરસેનીઓની વંશજ છે, એવું લાગે છે. શ્રીકૃષ્ણની પૂજા અને તેની હલ્લીષ અથવા રાસાદિ લીલા અને ગાયનો હિન્દની કોઇ પણ પ્રજામાં નથી તે ગુજરાતી સ્ત્રીઓના ગોડી અને ગુર્જરી રાગમાં અને તેની સગી ગરબી–ગરબામાં અવતરેલાં છે. તેમજ વ્રજભાષા અને ગુજરાતીને જેવો સંબંધ છે તેવો તેમ જ વ્રજભાષા અથવા હિન્દી ભાષાનો એક પ્રકાર મારવાડી ભાષા સાથે પણ ઘણો છે. પણ ગુજરાતી પ્રજાનું જોર પડી ભાંગતાં તેઓનું માન પેશ્વાઇના ઉદયકાળમાં ઘટયું અને તે જ સમયે પેલો પ્રખ્યાત દુહો પ્રચલિત થયો. એમાં જે ભાષા-દર્શક શબ્દો છે તે ભાષાના ગુણદોષનું નિરૂપણ એકલું કરનારા નથી, પણ તે તે પ્રજાના વીરતા–શૌર્યને દર્શાવનારા છે. તે દુહો આ પ્રમાણે છે.

"અબે તબેકા સોળહી આના, અઠે કઠેકા બાર;
ઇકડૂન તિકડૂન આઠ આના, શું શા આના ચાર."

છેલ્લા ચરણમાં કોઇ 'શું શા પૈસા ચાર' એવો વળી અતિ કનિષ્ઠતા દર્શાવનારો પ્રયોગ કરે છે. આમાં ચાર જાતની પ્રજાઓની શૂરવીર-તાનું ગુણકથન છે; ભાષાની એકલી કીંમત આંકી નથી, એવું મારૂં માનવું છે. પેશ્વાઇના ઉદયકાળમાં ઉત્તર હિન્દુસ્તાનના હિન્દુસ્તાની તરીકે ઓળખાતા લોક સૌથી વિશેષ જોરાવર ગણાતા; અને તેનાથી ઉતરતા રાજપૂતાનાના મારવાડી–મેવાડી લોકો ગણાતા, મરાઠા લોક તેનાથી ઉતરતા; અને ગુજરાતની લાંબા કાળની સુલ્તાનશાહી, દિલ્લીની પાદશાહી તથા પૂનાની પેશ્વાઇની વચ્ચે દબાઇ ગયેલી ગુજરાતી પ્રજા તેથી ઉતરતી ગણાઇ; આવો મર્મ દર્શાવનારો આ શ્લોક છે. એ શિવાય ભાષા સંબંધમાં પણ આ શ્લોક લાગુ પાડી શકાય તેમ છે, એમાં ના નથી. અને મહાકવિ પ્રેમાનંદે વડોદરામાં ગાયકવાડી દાખલ થતાં જ નાટકો રચી તેનો સમર્થ જવાબ આપ્યો છે. પણ મારૂં કથન એ છે કે ગુજરાતીને મારવાડી સાથે, મરાઠી કરતાં વિશેષ સંબંધ છે; એટલે ગુજરાતી ભાષાની કીંમત મરાઠી કરતાં ઓછી આંકવી ન જોઇએ. અમે આ વાર્તામાં મારવાડી ભાષા એટલા માટે કાયમ રાખી છે કે તે ગુજરાતી વાંચનારને મરાઠી કરતાં વધારે સહેલાઇથી સમજી શકાય તેવી છે, તે બતાવવા.

આજે મ. ગાંધીજીના યુગમાં તો ગુજરાતી લોકો હિન્દની કોઇ પણ પ્રજા કરતાં ઉતરતા નથી, એ સિદ્ધ કરવાની હાલના રાજકીય વાતાવરણમાં જરૂર જણાતી નથી. ગુજરાતી ભાષા પણ જોરદાર બની છે. જો કે હાલમાં રાજપૂતાનાની પ્રજા અને રાજાની મનોવૃત્તિમાં મોટું પરિવર્તન થઇ ગયું છે. પ્રાચીન વીરતા અને સાહસ એઓમાં રહેલાં જણાતાં નથી. રાજામહારાજાઓ વિલાયતી વિલાસમાં માહલી રહ્યા છે, અને તેમની પ્રજા નિઃસત્વશાળી બનતી જાય છે.

કમનસીબની વાત એટલી છે કે આ વાર્તાના લેખક શ્રી. કવિ છગનલાલ અમથારામ બ્રહ્મભટ્ટ આજે તેમનાં પુસ્તકો છપાયલાં જોવાને જીવતા નથી. તેઓશ્રી ૧૯૨૪માં શ્રીવ્યંકટેશશરણ થયા. તેઓ પોતાનો પરિશ્રમ લોકો આગળ વખણાતો જોવાને ભાગ્યશાળી નહિ થયા. એ ઈશ્વરની લીલાની વાત છે. તેઓ ધર્મે શ્રીરામાનુજ ભગવાનના સંપ્રદાયના ચુસ્ત વૈષ્ણવ હતા. તેમના મરણ વખતે "ગુજરાતી" પત્રમાં લેવાયલી નોંધ અન્યત્ર પ્રકટ કરી છે. તેમનું લખેલું "પ્રતાપી પ્રતાપ"નું પુસ્તક આવું જ રસમય છે. તેઓએ 'ગુજરાતી' પત્રને નાની મોટી શૂરવીરોનાં પરાક્રમોની ઘણી રોમાંચક વાતો લખી આપી છે, જે અમે અમારા વાંચનારાઓને પ્રસંગ આવ્યે અર્પણ કરીશું. આજે તો એ જ પ્રાર્થના અમારા હૃદયમાં છે કે તેમનો પવિત્ર જીવાત્મા જ્યાં હોય ત્યાં, આ તેમની યશઃકાયામે જીવંત રાખનાર બે અમર ફળોનો પરિપાક જોઇને સંતોષ પામો.

સંવત્ ૧૯૮૭
શ્રી દત્તજયંતિ
"ગુજરાતી" પત્રની
ઓફીસ.
મુંબઈ.

નટવરલાલ ઇચ્છારામ દેશાઈ

કવિ છગનલાલ અમથારામ—મહેસાણાના વતની કવિ છગનલાલ અમથારામ આશરે ચારેક માસની બીમારી ભોગવી તા૦ ૨૬–૫–૨૪ સોમવારના રોજ કૈલાસવાસી થયા છે. આ સમાચાર જાણી તેમના મિત્રમંડળમાં ઘણી દિલગીરી ફેલાઈ છે. કવિ છગનલાલનું જ્ઞાન વહેવારૂ તેમ વિશાળ હતું જ. તેઓ કવિતા બનાવવામાં ઘણા ઉમંગી હતા. તેમણે કેટલાક ગ્રંથો પણ લખેલા છે ને 'ગુજરાતી' પત્રમાં પણ તેઓ ઘણી વખત લેખો લખતા હતા. તેના દિવાળીના અંકમાં સારા લેખો આવેલા છે. તેમણે મહેસાણામાં સારી કીર્તિ મેળવી હતી. વ્રજભાષાના તેઓ સારા કવિ હતા. મારવાડી અને ચારણી ભાષા પણ સારી જાણતા. કવિ કેશવદાસની કૃતિઓ, રસિકપ્રિયા અને કવિપ્રિયા તેઓ સારી સમજતા અને સમજાવી શકતા. સામાન્ય રીતે ભાટ લોકો કથાવાર્તા મોંઢેથી કહીને શ્રોતાઓનું દિલરંજન સારી રીતે કરી શકે છે, પણ તેઓમાં લખવાની શક્તિ નહિ હોવાથી ચિરસ્થાયી કંઇ સાહિત્યપ્રવૃત્તિ કે ઈતિહાસનું આલેખન કરી શકતા નથી. સદ્ગત છગનલાલનામાં લેખક તરીકેનો ગુણ સારો હતો, તેઓએ ઘણાં રાજારજવાડાંઓનો ઈતિહાસ ભેગો કર્યો હતો, પણ આશ્રયના અભાવે તેમની આ સાહિત્યસામગ્રી પ્રસિદ્ધિમાં આવી શકી નહોતી. તેઓ સારૂં ગુજરાતી લખી શકતા. તેમના અકાળ મરણથી બ્રહ્મભટ્ટ જ્ઞાતિને ખોટ પડી છે. તેઓ પોતાની પાછળ એક વિધવા તથા ત્રણ દીકરા મૂકી ગયા છે. પરમાત્મા તેમના આત્માને શાંતિ આપો.

('ગુજરાતી'નો તા૦ ૧ લી જુન સને ૧૯૨૪નો અંક.)

"ગુજરાતી" પત્રે આપેલી ભેટો

	નામ	ઇ. સન.	કિંમત.
અ.	પુનર્વિવાહ શાસ્ત્રસંમત છે.	(૧૮૮૬)	મળતી નથી
આ.	ગૃહધર્મ...	(૧૮૮૬)	મળતી નથી
૧	રાસેલાસ અથવા એબિસિનિયાનો રાજપુત્ર ...	(૧૮૮૬)	મળતી નથી
	(દીનાર્બસ અથવા ઉત્તર રાસેલાસ)... ...		૦-૧૦-૦
૨	હિન્દ અને બ્રિટાનિયા (રાજભક્તિવિડંબના—એક ભાણ)	(૧૮૮૭)	૩- ૦-૦
૩	ગંગાગોવિંદસિંહ અથવા વૉરન હેસ્ટિંગ્સનો જમણો હાથ	(૧૮૮૮)	૧- ૮-૦
૪	મહારાણીનું જીવનચરિત્ર	(૧૮૮૮)	૧- ૮-૦
૫	સવિતા સુંદરી અથવા ઘરડા વરનો ફજેતો ...	(૧૮૮૯)	૦- ૪-૦
૬	ટીપુ સુલ્તાન અથવા શ્રીરંગપટ્ટણનો ઘેરો (પ્રથમ ભાગ)	(૧૮૯૦)	મળતી નથી
૭	દિલ્હીપર હલ્લો અથવા ભરતખંડના પરવશપણાનો પ્રારંભ	(૧૮૯૫)	૨- ૦-૦
૮	અઢારમી સદીનું હિન્દુસ્તાન અથવા સૂર્યનો અસ્ત અને ચન્દ્રનો ઉદય	(૧૮૯૬)	૨- ૦-૦
૯	ઓરંગઝેબ અને રાજપૂતો	(૧૮૯૭)	૨- ૦-૦
૧૦	શાહજાદો અને ભીખારી અથવા ઇંગ્લાંડના રાજવંશનો એક અદ્ભુત ઇતિહાસ...	(૧૮૯૮)	૧- ૮-૦
૧૧	હેસ્ટિંગ્સની સોટી અથવા પ્લાસીના યુદ્ધ પછીનું બંગાળ	(૧૮૯૯)	૧- ૦-૦
૧૨	પાણીપતનું યુદ્ધ અથવા નાના ફડનવીસ ...	(૧૯૦૦)	૨- ૦-૦
૧૩	બેગમ સાહેબ અથવા અયોધ્યાનું પતન ...	(૧૯૦૧)	મળતી નથી
૧૪	નૂરજહાન અથવા સૌન્દર્યવિજય	(૧૯૦૨)	મળતી નથી
૧૫	બાજીરાવ બલ્લાળ અથવા પેશ્વાઈનો ઉદયકાળ ...	(૧૯૦૩)	મળતી નથી
૧૬	રૂપનગરની રાજકુંવરી અથવા મહારાણા રાજસિંહ	(૧૯૦૪)	મળતી નથી
૧૭	ઇન્દુકુમારી અથવા બંગાળમાં મરેઠાની દોડ ...	(૧૯૦૪)	મળતી નથી
૧૮	પ્લાસીનું યુદ્ધ અથવા લૉર્ડ ક્લાઈવનું કપટતંત્ર ...	(૧૯૦૫)	મળતી નથી
૧૯	શિવાજીનો વાઘનખ અથવા અફઝુલખાનનું ખૂન...	(૧૯૦૬)	૦-૧૨-૦
૨૦	હળદીઘાટનું યુદ્ધ અથવા અકબરનો પરાજય ...	(૧૯૦૬)	૦-૧૨-૦
૨૧	નંદનવનનો નાશ અથવા આ તે રામની અયોધ્યા!	(૧૯૦૭)	૩- ૦-૦
૨૨	પેશ્વાઈની પડતીનો પ્રસ્તાવ અથવા લાલણ વેરાગણ	(૧૯૦૮)	મળતી નથી
૨૩	ઓરંગઝેબનો ઉદય અથવા આ તે મહાન્ મોગલ!	(૧૯૦૯)	૨- ૦-૦
૨૪	પદ્મિની અથવા ભસ્મીભૂત ચિત્તોડ	(૧૯૧૦)	મળતી નથી
૨૫	કત્લેઆમ અથવા દિલ્હીનો ડગમગતો રાજમુકુટ ...	(૧૯૧૧)	૨- ૦-૦

"ગુજરાતી" પત્રે આપેલી ભેટો

	નામ	ઈ. સન	કિંમત
૨૬	પુરાતન દિલ્હી (૪૦ ચિત્રો)...	(૧૯૧૧)	૨- ૦-૦
૨૭	સ્વપ્નમીમાંસા	(૧૯૧૧)	મળતી નથી
૨૮	ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય	(૧૯૧૨)	૨- ૦-૦
૨૯	જગન્નાથની મૂર્તિ અથવા ભારતનું ભવિષ્ય ...	(૧૯૧૩)	૨- ૦-૦
૩૦	હમ્મીર હઠ અથવા રણથંભોરનો ઘેરો ...	(૧૯૧૪)	મળતી નથી
૩૧	ભુજબળથી ભાગ્યપરીક્ષા	(૧૯૧૫)	૨- ૦-૦
૩૨	પાટણની પ્રભુતા	(૧૯૧૬)	૨- ૦-૦
૩૩	ચાણુક્યનંદિની અથવા સચ્ચ અને સુંદરી ...	(૧૯૧૭)	મળતી નથી
૩૪	અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ ...	(૧૯૧૮)	૩- ૦-૦
૩૫	રૈનક મહેલની રાજખટપટ અથવા બ્રાહ્મણી વંશના વિધ્વંસનો પ્રારંભ	(૧૯૧૯)	૩- ૦-૦
૩૬	બાદશાહ બાબર અથવા નૂરે ઇસલામ	(૧૯૨૦)	૩- ૦-૦
૩૭	ચક્રવર્તી હમ્મીર અથવા ચિત્તોડનો પુનરુદ્ધાર ...	(૧૯૨૧)	૩- ૦-૦
૩૮	કચ્છનો કાર્તિકેય અથવા જાડેજા વીર ખેંગાર ...	(૧૯૨૨)	૩- ૦-૦
૩૯	અનારકલી અથવા અપરાધી અકબર	(૧૯૨૩)	૩- ૦-૦
૪૦	મહારાણી મયણલ્લા અથવા ગુજરાતની માતા ...	(૧૯૨૪)	૪- ૮-૦
૪૧	પરાધીન ગુજરાત અથવા ચાવડા વંશનો ઉદય ...	(૧૯૨૫)	૩- ૦-૦
૪૨	નાના સાહેબ અથવા સ્વધર્મ માટે પ્રાણાર્પણ ...	(૧૯૨૬)	૩- ૦-૦
૪૩	મુરીદે શયતાન અથવા મલબારનો મોપલા અત્યાચાર	(૧૯૨૭)	૩- ૦-૦
૪૪	સિતમગર સુલ્તાન અથવા તલ્વાર અને કુરાન ...	(૧૯૨૮)	૩- ૦-૦
૪૫	કચ્છનો કેસરી અથવા ઘોઘો અને ગનેસર ...	(૧૯૨૯)	૩- ૦-૦
૪૬	અમરગર્જના અથવા સુષુપ્તિ અને જાગરણ ...	(૧૯૩૦)	૩- ૦-૦
૪૭	અમરેશરી કટારી	(૧૯૩૧)	૧- ૮-૦
૪૮	તોગારી તલવાર અને રાયસિંહજીરી હથેલી ...	(૧૯૩૧)	૧- ૮-૦

અનુક્રમણિકા

પરિશિષ્ટ

કવિશ્રી છગનલાલ અમથારામ બ્રહ્મભટ્ટકૃત

પ્રતાપી પ્રતાપ



કર્નલ ટોડ સાહેબે રાજસ્થાનના ઇતિહાસમાં પ્રતાપનો ઇતિહાસ આપેલો છે. પણ તે સંપૂર્ણ નથી. તેની અસ્તવ્યસ્ત હકીકતો ઘણી વાર મળે છે. મેવાડના ટેકીલા મહારાણા પ્રતાપે શાહનશાહ અકબરને અત્યંત કષ્ટે પણ નમતું નહિ આપ્યું, અને ક્ષાત્રવટ સાચવી રાખી, તેનું ભાટચારણોના ચોપડામાંથી જેતું મળે છે તેવું સર્વ વૃત્તાંત એકઠું કરી એક સરખા સિલસિલાબદ્ધ ગદ્યમાં લખી લેખકે મનોહર રીતે આ વાર્તા રચી છે. તે રસિક અને વાંચવાલાયક છે.

કીંમત. રૂ. ૨-૦-૦. ટ. ખ. જુદું.

મળવાનું ઠેકાણું—ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ,
સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ,
કોટ, મુંબઈ નં. ૧

સવિતા સુંદરી

આ વાર્તા પણ સ્વ. ઈચ્છારામ સૂર્યરામ દેશાઈની રચેલી છે. તેમાં હિન્દુ સંસારની એક ખરાબ રૂઢિનું (કુળવાનને કન્યાઓ પરણાવવાની રૂઢિનું) આબેહુબ હાસ્યજનક ચિત્ર છે. તેમ કન્યા પરણવા જતા કુળવાન ઘરડા વરનો થયેલો ફેંસ્તો વાંચવા લાયક છે. રમુજી અને ઉપદેશવાળી વાર્તા છે. કિંમત રૂ. ૦-૪-૦.

ટીપૂ સુલતાન

ભાગ ૧ લો. (કર્તા: ઈચ્છારામ સૂર્યરામ દેશાઈ) પુસ્તકમાં મહિસુરના છેલ્લા મુસલમાન રાજા ટીપૂના રાજકારભારનો ખ્યાલ આપવામાં આવ્યો છે. એમાં અંગ્રેજ લેખકોએ ટીપુને જેવો ક્રૂર અને ખરાબ રાજકર્તા ચીતર્યો છે તેવો ચીતરવામાં આવ્યો નથી. વાર્તા ચિત્તાકર્ષક છે. નવી.

ઘાસીરામ કોટવાલ

જુની પેશ્વાઇના સ્વરાજ્યમાં કોટવાલની કેવી સત્તા ચાલતી અને લોકોને કેમ રંજાડવામાં આવતા હતા, અને લુચ્ચાઇ ઢોંગાઇ કેવાં કરવામાં આવતાં તેનું આબેહુબ સત્ય હકીકતોવાળું સંપૂર્ણ ચિત્ર આવે છે. અંતે ઘાસીરામના કેવા હાલ હવાલ થાય છે તે દર્શાવેલું છે. ગ્રન્થ ઘણો બોધદાયક છે. પુસ્તક વાંચવા લઇને બેસો તો પૂર્ણ કર્યા વગર રહેશો નહિ. કીંમત રૂ. ૦—૮—૦

"ગુજરાતી" પત્ર સાથે ભેટ તરીકે અપાયલી ઐતિહાસિક નવલકથાઓ

હિંદ અને બ્રિટાનિયા

અને રાજ્યભક્તિ વિડંબણ

(એકાંકી અને એક પાત્રી નાટક.)

કર્તાઃ— ઇચ્છારામ સૂ-દેસાઇ.

(૧૮૮૫)—(કર્તાઃ—ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ—પ્રામાણિક ૪ થી આવૃત્તિ—સચિત્ર અને કર્તાના હસ્તાક્ષરના નમુના સહિત) આ પુસ્તકમાં હિન્દ દેવી અને બ્રિટાનિયા દેવી સાથે હિમાલયના શિખર ઉપર થયેલો રાજકીય અદ્‌ભુત કલ્પિત સંવાદ આપેલો છે. એમાં હિન્દની પ્રજાનાં સુખ દુઃખો જોરદાર ભાષામાં અંગ્રેજ સરકારને જણાવેલાં છે. છેવટે લોર્ડ રીપનને મોકલી બ્રિટાનિયા હિન્દનું સમાધાન કરે છે, તે કથા છે. લંડન ટાઇમ્સ વગેરે પત્રોએ ઉંચો અભિપ્રાય આપેલો છે. ટીકા, ટીપ્પણ સહિત તૈયાર છે, નવા સુધારા વધારા સાથે. આ ગ્રન્થ સાથે સ્વ. ઇચ્છારામે લખેલું એક એકાંકી નાટક, જે રાજ્યભક્તિ વિડંબણને નામે તે છાપેલું છે. આ નાટક અથવા ભાણ રાજકીય દર્શન કરાવે છે. ઘણું સુંદર અને હાસ્ય ઉત્પન્ન કરે તેવું નાટક છે. કીંમત રૂ. ૩—૦—૦

રાસેલાસની કથા

આમાં મિસરના રાજપુત્રની તત્વજ્ઞાનવાળી કથા છે. ડા. જૉનસનનો અંગ્રેજી ભાષામાં આ ગ્રન્થ ઘણો વખણાયલો છે. એમાં ઇજીપ્તના પીરામીડો વગેરેનાં સુંદર જાણવાજોગ વર્ણનો છે, અને તે ઉપરથી મનુષ્યોને થતો તત્વબોધ આપેલો છે, વાર્તા અદ્‌ભુત છે. નથી.

અમરેશરી કટારી*

પ્રકરણ પહેલું

અમરસિંહનો પરિચય

દોહા:—"કટારી અમરેશરી, તોગારી તલવાર;
હાથ્થલરાયાં સંમરી, દિલ્હીરા દરબાર." (લોકોક્તિ)

મહારાજ અમરસિંહજી જોધપુરના રાઠોડ મહારાજા ગજસિંહજીના મોટા—ગાદી વારસ—કુંવર હતા. તેમના ઉગ્ર સ્વભાવ અને ઉદ્ધત વર્તનના સબબથી મહારાજ ગજસિંહજી, જેઓ ઇ. સ. ૧૬૨૦ માં મારવાડ—જોધપુરની ગાદી ઉપર બેઠા હતા, અને ઇ. સ. ૧૬૩૮ માં મરણ પામ્યા હતા.

---

* [મારવાડી અને ગુજરાતી ભાષાને પ્રાચીન સંબંધ છે. સદ્દગત ઇટાલિયન પંડિત ડૉ. ટેસીટૉરિએ "પ્રાચીન ગુજરાતી" ભાષાને "પશ્ચિમ રાજસ્થાની" ભાષા તરીકે ઓળખાવી છે, તે વાજબી છે. સંસ્કૃતમાંથી અપભ્રંશ થઇને બનેલી છ પ્રાકૃત ભાષામાંની એક શોરસેનીનો વ્રજભાષા, મારવાડી ભાષા, અને ગુજરાતી ભાષા એ વંશવેલો છે, અને તે મત વાસ્તવિક લાગે છે. કારણ કે શ્રીકૃષ્ણ યાદવોને લઇને શૂરસેનોની વ્રજભૂમિ છોડી દ્વારકા આવ્યા, તે સાથે ભાષા પણ લાવેલા જ. સદ્દગત ગુજરાતી પંડિત ડા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ પણ ગુજરાતીને શોરસેનીનો અપર અવતાર માનતા. (જુઓ તેમનો ૧૮૯૦ માં આસ્ટ્રિયામાં મળેલી પ્રાચ્ય પરિષદમાં વાંચેલો નિબંધ.) આ ભાષાઓનો સંબંધ સૂચવનાર અવશેષો હજી ષષ્ઠી વિભક્તિમાં સચવાયલા મળી આવે છે. ગુજરાતી ભાષામાં ષષ્ઠી વિભક્તિનો જે પ્રત્યય નો, ની, નું, ના છે, તે પહેલા કો વગેરે હતો, અને તે પહેલા અર્, અથવા રો, રી વગેરે હતા. હજી બંગાળીમાં છઠ્ઠીનો પ્રત્યય રો, રી વગેરે છે. મહારાષ્ટ્રીમાં ચા વગેરે ચાલુ છે. ગુજરાતીએ નરસિંહ મહેતા અને ભાલણ પછી 'નો' વગેરે (કારક) વિભક્તિ પ્રત્યયો લીધા છે. આ વાર્તાના નામમાં "અમરેશરી" શબ્દ વાપર્યો છે તેમાં રી પ્રત્યય ની ને સ્થાને છે. આ નામનો અર્થ "અમરસિંહજીની કટારી" એવો થાય છે. પ્રાચીન દુહાના પહેલા ચરણ ઉપરથી વાર્તાનું નામ રાખ્યું છે, માટે "અમરેશરી કટારી" એવું નામ મૂક્યું છે. મહાવરાથી મારવાડી ભાષા સમજવા અડચણ નહિ આવે, તે માટે અમે વાર્તામાં સંવાદોમાં રાજપૂત પાત્રોના મોંહામાં તેઓ બોલતા અને હજી પણ બોલે છે એવી જ ભાષા રાખી છે.

સંપાદક ગુજરાતી.]

તેમણે કુંવર અમરસિંહજીને ઇ. સ. ૧૬૩૪માં દેશવટો* આપ્યો હતો. જ્યારે તેઓ સવારમાં જાગ્રત થયા ત્યારે વરદી મળી કે, મહારાજા સાહેબ તરફથી તેમને દેશવટો આપવામાં આવ્યો છે; તેથી તેઓ દાતણ કરી, નાહી, પોતાના નિત્ય નિયમથી પરવારી, ત્વરિત પોતાના માટે મોકલવામાં આવેલો કાળો પોશાક ધારણ કર્યો, અને નીચે આવી પોતાના માટે મોકલવામાં આવેલા કાળા ઘોડા ઉપર આરૂઢ થઈ, પોતાની સાથે કોઇ પણ માણસને ન લેતાં એકલા જ ચાલી નિકળ્યા. તેઓ તે જ ઘોડા અને તે જ પોશાકમાં જોધપુરથી નિકળી પરભાર્યા દિલ્હીશ્વર શાહાનશાહ શાહજહાનના દરબારમાં ગયા. તેઓ પોતાના પિતાના નામથી પ્રખ્યાત જ હતા, તેથી દિલ્હીશ્વરે તેમને દરબારમાં બોલાવી ૩૦૦૦ ઘોડેસ્વારની સરદારી આપી અને તે ઉપરાંત નાગોરનો કિલ્લો જાગીરમાં આપ્યો અને "રાવ"નો ઇલ્કાબ આપવામાં આવ્યો. આવી રીતે માન મેળવી નાગોરના રાવ અમરસિંહ બાદશાહ શાહજહાનના દરબારમાં રહેવા લાગ્યા. તેઓ બાદશાહની સેવામાં તેના તાબેદાર ખંડિયા રાજા તરીકે રહેતા હતા, તો પણ હમેશાં પોતાના સ્વભાવને અનુસરી સ્વતંત્ર રીતનું વર્તન રાખતા હતા. પોતાના સ્વભાવને વશ થઇ તેઓ કોઇ કોઇ વખતે ખુદ્ બાદશાહનું પણ અપમાન કરી બેસતા હતા. તેમને ક્ષાત્રવટનું અત્યંત અભિમાન હતું, તેથી બાદશાહ ક્ષત્રિયોની હલકાઇ થાય તેવો કંઇ પણ વાદવિવાદ કરતો, તો પછી આપણી વાર્તાના નાયક રાવ અમરસિંહ તેને મુખ તોડ જવાબ તુરત જ આપતા હતા. આનું પરિણામ એ આવ્યું કે, રાવ અમરસિંહ બાદશાહની ઇતરાજીનો ભોગ થઇ પડ્યા હતા. જો કે આનું પરિણામ શું આવ્યું તે જાણવા વાંચકો ઉત્સુક રહે એ સ્વાભાવિક છે, પરંતુ ઉતાવળ ન કરતાં એક એક પ્રકરણ વાંચવાથી રાવ અમરસિંહને માટે અને ખુદ બાદશાહના માટે શું પરિણામ આવ્યું તે પણ આખર જણાશે.

---

* ક્ષત્રિયોમાં એવો વહીવટ છે કે જેને "દેશવટો" આપવામાં આવે, તેના માટે તેના મુકામ ઉપર દેશવટો આપનાર તરફથી કાળો ઘોડો અને કાળાં કપડાં મોકલવામાં આવે છે. દેશવટાના માટે કંઈ હુકમ લખીને આપવામાં આવતો નથી કે કોઇની મારફત મોઢેથી પણ સંભળાવવામાં આવતો નથી. પરંતુ કાળો ઘોડો અને કાળાં કપડાં ઉપરથી જ જેને દેશવટો આપવામાં આવે છે તે માણસ પોતાને દેશવટો આપવામાં આવ્યાનું સમજી મોકલવામાં આવેલાં કપડાં પહેરી, ઘોડા ઉપર બેસી ચાલતો થાય છે; તે દેશમાં રહેતો નથી.

પ્રકરણ બીજું

પીંજારા સલાબતની બહેન

દોહાઃ-વિષયિ જન ફસી વિષયમાં, કરે ન રંચ વિચાર;
પસ્તાવા પૂરા પછી, જ્યારે બને ખુવાર.

આપણી આ વાર્તાનો સમય ઇ. સ. ૧૬૩૪ પછીનો છે. તે અરસામાં દિલ્હીના પ્રભાવશાળી સિંહાસનને શાહાનશાહ શાહજહાઁન શોભાવતો હતો. મુસલમાન બાદશાહોના તે સમયમાં ઘણા દુર્ગુણો પૈકી એક એવો પણ દુર્ગુણ હતો કે, તેઓ કોઇ પણ સ્વરૂપવતી સુંદરી ઉપર મોહિત થતા, તો પછી તેની રાજીખુશી અથવા છેવટ જબરદસ્તીથી પણ તેવી સુંદરીને પોતાના જનાનામાં લાવી પડદાયત, રખાયત અથવા નિક્કા પડાવી હૂરમ બનાવી દેતા હતા. અને આવી રીતે ગમે તે કોમની, ગમે તેટલી સ્ત્રીઓને જનાનામાં દાખલ કરી મૌજ શૌખ કરતા હતા. અર્થાત્ કે તેઓ જેટલા દરજ્જે રાજકુશળ હતા તેટલા જ દરજ્જે 'કામકુશળ' પણ હતા. આ તેમની કામકુશળતાનું પરિણામ એ આવતું કે, તેમની આવી હૂરમો તથા રખાયતોના સગાઓ રાજ્યમાં અત્યાચાર કરતા હતા, અને ખાન ઉમરાવો ઉપર પણ પોતાની સત્તા જમાવતા હતા.

આપણી આ વાર્તા પણ તેવા જ એક પ્રસંગ ઉપરથી ઉદ્ભવ થવા પામી છે. બાદશાહ શાહજહાઁનની સવારી એક દિવસ નગરમાં ફરવા નિકળી હતી, અને તે ફરતાં ફરતાં એક ગલીમાં આવી કે જે ગલીના મુખ્ય રસ્તા ઉપર એક પીંજારાનું ઘર હતું. આ ઘરમાંની એક છોકરી ઇન્દ્રની અપ્સરાને લજ્જિત કરતી હતી, કામદેવની સ્ત્રી રતિને પણ શરમાવી નાંખતી હતી. તે છોકરી બાદશાહની સવારી જોવા સારૂ પોતાના ઘરના મેડાની બારીએ આવી ઉભી રહી. બાદશાહની સવારી ઘર આગળ આવી, અને બાદશાહની દૃષ્ટિ બારી ઉપર પડી અને બારીમાં ઉભેલી પીંજારાની છોકરીને તેણે જોઈ. જોતાંની સાથે જ બાદશાહના મગજ ઉપર વિજળીની માફક અસર થઈ. તેને અત્યારે એમ જ ભાન થયું કે, 'આ તે મેં કોઈ અપ્સરા જોઈ, કે કોઈ નાગકન્યા જોઈ કે કોઈ દેવકન્યા જોઈ!!! શું આ ભૂમિ ઉપરની સ્ત્રી છે?' આમ વિચારમાં ને વિચારમાં સવારી આગળ નિકળી ગઈ અને રાજમહેલમાં પણ પહોંચી ગઈ. બાદશાહ મહેલમાં આવ્યો, પરંતુ તેનું હૃદય તો પેલી પીંજારાની છોકરીના પાસે જ રહ્યું હતું. બાદશાહ વિષયાંધ બની ગયો અને તેને પોતાનું રાજકાજ કરવાનું કે પોતાના સરદારો સાથે બેસવાનું પણ પસંદ પડવા લાગ્યું નહીં. તેની દશા તો એવી થઈ કેઃ

દોહા:–મો મન લગ્ગાં તો મનાં, તો મન મો મન લગ્ગ;
લુણ વળગ્ગાં પાણીયે, પાણીય લુણ વળગ્ગ.

બાદશાહ શાહજહાઁન માત્ર તે પીંજારાની છોકરીના સ્વરૂપનું જ રાત્રિ દિવસ વર્ણન કરવા લાગ્યો. તેને તેની અનેક સ્વરૂપવાળી હૂરમો પણ રાક્ષસીસમાન કુરૂપી દેખાવા લાગી. તે તો માત્ર પીંજારાની છોકરીના જ ગુણ ગાવા લાગ્યો અને તેના જ નામની માળા ફેરવવા લાગ્યો. બાદશાહની આવી દશા થઇ ત્યારે તેના દરબારીઓને બાદશાહની આ દશા જોઇ ચિન્તા થવા લાગી. બાદશાહની આ દશા શા કારણથી થઇ તે કારણ જાણવાની ઉત્કંઠા સરદારોને થઇ આવી. તેમણે બાદશાહના એક હજુરીઆની મારફત કારણ જાણ્યું. તપાસ કરાવતાં માલુમ પડ્યું કે જે છોકરી ઉપર બાદશાહ આશક થયેલ છે, તે પીંજારાની છોકરી, સલાબત નામના તેના ભાઇના હવાલામાં છે. તેમણે પીંજારા સલાબતને બોલાવ્યો અને તેની બહેનને લાવી બાદશાહની પડદાયત બનાવી રાખવી, એવો દરબારીઓએ નિશ્ચય કર્યો. સલાબત પણ કંઇ મૂર્ખ ન હોતો કે જે આ અનાયાસ પ્રાપ્ત થયેલો સમય ચૂકે. તેણે પણ તુરત જ બાદશાહની માગણીનો સ્વીકાર કર્યો, અને તેની બહેનને બાદશાહના જનાનખાનામાં મોકલી. બાદશાહે પણ આ સલાબતની બહેનને પોતાની પડદાયત બનાવી રાખી. જ્યારે બાદશાહે તેને જોઇ હતી ત્યારે તેની જે દશા થઇ તે તો આપણે ઉપર વર્ણન કરી ચુક્યા જ છીએ. પણ જ્યારે પ્રત્યક્ષ તે તેના કબ્જામાં આવી એટલે તો:

નિરખિ નવોઢા નારીકો, શાહ ભયો અતિ લીન;
જૈસે અંબુજમેં અલી, રહત સદા તલ્લીન.

બાદશાહ તો ચોવીસે કલાક પોતાની નવીન પ્રિયતમાના મોહપાશમાં બંધાઇ, તેની પાસે જ રહેવા લાગ્યો. તેણે તો રાજના જરૂરી કામમાંથી પણ પોતાનું મન બંધ કર્યું; રાજકાજ પણ મંત્રીઓની માર્ફત જ ચાલવા લાગ્યું. તેમ થાય એ સ્વાભાવિક જ હતું, કારણ કે બાદશાહને અનેક હૂરમો હતી, તેમ રખાયતોનો પણ પાર નહોતો, પરંતુ તે તમામના કરતાં આ સલાબતની બહેન એટલી સ્વરૂપવતી હતી કે, તેના સ્વરૂપનું વર્ણન કરતાં કોઈ વિદ્વાન્ કવિની લેખિની પણ ચાલી શકે નહીં.*

---

* **દોહા:**–અંબુજ મુખ અંબુજ નયન, અંબુજ કુચ કઠોર;
ગ્રીવા શંખ શી શોભતી, કામી જન મન ચોર. ૧
દંત સુદાડિમ કી કલી, મીસ્સિ લિહ લગાય;
મનો કમલમેં લગ રહી, પંક્તિ અલીકી આય. ૨

આવી રીતે બાદશાહની પણ પોતાની નવોઢા પ્રિયતમામાં જ્યારે બરાબર—એટલે જેમ ચંદ્રમાં ચકોર, જળમાં મીન અને કમળમાં ભ્રમર લુબ્ધ થઇ પોતાનું ભાન ભૂલી જાય છે તેમ—દશા થઇ, અને જ્યારે બાદશાહને પોતાના પ્રેમમાં લીન થયલો જોયો એટલે પોતાના ભાઇ સલાબતને ન્યાલ કરવા સારૂ તે ચતુર પીંજારાની છોકરીએ પોતાની પ્રેમરૂપી જાળ વિશેષ રીતે પ્રસારવા માંડી.

છેવટ બાદશાહની પાસે તેણે માગણી કરી કે, "ખુદાવિંદ દીન દિલ્હીકે વાલદ! પરવર દિગાર! મેરે પર ખુદાવિંદકી બરાબર મહરબાની હૈ, લેકિન મેરે ભાઇ સલાબતખાનકે પર ખુદાવિંદકી કુછ નિગાહ નહીં હુઇ, તો ખુદાવિંદ ઇસકે બારતેભી કુછ ઇન્તજામ હોના ચાહિએ."

બાદશાહ તો આ છોકરીની પાસે આંધળો જ—પ્રેમાંધ—બની ગયો હતો. અને તે પોતાની પ્રિયતમાને ખુશ રાખવા તમામ પ્રકારની વ્યવસ્થા રાખતો હતો. તેણે પોતાની પ્રિયતમાને ખુશ કરવા કહ્યું કે, "અમ નાજનીન, ઇસ તરહસેં નારાજ હોનેકા કયા કારણ હૈ? મેં તુમારે ભાઇકે બારતે નોકરીકે બિચારમેં હી થા, ઔર જબ તુમારીભી તુમારે ભાઇકે લિયે અરજ હૈ, તો મેં કલ તુમારે ભાઇકો કચહરી કરકેં, બડા 'નકીબ' બનાઉંગા. ઔર બડે બડે ખાન ઉમરાવભી ઇસહીકી મહરબાનીસેં મેરેકો મીલ શકેંગે." આવી રીતે પોતાના ભાઇના માટે ખુદ બાદશાહની આજ્ઞા થવાથી તે પીંજારાની છોકરીને કેટલો આનંદ થયો હશે, તેનો વિચાર વાંચકોએ જ કરી લેવો.

તે જ દિવસે સાંજરે બાદશાહે આ પીંજારાની છોકરી સાથે, કાજીને બોલાવીને કુરાને શરીફના ફરમાનોને અનુસરીને નિકા કર્યા, અને **"બાદશાહનો સાળો પીંજારો"** એ કહેવત ચલાવી, જે અત્યારે પણ વાર્તાકારો પોતાની વાર્તામાં પ્રસંગોપાત્ત કહે છે, અને લોક કહેતી તરીકે પ્રસિદ્ધ થઇ પડી. અર્થાત્ બાદશાહે પીંજારાની છોકરી સાથે નિકા કરી તેને હરમ બનાવી દીધી.

ભાલ સુ ભવ્ય વિશાલ હૈ, મનો ચંદકી રેખ;
કારે અંધકારે સુ કચ, નાગ લજિત કર લેખ. ૩
નાભી સુ કુણ્ડ વિશાલ હૈ, જંઘ રંભકે થંભ;
પુહુમી દેખી પરી સમાં, ભરી કામકે દંભ. ૪
કામ કલામેં પ્રવિન અતિ, ગતિ ગજ મંદ વિચાર;
સબ શાહનકો શાહ લખિ, ભો મતિમંદ ગૈંવાર. ૫
શાહકે નૈન ચકોર ભે, નીરખિ પ્યારિ મુખ ચંદ;
સકલ સુખ મુખ ચંદમેં, રાજકાજ સુખ મંદ. ૬

બાદશાહે બીજા દિવસે સવારમાં દરબાર ભરવાનું ફરમાવ્યું, અને તમામ ખાન ઉમરાવોને અને શેઠ શાહુકારોને કચેરીમાં આમંત્ર્યા. દરબાર થયો ત્યારે બાદશાહને વરદી પહોંચાડવામાં આવી અને બાદશાહ દરબારમાં આવ્યો. આવીને તેણે બીજી કંઇ પણ વાતચિત કર્યા શિવાય આવતાની સાથે જ ફરમાવ્યું કે, "આજકા દરબાર ઇસ લિયે કિયા ગયા હૈકી, મેરા સાલા સલાબતખાનકો મૈં બડા "નકીબ" બનાતા હું. સબી ખાન ઉમરાવોંકો ચાહિએકી, ઇનકો અપના હમારે તરફ હોનેવાલા સબ કામકાજ ઇનકે મારફત કરવાયા જાય; અગર ઇસમેં કીસિકે તરફસેં કુછ હરકત લિયા જાયગા તો મેરી ખફ્ગીકા ભોગ હોના પડેગા," આમ કહી બાદશાહે તુરત જ દરબાર બરખાસ્ત કરવાની આજ્ઞા ફરમાવી. તેનું શરીર દરબારમાં હતું પણ મન તો પોતાની નવી હુરમ પાસે જ ભ્રમણ કરી રહ્યું હતું, તેથી પોતે ઘણો વખત દરબારમાં રોકાઇ શકે તે અસમ્ભવિત જ હતું.

બાદશાહ દરબાર બરખાસ્ત કરી જનાનખાનામાં ગયો એટલે સહુ ખાન ઉમરાવો પણ પોતપોતાના મુકામે જવા ચાલ્યા. રસ્તામાં બાદશાહે એક પીંજારાને "નકીબ" બનાવ્યો તે સંબંધી વાતો થવા લાગી. સહુ કોઇ બાદશાહના આ વર્તનથી નારાજ થયા હતા, એમ એક બીજા સાથેની વાતાચત ઉપરથી જણાયું. તેમાં તેમનો કંઇ જ ઉપાય ન હોતો, કારણ તેઓ તેમની સ્વતંત્રતા ગુમાવી બેઠા હતા. બાદશાહના ગેરવ્યાજબી કૃત્ય કે હુકમને તાબે થયા શિવાય અન્ય ઉપાય જ નથી, એમ માની તેઓ મૌન રહ્યા. બાદશાહતોમાં ખાન ઉમરાવોની આવી, દયાજનક સ્થિતિ ભોગવવા કરતાં એક સાધારણ માણસ તરીકે સુખી રહેવું તે શું ખોટું!!!

પ્રકરણ ત્રીજું

'નકીબ' સલાબતખાન

દોહા:–નીચ મેળવી મહત્પદ, જરૂરથી ફાટી જાય;
તુચ્છ તળાવોમાં કદી, જળ નહિં અધિક સમાય.

આપણને ખાન ઉમરાવોની સ્થિતિનું દિગ્દર્શન કરવાની જરૂર જણાય છે. આ સ્થળે તેમની સ્થિતિનું દિગ્દર્શન જો કરાવવામાં આવે તો તે અસ્થાને નહીંજ ગણાય. મહારાજા અમરસિંહજી પણ ઉમરાવો પૈકીના એક હતા, અને તેમના સંબંધની આ વાર્તા હોવાથી ઉમરાવો અને સાથે સાથે ખાનોની સ્થિતિનું પણ સાધારણ વર્ણન કરવાનું ઉચિત ધાર્યું છે.

બાદશાહતમાં મુસલમાન નબ્વાબોને "ખાન"ની સંજ્ઞાથી અને હિન્દુ રાજાઓને 'રાવ" અને "ઉમરાવ"ની સંજ્ઞાથી ઓળખવામાં આવતા હતા. બાદશાહના દરબારમાં આવા તમામ ખાન અને ઉમરાવોને રેશમનાં લટકતાં ફૂદાં પકડી ઉભા રહેવું પડતું હતું; માત્ર જેમને ખાસ કૃપાથી બેઠકનું માન મળતું હતું, તેઓ જ બેસી શકતા હતા. વળી આ બાદશાહતમાં **સીતેર ખાન અને બહોતેર** ઉમરાવોની ગણુતી હતી.* તેઓ બાદશાહતની ઢાલ અને સ્તંભ-રૂપ મનાતા હતા. આવા તમામ ખાન ઉમરાવોને બાદશાહની નિયમિત નોકરી કરવી પડતી હતી, અને તેઓને પોતાની નોકરીની મુદત દરમ્યાન તેમને પોતાનું ખર્ચ ભોગવવું પડતું હતું. આ મુદત દરમ્યાન તેમનાં રાજ્યો, તેમના મંત્રીઓ અથવા તેમના કુટુંબીઓના હવાલે રહેતાં હતાં. કોઇ પણ ખાન કે ઉમરાવને પોતાની નોકરીના સમય દરમ્યાન બાદશાહ તરફથી બહારની નોકરી સોંપવામાં આવતી, તો તેમની અવેજીમાં તેમના તરફથી તેમના કુટુંબના કોઇ માણસને નોકરી ઉપર નિયત કરવા પડતા હતા; અર્થાત્ તેવા સમયમાં તેમની પાસેથી બેવડી નોકરી લેવામાં આવતી હતી. વળી નોકરી શિવાયના ખાન ઉમરાવને પણ જ્યારે બાદશાહને યોગ્ય લાગે ત્યારે નોકરી બતાવવામાં આવતી હતી. આવા ખાન ઉમરાવો ઉપર બાદશાહનો ભરોસો પણ પૂર્ણ હતો; તે એટલા ઉપરથી દેખાય છે કે ખાનો તો બાદશાહની જાતના તેથી તેમને તો સુબાગીરી આપવામાં આવે, પણ ઉમરાવો-હિન્દુ-ને પણ સુબાગીરીઓ આપવામાં આવતી હતી. આ પ્રમાણે હોવાથી સાધારણતઃ બાદશાહતમાં એક એવા પ્રકારનું અંધેર પણ હતું કે કોઇ ખાન-ઉમરાવના મરણ બાદ તેની વારસાઈ મેળવવામાં ખાસ કરીને આવા સુબા સાહેબોની મરજીને જ અગત્યતા આપવામાં આવતી હતી. જેના તરફથી સુબા સાહેબોના ચરણે સારી ભેટ પહોંચતી, તેઓ જ આવી પસંદગીમાં ઉત્તીર્ણ થઈ શકતા હતા. સુબા સાહેબની કોઇ ખાન-ઉમરાવ ઉપર ઇતરાજી થતી હતી તો તેમને પદચ્યુત કરવામાં

* એક વખતે શાહજહાંને પોતાના દરબારમાં પૂછ્યું કે, "બાદશાહતમાં ખાનો કરતાં ઉમરાવોની સંખ્યા બેની વધારે કેમ ગણાય છે?"

તેનો જવાબ અંતર્વેદ જીલ્લાના સુબા મીર ખાનખાને એવો આપ્યો કે "ગરિબ પરવર, હિન્દુઓ મુસલમાનો કરતાં બે કામ જ્યાદા કરી શકે છે અને તેથી તેમની સંખ્યા બેની વધારેની રાખવામાં આવી છે અને તે બે કામ એ કે, તેમનું ધડ શિર કપાયા બાદ લડે છે, અને તેમની સ્ત્રીઓ સતીઓ થાય છે."

પણ નજીવાં કારણો બતાવી સુબા સાહેબો આંચકો ખાતા નહોતા. સુબા સાહેબની મહેરબાની મેળવનાર ખાન, ઉમરાવ પોતાની પ્રજા ઉપર છચોક જુલમ ગુજારે તો પણ તેમનું નામ કોઈ લઈ શકતું નહોતું; પછી ભલે તેઓ પ્રજાનાં ઘરબાર લૂંટે, ઇજ્જત લૂંટે કે કોઇનાં માણસ મારે; તેમને પૂછે તેમને પરમાત્મા પૂછે—એવો તેમનો હિસાબ અને ન્યાય હતો. તેથી તમામ ખાન, ઉમરાવો, સુબા સાહેબોને પોતાના ઇષ્ટ દેવ સમાન માનતા હતા. તેમના માટે અનેક પ્રકારની સામગ્રીઓ મોકલવામાં આવતી હતી. તેમનો મુકામ પોતાના રાજમાં થાય ત્યારે તમામ પ્રકારનું ખર્ચ તેઓ ભોગવતા હતા, અને જતી વખતે ઉલટ રાજ્યના પ્રમાણમાં સુબા સાહેબોનાં ચરણોમાં ભેટો મુકવામાં આવતી હતી. આ ઉપરાંત ખાન, ઉમરાવોને બાદશાહના "નકીબો"ની પણ મહેરબાની મેળવવી પડતી હતી, જેથી તેમનો કંઈ ગુન્હો હોય તો છેક બાદશાહ સુધી પહોંચે નહીં.

આપણા આ પ્રકરણના નાયક પીંજારાજાદા સલાબતખાનને જ્યારે બાદશાહના ફરમાનથી સીતેર ખાન અને બહોતેર ઉમરાવો ઉપર સત્તા પ્રાપ્ત થઈ એટલે "ઓછું પાત્ર ને અધિકું ભણ્યો, વદકણી વહુએ દિકરો જણ્યો" એ ન્યાય અનુસાર, મૂળ જાતના હતા પીંજારા અને પછી બાદશાહના સાળા બન્યા, અને પોતાની બહેનના પ્રતાપે બાદશાહની મહેરબાની મેળવી "નકીબ" બનવા ભાગ્યશાળી બન્યા, તેથી "મર્કટ ને વળી મદિરા પીયે, અખા એથી સહુ કો બીયે" એમ થયું. આ સાહેબ તો ફાટવા લાગ્યા, કારણ કે શ્રીમાન્ તુલસીદાસજીએ કહ્યું છે કે "અસ કોઉ જનમેઉ જગમાહિં, પ્રભુતા પાઈ જાહિ મદ નાહિં" એને અનુસરી મહાન્ જ્ઞાની મુનિઓને પણ જ્યારે અભિમાન થયું છે, ત્યારે પછી સલાબતખાન જેવા એક તુચ્છ પીંજારાને આટલી બધી મોટાઈ મળવાથી અભિમાન થાય તેમાં શી નવાઈ? તેઓ તો એટલા બધા મસ્ત બની ગયા કે, પોતાના કાર્ય પ્રસંગે ખાન ઉમરાવોને પોતાના મુકામ ઉપર આવવાનું ફરમાવવા લાગ્યા. ખાન ઉમરાવો પણ તેમના મુકામ ઉપર વિનંતિઓ કરવા લાગ્યા. હજારો અને લાખો રૂપિયાની રૂસ્વતો પણ આપવા લાગ્યા. આવી રીતે લગભગ તમામ ખાનો અને ઉમરાવો સલાબતખાનને તાબે થયા; તેનો માન મર્તબો સાચવવા લાગ્યા. પરંતુ આપણી વાર્તાના નાયક નાગોરાધીશ રાઠોડ મહારાજા અમરસિંહજી તેને પીંજારો માની સલામ સરખી પણ કરતા નહોતા. બલ્કે કોઇ વખતે તેની મુલાકાતે પણ જતા નહોતા. આથી સલાબતખાન મહારાજા અમરસિંહજી ઉપર દુશ્મનાવટ રાખવા લાગ્યો. પ્રસંગોપાત્ત બાદશાહના પણ

કાન ભંભેરતો હતો. મહાન્ કવિ સદ્ગત ગંગજી–ગંગાપ્રસાદજી–ના "નફ્રા નહીં હોત કહું નીચકો બઢાયેસેં" એ શબ્દોના પરિણામનો સ્વાદ ચાખવાનો શાહજહાંનના માટે પ્રસંગ ઉભો થયો, તેનાં બી તેણે પોતે સલાબતને "નકીબ" બનાવી રોપ્યાં, અને જેનાં કડવાં ફળો ચાખવાને માટે ખુદ બાદશાહ તથા સલાબત ભાગ્યવાન્ બન્યા !!!

પ્રકરણ ચોથું

લગ્ન માટે રજા

દોહાઃ–સાંઈ તોસોં બીનતી, યે દુઈ બેળા રકખ;
જીવ રખે તૌ લાજ રખ, લજ બીન જિવ ન રકખ.

અમરસિંહજી સ્વભાવે મળતાવડા–શાંત પણ દુશ્મનો પ્રત્યે અત્યંત ક્રોધિત હતા. પ્રસંગ પડે કાળના સમાન બની જતા હતા. પ્રત્યક્ષ વીરરસની મૂર્તિનું ભાન કરાવતા હતા. તેમનાં મનમાં ક્ષાત્રવટનું અને પોતાના રાઠોડ વંશનું પૂર્ણ અભિમાન હતું. તેથી સલાબત જેવા એક પીંજારા ઉપર તેમનો સાધારણતઃ તિરસ્કાર હતો. કેટલોક સમય તો શાંતતાપૂર્વક ચાલ્યું, પરંતુ આખરે તેમને એક મહાન સંકટ આવી પડ્યું.

મહારાજા અમરસિંહજી જ્યારે આગરા–દિલ્હી દરબાર–માં હતા, ત્યારે બુંદી મહારાજા હાડા વંશાવતંસ મહારાવ છત્રસાલે પોતાની કુંવરીનાં લગ્ન અમરસિંહજી સાથે કરવા સારૂ નિશ્ચિત કરી હાથેવાળે પરણવા આવવા સારૂ વિનંતિ કરી, લગ્નપત્રિકા આગરા મોકલાવી. અમરસિંહને આ પત્રિકા મળવાથી મનમાં ભારી ચિંતા થઇ આવી. તેઓ વિચાર કરવા લાગ્યા કે, "રજવાડોંરો હમળો કામકાજ વો પીંજારો સલાબત કરેહૈ, અર મોરે સલાબતસું આછી નહીં હૈ, જીણસું રજા લેવણમેં મોંનેં ઝાઝો કષ્ટ વ્હેશી. પરંતુ લગ્નરા બાસ્તે ગયા બીણ ચાલે કોય નહીં. ખેર જો હોયસો હોય. મૈં જાયને ખુદ બાદશાહસોં અરજ કરશોં, અર મોરી રજારા બાસ્તે બંદોબસ્ત કર લેશોં; પરંતુ વો પીંજારાનેં તો જાયને કહણે કોય નહ."

આમ વિચાર કરી તેઓ સલાબતની દરમ્યાનગીરી શિવાય બાદશાહને જઇને મળ્યા, બુંદીમાં પોતાનું લગ્ન હોવાથી જવાનું જણાવી રજાની માંગણી કરી. બાદશાહે અમરસિંહજીની હકિકત સાંભળી કંઇક મન સાથે વિચાર કરી કહ્યું કે, "તુમારી રજાકે બાસ્તે તુમ જાકે સલાબતકો મિલો, વો તુમારી અરજ હમકો પેશ કરેગા, ફીર દેખા જાયગા."

અમરસિંહજીએ બાદશાહનું કહેવું સાંભળી જવાબ આપ્યો કે, "ખુદાવિંદકો માલુમ હૈ કી મેરે ઔર સલાબતકો અચ્છી નહિં હૈ,

ઔર વો મેરે તરફ અદાવતભી રખતા હૈ, ઇસકે લિયે ઇસકે પાસ મેં નહીં જાઉંગા. ખુદાવિંદ ખુદ મેરી રજા કે લિયે ઇન્તજામ ફરમાવેં."

બાદશાહે પોતાના સાળાનું અપમાન થતું જાણી કહ્યું કે, 'હમારેસેં ઇસ તરહ તુમારી રજા કે લિયે ઇન્તજામ નહીં હો સકતા હૈ. તુમકો જાકે સલાબતખાનકો મિલનાહી પડેગા, ઔર ફીર રજા કે લિયે ઇન્તજામ કીયા જાયગા."

અમરસિંહે સામો જવાબ આપતાં જણાવ્યું કે, 'ખુદાવિંદ, અગર આપસેં રજાકા ઇન્તજામ નહિં હો સકેગા તો મેં મેરે આપસેં કર લુંગા, ઔર આજ સામકો યહાંસેં જાઉંગા."

બાદશાહ અમરસિંહજીના કહેવાનો ભાવાર્થ સમજી શકયો નહીં, તેથી તેણે પૂછ્યું કે "તુમ તુમારે આપસે રજાકા ઇન્તજામ કિસ તરહ કર સકતે હો?"

"મેરે રજાકી કુછ જરૂરત નહિં હૈ, ખુદ ખુદાવિંદકો અરજ કી હૈ ઔર આજ સામકો યહાંસેં બુંદીકી રાહ લી જાયગી, ફીરસેં દેખા જાયગા."

કપાળમાં વાગે તેવાં અમરસિંહજીનાં વચનો સાંભળી બાદશાહ મન સાથે વિચાર કરવા લાગ્યો કે, એક તો અમરસિંહ ઉદ્ધત છે, વળી બુંદીવાળાઓથી સગપણના સંબંધથી જોડાશે, તેથી બુંદી તેના પક્ષે રહેશે. જોધપુર પણ તેના પક્ષમાં રહેશે. આવી રીતે આ ત્રણ રાજ્યો એક થાય અને બીજા પણ રાજપૂતો તેમના પક્ષમાં ભળવાનો સંભવ છે. તેથી ભવિષ્યમાં બાદશાહતને પણ ધક્કો લાગવા સરખું થાય, માટે અત્યારે તો રજા આપવી અને આગળ ઉપર જોઇ લેવાશે. આમ વિચાર કરી કહેવા લાગ્યો કે "જબ તુમકો સાદી કરનેમેં કિતની રજાકી જરૂરત હૈ?"

"ખુદાવિંદ, મેરેકો કમમેં કમ એક માસકી રજાકી જરૂરત હૈ."

"તુમ ઇતની રજાકો કયા કરોગે? યહાંસેં બુંદી જાકે સાદી કરકે તુમારી રાનીકો લેકરકે યહાં ચલે આઓ; ઇસમેં મહીને ભરકી લંબી રજા નહિં મીલ સકતી હૈ. અગર જો તુમકો રજાકી જરૂરત હૈ તો સિર્ફ સાત રોજકી રજા મીલેગી."

અમરસિંહે જાણ્યું કે નકામો કલેશ કરવા કરતાં બુંદી જઇ તુરત પાછા ફરવામાં સાત દિવસ પણ ઠીક જ છે. આ બાદશાહ, જેણે એક વખત સાત દિવસ કહ્યા છે તે હવે વધારે રજા આપશે પણ નહિં, એથી એમણે બાદશાહને કહ્યું કે—"જૈસી ખુદાવિંદકી મરજી."

આમ કહી પોતે રજા માગી વિદાય થયા અને ચાલ્યા એટલે પુનઃ બાદશાહે તેમને બોલાવ્યા અને કહ્યું કે "અમરસિંહ, દેખો તુમકો

મૈં સાત રોજકી રજા દેતા હું, ઉસકે ઉપર એક રોજભી જ્યાદા હોગા તો બાદશાહી ફરમાનકે મુવાફિક હરજ્યાદા રોજકે લિયે એક* એક લાખ રૂપયા જુર્માના લીયા જાયગા.”

“હુઝુર મૈં શાહી ફરમાનકો જાનતા હુ ઔર મેરેકો સાત રોજકે ઉપર કોઇ ઔર મુદ્દત હોગા તો મેરા જુર્માના હોગા યે મેરેકો દેના હોગા, યહ બાતસેંભી મૈં બરાબર વાકિફહું.”

“જબ જાઓ, લેકિન શાહી ફર્માનકો બરાબર યાદ રખના.”

બાદશાહનો હુકમ થવાથી અમરસિંહજી પોતાના મુકામ ઉપર આવ્યા.

× × × ×

આપણે આ સ્થળે બુંદીના મહારાવની પણ ઓળખ કરવાની જરૂર છે.

દિલ્હીના છેલ્લા હિન્દુ બાદશાહ મહાન્ પ્રતાપી પૃથ્વીરાજ ચોહાણના વંશના આ બુંદીના રાજાઓ–ચહુઆણ–છે અને ચહુવાણોની અનેક ચોવીસ–શાખાઓ પૈકી આ બુંદીના રાજાઓ હાડા શાખાના છે. આ “હાડા” શાખાને માટે એવી વાર્તા ચાલે છે કે રાવ “ઇસ્તપાલ” ઇ. સ. ૧૦૨૫ માં સખ્ત ઘવાયો. તેનાં હાડકાં તમામ જુદાં થઇ ગયાં હતાં, તેથી તેની કુળદેવીએ આવી, હાડકાં ભેગાં કરી, અમૃત છાંટી તેને બરાબર સાવચેત કર્યો. તેથી તેના વંશજો “હાડા” નામથી ઓળખાયા. રાવ છત્રશાલજી પણ તે જ વંશમાં ઉત્પન્ન થયા હતા. તેઓ દિલ્હીની બાદશાહતમાં સારો હોદ્દો ધરાવતા હતા. બાદશાહ શાહજહાઁન તેમને એક દિલ્હીના સાચા ખેરખાં અને સપેહ–સાલાર માનતો હતો. તેઓ બાદશાહની આજ્ઞાથી વડા શાહજાદા “દારા”ના લશ્કરની આગેવાની લઇ ઓરંગજેબ સામે લડવા ગયા હતા. ધોળપુરની લડાઇમાં ઇ. સ. ૧૬૫૮ માં તેઓ તથા તેમના કુંવર ભરતસિંહ લડતાં મરણ પામ્યા હતા. ત્યાર બાદ તેમના કુંવર રાવ છત્રશાલજી ઇ. સ. ૧૬૫૮ માં બુંદીના ગાદીપતિ થયા.†

* બાદશાહી ફર્માન એવું હતું કે, વારાવાળો સરદાર પોતાની રજાની મુદત દરમ્યાન ગેરહાજર રહે તો પછી તે જેટલા દિવસ ગેરહાજર રહે, તે દરેક દિવસના એક લાખ રૂપિયા દંડ લેવાનો સખ્ત હુકમ હતો. તેથી રજાના દિવસેઃ ઉપરાંત એક દિવસ પણ વધુ રોકાવા કોઇની પણ હિમ્મત ચાલી શકતી ન હોતી. તે જ બાદશાહી ફર્માનનું અત્યારે બાદશાહે અમરસિંહજીને સ્મરણ કરાવ્યું.

† રાવજી “છત્રશાલજી”ના માટે મહા કવિ “ભૂષણ” કહે છે કે,

આ છત્રશાલજીની વીરતાથી શાહજહાઁન વાકિફ હોવાથી જ તેણે અમરસિંહજીને પોતાની મરજી વિરૂદ્ધ રજા આપી હતી. કારણ તે જાણતો હતો કે આ રાઠોડો અને હાડાઓથી વિરોધ કરવામાં બાદશાહતને ફાયદો નથી જ.

દોહાઃ-ઈક હાડા બૂઁદી[1] ધની, મરદ મહેવા વાલ;
સાલત નૌરંગજેબકો, યે દોનો છતશાલ.
વૈ દેખો છત્તાપતા, યે દેખૌ [2]છતશાલ;
વૈ દિલ્હીકી ઢાલયે દિલ્હી ઢાહન વાલ.

કવિતઃ-ચલે ચન્દ્રબાન[3] ધનબાન ઔ કુહૂક[4] બાન,
ચલત કમાન ધૂમ આસમાન છ્વૈ રહૌ;
ચલી જમડાઢૈં[6] બાઢવારૈં તરવારૈં જહાં,
લોહ આંચ જેઠકે તરનિ માન વૈ રહૌ;
ઐસે સમે ફૌજૈં બિચલાઈ છત્રસાલસિંહ,
અરિકે ચલાયે પાઁચ બીર રસ ચ્વૈ રહૌં;
હય ચલે હાથી ચલે સંગ છોડી સાથી ચલે,
ઐશી ચલાચલીમેં અચલ હાડા હવૈ રહૌ.
દારા ચાહિ નૌરંગ જુરે હૈં દોઉ દિલી દલ,
એકૈ ગયે બાજી એકૈ ગયે રૂધ ચાલ મૈં;
બાજી કર કોઊ દગાબાજી કરિ રાખા જેહિં,
કૈસે હૂ પ્રકાર પ્રાન બચત ન કાલ મૈં;
હાથીતેં ઉતરિ હાડા લડયો લોહ લંગર લે,
એતી લાજ કામૈં જેતી લાજ છત્રસાલ મૈં;
તન તરવારિન મૈં મન પરમેશ્વર મૈં,
પ્રાન સ્વામિ-કારજ મૈં માથો હરમાલ મૈં.

૧ આ બુંદીપતિ હાડા છત્રશાલ દિલ્હીના ઢાલરૂપ હોઈ, ઔરંગજેબને હંમેશાં હ્રદયમાં કાંટાની માફક સાલ્યા કરતા હતા. કારણ ઔરંગજેબની અનીતિમય રાજ્યપ્રાપ્તિની ઇચ્છાને તેઓ ધિક્કારતા હોઈ ઔરંગજેબની સામે લડવા પણ કેટલીક વખતે ગયા હતા, અને છેવટ ધોળપુરની લડાઈમાં બાદશાહત તરફથી લડતાં તેઓ માર્યા ગયા હતા.

૨ આ બીજા છત્રશાલજી પણ તે જ અરસામાં "મહોબા" બુંદેલખણ્ડમાં રાજ્ય કરતા હોઈ પોતાની સ્વતંત્રતા માટે બાદશાહ ઔરંગજેબથી સતત લડતા જ રહ્યા હતા. અને તેથી તેઓ પણ ઔરંગજેબના હ્રદયમાં કાંટાની માફક સાલતા હતા. આ છત્રશાલના પિતાનું નામ "ચમ્પતિરાય" હતું. તેઓ પણ પોતાની સ્વતંત્રતાને ચાહનાર હતા.

૩ અર્ધચન્દ્રબાણ. (૪) અન્ધારામાં ચાલવાવાળાં બાણ. (૫) તોપ. (૬) કટાર.

પ્રકરણ પાંચમું

બુંદી તરફ પ્રયાણ

સોરઠાઃ—આનંદ ઉર અધિકાય, અમરસિંહ નરનાથરા;
ચઢણો બુંદી ચ્હાય, બ્યાહન રાણી હાડીશું.

અમરસિંહજી બાદશાહની રજા લઈ, પોતાના મુકામ ઉપર આવ્યા અને આવીને પોતાના સરદારોને આજ્ઞા કરી કે, "હરદારોં, અપણે હધળારે બુંદી જાવણોહે, ઇણ બાસ્તે આપ હધળા તૈયાર હો જાઓ, ઔર અબાર આપણ અઠેકું પ્રયાણ કરને જાશોં, ઇણમેં કોઇ બાતરી આળસ કરવારો કામ નહિં હૈ; કયુંકી બાદશાહને મોને સાત દીનોંરી રજા દીહેં. જીણસું જો અબાર આપણ અઠેહીં નિકળ જાય નહિં તો ફીર સાત રોજમેં અઠે પહોંચ સકે કોય નહિં."

સરદારોએ પણ સ્હામો ઉત્તર આપ્યો કે, "અન્નદાતાર, જીણ રીતસું હજુરરી આજ્ઞા વ્હે, ઇણ રીતસું હમ હધળા તયાર હાં."

પોતાના સરદારોનો જવાબ મળવાથી અમરસિંહજીએ આજ્ઞા ફરમાવી કે, "જહાં આપ હધળા અપણા અપણા મનખોંરે આજ્ઞા ફરમાય દો કી વે ઘોડા હાથી તયાર કરદેં, ઔર લગ્નરી હધળી જરૂરીઆત વસ્તુઓં લેવારે બાસ્તે આજ્ઞા કરદો, અર સાંઝરે સમૈ અઠે દરબાર કરનેં કસુંબા પાણી કરને રાતવઇપર અઠેસુ નિકળ જોંય."

અમરસિંહજીની આજ્ઞા થવાથી તમામ સરદારોએ પોતપોતાના માણસોને પોતાનાં વાહનો તૈયાર કરવાની તથા જરૂરિયાત વસ્તુઓ સાથે લઇ લેવાની આજ્ઞા ફરમાવી. અમરસિંહજીના માણસોએ પણ લગ્નની જરૂરિયાત તમામ વસ્તુઓ એકત્ર કરી અને હાથી ઘોડા વિગેરે વાહનો તૈયાર કરવા લાગ્યા. બીજી બાજુ દરબારની તૈયારીઓ થવા લાગી. આશરે સાંઝના પાંચ વાગ્યાના સુમારમાં દરબાર થયો. તેમાં તમામ રાઠોડો આવ્યા, અને કસુંબા ઘોટાવા લાગ્યા. કસુંબા એવા તૈયાર થયા કે, જાણે રંકના ઘરની રાબ હોય કે ભાગેલા જુના છાપરાનું ચુવરામણ હોય! એવા જાડા અને રંગદાર તયાર કરી ગરણીમાં ગાળી દરબારમાં ફેરવવામાં આવ્યા. કસુંબા પીવાથી રાજપૂતોમાં જુદાજ પ્રકારનું ચૈતન્ય આવ્યું. કારણ કોઇ કવિએ કહ્યું છે કે,

અમલીયા ઉધમાતીયા, શેણાં હંદા શેણ;
તુજવીણ ઘડી ન આવડું, (સુને) ફીકાં લાગે નેણ.

અમલ—કસુંબો—લેવાથી રાજપૂતોનાં નેત્રોની ફીકાશ મટી ગઈ. તેમનામાં નવીન પ્રકારનો જુસ્સો આવવા લાગ્યો, કારણ અફીણનું

નામ અમલ પણ છે અને તેથી તે રાજપૂતોમાં નવીન પ્રકારનું અમલ જુસ્સો—ઉત્પન્ન કરે એ સ્વાભાવિકજ છે. કસુંબા થઇ રહ્યા પછી ખારભંજણાં અને હુક્કા આવ્યા. અમરસિંહજીએ તથા તેમના સરદારોએ તેને પણ ન્યાય આપ્યો. આ દરમ્યાન સવારી તૈયાર હોવાના સમાચાર આવ્યા, અને દારૂડા પણ આવ્યા. રાજપૂતોએ દારૂને ઇન્સાફ આપ્યા બાદ દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો. સાતસો રાઠોડોને સાથે લઇ વીરવર અમરસિંહજી બુંદી જવા સારૂ તૈયાર થઇ રસ્તે પડયા. આ વખતે અમરસિંહજી જાણે મૃત્યુલોકના ઇન્દ્ર હોય અને આ તેમના સરદારો જાણે દેવતાઓ હોયની, એવા શોભતા હતા! તેઓએ તમામ પ્રકારનાં હથિયારો સજી લીધાં હતાં, તેથી જોનાર માણસને એવો ભાસ થતો હતો કે, રાઠોડો કહે છે કે "અમો કાળથી પણ ડરતા નથી." તે તેમનાં વચનો સત્ય કરવા સારૂજ આજ તેમણે ચડાઇ કરી હોયની!! આવા રણધીર અડગ નિશ્ચયવાળા વીર રાઠોડોના ચાલવાથી કેમ જાણે પૃથ્વી કંપાયમાન થવા લાગી, શેષનાગનું ફણ પણ ધ્રુજવા લાગ્યું, અને કચ્છપની પીઠ કસમસવા લાગી, દિગ્ગજો ઘોર ચિત્કાર કરવા લાગ્યા અને આકાશમાં દેવતાઓ સવારી જોવા સ્થિત થયા. તેઓ પણ રાઠોડોની સવારી આગળ પોતાની સવારીઓ તુચ્છ માનવા લાગ્યા. રાઠોડો દારૂમાં આનંદિત થઇ રસ્તો ઝપાટાબંધ કાપવા લાગ્યા. રાત્રિ દિવસનો સતત પ્રવાસ કરી તેઓ બુંદીની નજદીક આવી પહોંચ્યા. બુંદીથી પાંચેક માઇલ દૂર રહ્યા એટલે મહારાજા અમરસિંહજીએ પોતે જાન લઇને આવ્યાના સમાચાર દૂત મારફત બુંદી અધિપતિ મહારાવજી શ્રીછત્રશાલજી હાડાને કહેવડાવ્યા અને પોતે ત્યાં કેમ્પ જમાવી સામૈયામાં જવાની તૈયારીઓ કરવા લાગ્યા.

પ્રકરણ છઠ્ઠું

અમરસિંહની જાન

દોહા:—છત્રશાલ અમરેશરી, કટારી સોહ અનૂપ;
નીકર આભાતં લજ્જીતકર, સકલ સુર સુરભૂપ.

અહિં હાડા વંશાવતંસ મહારાવજી શ્રીછત્રશાલજી પોતાના સરદારો સાથે મહારાજા અમરસિંહજીના આવવાની રાહ જોતા જ બેઠા હતા અને સામૈયાની સવારીનો બંદોબસ્ત કરવાના વિચારમાં નિમગ્ન થયલા હતા, તેટલામાં દૂતે આવી જાનના આવવાના સમાચાર આપ્યા. સમાચાર મળવાથી મહારાવ છત્રશાલજીએ પોતાની સવારી સામયા માટે

તૈયાર કરી અને સામૈયા સારૂ પોતાના સરદારો—પટાવતો—અમલદારો સાથે ચાલ્યા.

અહીં રાઠોડોએ પણ બખ્તરો ઉતારી શણગાર ધારણ કર્યાં અને પોતાના મહારાજા—વરરાજા—અમરસિંહજીને એવા સુંદર રીતે શણગાર્યાં કે, જોનાર વ્યક્તિના મન ઉપર સ્વાભાવિક એવી અસર થતી હતી કે આ તો શું મૃત્યુલોકનો ઇન્દ્ર જ છે! અને તેમની સાથેના રાઠોડ સરદારો તે દેવતાઓ છે!!! એવી રીતે મહાન્ તેજસ્વી રાઠોડોની સવારી શોભા આપતી હતી. મહારાજા અમરસિંહજીએ સાટીનનો પાયજામો, ઉપર કિંમતી જરીનો ચુગ્ગો અને શિર ઉપર ભારે કિંમતનું મેહેકર બાંધી લીધું હતું. મેહેકર ઉપર શિરપેચ નાંખ્યો હતો, અને કલગી ચઢાવી હતી. કમ્મરે ચુગ્ગા ઉપર કમ્મરપટ્ટો ચડાવ્યો હતો. કમ્મરપટ્ટામાં સોનાના હાથા—મૂઠવાળી તલવાર વારણાં લઇ રહી હતી. જમૈયો, કટાર, છરા, બંદુક વિગેરે હથિયારો પણ ધારણ કર્યાં હતાં. અને પોતે એક હસ્તી કે જેના ઉપર સુવર્ણની અંબાડી કસી લેવામાં આવી હતી, તેના પર વિરાજમાન થયા. હાથીને જરીની ઝૂલો નાંખવામાં આવી હતી. અંબાડી હુદ્દાના આકારની ખુલ્લી હોવાથી શિર ઉપર સુંદર કિનખાબનું છત્ર ધારણ કરવામાં આવ્યું હતું. છત્રને ફરતી નિલમ—માણેક—મોતીની ઝાલરો આવેલી હતી. વળી અમરસિંહજીએ કંઠમાં હીરા મોતીના ગંડા પહેરી લીધા હતા; હાથમાં સુવર્ણની અંદર નંગ જડેલી પોંચીઓ પહેરી લીધી હતી; પગમાં સોનાનો તોડો તથા બેડી પહેર્યાં હતાં. મહારાજા અમરસિંહજી હાથી ઉપર બિરાજ્યા, એટલે અંબાડીના પછાડીના ભાગમાં બે સરદારો નછરાવળ—ન્યૌછાવર—કરવા સારૂ બેઠા, અને અંબાડીની બે બાજુએ બે પગથીઓ હતી તેના ઉપર બે રાઠોડો સોનાના હાથાવાળા ચમ્મર લઈ ઉભા હતા. અંબાડીના અગાડીના ભાગમાં ચાંદીના હાથાવાળો અંકુશ લઇ મહાવત બેઠો હતો. હાથીની આગળ સોનાની છડીઓવાળા ચાર ચોબદારો સુંદર પાણીદાર ઘોડાઓ ઉપર સવાર થઇ નેકીના સુંદર, લાંબા સુરથી પોકાર કરી રહ્યા હતા. સર્વ રાઠોડ સરદારો પોતપોતાના અનુક્રમે પોતાના રસાલા સાથે સવારીમાં શોભી રહ્યા હતા. અગાડી પછાડી રાઠોડ સરદારો પોતપોતાના રસાલા સાથે ચાલતા હતા, અને વચ્ચે મહારાજા અમરસિંહજીનો હાથી હતો. સવારીમાં અનેક પ્રકારના સુંદર સુરથી વાદ્યો તથા ડંકા વાગી રહ્યા હતા. મસાલનો પણ બંદોબસ્ત કરી લેવામાં આવ્યો હતો. સન્ધ્યાસમયે મસાલો પ્રગટ કરવામાં આવી ત્યારે તો જરી, સોનું, અને નંગો ઉપર તેનો પ્રકાશ પડવાથી સવારીની

શોભામાં અધિક વૃદ્ધિ થઇ. સવારી ચાલતાં મહારાજાની પાછળ બેઠેલા સરદારો સોના, રૂપાનાં નાણાં તથા સોના રૂપાનાં ફુલો પોતાના મહારાજા વરરાજા, અમરસિંહજી ઉપર ન્યૌછાવર કરી બે બાજુ ફેંકતા હતા, જેના લૂંટ સારૂ હજારો ભિક્ષુકોની દોડધામ થતી હતી. તે વખતનો દેખાવ એવો સુંદર હતો કે જાણે આકાશમાંથી સોનારૂપાની વૃષ્ટિ ઇન્દ્ર કરતો હોય, અને તેને ગ્રહિત કરવા સારૂ આ ભિક્ષુકરૂપી દેડકાંઓની કુદમકુદા થતી ન હોય! મહારાજા અમરસિંહજી તથા તેમના સરદારોના હાથીઓ એવા દેખાતા હતા કે જાણે પૃથ્વી ઉપર વાદળ આવીને ચાલતાં ન હોય! આવી રીતે બન્ને બાજુએ હજારો મનુષ્યો આ વરરાજાની તથા હાડા રાવ છત્રશાલની સવારીઓનું દશ્ય જોવા સારૂ એકત્ર થયું હતું.*

સામૈયું કરવાને માટે પોતાનું સૈન્ય, સરદારો, પટાવતો, અમલદારો અને ભાયાતો સાથે બુંદી અધિપતિ હાડાવંશાવતંસ મહારાવજી શ્રીછત્રશાલજીની સવારી સ્હામે આવે છે, તે તરફ પણ આપણે આપણું લક્ષ ખેંચવું જોઇએ. તેમની સવારી પણ એવી સરસ હતી કે, જે વખતે આકાશમાં દેવતાઓ પણ તે બન્ને સવારીઓ જોવા સારૂ આવ્યા હતા. તો પછી આપણે પણ તેનો લાભ શા માટે ન લેવો? કારણ દેવતાઓ પણ આ સવારીઓના દશ્યથી પોતાની સવારીઓને તુચ્છ સમજવા લાગ્યા. આવી સુંદર સવારીનું દશ્ય આપણે પણ અવસ્ય જોવું જ જોઇએ.†

---

* તે સમયનું સવારીનું દશ્ય એવું હતું કે,

પદ્ધરી છંદઃ—

ચઢી સ્વારિ દુલહકી સમય સાંઝ, ગજઘન ઇવ શોભિત તે નેહિમાંઝ;
મનો મેઘગર્જે દુંદુભી અવાજ, પચરંગીપટા ધનુ મેઘ સાજ.
દાદુર ધ્વનિ નેકી પુકાર, ન્યોછાવર બુંદ ધન હો અપાર;
દાદુર ઈવ નૃત્ય ભિક્ષુક કરંત, કરિ દૌડધામ ધન કર ધરંત.
નૃપ છત્ર કેર ચમકાર હોત, મનો બિજ્જુ છટા ઘન ઘટા ખ્હોત;
ધસ મસત સવારિ મગમેં જાત, કચ્છપ–ભૂ–અહિ ડગમગ ડુલાત.
સ્વારિ વારાંગન કરત નાચ, જનુ ઇન્દ્ર પાસ અપ્સરા રાચ;
ઇણુ બિધ ચઢી સ્વારિ અમર ભૂપ, કર લજ્જિત સકલ ભૂ–સૂર–ભૂપ.

† રાવજી છત્રશાલજીએ પોતાની સવારી એવી રીતે ગોઠવી હતી કેઃ-

કવિતઃ-

પ્રથમ પચાદે સાદે, જાદે તેગ ધારી ચલૈં, નિરખિ લજ્જિત હોત, સેન અમરેશકો.
અશ્વ ગજ રથનકી, લ્હાર એક એક પાછે, જીનહીકો દેખ આભા, લાગત ન લેશકો.
ઐરાવત ઇન્દ્રસમ, શોભે ભૂપ છત્રશાલ, નીજ પ્રભાહુતેં મંદ, રાખત દીનેશકો.

ધીમે ધીમે બન્ને સવારીઓ સામ સામે ચાલી આવે છે, ચોપદારોના પુકારો થયા કરે છે. વારાંગનાઓના નાચ થાય છે, વરરાજા મહારાજા અમરસિંહજીના ઉપર સોના રૂપાના ન્યૌછાપર થાય છે. બન્ને સવારીઓમાંના ઘોડા અને હાથીઓના બોલવાના તથા સવારી જોવા માટે એકઠાં થયલાં હજારો મનુષ્યોની બોલચાલી થઈ રહી છે. એ રીતે ભારી કોલાહલ થઈ રહ્યો છે. સવારીમાં ફાંકડા રાજપૂતો પોતાના પાણીદાર ઘોડાઓને નૃત્ય કરાવી પ્રેક્ષકોને પોતાની અશ્વ ઉપર ચઢવાની ચતુરાઈ તથા પોતાના ઘોડાનું પાણી દર્શાવે છે. આવી રીતે સહુના મનમાં આનંદ છાઈ રહ્યો છે. ધીમી ચાલથી બન્ને સવારીઓ નિયત કરેલા સ્થાન આગળ એકત્ર થઈ બન્ને સરદારો એક બીજાને મળ્યા. બન્ને સવારીઓ એકત્ર થઈ નગર તરફ વળી, અને નગર બહાર જાનને સારૂ તંબુની ગોઠવણ કરવામાં આવી હતી, ત્યાં જાનને ઉતારો આપવામાં આવ્યો. સસરા જમાઈના હાથીઓ બેત કરવામાં આવ્યા એટલે બન્ને પક્ષના અન્ય હાથીઓ પણ બેત થયા અને હાથીઓ અને ઘોડાઓ ઉપરથી સરદારો તથા બન્ને રાજાઓ ઉતર્યા અને તૈયાર રાખવામાં આવેલી બિછાયતમાં જઈને બેઠા. વરરાજા સારૂ તથા રાવજી સારૂ સરસ સુવર્ણમય નાનાં નાનાં સિંહાસનો રાખવામાં આવ્યાં હતાં, તેના ઉપર તેઓ પણ બેઠા. કસુંબા પાણી અને સાકરનાં પાણી પાવાનાં કાર્ય શરૂ થયાં, અને તે કાર્ય પૂર્ણ થઈ રહ્યું એટલે રાવજીની સવારી નગર તરફ ચાલી અને જાનના સરદારો પોતાના માટે નિયત કરવામાં આવેલા તંબુઓમાં ગયા. મહારાજા અમરસિંહજીના માટે જાનની છાવણીના મધ્ય ભાગમાં એક સુશોભિત બંગલો હતો, તેમાં તેમના મુકામની વ્યવસ્થા કરવામાં આવેલી હોવાથી તેઓ ત્યાં પધાર્યા. નગરનાં લોકો પોતપોતાનાં ગૃહ તરફ જવા નગર તરફ વળ્યાં. આ રીતે સામૈયાનું કાર્ય નિર્વિઘ્નતાથી આનંદમય પૂર્ણ થયું.

પ્રકરણ સાતમું
અમરસિંહની કટારીનું લગ્ન

દોહાઃ—રતનકુવ સુણુ કહ અમર, અણું ન બ્યાહન કાજ; ।
લેઈ કટારી માહરી, કરો લગનરો સાજ.

ઐસે સજી ચતુરંગ, સૈન ચઢયો છત્રશાલ, સામનો કરબ્બે કાજ, ભૂપ અમરેશકો.
દીપન પ્રકાશ ઓ, પ્રકાશ અહે શસ્ત્રનકોં, દીપતિ દિપાયમાન, જરિતકે ઝેલાકો.
કરે ચોપદાર સુ. પુકાર અતિ આનંદ તૈં, વંશ અવતંસ હાડા, ભૂપ અલબેલાકો.
વારાંગન નૃત્યત હે, દુન્દુભી ધૂકાર હોત, સામનો સમાર્યો ભૂપ, અગ્ર અલબેલાકો.
હય હણુણાટ ગજ, ઘંટ ઘણુણાટ જાત, અતી અણુણાટ હોત, માનસકે મેલાકો.

અમરસિંહજી પોતાના બંગલામાં આવ્યા અને કપડાં ઉતારી આરામ લે છે, તે અરસામાં એક પેહેરાવાળા સિપાઇએ આવીને વરદી આપી કે:-"અન્નદાતાર, રાવજી સાહબરા અઠેસું એક દાસી આયોડી હૈ. કાંઈ આજ્ઞા હૈ?"

"ઇણ દાસીનેં અઠે આવણદે."

"જો હુકમ અન્નદાતારજી."

આ માણુસ ગયો અને એક દાસી અંદર આવી, તેણે હાથ જોડી પ્રણામ કર્યાં, એટલે અમરસિંહજીએ તેને પૂછ્યું કે:-"થારો નામ કાંઇ હૈ? ઔર અબાર અઠે કીણ કારણરા બાસ્તે આઇ હૈ?"

"અન્નદાતાર, મોરો નામ રતનકુઁવર હૈ, ઔર રાવજી શ્રીછત્ર-શાલજી અપણા હધળા હરદારોંરા સાથ તોરણરા પાસ આયને બરાજ્યા હૈં; ઔર મોંનેં અઠે મોરી બાઇજીશાને આપોંરા ડેરા દેખવારે બાસ્તે, અર આપોંતે બોલાવવારા બાસ્તે અઠે ભેજી હૈ, તો કૃપા કરને હજુર પધારેં."

"રતનકુંવર, થારી બાઇશાને જાતે બોલદેકી મોંનેં બાદશાહને સાત દીનોંરી રજા દીયોડી હૈ. ઇણ બાસ્તે મેં હાથેવાળાસું પરણવારે બાસ્તે આય સકું કોય નહિં. જીણસેં થું મોરી યા કટારી લેજા ઔર મોરી કટારીસું થારી બાઇશારો લગ્ન કરાને અઠે ભેજ દે. મેં સવારમેં અઠેસું મોરા ડેરો ઉઠાયને જાશોં, અર એક દીન નાગોરમેં રોકાયને આગરા જાશોં; ઇણ બાસ્તે મેં હાથેવાળાસું પરણવારા બાસ્તે આય સકું કોય નહીં."

'અન્નદાતાર, આપ અઠે પધાર્યા હો, અર હાથેવાળાસું પરણવારા બાસ્તે પધારો નહીં, તો દુનિયારાં લોક મોરા અન્નદાતાર રાવજીરો કેડી બાત કરશી? જીણરો મોરા અન્નદાતારજીરે બિચાર કરણો ચાહિજે."

"રતનકુંવર, મેં કોઈ તકરારરા કારણસું આતો નહિં, યુંતો નહિં હૈ; મોરે રૂકવારો સમય નહિ હૈ. અર જો મેં હાથેવાળાસું લગન કરવારા બાસ્તે આવું ઔર થારી બાઇરા પાસ રૂક જાવું તો મોંને નુકસાન વ્હે જાય; જીણસું મેં નહીં આતો. તું જાયને થારી બાઇને હુણાય દે કે, બાદશાહરી સખ્તાઇ હૈ, ઔર રજારા ઉપર એક દીન જો જ્યાદા વ્હૈ જાય તો રોજરા એક લાખ રૂપયા દંડરા લેવારો બાદશાહરો હુકમ હૈ; જીણસેં મેં હાથેવાળાસું લગનરા બાસ્તે આય સકું કોય નહિ, ઔર મોરી કટારી થોંનેં દું હું તો થું ઇણસું લગન કરાયને થારી બાઇને અઠે લેઆ."

"અન્નદાતારજી, આપ લગનરા બાસ્તે પધારો ને જણ બખત લગન વ્હે જાય અણ બખત મેં મોરી બાઇજીનેં લેનેં તુરત અઠે આશોં.

ફીર સબારમેં આપણુ અઠેસું આગરા તરફ રવાના હો જાંય, અઠે આપોંનેં રોકવારો કાંઇ જરૂર હૈ નહીં."

"રતનકુંવર, ઇણુતરાં આગ્રહ કરવારી કાંઇ જરૂરત હૈ? મોરી કટારીમેં અર મોરેમેં કાંઈ તફાવત હૈ? મોરી કટારી આઇ જહાંઈ મોરા આવણુારા બરાબર હૈ. ઇણુ બાતમેં થારે કિણી બાતરો અંદેશો લાવણો નહિં, અર થારી બાઇજીસું યા હથળી હકિકત જાય ને સુણાય દે; અર કટારીસું લગન કરાયને અઠે લેઆ."

દાસીએ પોતાના તમામ પ્રયાસ નિરર્થક ગયા જાણી અને રાજા એકના બે ન થયા, તેથી અમરસિંહજીની કટારી સાથે લગ્ન કરાવ્યા શિવાય છૂટકો નથી એમ માની અમરસિંહજીનું કહેલું કબુલ કર્યું, એટલે કેટલાક રાઠોડ સરદારો સાથે સવારીના રૂપમાં કટારી અમરસિંહજીએ લગ્ન સારૂ મોકલાવી.

સવારી તોરણુ પાસે જ્યાં મહારાવ છત્રશાલજી પોતાના હાડા સરદારો સાથે બેઠા હતા ત્યાં આવી પહોંચી. દાસીએ જઇને પોતાની બાઇને ખબર આપી. તેઓ નારાજ તો થયાં પરંતુ તેનો કંઇ ઉપાય જ નહોતો. કટારીની સાથે લગ્ન કરવા પોતે તૈયાર થયાં. વિદ્વાન બ્રાહ્મણોએ કટારીની* સાથે હાડીરાણીનાં લગ્ન કરાવ્યાં અને મહારાવ છત્રશાલજી તરફથી પોતાની પુત્રીને સારો દાયજો-હાથી, ઘોડા, રથ, વસ્ત્ર, આભૂષણુ, કેટલાક દાસ, દાસીઓ અને જાગીર વિગેરે આપવામાં આવ્યો અને તુરત તેમને મહારાજા અમરસિંહજીના મુકામ ઉપર મોકલ્યાં.

પ્રાતઃ થતાં મહારાવ છત્રશાલજી પોતાના મુખ્ય મુખ્ય સરદારો સાથે જાનને વળાવવા ગયા. સવારમાં જાનના માણસો વહેલા જાગ્રત થઇ, સ્નાન સન્ધ્યા વિગેરે પોતાના નિત્ય નિયમથી પરવાર્યા હતા. રાવજીના આવ્યા બાદ કસુંબા થયા. કસુંબા થઇ રહ્યા બાદ જાને પોતાનો મુકામ કુચ કર્યો. રાવજી કેટલાક દૂર સુધી જાનને પહોંચાડવા ગયા, અને અમરસિંહજીએ બહુ આગ્રહથી તેમને પાછા વાળ્યા ત્યારે તેઓ પાછા વળ્યા, અને જાન નાગોરના રસ્તે પડી.

---

* જે લગ્ન હથીઆરની સાથે કરવામાં આવે છે તેને "ખાંડુ" કહેવામાં આવે છે. અર્થાત્ પરણુનાર વ્યક્તિ જાતે પરણુવા ન જતાં પોતાનું હથીઆર મોકલે છે, તેની સાથે કન્યાનું લગ્ન કરવામાં આવ્યાથી તે લગ્ન પરણુનાર વ્યક્તિ સાથે જ થયાનું માનવામાં આવે છે. જ્યાં પરણુનાર વ્યક્તિ જાતે જ પરણુવા જાય છે, અને પોતે જાતે જ પરણે છે તો તેને "હાથેવાળા"નું લગ્ન કહેવામાં આવે છે. આ વહીવટ અત્યારે પણુ પ્રચલિત જ છે. મહારાજા અમરસિંહજી હાથેવાળે પરણુવા ગયા હતા, પરંતુ રોકાઇ જવાનું થાય તો બાદશાહની ઇતરાજી વ્હોરી લેવી પડે તેથી "હાથેવાળે" ન પરણુતાં "ખાંડુ" મોકલ્યું હતું.

પ્રકરણ આઠમું
પ્રેમમાં ફસાયા

દોહાઃ–જની પ્રેમ કોઊ કરો, પ્રેમ પ્રાણુ કર પાત;
કમલ પ્રેમ ફસિયો ભ્રમર, ભયો પ્રાણકો ઘાત.
હરિગીતઃ–નારી તણા વિશ્વાસથી, રહિઆ નરો જે પ્રેમમાં;
કહો કુશળ કોણે મેળવી? રહી પ્રેમ કેરા નેમમાં.

દડ મજલ કુચ કરતા મહારાજા અમરસિંહજી નાગોર આવી પહોંચ્યા. નાગોરની પ્રજાએ પોતાના રાજાના લગનની ખુશાલીથી રાજાનું સામયું કર્યું. આખા નગરમાં રોશની કરાવી, રૈયતને આનંદનો પાર રહ્યો નહીં. અમરસિંહજી પણ પોતાનાં રાણી સાથે રાજમહેલમાં પધાર્યા. રાજમહેલને પણ આજ અનેક રીતથી શણગારવામાં આવ્યો હતો. રાત્રે તમામ સરદારોને બોલાવી દરબાર કરવામાં આવ્યો. નગરના શેઠ શાહુકારોને પણ દરબારમાં આમંત્રણો હોવાથી આવ્યા હતા. આ સરદારો અને નગરજનો વચ્ચે અમરસિંહજી ઇન્દ્રસમાન શોભતા હોઇ, અમરસિંહજીનો દરબાર ઇન્દ્રના દેવદરબારનું પ્રત્યક્ષ ભાન કરાવતો હતો. મહારાજા પોતે સુવર્ણના સુંદર નકસીદાર સિંહાસન ઉપર બિરાજ્યા હતા. સોનાની છડીઓવાળા ચોબદારો વચ્ચે ફરતા હતા. મહારાજા ઉપર સોનાના હાથાવાળા ચમ્મરના ઝપાટા થઇ રહ્યા હતા. મહારાજાએ કસુંબા પાણી શરૂ કરવા આજ્ઞા ફરમાવી અને તે પ્રમાણે કસુંબા ફર્યા. કસુંબાનું કાર્ય પૂર્ણ થયા બાદ જેમને ખપતો હતો તેમને માટે દારૂ આવ્યો, અને રાજાને પ્રથમ સોનાના પવાલામાં દારૂ ભરી આપવામાં આવ્યો. ત્યાર બાદ તમામ સરદારોએ પણ ચડપોચડપ પ્યાલીઓ ઉઠાવવા માંડી. સરદારોએ મહારાજાને આગ્રહપૂર્વક ઉપરાઉપર બે ત્રણ પવાલા દારૂ આપ્યો. મહારાજા પણ ખુશાલીમાં અને પોતાના સરદારોના આગ્રહથી ના પાડી શકયા નહીં. તેમણે પણ તેને સ્વીકાર્યો. દારૂ થઇ રહ્યા બાદ ખારભંજણામાં મીઠાઇઓ આવી અને ઉપર હુક્કા આવ્યા. હુક્કા ફરવા લાગ્યા અને રાજપૂતોને અફીણ તથા દારૂના નિશા આવવા લાગ્યા એટલે વારાંગનાઓને બોલાવવામાં આવી અને નાચ શરૂ થયો. રસભીના રાજપૂતો નિશામાં ચકચૂર બની તેનો આનંદ લેવા લાગ્યા. વાહવાહના ઉદ્‌ગારો કહાડી તથા વચ્ચે વચ્ચે તાલ આપી પોતાનું તત્ સંબંધી તાન પણ જણાવવા લાગ્યા. આવી રીતે આ કાર્ય પણ પૂર્ણ થયું એટલે મહારાજાએ સરદારોના માટે જમવા સારૂ ટાટ લાવવા આજ્ઞા ફરમાવી અને પોતે જનાનામાં જમવા ગયા. નગરના શેઠશાહુકારો પોતપોતાના ઘર તરફ ચાલ્યા.

જનાનામાં રાણીજી તરફથી ખાનગી રીતે એવો બંદોબસ્ત કરી રાખવામાં આવ્યો હતો કે, મહારાજા પધારે એટલે તેમને દારૂનો પુષ્કળ નિશો કરાવવો, જેથી તેઓ આગ્રા જવાની વાત જ વિસરી જાય અને તે નિશો કેટલોક વખત સુધી ચાલુ રાખવો કે જેથી આગ્રા જવાનું કાયમને માટે વિસરી જાય. આમ કરવાનું કારણ એવું હતું કે, રાણીજીને એમ ચોક્કસ દહેશત હતી કે, જો મહારાજાને નિશો કરવવામાં નહિં આવે તો, તો તેઓ સત્તારમાં જરૂર આગ્રા ચાલ્યા જશે. વળી તેઓ એમ પણ જાણતાં હતાં કે, સવારમાં મહારાજા આગ્રા જવા નિકળશે નહીં એટલે સરદારો મહારાજાને લઇ જવા પ્રયત્નો કરશે; માટે તેમણે તેનો પણ આગળથી જ બંદોબસ્ત કરી રાખ્યો હતો કે કોઇના પણ સમાચાર આવે તો રાણીને ખાનગીમાં પ્રથમ જણાવવાઃ તે શિવાય કોઇપણ પ્રકારનું જરૂરી રાજ્ય પ્રકરણીય કામ હોય તો તે પણ કોઇએ મહારાજાને પરભારે જણાવવું નહીં. આવી રીતનો તમામ સંકેત આગળથી જ કરી રાખવામાં આવ્યો હતો.

અમરસિંહજીના ભાગ્યના અસ્તની અહિંથી જ શરૂઆત થાય છે અને તે કાર્યમાં તેમના પ્રિયરાણી જ કારણભૂત થયાં. તેમણે મહારાજાને માટે બાદશાહે કરેલો હુકમ જાણતાં છતાં તે તરફ દુર્લક્ષ આપી, માત્ર પોતાની પ્રેમચેષ્ટા પૂર્ણ કરવા સારૂ પોતાની સ્ત્રીચરિત્રરૂપી જાળને પ્રસરાવી રાખી, અને આપણામાં જે "સ્ત્રીની બુદ્ધિ પાનીએ" એ કહેતી ચાલુ છે તેને સત્ય કરી પોતાના પ્રાણસમાન પતિના હિતાહિતનો વિચાર કર્યો નહીં, તેમ જ ભવિષ્યમાં જે થવા કાળ હોય છે તે હરેક ઉપાયે થયા કરે છે, એ હકિકત પણ સત્ય જ ઠરી. કારણ કે જે અમરસિંહજી રાણીના પ્રેમમાં કદાચ હું ફસાઇશ તો વખતસર આગ્રા જઈ શકીશ નહીં એમ જાણી 'હાથેવાળા લગ્ન'-બુંદી ગયા છતાં-કરવા સારૂ ગયા નહીં, તે જ અમરસિંહ આ રાણીની પ્રેમજાળમાં ફસાયા અને પરિણામે પોતાનો પ્રિય પ્રાણ ગુમાવ્યો અને રાણીએ પણ પોતાના માટે વિધવા થવાનું દુઃખ વ્હોરી લીધું અને છેવટે સતી થયાં. અહા, પ્રેમની જાળ કેવી કઠિન હોય છે. પ્રેમ ત્હારી બલિહારી ઓર જ છે!

અમરસિંહજી રાણીના આ બધા પ્રપંચથી અજ્ઞાત હતા. તેથી તેઓ દરબારમાંથી ઉઠીને જનાનામાં આવ્યા, એટલે રાણીએ પોતાનો શુદ્ધ અને સાથે સાથે કૃત્રિમ પ્રેમ એકત્ર કરી બહુજ હાવભાવ બતાવ્યાઃ કારણ કહ્યું છે કેઃ—

> ધૂતા હોય સલક્ષણા, વેશ્યા હોય સલજ્જ;
> ખારાં પાણી નિર્મળાં, એતી બાત અખજ્જ.

તેવીજ રીતે રાણીએ પોતાના વીર પતિ ઉપર બાદશાહ નારાજ થશે તેનો વિચાર કર્યા શિવાય મહારાજાને પ્રેમાંધ બનાવ્યા. મહારાજા પણ રાણીના હાવભાવ જોઈ પોતાના ઉપર આવવાની આફતનો ખ્યાલ પણ મગજમાંથી ચુકી ગયા. જ્યારે રાણીને લાગ્યું કે હવે મહારાજા ઉપર મારી પ્રેમજાળ પૂર્ણ પથરાઈ ચુકી છે, એટલે તેણે મહારાજાને માટે ટાટ લાવવા દાસીને આજ્ઞા કરી. તે મુજબ ટાટ આવ્યો. મહારાજાએ રાણીજીને માટે પણ ટાટ મંગાવ્યો અને આગ્રહ-પૂર્વક પોતાની સાથે જમવા બેસાર્યાં. રાણીના સંકેત મુજબ દાસી રતનકુંવર દારૂના સીસા લઈ હાજર થઈ અને તેણે સોનાના પવાલામાં દારૂ ભરી રાણી પાસે રજુ કર્યો. તે રાણીજીએ લઇને મહારાજા આગળ રજુ કર્યો, એટલે અમરસિંહજીએ રાણીને કહ્યું કે, "હાડીજી ! થેં યે કાંઈ કરવારા બાસ્તે મોંનેં દારૂ દોહો ? મોંનેં એક બખત દરબારમેં સરદારોંનેં દારૂ દીયો હે, ફીર અઠે થેં ઘો હો તો બઢ જાશી. ઔર સવારમેં મોરે આગ્રા જાણો હૈ, જીણસું થેં મોંનેં દારૂ મત દો. જો રજારે ઉપર દીન હો જાંય તૌ બાદશાહ ખફા હો જાશી, ઇણ બાસ્તે અબાર રહણે દો."

રાજાનું કહેવું સાંભળી રાણીએ કહ્યું કે, "અન્નદાતાર, દરબારમેં આપોંને દારૂ લિયો, ઔર મોરે હાથસું દારૂ લેવારે બાસ્તે ના પાડો હો, યે કાંઇ બાત હૈ ? મોરેસું મોરા અન્નદાતારજીકો કાંઇ ગુન્હો તો હુવો કોઇ નહીં ? ફીર અતરી અકૃપારો કાંઇ કારણ હૈ ? જો મોરે ઉપર અકૃપા નહીં હૈ તો મોરા અન્નદાતારજી મોરા હાથસું દારૂ લેશોજ. કાંઇ મેં માનશોં કે હજુરરી મોરે ઉપર અકૃપા નહીં હૈ."

અમરસિંહજી રાણીની જાળમાં સપડાયા અને તેમને એમ લાગ્યું કે, રાણીને મેં તેના હાથથી દારૂ ન લીધો તેથી માઠું લાગ્યું, માટે લાવ થોડો લઉં. એમ વિચાર કરી રાણીના હાથમાંથી પ્યાલો લઇને ગટગટાવી ગયા. એટલે રાણીજીએ બીજો પ્યાલો દાસી પાસેથી લીધો અને તે પણ રાજા પાસે ધર્યો. અમરસિંહજી તો દરબારમાં સરદારો સાથે બે ત્રણ પ્યાલા ચડાવીને આવ્યા હતા, અને ઉપરાંત રાણીજીએ એક પ્યાલો આપ્યો તે પણ પીધો હતો; તેથી નિશામાં ચકચુર થયલા હતા, ભાન ખોઇ બેઠા હતા. દારૂના નિશાથી, મગજ અસ્વસ્થ બની ગયું હતું. એવી સ્થિતિમાં પુનઃ રાણીએ બીજો પ્યાલો આપ્યો તે પણ બેભાન અવસ્થામાં ઉઠાવી ગયા. પછી તો કહેવુંજ શું ?—અને તેથી પોતાને સવારમાં આગ્રા જવું તે પણ ચૂકી ગયા. બાદશાહની દહેશતનું પણ ભાન રહ્યું નહીં, પરંતુ માત્ર જેમ ચન્દ્રમાં ચકોર, અને કમળમાં ભ્રમર લીન થઇને બેસી રહે

છે, તેમ મહારાજા અમરસિંહજી પણ માત્ર હાડી રાણીના પ્રેમમાં લુબ્ધ થઇ રહ્યા.

હાડીજી પૂર્ણ યુવાવસ્થામાં આવેલાં હતાં. વળી તેઓ જ્ઞાતયૌવના હતાં, તેથી પોતાને યુવાવસ્થાની પીડાની માહિતી પણ હતી. વળી તેમનું સ્વરૂપ એવું હતું કે, તેમના કેશપાશ કાળી નાગણીને પણ લજ્જિત કરતા હતા. તેઓનું મુખચન્દ્ર આકાશમાં રહેલ ચન્દ્રને લજ્જિત કરતું હતું. તેમની ભ્રૂકુટીઓ ધનુષને લજવતી હતી. તેમનાં નેત્રોનો માર એક વાર પુરૂષના ધનુષ ઉપર ચડેલા બાણના મારથી વિશેષ તીક્ષ્ણ હતો. તેમના દાંતો દાડિમની કળીઓને પણ શરમાવતા હતા. તેમના અધરામૃત અગાડી દેવલોકનું અમૃત તુચ્છ સમાન લાગતું હતું. તેમનો કંઠપ્રદેશ સારા શંખના કરતાં પણ સુંદર અને એટલો બધો સુકુમાર હતો કે જેથી કંઠમાં પાણી ઉતારવામાં આવે તે પણ સામો માણસ જોઇ શકતો હતો. તેમનાં બન્ને કુચો કમળની કઠણ કળીઓના સમાન હતાં. તેમનું પેટ પીંપળાના પાન સમાન સુકુમાર હતું. તેમની નાભિ એક ભવ્ય ઉંડા કુણ્ડની સમાન શોભતી હતી. તેમની કમ્મર એટલી બધી પાતળી તીક્ષ્ણ હતી કે જેનાથી શરમ પામી સિંહો જંગલમાં જ વસ્તા હતા. વળી તેમની જાંઘો કેળના કુમળા ગરભદાર થાંભલાઓને શરમાવી નાંખતી હતી. અને તેમની એડી રક્તવર્ણી એટલી સુકુમાર હતી કે સાધારણતઃ મખમલના બિછાના ઉપર ચાલતાં પણ તેમાં છાલાં પડતાં હતાં. તેમની ચાલથી તો મદઝરતા હાથીઓ પણ લજ્જિત થતા હતા, અર્થાત્ અતિમંદ ચાલથી ચાલનાર હતાં. અને તેમના શરીરનો વર્ણ સુવર્ણની સમાન સુંદર હતો. આ હાડી રાણીની સુંદરતાનું યથાર્થ રીતે વર્ણન તો કોઇ સારો કવિ પણ ભાગ્યે જ કરી શકે.*

---

* છતાં સાધારણ રીતે વર્ણન કરતાં પણ આપણે જણાવવું જ જોઇએ કે તેમનું સ્વરૂપ એવું હતું કેઃ-

કબિતઃ—અંબુજ વદન વારી, શોભાકે સદન વારી;
નાગવેણ વારી, સુરતીય માન હારી હૈ.
ખંજનસે નૈન વારી, તિચ્છન કટાચ્છ વારી;
ભવ્ય ભાલ વારી, સુખકારી દુઃખ હારી હૈ.
ઢકસે ઉરોજ વારી, નાભી ભવ્ય કુણ્ડ વારી;
શેર લંક વારી, રંભ થંભ જંઘ વારી હૈ.
ગજસમ ચાલ વારી, એડી સુકુમાર વારી;
મોહે પતિ ખારી દેખી, નૌલનીજ નારી હૈ.

આવી દેવકન્યા, નાગકન્યા અને ઇન્દ્રલોકની રંભાદિક અપ્સરાઓને તથા કામદેવની સ્ત્રી રતિને પણ લજ્જિત કરનારી પોતાની પ્રિયતમાના પ્રેમમાં અમરસિંહ-દારૂનો હદપાર નિશો ન હોય છતાં પણ-ફસાયો અને પોતાના શિર ઉપર આગ્રા નહીં જવાથી આવનાર સંકટ વાદળને વિસરી જાય તો તેમાં શું નવાઇની વાત કહેવાય ?

એક તો રાણી સ્વાભાવિક જ સુંદર હતાં અને વળી પતિને રોકી રાખવા સારૂ પોતાના કુદરતી હાવ ભાવો ઉપરાંત કૃત્રિમ હાવ ભાવોની મદદ મેળવી હતી. તેથી રાણીના પ્રેમમાં અમરસિંહ આગ્રા જવાનું બિલકુલ ભાન ભૂલી ગયા. કહ્યું છે કે "શૃંગાર શાણી નવોઢા તરુણી, પ્રાપ્ત થઇ ના તો, ગઇ જીંદગાની" તેને અનુસરીને અમરસિંહ પણ પોતાને શૃંગાર શાણી નવોઢા તરુણી પ્રાપ્ત થવાથી પોતાની જીંદગીનું સાર્થક જ જાણે કરતા ન હોય, એમ હાડીજીના પ્રેમનો પૂર્ણપણે સ્વાદ લેવા લાગ્યા. રાણી પણ પોતાના વીર પતિના પ્રેમમાં એવી રીતે બંધાયાં કે, જે પ્રેમના વશમાં પતિ ઉપર બાદશાહ નારાજ થશે, અને તેનાં ફળો પતિને ભોગવવાં પડશે, તેનું પણ ભાન ભૂલી જ ગયાં.

આવી રીતે પતિપ્રિયાએ અરસ્પરસના પ્રેમમાં ને પ્રેમમાં છ સાત દિવસ આનંદમય વ્યતીત કર્યાં. આ સાત દિવસમાં રાણીએ

ચન્દ્રાયણું:-ચન્દ્રબદનશી બામ કે નેનાં ખંજનસે;
નાગણ વેણુ લલામ (કે) કુચ દો કંજસે.
પેટહે અલદલ પાત (કે) નાભી કૂપ હે;
(હરહાં) સિંધ સમાન હે લંકા(યું)રૂપ અનૂપ હે.
ભવ્ય ભરી હે જંગ (કે) માનો રંભશી;
લસન એડી લલામ (કે) કામકે દંભશી.
સર્વાંગ સુંદર વેશ (યું) લેશ ન ખોડ હે;
(હરહાં) હાડીકે સમ બેશ ન દેશમેં જોડ હે.
રંભાકી મદ ચોર, ઘડી રૂપ થોર તેં;
રતી અતી કરે મંદ, ગતી ગજ જોર તેં.
દુન્દુભી ઊન્ધ નિતમ્બ, સવારી કામકી;
(હરહાં) પતી ફિરાવે, માલ પ્રિયાકે નામકી.

દોહા:-પ્યારિ મુખકો પેખીકેં, પાત મન રહ્યો લુભાય;
જ્યું પંકજકે પાતમેં, રહિઓ ભ્રમર ફસાય.
નિરખિ પ્યાર મુખ ચંદકો, પતિ ચકોર ભો લીન;
ખીલે કમલ જ્યું દેખીકેં, પંક્તિ ફસત અલીન.
પ્યારિ મુખકો પેખીકેં, પતિ ભયો રસ લીન;
ભરે સરોવર દેખીકેં, હોત લીન જ્યું મીન. (લોકકથા)

અમરસિંહજીને નિશાથી મુક્ત થવા દીધા નહોતા; તેમ બહારના વાતાવરણનું બિલકુલ ભાન થવા દીધું નહોતું. દરમ્યાન સરદારોએ પણ પોતાના માલિકને ચેતાવવા સારૂ અનેક પ્રયત્નો કર્યા, પણ તે તમામ હાડી રાણીના સખ્ત બંદોબસ્ત આગળ વ્યર્થ ગયા, અને તેથી તેઓ પણ નિરાશ થઇ બેસી રહ્યા.

ભવિષ્યમાં જે થવાનું હોય તે થયા જ કરે છે અને નિમ્ન જણાવેલી બાબતોનો અધિકાર વિધિએ પોતાના કબજામાં રાખેલ હોવાથી મનુષ્યનું ડહાપણ કે યુક્તિ પ્રયુક્તિ કંઈજ તેમાં ચાલી શકતી નથી.

દોહાઃ-સુનહુ ભરત ભાવી પ્રબલ, બિલખિ કહેઉ મુનિ નાથ;
લાભ હાની જીવન મરન, જશ અપજશ વિધિ હાથ.

અમરસિંહજીને માટે પણ ભવિષ્યમાં અનિષ્ટ પરિણામ નિશ્ચિત થયલું હોવાથી, રાજા રાણીની બુદ્ધિ બહેર મારી ગઇ અને સરદારોના ઉપાયો વ્યર્થ ગયા.

પ્રકરણ નવમું
ચાડીખોર સલાબતખાન

દોહાઃ-ઉંચે બૈઠે નાં લહે, ગુણ બીનુ બડપન કોય;
બૈઠયો દેવલ શિખર પર, વાયસ ગરૂડ ન હોય. ૧
ધન જોબન અરૂ ઠાકરી, તા ઉપર અવિવેક;
યહ ચારૂ ભેળા હુઆં, અનરથ કરે અનેક. ૨*
રોળ બિગાડે રાજને, મોલ બિગાડે માલ;
શનૈઃ શનૈઃ સરદારરી, ચુગલ બિગાડે ચાલ. ૩

અમરસિંહજી હાડી રાણીને લઇને નાગોર આવ્યા. વિષયભોગમાં અને દારૂમાં પોતાને મળેલી રજા ઉપરાંત સાત દિવસ વધુ વ્યતીત કર્યા. આ સમાચાર અમરસિંહજીની ગેરહાજરીનો લાભ લઈ સલાબતે બાદશાહને જાહેર કર્યા.

તેણે બાદશાહ પાસે જઈ કુર્નિશ કરી જણાવ્યું કે, "ખુદાવિંદ, દીન દિલ્હી કે વાલીદ, આલી જહાં, વો નાગોરકા રાજા અમરસિંહ રાઠોડ, ખુદાવિંદસેં સાત રોજકી રજા મંજુર કરાકેં ગયા હૈ, ફીર અભી તકભી આયા નહીં હૈ. ઇસકે લીયે બાદશાહી ફરમાનકે મુવાફિક ઊસકા જુર્માના હોના ચાહિએ. અગર ઉસકા કુછ કીયા નહીં જાયગા તો ઔર ઊમરાવ લોગભી બાદશાહી ફરમાનકો નહીં માનેંગે; ઇસસેં મેરી અરજ હૈ કી ઊસકે બારતે કુછ હોના ચાહિએ, કી જીસસેં આગે કભી ઐસા હોને ન પાવે."

---

* यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकिता ।
एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥

બાદશાહે પણ પોતાના સાળાનું કહેવું સાંભળી વિચાર કરીને કહ્યું કે, "અભી તક વો અમરસિંહ નહીં આયા હૈ?"

સલાબતે જવાબ આપ્યો કે, "નહીં ખુદાવિંદ."

બાદશાહે કહ્યું: "અચ્છા કલ તુમ દરબાર કરો ઔર દરબારમેં ઉસકા ખુલાસા કીયા જાયગા."

બાદશાહનો હુકમ થવાથી સલાબત રજા લઇને ખુશ થતો ચાલ્યો ગયો, અને બીજે દિવસે સવારમાં આઠ વાગે દરબાર ભરાવવાનાં આમંત્રણો "બડા નકીબજી"એ મોકલાવ્યાં. તે માટે દરબારને બરાબર શણુગારવામાં આવ્યો. નોકરીવાળા તમામ ખાન, ઉમરાવો હાજર થયા અને તેમાં બેઠકનું માન ધરાવનાર પોતપોતાના આસને બેઠા અને અન્ય ખાન, ઉમરાવો બાદશાહી દરબારમાં રાખવામાં આવેલાં રેશમી લટકતાં ફુદ્દાં પકડી ઉભા રહ્યા. વિદ્વાન્ કવિઓ પણ રાજસભામાં આવી પોતપોતાના નિયત સ્થાને આવી બેસી ગયા. વારાંગનાઓ સભાની વચ્ચે બેસી પોતાનાં વાદ્યોના સુરો મેળવવા લાગી. આ બધું કાર્ય પૂર્ણ થયું અને દરબાર બરાબર ભરાયાની જ્યારે "બડા નકીબ"ની ખાત્રી થઈ ત્યારે તે બાદશાહ પાસે વરદી આપવા ચાલ્યા. બાદશાહ પણ પોતાનાં વસ્ત્રાભૂષણ અને આયુધો સજી તૈયાર થઇને જ બેઠો હતો, અને જ્યારે વરદી મળી એટલે તુરત જનાનાની અને દરબાર ગૃહની વચ્ચેની બારીમાંથી બાદશાહ દરબારમાં આવ્યો. બાદશાહ આવ્યો, એટલે તમામ દરબારીઓએ ઉભા થઇ તેને માન આપ્યું અને બાદશાહના બેઠા પછી સહુ સહુની જગા ઉપર સ્થિત થઇ ગયા. બાદ "બડા નકીબે" અનુક્રમે ખાન, ઉમરાવોની સલામો લેવડાવવા માંડી. તે કાર્ય પૂર્ણ થયા બાદ વિદ્વાન્ કવિઓએ બાદશાહને આશીર્વાદાત્મક અને પ્રશંસાત્મક કાવ્યો પોતાના આસનો* ઉપર બેઠાં બેઠાં કહી સંભ-

* કવિઓનો સાધારણ રીતેજ એવો નિયમ છે કે, ચહાય તેવા મોટા રાજા અથવા બાદશાહના સમક્ષ તેઓ ઉભા રહીને કવિતા કોઇ પણ કાળે બોલતા જ નથી. કદાચ દરબારમાં રાજા આવી ગયા પછી તેમનું આવવું થાય છે, તો તેઓ આશીર્વાદાત્મક કવિતા દરબાર ગૃહમાં પેસતાં જ બોલે છે. પણ પછીની કવિતા તો તેમને જ્યારે આસન બતાવવામાં આવે છે ત્યારે પોતાના આસન ઉપર બેઠક લીધા પછી જ બોલે છે અને દરેક કાવ્ય ઉલટાવી બે વખત બોલવાનો તેમનો વહીવટ હોય છે. કેટલાક વિદ્વાન્ કવિઓને રાજ તરફથી તાજીમનું માન મળે છે, અને તે એકવડી કે બેવડી હોય છે. એકવડી તાજીમ એટલે કવિ દરબારમાં આવે એટલે રાજા પોતાના આસનેથી ઉભો થઇ માન આપે છે, અને બેવડી તાજીમવાળાને આવતાં જતાં બે વખત તેવું માન આપવામાં આવે છે.

બોલ્યાં. બાદશાહ સાંભળી બહુ જ પ્રસન્ન થયો. પછી વારાંગનાના નાચ મુજરા ગાયન વિગેરે થઇ રહ્યા બાદ દરબારનું શરૂઆતનું કાર્ય પૂર્ણ થયું. શરૂઆતનું દરબારનું કાર્ય પૂર્ણ થયા બાદ, બાદશાહે સલાબતને ઉદ્દેશીને પૂછ્યું; "સલાબતખાન, આજ કે દરબારમેં સભી ખાન, ઉમરાવ આયે હૈં, યા કોઇ બાકીભી હૈ?"

સલાબતે હાથ જોડીને બાદશાહને અરજ કરતાં જણાવ્યું કે, "ખુદાવિંદ, દીનદિલ્હીકે વાલીદ, સભી હાજર હૈં લેકિન નાગોરકે રાવ અમરસિંહજી સિર્ફ નહીં આયે હૈં."

"ભલા, સબ આયે હૈં ફીર વો કાયકું નહીં આયા હૈ?" બાદશાહે પોતાની તે સંબંધી અજ્ઞાનતા દર્શાવતાં પૂછ્યુ.

સલાબતે કહ્યું; "ખુદાવિંદ, વો હઝુરકે પાસસેં રજા લે કરકે સાદીકે બાસ્તે ગયે હૈં."

બાદશાહે પુનઃ સલાબતને પૂછ્યું: "ફીર તુમસેં કુછ તલાશ કી ગઇ હૈ કી નહીં કી? વો આગ્રામેં આયા ભી હૈ યા નહીં? ઉસકી રજાકી મુદ્દત તો હો ગઈ હૈ. ઔર રજાકે ઉપર ઔરભી છે સાત રોજ હો ગયે હૈં."

સલાબતે જવાબ આપ્યો; "જી હાં ખુદાવિંદ, તલાશભી કી ગઇ હૈ ઔર પેશ હુવા હૈ કી વો સાત રોજકી રજાકે ઉપર ઔર સાત રોજ હુએ તબ્બી ભી આગ્રામેં અભીતક આયે નહીં હૈં."

બાદશાહે સલાબતનું કહેવું સાંભળી ગુસ્સે થઇ કહ્યું: "મૈંને ઉસકો રજા દેતી બખત કહા ભી તો થા કી, રજા કે ઉપર કોઇ રોજ જ્યાદા હોગા તો હરજ્યાદા રોજકે લીયે એક લાખ રૂપયા જુર્માના દેના હોગા; ઉસનેભી તો મેરા કહના સુનકર શાહી ફરમાનકા ઉસકો માલુમ હૈ ઐસા કહા થા, ઐશી તો મેરે ઔર ઉસકે બાતચીતભી હુઇથી. ફીર વો નહીં આયા તો, અલબતાં ઉસકો ઊસકી નસિહત હોની ચાહિએ. વો હરહમેશ અપના ઉદ્ધત સ્વભાવ રખતા હૈ, ઇસસેં ઇસકોભી માલુમ હોના ચાહિએકી બાદશાહી ફરમાનકે તાબે નહીં હોનેસેં કૈસે ફલ મીલતે હૈં? ઇસસેં મેં ફરમાતા હું કી અમરસિંહકો જીતને રોજ રજાકે ઉપર જ્યાદા હુએ હૌં, ઇતને હરરોજકે લીયે એક લાખ રૂપયે જુર્માના કીયા જાતા હૈ." વળી વિશેષમાં તેણે સલાબતને પૂછ્યું: "સલાબતખાન, ઉસકો કિતને રોજ જ્યાદા હુવે હૈં."

સલાબતે જવાબ આપ્યો: "ખુદાવિંદ, રજાકે ઉપર સાત રોજ ઔર જ્યાદા હુવે હૈં."

"જબ ઉસકે સાત રૌજકે સાત લાખ રૂપયે જુર્માના ઔર દો લાખ રૂપયે તુમારી પઘડીકે મીલકે નૌ લાખ રૂપયે જુર્માના ફરમાયા જાતા હૈ. ઔર જો નૌ લાખ દેનેમેં ઇન્કાર કરૈગા તૌ નાગોર ખાલસા કિયા જાયગા. અભી ઉસકે ઉપર મેરે નામસેં રૂક્કા લીખકે ઉસકો યહાં બુલાઓ. ઉસકો અભિમાન હુવા હૈ. ઇસસેં જબ વો યહાંપર આયગા ઉસકા અભિમાન તોડકે મૈં ઉસકો ઠિકાને પર લા રકખુંગા."

જ્યારે ખુદ્દ બાદશાહનો હુકમ મળ્યો એટલે, "મોસાળમાં જમવું અને મા પીરસનાર"ની માફક સલાબતખાન કેમ વાર લગાડે કે બાકી રાખે? "ભાઇના છાણ્યામાં કંઇ બહેન બાકી રાખે?" એમ સલાબતે પણ બાદશાહના હુકમનો ત્વરિત જ અમલ કર્યો અને રૂકકો લખીને એક સિપાઇને નાગોર મોકલવાનો હુકમ કર્યો અને કહ્યું કે, "દેખો મીર્યાં, ખુદાવિંદ બાદશાહ સલામતકા હુકમ હુવા હૈ, ઇસસેં મૈં યે રૂક્કા તુમકો દેતા હું. યે રૂક્કા તુમ નાગોર જા કરકેં નાગોર કે સરદાર અમરસિંહ રાઠોડ કો દે કરકેં ઉસકો તુરતાતુરત બુલા લાઓ."

સિપાઇએ પણ 'જો હુકમ સરકાર' એમ કહી તુરત જ જવાની તૈયારી કરી.

બાદશાહે દરબાર બરખાસ્ત કરવા આજ્ઞા ફરમાવવાથી "બડા નકીબે" દરબાર બરખાસ્ત કરાવ્યો. દરબાર બરખાસ્ત થવાથી બાદશાહ જનાનામાં ગયો અને અન્ય ખાન, ઉમરાવો પોતપોતાનાં મુકામો તરફ ચાલ્યા. રસ્તામાં સરદારો બાદશાહના હુકમથી નારાજ થયલા અંદર અંદર વાતો કરતા ચાલ્યા કે, "બાદશાહે નાગોર જેવા મહાન્ રાઠોડ રાજ્યની સાથે માત્ર એક નીચ પીંજરાના કહેવાથી આવો ખોટો હુકમ કરી દુશ્મનાવટ બાંધવામાં સારૂં કર્યું નહીં. આ દુશ્મનાવટનું પરિણામ સારૂં નહીં આવે." વળી કોઇએ કહ્યું કે, "કુસંગા સંગદોષેણુ કાષ્ઠઘંટ વિટંબણા" એ કહેતી મુજબ બાદશાહ પણ પીંજારડીના પ્રેમપાશમાં ફસાયો છે, તેથી પીંજારાના ચઢાવવા રૂપી કુસંગાસંગ તેને થયલો છે, અને તેથી તેને કાષ્ઠઘંટની વિટમ્બણા ભોગવવાની છે, તેથી તેને સદ્બુદ્ધિ ક્યાંથી આવે?

વળી એક સરદારે કહ્યું: "આ બાદશાહના હુકમની અમરસિંહજીને ખબર પડશે એટલે તેનો ક્રોધાગ્નિ પ્રજ્વલિત થશે; જરૂર તે આગરા ઉપર ધસારો કરશે, માટે આપણે પણ ગુપ્ત રીતે આપણાં સૈન્ય એકત્ર કરી–તૈયાર કરી–રાખવાં. કદાચ આપણે અમરસિંહને મદદ પણ કરવી પડે. આ તો આજે અમરસિંહજીનો વારો છે અને કાલે આપણા પૈકી પણ કોઇનો વારો આવે, અને જો બાદશાહ ફાવશે

તો તે જરૂર બીજાના ઉપર પણ આવો પ્રસંગ લાવતાં વિચાર કરશે નહીં. માટે અત્યારે તો જાણે આપણે જાણતા જ નથી, એવો દેખાવ કરી ખાનગી રીતે બધી તૈયારી કરી રાખવી, એ આપણા માટે ડહાપણ ભરેલું છે. પ્રસંગ પડે અમરસિંહજી કહે તો તેમના સૈન્ય સાથે આપણાં સૈન્ય પણ સામિલ કરી દેવાં અને બાદશાહના સામા થઇ જવામાં વિલંબ ન લગાડવો." આ સરદારનું કહેવું સહુને ઠીક લાગ્યું અને તેથી તે મુજબનો નિશ્ચય કરી સહુ પોતપોતાના મુકામ ઉપર જવા છુટા પડ્યા.

પ્રકરણ દશમું

શાહજહાનનું ફરમાન

સોરઠાઃ–"હુન્નર કરો હઝાર, શ્યાણપ ચતુરાઇ સહિત;
હેત કપટ બિવહાર, રહે ન છાનો "શજીયા."

બાદશાહનો હલકારો–પેગામી દડમજલ કુચ કરતો નાગોર આવી પહોંચ્યો. આવીને રાજમહેલના પેહેરાવાળાને શાહી પેગામ આપ્યો અને સાથે તેણે તે પેગામ ખુદ્દ મહારાજા સાહેબને આપવા પણ જણાવ્યું. પેહેરાવાળાએ રૂક્કો રાજમહેલમાં દાસીની મારફત પહોંચડાવ્યો; દાસીએ કરેલા બંદોબસ્ત પ્રમાણે રાણીજીને આપ્યો.

હલકારાએ બાદશાહનો રૂક્કો આપ્યો તે સાથે એવા પણ સમાચાર તેણે કહાવ્યા હતા કે, "રાજાકો ઐસા ભી બોલો કી અગર તુમ આગ્રા નહીં ચલોગે તો નાગોર ખાલ્સા કીયા જાયગા, ઐસા શાહી ફરમાન હે." આ રૂક્કો આપતાંની સાથે દાસીએ હલકારાનો સંદેશો પણ રાણીને કહ્યો અને રૂક્કો અને સંદેશો સાંભળી રાણીના અંગમાંનો નિશો સત્વર નાસી ગયો. દારૂના નિશાનો સાધારણતઃ એવો ઉતાર મનાય છે કે, નિશાવાળા માણસને કોઇપણ પ્રકારની સોફ–ધાસ્તી થવાથી અથવા માર પડવાથી તે નિશો તુરત જ નાસી જાય છે. હાડી રાણીને પણ સોફ પડવાથી તેમ જ થયું. હવે તેને પોતાના કૃત્યથી પતિ ઉપર આવેલા સંકટોનું ભાન થયું. તે પોતાના મન સાથે અનેક પ્રકારના તર્કવિતર્ક કરવા લાગી. તેના મનમાં રૂક્કો અને હલકારાનો સંદેશ પણ રાજાને પહોંચાડવો કે નહિં તે સંબંધી અનેક વિચારો આવવા લાગ્યા. હા, ના ની તકરારનો અંત એણે એવી રીતે આણ્યો કે, "બાદશાહરો રૂક્કો તો રાજાજીને દેણો ચાહીજે. જો મેં યા રૂક્કો હજુરરા આગે રજુ કરશી નહીં, ઔર મહારાજાને ઇણ બાબતમેં અજ્ઞાત રખશી તો, ઇણ બાબત

મહારાજારા ઉપર જો કષ્ટરો બાદળ આય રહ્યૌ હૈ, જણુસું બી બઢતે કોઇ ભારી સંકટ આશી."

રાણીની દશા તો "સાપ છછુંદર જેવી" થઇ રહી. રાજાને સમાચાર પહોંચે અને કદાચ રાજા ગુસ્સે થાય, અને સમાચાર ન આપે તો અનિષ્ટ પરિણામની દહેશત હતી. દહેશતમાં ને દહેશતમાં

"માનો રૂતુ બસંત મેં, ખીલિ રહી લતા લલીત;
તાપર ગ્રીષમ તાપશી, રાણી ભઈ ખચીત."

આવી રીતે રાણીની દશા થઇ. રાણી જેમ કોઈ પાપી માણુસ પોતાનાં કરેલાં પાપોનાં પ્રાયશ્ચિત્ત કરતો હોય, અને તે વખતે પોતાનાં પાપોને યાદ કરીને મનમાં ખિન્ન થતો હોય, તેમ એકાએક ખિન્ન મન થઇ ગયાં. પ્રથમ તેના મુખ ઉપર એવી ગૌરતા છવાઇ રહેલી હતી, તેવી જ શ્યામતા અત્યારે તેના મુખમંડળ ઉપર દેખાતી હતી.

"બાલ બદન ઐસો બન્યો, જ્યું અંબુજ સુકુમાર;
છાઇ ઐસી શ્યામતા, માનૌ પર્યો તુખાર."

તેને અત્યારે કંઇ જ સુઝવા લાગ્યું નહીં. તેને દિશાઓ પણ ભયંકર દર્શાવા લાગી. કોઇ પણ પ્રિય વસ્તુ ઉપરનો તેનો પ્રેમ કે મોહ હવે તેના મનમાં બિલકૂલ રહ્યો નહીં.

તે તો તેના મન સાથે વિચાર જ કરવા લાગી કે, "અરે મોંને મોરે સુખરૂપ વૃક્ષકો મેરે હાથસું કુહાડો મારતે નાશ કર દીયો ? અરે જો મોંને હજુરને નિશામેં ચુર કરને આગ્રા પધારતાં રોક રાખ્યા નહીં હોતા તો યે મેરો સુખ અતરા ટુંકા સમયમેં નાશ નહીં હોતો. અરે મોંનેં યા કાંઇ સુઝ આયો, જીણુસું મોંને હજુરનેં આગ્રા જાવણુ નહીં દીયા ? મોરાં કિયોડાં કર્મોંરા ફળ મોંનેં હાલ મિલ ગયો ! અર સપણારા સુખરો જીણુ તરોશું નાશ હો જાય હૈ, ઇણુ તરોંશું મોરા સાચા સુખોંરો નાશ વ્હૈગૌ. અર, મહારાજા મોરા પ્રેમમેં ફસ જાવણુરી દહેશતસું મોરી સાથ બુંદી આપ પધાર્યા જહાંઇ હાથેવાળાસું લગનરા બાસ્તે પધાર્યા નહીં; અર ફીર નાગોરમેં આયને મોરી પ્રેમજાળમાં કીં કારણરે બાસ્તે ફસગે ? અરે મોરી ભાગ્યદશા મોરેસું વાંકી વૈ ગઇ, ઔર મોંનેં સુખરા બાસ્તે આરંભ્યો હુવો મોરો સઘળો કાજ મોરા દુખરા રૂપમેં ફીરગૌ."

આમ પોતાના મન સાથે અનેક પ્રકારના તર્કવિતર્ક કરી બાદશાહનો રૂકો લઇ હિમ્મત રાખી મહારાજા સમક્ષ હાડીજી ગયાં, અને નિશામાં ચકચુર થઇ પડેલા પોતાના પ્રાણુપતિને બાદશાહનો રૂકો આપવા

સાર, હાથમાં રૂકકો રાખી હાથ જોડી, થરથરતાં ગદ્દગદ કંઠથી કહેવા લાગ્યાં કે, "અન્નદાતારજી, યે બાદશાહકો રૂકકો લૈને હલકારો આયો હૈ."

બાદશાહનો "રૂકકો" અને "હલકારો" એ શબ્દોએ રાજાના મગજ ઉપર ઓર પ્રકારની અસર કરી, અને એકાએક તેનો (પણ) નિશો કર્યા પલાયનમ: કરી ગયો, તેની કોઇને કંઇ જ ખબર પડી નહીં. રાજા તુરત નિશાથી મુકત થઇ સ્વસ્થ બની રહ્યો, અને રાણીના હાથમાંથી રૂકકો લઇ વાંચ્યો. વાંચતાંની સાથે જેમ "સુતેલા સાપના પુંછડા ઉપર પગ આવવાથી તે જેમ કોપાયમાન થાય" તેમ અમરસિંહ પણ એકાએક ક્રોધના આવેશમાં આવી ગયો. જાણે રૌદ્ર કે વીરરસ પોતે જ બેઠો ન હોય! એવો રાજા બની ગયો અને ઘડી ભર તેઓ જાણે કંઇ મહાન્ વિચાર સાગરમાં ડુબકીઓ ખાતા હોય તેમ શાંત થઇ રહ્યા.

રાણીને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે, "રાણી, થેં થારા અર મારા કોઇરા હિતાહિતરો બિચાર કિયા કોય નહીં. મેં જીણુરા બાસ્તે થારી સાથમેં હાથેવાળાસું લગ્ન કરવારે બાસ્તે આયો નહીં, અર થારો આગ્રહ હો જહાંઇ દારૂરા બાસ્તે થોંનેં ના કહ દીની હી, પરન્તુ થારો અતિ આગ્રહ દેખતે મેં થારી જાળમેં ફસગો, અર થારો અર મારો સુખ નષ્ટ હોઇ ગો. ખેર, જો હોવણેકી હી સો હોયગી, અબાર ઇણુ બાબતરો શોક કરવાશું કાંય લાભ વ્હૈયું નહીં. દાસીને બોલ દે, મોરે કપડે અઠે લાય દે."

રાણી તો અમરસિંહજીનો ઠપકો સાંભળી સ્તબ્ધ જ બની ગયાં હતાં. તેઓ કંઇ જ જવાબ આપી શકયાં નહીં; માત્ર નીચું જોઇ દાસીને રાજાનાં કપડાં લઇ આવવા આજ્ઞા કરી. દાસી પણ રાણીજીની આજ્ઞા મુજબ મહારાજાનાં કપડાં લઇ આવી, અને મહારાજાએ પોતાનાં કપડાં પરિધાન કર્યાં. જનાનખાનામાંથી બહાર નિકળ્યા અને એક પોતાના ખાનગી ઓરડામાં આવ્યા. આવીને એક નોકરની મારફત બાદશાહના હલકારાને બોલાવરાવ્યો. હલકારે આવી મહારાજાને સલામ કરી, અમરસિંહે જગા બતાવી ત્યાં બેઠક લીધી, એટલે અમરસિંહજીએ હલકારાને પૂછ્યું કે, "મીયાં, થેં બીચમેં ખુદા ઔર કુરાનેશરીફ સમજીને મેરેસું સત્ય બાત કહદે કી, મેં મુદ્દત હોવણે પર નહીં આયો યે બાત બાદશાહનેં કીણુ તરેસું માલુમ પડગી?"

હલકારાએ જવાબ આપ્યો કે; "હજુર, સલાબતને આપ મુદ્દત બીતે પર ભી નહીં આયે હો ઐશી ચુગલી બાદશાહકો ખાઇ. જીસસેં બાદશાહને શાહી ફરમાનકે મુવાફિક સાત જીયાદા રોજ કે-રોજ કે

એક લાખ રૂપયાકે હિસાબસેં સાત લાખ રૂપયે જુર્માના કીયા, ઔર દો લાખ રૂપયે "નકીબ" સલાબતકી પઘડીકે. યે સબ મીલકેં નૌ લાખ રૂપયે જુર્માના ફર્માયા હૈ, ઔર બાદશાહ સલામતને ઐસા ભી ફરમાયે હૈકી, જો આપ નૌ લાખ રૂપયે નહીં દોગે તો "નાગોર" ખાલસા કીયા જાયગા. હઝુર યે સબ કામ વો કમજાત પીંજારા સલાબતકા હૈ. કોઇ ખાન, ઉમરાવ સલામત બાદશાહકે ઇસ ફર્માનસેં નાખુશભી હુવે હૈ લેકિન વો લોગ કયા કર સકતે હૈં? ઇનકી જીન્દગી ઔર ઇનકા રાજભી તો ખુદ બાદશાહ ઔર બાદશાહકો વાહવાહ કરને વાલે અફસ-રોંકી રહમ પર તો હૈઇ. ફીર વો લોગ કૈસે બાદશાહકે સામને આંખ ભી ખુલ સકેં? હઝુરકો જલ્દિસેં આગ્રા બોલાલાનેકાભી તો વો પીંજારા સલાબતને ફર્માયા હૈ, ઔર આગ્રામેંભી સ્યાયદ વો હરામી આપસેં કુછ દગલબાજીભી કરેગા ઐસી મેરેકો દહશતભી હૈ. ઇસસેં હુઝુરકો મેરી યહભી અરજ હૈ કી હુઝુર અપને સરંજામકે સાથ આગરાકો ચલેં." સલાબતે સહુની સાથે પ્રથમથી જ પોતાની હકુમતના પ્રતાપથી દુશ્મનાવટનાં બી વાવી રાખ્યાં હતાં, અને તેથી આ મીયાં—હલકારા—એ પણ પોતાની સાથે સલાબતે વાવેલાં વૃક્ષોનાં ફળો તેને ચખાડવાનો આ પ્રસંગ સારો છે, એમ વિચાર કરી બળતામાં ઘી હોમી સ્વાહા કર્યું.

હલકારાનાં વચનો સાંભળીને:—

દોહા:—જીમિ પાવક પ્રજલિત મહિં, પરી જુ ધૃતકી ધાર;
રૌદ્ર રૂપ અમરેશ મદ, બઢીજુ જ્વાલ અપાર. ૧
ભૃકુટી બંક ફરકન લગી, લગી ફરકકન મુચ્છ;
કંપ ભયો નીજ અંગમેં, ગિનત શાહકો તુચ્છ. ૨
સુન પેગામી કહ અમર, તોડું આગરો શહર;
પ્રથમ સલાબત મારકે, કરિ હોં અતિશય કહર. ૩
શાહ ખિલોના વ્હૈ રહ્યો, એક પિંજારી હાથ;
પૂર ફસાયો પાશમેં, રાઠોડાં સમરાથ. ૪
ચલિહોં સજી નીજ સેનકો, નગર આગરે માંચ;
ડગમગાઉં દિલ્લી તખત, તોડી આગરો ત્યાંચ. ૫

ક્રોધમાં ને ક્રોધમાં આ પ્રમાણેનાં વચનો હલકારાને કહી પોતાના ચોબદારને બોલાવી આજ્ઞા ફરમાવી કે: "ચોબદાર, અબાર દરબારરા બાસ્તે સઘળા સરદારોંને વરદી દિરાયદે, અર નગ્રમેં ડુંડી પીટાયદે." બાદશાહના હલકારાને ફરમાવ્યું કે: "મીયાં, તુમભી આજ દરબારમેં આવણા." ચોબદારને આજ્ઞા ફરમાવી કે, "ઇણુ મીયાંરો સરભરારા બાસ્તે બંદોબસ્ત કરાય દે."

ચોબદાર અને હલકારો રાજાજ્ઞા થવાથી ચાલ્યા ગયા. અમરસિંહજી પોતે સ્નાન સન્ધ્યા કરવા ગયા. સ્નાન સન્ધ્યાદિ પોતાનાં નિત્ય કર્મોથી પરવારી તૈયાર થઇને દરબાર ભરાયાની વરદી મળવાની રાહ જોતા બેઠા.

સરદારોને પણ દરબારના સમાચાર મળવાથી, આજે સાત આઠ દિવસે પોતાના માલીકનાં દર્શનનો અનાયાસ લાભ મળવાનો હોવાથી, આનંદિત થઇ દરબારમાં જવા તૈયાર થયા, અને એક પછી એક દરબારમાં આવી પોતપોતાનાં આસનો ઉપર બિરાજી ગયા.

પ્રકરણ અગીઆરમું

અમરસિંહનો દરબાર

દોહાઃ-સુણી વચન અમરેશનાં, કુપિત થયા રાઠોડ;
દંડ દેઈશું શાહને, કરી પ્રાણની હોડ.

અમરસિંહજી બેઠા બેઠા વિચાર કરે છે, એટલામાં ચોબદારે આવી વરદી આપી કે, "અન્નદાતાર, હધળા હરદાર દરબારમેં આયગા હૈ. હુઝુરરી કાંઈ આજ્ઞા હૈ?"

મહારાજાએ તેને ફરમાવ્યું કે, "સવારીરાં વાજાં વગડાય દો, મૈં આવૌં હૌં."

ચોબદારે પણ તુરત પોતાના માલિકના હુકમનો અમલ કર્યો, અને કાયરને પણ શૂર ચ્હડે એવાં વીરરસમય વાદ્યો વાગવા લાગ્યાં. આ વીરરસમય ધ્વનિથી રાજા અમરનો દરબાર જે એક ઘડી પહેલાં શાંત હતો તે દરબારમાં એકાએક કોલાહલ થઈ ગયો, અને સરદારો અને અન્ય રાજપૂતોના હાથ મૂછો ઉપર અને તલવારો ઉપર ફરવા લાગ્યા. તેમનાં રૂવાડાં ખડાં થઇ ગયાં, અને તેઓ પોતાના માલિકના દરબારમાં પધારવાની રાહ જોવા લાગ્યા.

અહીં દુન્દુભીના અવાજો થયા અને ચોબદારે આવી વરદી આપી, એટલે વીર અમરસિંહ અત્યારે તો સાક્ષાત્ રૌદ્ર રસના અવતાર રૂપ અમરસિંહ પોતાની બેઠક ઉપરથી ઉઠ્યો, અને તુરત ચોબદારે નેકી પુકારી. નેકીનો પુકાર સાંભળી નીચે ઉભેલા સવારીના માણસોએ તથા પોતાના રાજાનાં દર્શન કરવા આવેલા નગરજનોએ "મહારાજા અમરસિંહરી જય" એમ ગગનને પણ ભેદી નાંખે તેવો પ્રચંડ અવાજ કર્યો. તે અવાજની સાથે જ રસ્તાની બન્ને બાજુ ઉભેલા લોકોએ તે અવાજને બંધ પડવા ન દેતાં, તુરત જ સાંધ્યો અને એવી રીતે છેક દરબારના

સ્થાન સુધી તે અવાજ એક સરખો જ પહોંચી ગયો, અને રાજા આવે છે તે સમાચાર દરબારમાં જણાવ્યા. જે દરબારમાં ઘડી પહેલાં અશાંતિ વ્યાપ્ત થઈ રહી હતી તે જ દરબારમાં પુનઃ શાંતિ વ્યાપિ ગઈ, અને સહુ કોઇ મહારાજાને પધારવાની રાહ જોવા લાગ્યા. અમરસિંહ પણ

"મદ ભીને ગજ ચાલતૈં, ચલ્યો ભૂપ અમરેશ;
ડગ ડગ કર મુચ્છન ધરૈ, ધરૈ ન શંકા લેશ."

આવી રીતે રૌદ્ર અને વીર રસમાં રંગાયલો, અને જેના મનમાં માત્ર ત્વરિત આગ્રા પહોંચી બાદશાહને સલાબત જેવા નીચ માણસની સલાહ અને ચાડીથી સરદારોને હેરાન કરવાથી શું પરિણામ આવે છે, તે દર્શાવવાના જ વિચારો ઘુમી રહ્યા છે, એવો રાજા અમરસિંહ પોતાને માટે તૈયાર રાખવામાં આવેલો હાથી, જેને સુવર્ણનો હુદ્દો કસવામાં આવ્યો હતો, તે હાથી ઉપર બિરાજ્યા. શિર ઉપર સુવર્ણનું અંદર નંગો જડેલું છત્ર ધારણ કરવામાં આવ્યું. હુદ્દામાં મહારાજાની પછાડી બે રાજપૂતો ખુલ્લી તલવારો ધારણ કરી બેઠા. હુદ્દાના બન્ને બાજુનાં પગથારીઆં ઉપર એક એક ખુલ્લી તલવારવાળો રાજપૂત અને એક સુવર્ણના હાથાવાળી ચમરવાળો એમ બે બે માણસો ઉભા હતા. જ્યારે હાથીને ઉઠાડવાની મહાવતને આજ્ઞા થઇ તે વખતે પુનઃ લોકોએ "મહારાજા અમરેશરી જય"નો* ગગનમંડળને ભેદીને જાણે દેવ લોકોને તે ધ્વનિ સંભળાવવાનો તેમનો ઉદ્દેશ ન હોય! એવો પ્રચંડ ધ્વનિ કર્યો. રાજા અમરની સવારી દરબાર તરફ ચાલી. રસ્તાની બન્ને બાજુએ ઉભેલા લોકો તથા રસ્તાની બન્ને બાજુનાં મકાનો તથા દુકાનદારો તરફથી તથા મકાનો અને દુકાનોની ઉપરના માળેથી સુહાગણી સ્ત્રીઓએ પુષ્પની તથા સુવર્ણ અને રૌપ્ય પુષ્પની વૃષ્ટિ પોતાના રાજા ઉપર કરવા

* પ્રથમના રાજાઓ ઉપર પ્રજાનો કેટલો બધો હાર્દિક પ્રેમ હતો તે આથી જણાઈ આવે છે, અને તે પ્રેમ-રાજા પોતાની પ્રજાના સ્વમાનનું અને સ્વતંત્રતાનું કેવી રીતે રક્ષણ કરતો હશે ત્યારે-પ્રજાને ઉત્પન્ન થતો હશે, તેનો પણ ખ્યાલ થઇ શકે તેમ છે. વળી પ્રથમના સમયમાં અત્યારે રાજા બાંડા ઘોડા ઉપર બેસીને કિંવા મોટરમાં કે ટાંગામાં બેસીને દિવસમાં દશ દશ વખત નગરમાં રખડતા ફરતા નહોતા, પરંતુ માત્ર અમુક કારણ પ્રસંગે જ રાજમહેલમાંથી પ્રજાને દર્શન આપવા પધારતા હોવાથી, લોકોને પણ રાજાનાં દર્શનની ઉત્કંઠા વિશેષ રીતે રહે એ સ્વાભાવિક જ હતું, અને મહારાજા અમરસિંહ જેવા પ્રજાપાલક અને વીર રાજાનાં દર્શન કરવા સારૂ વધારે ઉત્સુક અને અધીર બને તેમાં શું નવાઈ? વળી રાજાને દેવતા સમાન માનતી આવેલી હિન્દુ પ્રજા પોતાના દેવાંશી રાજાનાં દર્શન વખતે સુવર્ણ-પુષ્પ વૃષ્ટિ કરે એ પણ સ્વાભાવિક જ છે.

માંડી. રાજા અમરની સવારી નગરજનોનો સત્કાર સ્વીકારતી નગરમાં ફરતાં ફરતાં જે સ્થળે દરબાર ભરવામાં આવ્યો હતો તે મકાન પાસે આવી, અને બહાર ઉભેલા લોકોએ "મહારાજા અમરરી જય" નો પુનઃ ધ્વનિ કર્યો. દરબારમાં હાજર હતા તે તમામ સરદારો અને અન્ય રાજપૂતો નીચે ઉતરી પોતાના રાજાની સ્હામા આવ્યા. તેઓ આવીને બન્ને બાજુ પોતપોતાના અનુક્રમે લ્હારબંધ ઉભા રહ્યા. રાજાની સવારી આવી પહોંચી, હાથીને બેઠ કરવામાં આવ્યો; રાજા હાથી ઉપરથી નીચે ઉતર્યા અને ચમ્મરોના ઝપાટા અને ચોબદારોના લલકાર વચ્ચે રાજા સરદારોની લ્હારમાં પેઠા, અને સરદારોની સલામો સ્વીકારતા સ્વીકારતા દરબારમાં ચાલ્યા. જેમ જેમ સરદારોની સલામો થઇ રહેતી હતી, તેમ તેમ બન્ને બાજુના સરદારો રાજાની કેડે કેડે ચાલતા હતા. આ વખતે રાજા અમર ગરૂડપક્ષીના સમાન અને તેની બન્ને બાજુની સરદારોની લ્હારો તથા અન્ય રાજપૂતોની લ્હારો તેની પાંખોના સમાન શોભા આપતી હતી. આવી રીતે રાજા અમરસિંહ દરબારમાં આવી પોતાના સિંહાસને બિરાજ્યા એટલે સરદારો પણ પોતપોતાનાં આસનો પર બેઠા.

રાજાએ ચોબદારને આજ્ઞા ફરમાવી કે, "નિચું ખડા હુવા હધળા આદમીયાંનેં ફરમાય દો કે જીણુંને દરબારમેં આવણો વૈ અણુંરે બાસ્તે રજા હૈ."

રાજાની આજ્ઞાનો તુરત ચોબદારે અમલ કર્યો. દરબાર ચિકાર ભરાઈ ગયો, જેથી એક કાંકરી પણ જો છુટી નાંખવામાં આવે તો તેને ભૂસ્પર્શ કરવાનો પણ ભાગ્યે જ અવસર પ્રાપ્ત થઇ શકે, અર્થાત્ દરબારમાં પુષ્કળ માણસો આવી ગયાં. દરબારગૃહ મનુષ્યોથી ખીચોખીચ ભરાઇ ગયું. માણસોના ભરાયા બાદ સરદારોની ક્રમવાર સલામો થવા લાગી. સરદારો સલામો કરી કરીને પોતાના રાજા ઉપર ન્યોંછાવર કરી ચોબદારોને નાણું આપવા લાગ્યા. ચોબદારો પણ ખુશ થતા પોતાનાં ખીસ્સાં અને રૂમાલો ભરવા લાગ્યા.* દરેક સરદાર પોતપોતાના ઉત્પન્નના પ્રમાણમાં રાજાના ચરણે નજર–ભેટ–કરવા લાગ્યા. એ રીતે રાજાના ચરણોમાં ઘડીકમાં એક મોટો નાણુંનો તથા દાગીનાઓનો ઢગલો થઇ ગયો. આ કાર્ય પણ પૂર્ણ થઇ ગયું.

---

* (૧ ન્યૌછાવર–નછરાવલ–ની રકમ ચોબદાર–હજુરીઆ વિગેરેનો અસલના સમયથી લેવાનો હક્ક હોય છે, અને અદ્યાપિ પણ તે રકમ તેમને જ આપવામાં આવે છે.)

જ્યારે સલામીનું કાર્ય પૂર્ણ થઇ રહ્યું, એટલે મહારાજા અમરસિંહજીએ સિંહના સમાન અને પ્રલય કાળના વર્ષાદની ગર્જનાના સમાન ઘોર ગર્જના કરી પોતાના સરદારો અને અન્ય હાજર રહેલા રાજપૂતોને ઉદ્દેશીને કહેવા લાગ્યાઃ "હરદારો, આપ હધળા જાણૌ હૌ કી મોને બાદશાહને લગનરા બાસ્તે સાત રોજરી રજા દી હી, જીણુ રજારા ઉપર મોને સાત રોજ ઝાઝા વ્હૈ ગયા હૈ! ઇણુ બાતરી ચાડી વૈ પીંજારા સલાબતને બાદશાહરા આગૈ ખાઇ, જીણુસું બાદશાહને મોરો સાત લાખ રૂપયા જુર્માનો કીયો હૈ, ઔર દો લાખ રૂપયા વો ચાડીયા પીંજારારી પાઘડીરા દંડ કીયોડા હૈં. ઇણુ રીતસું નૌ લાખ રૂપયા મોરા બાદશાહને દંડ કીયોડા હૈં. અર જો દંડરી રકમ મૈં નાં દઊં તો યે નાગોરરો પટ્ટો ખાલસા કરવારો હુકમ ભી કિયોડો હૈ. ઔર રૂક્કો લૈને અૈ યે"—(હલકારાને બતાવતાં—)"હલકારાને ભેજ્યો કોડો હૈ સાત રોજરી ગેરહાજરીરો સાત લાખ રૂપયા જુર્માનો તો બાદશાહ-શાહી ફરમાન હૈ, ઈણુ રીતસું કર સકે હૈં, પર વો પીંજારારી પાઘડીરા દો ખાલ રૂપયા દેવારો હુકમ કિયો હૈ, વૈ મોશું સહ્યૌ જાય કો નહીં. જીણુસોં મોરો બિચાર તો યું હૈ કી બાદશાહસું લડતે બાદશાહસું દિખાવણો ચાહિજૈ કી, રાઠોડાંશું એક પીંજારાનેં બાદશાહ પઘડી કણુ રીતસું દિરાય સકૈ હૈ, ઔર આપ હધળાંરા કાંઇ બિચાર ઇણુ બાબતમેં હૈં વો જાંણુવારી મોરી ઇચ્છા હૈ, તો આપ હધળા બિચાર કરને મૌનેં જવાબ દો. આપણુ હધળા નાગોરરા અંગહો, અર આપરા ભુઝાંરા બળશું મૌનેં નાગોરરા બાસ્તે કોઇ રીતરી ડર હૈ પણુ કોય નહિ. આપણો દંડ હુવો જહાં જોધાંણુ નાથરો દંડ હુવો યુંજ સમજણો ચાહિજે. ઔર વો દંડ આપણુ દૈને કલંક ઉઠાવૈં વો કણુ રીતસું બણુશકે? અણુ બાતરો પણુ આપ હધળા બિચાર કર દેખો. આપ જાણો હો કે જો નાગોરરી ઇજત ગઇ તો આપરી અલગ હૈ કોય નહિ, ઔર નાગોરરી ઇજત રહેવે જહાં આપણુ સધળાંરી ભેગી જ રહૈવૈ હૈ. ઇણુ હધળી બાતાંરો આપ બિચાર કરને મૌને જણાયદો." અમરસિંહજીએ પોતાના વિચારો અને સાથે સાથે પોતાના સરદારોને કર્તવ્યનું પણુ સહજ ભાન કરાવ્યું.

સરદારો અને અન્ય રાજપૂતો બાદશાહનો હલકારો આવ્યાની હકિકતથી પ્રથમથી જ વાકેફ હતા. તેઓ પણુ પોતાના રાજાનો શું વિચાર છે તે જાણુવાની ઉત્કંઠા રાખી બેસી રહ્યા હતા. તેમણે પોતાના રાજાના વિચારો જાણ્યા એટલે તેઓ પોતાના વિચારો રાજાને જણાવતા કહેવા લાગ્યા કેઃ—

દોહા:–સુનત બૈન અમરેશરે, કહૈં સકલ રાઠોડ;
"લડશોં–મરશોં–મારશોં, સુન છત્રી શિરમોડ. ૧
હુકમ પેખી પ્રથીનાથરો, ચઢૈં સકલ સિરદાર;
શાહ શાલકો ટાલશોં, ધરિ ઉર હુકમ તુમ્હાર. ૨
યામેં કાંઈ બિચારથેં, કરન કહો મહારાજ;
સ્વારિ આગ્રા પર કરૈં, મિલ રાઠોડાં આજ." ૩

આ ઉત્સાહી વચન સાંભળી:—

અમરસિંહ નર નાથરો, સુણ સરદારાં બૈન;
ફરર ફરર ફરકન લગ્યો, સુખપ્રદ દક્ષિણ નૈન. ૪
તુરત અમર નરનાથને, ગરજન કિય સમરત્થ;
કરિ ભૃકુટી અતિ ક્રોધમય, જમદઢ દિન્હો હત્થ. ૫
પાઈ જોર હરદારરો, અર જમરદ પ્રતાપ;
રકત નૈન કરિ ક્રોધ તૈં, અમર નૃપતિ કહ આપ. ૬

ક્રોધાન્વિત અમરસિંહે ગર્જના કરી:—

કવિત:–"સુનો સરદારોં આપ, બન ચૈન મનમેં ભૌ;
આગ બાઢી ઉર તાકો, રૂપ દરશાઉં મેં.
મારી મુગલાન ઓ, પઠાન ઓ સૈદાનન કો;
ભારી તુરકાનન કો, બીરમેં ભ્રમાઉં મેં.
દિલ્હીપતિ શાહજહાં, પલમેં પછારિ દેહોં;
હુરમકે હિય હાહાકાર બરતાઉં મૈં.
આજ કરી આગરામેં, હલ્લા એક ટલ્લા સાથ;
આગરાશી આગરારો, પલમેં બનાઉં મૈં. ૧
આજ[1] ચઢું આગરાપે, પલ નાં વિલંબ કરૌં;
બની નરસિંધ, સલાબતકો બિદારૂં ગો.
સ્હાય કરબાકે હેત, ખાન ઉમરાવ આવૈ;
લાવરકો બાજ ઈવ, પકરિ પછારૂં ગો.
આજ પાઇ સ્હાઈ સત્ય, સર્વ સરદારનકી;
બડે બડે બીરનકે, ગર્વનકો ગારૂં ગો.
આજ શાહજહાંનકો, પઠાઉં નીજ તાત પાસ;
નાતો નીજ તાત પાસ, પ્રાનહો પઠાઉંગો." ૨

આ પ્રમાણે કહી:–

દોહા:–ફરર ફરર ફરકી દિયૌ, દખ્ખણ અંગ સુકજ;
અમરસિંહ નરનાહરે, આનંદ ઉપડયો મન. ૯

અમરસિંહે આગળ ચલાવ્યું:–"હરદારોં, આપરા જોરશું યે નાગોરરો રાજ નીભ શકે હૈ, ઔર નાગોરરા રાજા આપોંરા થકા હી, યે આપ

---

૧ આજ શબ્દ જ્યાં જ્યાં વપરાયો છે ત્યાં ત્યાં પ્રસંગાનુસાર "આજના દિવસે" તથા "આ પ્રસંગે" એમ જુદા અર્થો સમજવા.

જાણો હો. જીણ રાજારા પાસ અપણા હરદારોંરો જોર હૈ નહીં, વો રાજા આફતરા બખતમેં અપણો રાજ રખ શકે કોય નહીં. અર જીણ રાજારા પાસમેં આપૌંરા જેડા શુદ્ધ ક્ષત્રી હરદાર હૈં, ઇણ રાજારા ઉપર આફત આય શકે કોય નહીં. યે બાત મોનેં આપ હધળોંને આપોંરા બિચાર જણાયને દિખાઇ દીહૈ. ઇણ બખત મહારાજ જસવંત-સિંહજી અઠૈ હૈં કોય* નહીં, ઇણ બખતમેં બાદશાહ એડો હુકમ કરૈ હૈ, અર જો આપણ ઇણ હુકમરા મુજબ દંડ દૈદેં તો જીણ બખત મહારાજ જસવતસિંહજી પધારશેં, અણ બખત અપણોનેં, જોધપુરનેં અર રાઠોડોંરા કુળનેં કલંકિત કરવારો ઠપકો દેશીં. અર જો અણ બખત બાદશાહરો હુકમ કબુલ કરનેં આપણ ચલશોં તો બાદશાહ દુસરી બખત ઇણસું કોય ભારી તોફાન લાયને આપણા શિર પર નાંખશે. ઔર જો યું હુવો તો નાગોર દુસરે છોટે છોટે સરદારોંરી લારમેં આય જાશી, ઔર નાગોરરો માન ટૂટ જાશી; જો નાગોરરો માન ટૂટ ગયો તો ફીરનેં આપણા રહણાસું અર નાં-રહણાસું નફા નુકશાન કાંઇ હૈ? ઇણ હધળી બાતોરો બિચાર કરને આપ હધળા એક બાર ઔર બિચાર કરને મોનેં આપોંરા બિચાર જણાય દો."

અમરસિંહજીનાં વચનો સાંભળીને ફરી સરદારોએ જવાબ આપ્યો કે; "અન્નદાતાર, આપ ફીર ફીરને હમસેં કાંઇ પુછો હો? જો આપ હોં તૌ હમ હધળા હીં, જો નાગોરરો માન રહ્યૌ તૌ હમારૌ કઠે જાય હૈ, જો નાગોરરૌ માન ગયૌ તો હમારો કઠૈ અલગ રેવૈ હૈ? ઇણ બારતે હમ હધળોંરો બિચાર તૌ યું હૈ કી, હુઝુરરો જો જો ફરમાવણારો બિચાર વૈ, સો ફરમાય દૈં. હમ હધળા હમારા શિરરા બદલાસું હુઝુરરા હુકમ ફિઠાવશોં, અણ બાતમેં કોઇ બાતરો અંદેશો રાખ્યા શિવાય હુઝુરને ઠીક લાગે જેડા હુકમ ફરમાય દે. યે હમ હધળા હરદારોરો બિચાર હૈ."

આવી રીતે પોતાના વીર સરદારોનાં વચનો સાંભળી અમરસિંહજી કહેવા લાગ્યા કે; "હરદારોં જરાં મોરો વિચાર એડો હૈકી, બાદશાહને હલકારારી લારમેં મોનેં હાલ બોલાયો હૈ, ફીર "ધરમરા કામમેં ઢીલ"

---

* મહારાજા જસવંતસિંહજીને આ વખતે બાદશાહ તરફથી, લડાઈ પર મોકલવામાં આવ્યા હતા, અને તેથી તેઓ જોધપુર કે આગ્રામાં નહોતા. બાદશાહ જોધપુરની દહેશત રાખતો હતો અને તેથી જો જસવંતસિંહજી બાદશાહના હુકમ વખતે આગ્રામાં હત તો, આ હુકમ પણ કરી શકત કે કેમ? તે બાબત શંકા છે. વળી જો અમરસિંહજી આવા બાદશાહના હુકમને માન આપે તો પોતાના રાઠોડ વંશને કલંક લગાડયાનો તેમને માથે આરોપ આવે તેનો પણ તેમને ખ્યાલ હતો.

કીં કારણ શું કરણી ચાહિજે. ઇણુ બાસ્તે આપણુ હધળા સરંજાવસું તૈયાર હોનૈં આજ સાંઝરા બખત અઠૈશું નિકળ જાય. આપ જાણૌ હૌ કી રાજપૂતોરો જનમ મૌજ શૌખરા બાસ્તે હૈ કોય નહીં. રાજપૂતૌંરા ટાબરૈરાં શિર ઉપર કાલ રોજંદાં ફરતો રેવૈહૈ. દુનિયામાં જતરાં પ્રાણી હૈં, ઇણુ હધળાંરા બાસ્તે મૌતરૌ એક દિન નક્કી હૈ; પર ઇણુમેં રાજપૂતૌંરા બાસ્તે તૌ રણભૂમિમેં દુશ્મોંનૌંરો શિર કાપતાં મરણુ વ્હૈ જાય તૌ વો રાજપૂત મરાંણૌ અર કામ આયગો યું કહ્યૌ જાય. અર જો ઘરમેં રહને મૌજશૌખ કરતાં માંદા વ્હૈ નૈં ચાકરી કરાયને મર જાય તૌ વો તૌ રાજપૂતરો મરણુ કહ્યૌ જાય કો નહિં. પણુ વો તો એક કુત્તારા રીતરો મરણુ કહ્યૌ જાય. ફીર જહાં દુનિયાંરાં હધળાં મનુષ્યાંરે કે એક દીન મરણો તૌ હૈ, ફીર રાજપૂત શુદ્ધ ઇણુ તરોંસું અનાયાસ રણુમેં મરવારૌ મૌકૌ મિલ જાય તૌ અણુ મોકાનેં ચુકે કોય નહિ. આપ હધળાંને જીણુ રીતસું અપણી શુદ્ધ રાજપૂતી મોંનેં દિખાઈ હૈ, ઇણુ રીતસું મોરો તો વિચાર એડો હૈ કી, આજ સાંઝરા કશુંબા પાણી કરનૈ અઠૈસું આપણુ હધળા આગરા તરફ જાંય."

સરદારોએ પણુ પોતાના રાજાનાં યુદ્ધવિષયક વચનો સાંભળી જવાબ આપ્યો કે: "હમ હધળા હરદાર હઝુરરા હુકમરો તરૌં શું આજ સાંઝરા નિકલવારા બાસ્તે તૈયાર હૌં, હમારો 'ઘરમરા કામમેં ઢીલ' કરવારૌ બિચાર હૈ કોય નહિં."

સરદારોનાં વચનો સાંભળી અમરસિંહજીએ ચોબદારને હુકમ કર્યો કે "નગ્રમેં ડુંડી પીટવાયદો કે યુદ્ધમેં ચડવારી જીણુ શુદ્ધ રાજપૂતરી ઇચ્છા વ્હૈ, ઇણુ હધળાંનેં મોરી લારમેં આજ સાંઝરા બખત આગરા જાવણુારે બાસ્તે તૈયાર હોયને નગ્ર બહાર આ જાણૌ. સાંઝરા વખત આગરારા કીલ્લારા માથે દરવાજા બહાર કશુંબા પાણી બંદોબસ્ત બરાબર કરાય રાખૌ. અઠૈસું કસુંબા લૈનૈ ચાલશૌં. અબાર દરબાર બરખાસ્ત કરાય દૌ."

ચોબદારે દરબાર બરખાસ્ત કરાવ્યો. રાજા પોતાની સવારી સાથે જનાના તરફ ચાલ્યા, અને સરદારો તથા અન્ય રાજપૂતો પોતપોતાની તૈયારી કરવાના કાર્ય સારૂ પોતપોતાના મુકામો તરફ ચાલ્યા.

આહા! ધન્ય છે અમરસિંહજીના, ક્ષત્રિયોનો સાચો ધર્મ સમઝનાર સરદારો કે જેમણે પોતાના સ્વામી સાથેનો પોતાનો સેવકધર્મ દૃઢતાપૂર્વક ભારતના અન્ય સરદારોને બતાવ્યો! મહારાજા અમરસિંહજીને પણુ ધન્ય છે કે જે બાદશાહના એક માંડલિક પટાવત છતાં બાદશાહના અનીતિમય હુકમને તાબે ન થતાં માત્ર પોતાના કુળની મર્યાદા અને પોતાની સ્વતંત્રતા ખાતર સરદારોને ખરા રાજ-

પૂત ધર્મનો ઉપદેશ કરી—કુળને કલંકિત ન કરવા સારૂ—બાદશાહ સામે બાથ ભીડવા તૈયાર થયા! શું ક્ષત્રિયધર્મ પ્રમાણે વર્તનાર સાચા ક્ષત્રિય અમરસિંહજી જેવા રાજાઓ તથા તેમના સરદારો જેવા હિમ્મત બહાદુર સરદારો અત્યારે ભારતભૂમિમાં છે? અત્યારે તો રાજાઓ પોતાના સરદારોની જાગીરો ખાલસા કરી, અન્ય રીતે ખરાબ કરી, પરિણામે પોતે પણ સરદારોની મદદ શિવાય ખરાબ થવાના ઉપાયો પોતાના હાથે જ પોતે કરે છે, તે તેવા રાજાઓના માટે શોચનીય દિલગીરીભર્યું અને દયાજનક છે, એમ કહ્યા શિવાય ચાલતું નથી.

પ્રકરણ બારમું

વીરની વિદાય

સોરઠા:—લેવણ હુક્મ રજાય, અમર જનાનામાં ગયો;
કહ રાણી સુણ રાય, મુંનેં સુંપૌ કિણ આશરે?

અમરસિંહજી દરબાર બરખાસ્ત કરાવી હાડીજી પાસે રજા લેવા માટે આવ્યા. રાજાના જનાનામાં આવતાં પહેલાં જ, આગ્રા ઉપર આજે જ સાંઝે ચઢાઇ કરવાની છે, એ સમાચાર તો નગરમાં વિજળીની પેરે પ્રસરાઇ ગયા હતા, અને રાણીના જાણવામાં પણ તે સમાચાર રાજાના આવવા આગમચ આવી ગયા હતા. તેથી રાણીના દિલમાં દિલગીરીએ વિશેષ વાસ કર્યો હતો. છતાં પણ જ્યારે મહારાજા પધારતા હોવાના સમાચાર તેમને મળ્યા એટલે પોતાના દિલની દિલગીરી દિલમાં છુપાવી રાખી. પોતે મહારાજાને સ્હામાં લેવા ગયાં. રાજા આવી પોતાના આસન ઉપર બેઠા, એટલે રાણીએ રાજાની પૂજા કરી અને બાદ દારૂનો પ્યાલો લાવી રાજા સન્મુખ રજુ કર્યો. રાજા દારૂ ન સ્વીકારતાં રાણીને કહેવા લાગ્યો કે, "હાડીજી, થેં યા કાંઇ કરોહો? થેં દારૂમેં મોંનેં અતરે રોજ રોક રાખને ખરાબ કર દીયો ઔર બાદશાહરી મોરા ઉપર ઇતરાજી કરવાયદી યા હધળી બાત થૈં સારી રીતસું જાંણોહો, ઔર આજ સાંઝરા સમૈ મોરે મોરા હધળા હરદારાંરી સાથમેં આગરા જાણો હૈ. અણ બખતમેં થૈં મોંનેં દારૂ દોહો યા કાંઇ બાત હૈ? દારૂમેં નેં દારૂમેં તો મેરો યે હધળો ખરાબ હોવારો બખત આયો, ઇણરો થૈં કાંઇ બિચાર કરો હો કે દારૂ દેવારી બાતજ કરૌ હૌ? બિચાર કરોં, બિચાર કરૌ, આજ મૈં અઠૈ દારૂ લું કોય નહીં."

રાજાનાં વચન સાંભળી દિલગીરીયુક્ત ચહેરાથી હાડીજી કહેવા લાગ્યાં કે; "અન્નદાતાર, આપ આજ આગરા પધારો હૌ, ફીર મોરા

હાથસું દારૂ લેવારા બાસ્તે કીં કારણુસુ ના પાડો હો? અન્નદાતારજી, આગરા જાવણુરા બખત આપ મોરા હાથસું દારૂ નાં લો યા મોરા બાસ્તે કેડી બાત હૈ? અન્નદાતાર, કૃપા કરને આપ એક પવાલો મોરા હાથસું લેવારી કૃપા કરો. ફીરસું મેં મોરા અન્નદાતારજીનેં આગ્રહ કરશોં કોય નહીં."

અમરસિંહજીએ હાડીજીને ઉત્તર આપતાં જણાવ્યું કે; "હાડીજી, થેં ઇણુતરોંસોં આગ્રહ કીં કારણુસું કરો હો મેં સમઝ શકું કોય નહિ. ખેર, પર થારો આગ્રહ હૈ તૌ અબાર તૌ થેં દારૂ રહણુ દો. મેં જણુ બખત અઠેસું નિકળશોં અણુ બખત થારા હાથરો એક પવાલો લેનૈ જાશોં. અબાર તો મોંનેં આગરા જાવારી રજા દેદો."

હાડીજીએ પોતાના પ્રાણેશને શોકયુત ચહેરાથી નિવેદન કર્યું કે, "નાથ, મેં મોરી જિંહાશું મારા પ્રાણુરા માલિકને કયું કરને "પધારો" યું કહ શકું, મોરી જીભશું રજા દી જાય કો નહીં."

અમરઃ–"હાડી, થેં ખુશ હોને મોંનેં રજા દેદે. આજ સાંઝરા સમૈ, અઠેસું આગરા તરફ પ્રયાણ કરવારો નક્કિ કરને મેં થારી પાસ રજા લેવારા બાસ્તે આયોહું, તો રજા દેદે."

હાડીજીઃ–"ખાવિંદ, આપ આગરા પધારને બાદશાહસું ઝઘડો કરવારો વિચાર રાખો હો, યું મેં સુણ્યો હૈ, કાંઈ આ બાત સાચી હૈ?"

અમરઃ–"હાડીજી, થેં જો સુણ્યો હૈ વો સત્ય હૈ, ઔર મેં આગરા ઇણુ બારતે તો જાત્રોં હોં. અણુમેં કાંઈ ખોટો હૈ?"

હાડીજીઃ–"અન્નદાતાર, આપ જાંણો હોકી નહિ કી, બાદશાહરા પાસમેં બાવીસ લાખ ફૌજ હૈ, ઔર અબાર આપરા પાસ બાવીસ હજાર સૈન્યભી હૈ કોય નહીં."

"અમરઃ–હાડીજી, મેં યા થારા મુંઢાસું કાંય સુણું હું? થેં મહારાવજી છત્રશાલજીરી બેટી ઔર નાગોર મહારાજ અમરસિંહરી લુગાઈ હોયને થારા મુંસેં મેં યે કાંઇ શુંણું હુ? રાજપૂતોંરે બાવીસ લાખ ઔર બાવીસ હઝારરો કાંઈ લેખો હૈ? જીણુ જગામેં શુદ્ધ રાજપૂત એક હૈ ઇણુ જગામૈં બાવીસ લાખ ફોજ વૈ જરાંઈ બાવીસ આદમીરા જેડા હૈં, ઔર જઠે બાવીસ લાખ હૈ વૈ જો સુરમા નહીં હૈ તો વો કાંય કર શકે કોય નહીં. ઔર એડા બાવીસ લાખોંરા સામને એક શુદ્ધ ક્ષત્રિય બસ હૈ, વૈ બાવીસ લાખ એડા એક આદમીનેં કાંઈ કર શકે નહીં. દેખો કવિયોંને કહ્યૌ હૈ કી,

"રવી મંડળ દેખત લઘુ લાગા, જાસુ ઉદય ત્રિભુવન તમ ભાગા"

હાડીજીઃ–"અન્નદાતાર, મેં આપરા રણ આનંદમેં ભંગ કરવારા બારતે ઐસો કહું કોય નહીં. મેં તો આપોંનેં યાદ દિરાઉં હું કી બાદશાહરે પાસ અતરો સૈન હૈ."

અમરઃ–"હાડીજી, થેં મોંનેં યું યાદ દીરાવો હો. કોઈ કવિ કુહેવૈ હૈ કી,

> રાજા રકખ તો ચાર રખ, મત રકખે ચાલીસ;
> વે ચાળીસાં ભાગણાં, વે ચારાં ચાળીસ.*

ઇણરીતસું બાવીસ લાખ બાવીસ જોડા હૈં, ઔર મોરા સરદાર એક એક એક એક લાખ જીસા હાં. હાડીજી, દેખૌ હાહુલીરાય હમીરને સંયોગતાસું કહ્યૌ હૈ કી,

> હાહુલીરાય હમીર કહે, સુણ પંગાની બત્ત;
> એક લડે અશી લકખસું, ઐસા બળીયા સુભટ્ટ.

ઔર "રાજીયા" નામરો કવિ કૈવૈ હૈ કી,

> હિમ્મત કિમ્મત હોય, હિમ્મત બીન કિમ્મત નહિ;
> કરૈ ન આદર કોય, રદ કાગદ જ્યું "રાજીયા".

ઇણરીતસું શુદ્ધ રાજપૂતરા સામનૈ કતરોઈ સૈન્ય વ્હૈ, જરાંઈ કોઈ બાતરી ચિંતા હૈ નહિ. થારે ચિંતા કરવારી જરૂરત હૈ કોય નહિં. મેં હધળી બાતરો બિચાર કરને જાવૌં હૌં. મેં બાદશાહરા બળરો અર મોરા બળરો બિચાર કર્યા વગર જાવોં કોય નહિં."

હાડીજીઃ–"અન્નદાતાર, જરાં આપ ભલે આગરા પધારો, પરંતુ મોનેં અઠૈ કિણનેં સુંપનેં જાવો હો?"

અમરઃ–રાણી! થેં યે કાંઇ બાત કરૌ હૌ? જો મૈં વિજય પાશૌં તૌ તો ફીરનેં આયનેં થોનેં મળશો, અર જો અઠૈ કામ આય ગૌ તૌ જસવતસિંહ અર રામસિંહ થારો સારી રીતસું માન રખશી. ઇણ બાતરો થારે કાંઇ બિચાર કરવારી અણ બખત જરૂરત નહીં હૈ."

હાડીજીઃ–"અન્નદાતાર, જરાં આજરી રાત મોરી પાસમેં રહનૈ સવારમાં સુખસું આગરા પધારો, અતરી મોરી બિનતિ હૈ."

અમરઃ–"રાણીજી! અબ મેં રૂક શકું કોય નહીં. હધળો સૈન્ય તૈયાર હોનેં અબાર આ જાશી. હધળા હરદાર આ જાશી. હરદારોંરા ઘરોં પર અપણી અપણી લુગાઇયોં હૈ, ફીર વો મોરી આજ્ઞા માનને

---

* અર્થઃ–હે રાજા, જો તારે શૂરવીરો રાખવા હોય તો માત્ર ચાર ખરા શૂરવીરો રાખ; પણ ચાળીસ રાખતો નહિ. જો એ ચાળીસ માણસ કાયર હશે તો કામની વખતે ભાગી જશે, તેના ઉપર વિશ્વાસ મુકવો નકામો છે; પણ પેલા ખરા ચાર શૂરવીરો ચાળીસની બરાબર છે.

અપણી લુગાઇયોરો મોહ છોડને મોરી લારમેં આવવા રાબાસ્તે તૈયાર હોશી, મેં થારી પાસમેં મૌજ શૌખરા બાસ્તે રૂક જાઉં યે કીણુ રીતસું બન શકે યું હૈ?*

રાણી, રાણી! થેં બિચાર કરો. ઇણુ બખત મોંનેં જક કરવાસું કોઇ લાભ હૈ નહિં. થેં ચ્હાય જતરી જક કરશો, જરાં હું રૂક શકું કોય નહિં."

હાડીજી:–"અન્નદાતાર! આપ મોરે પાસ રાજા માગોહૈ, પરન્તુ મોરી જીભસું મેં રજા દે શકું કોય નહીં. રજા દેવારે બાસ્તે મારી જીભ અપણો કામ કર શકે કોય નહિં. આપોંરે અબાર જાવારી જરૂરત વ્હૈ તો આપ પધારો, મોરી જિવ્હાસું મેં રજા દે શકું કોય નહીં."

અમરઃ–"હાડીજી, હાડીજી! અણુ તરોં કાયરતા દીખાવણી વો થાડા જેડી શુદ્ધ ક્ષત્રાણીરા બાસ્તે શોભા ભરેલો કાજ હૈ નહિં. હાડી!

---

*રાગ–માહાડ

હાડીજી:–રાઠોડાં હાદારરે, રૂક જાઓ આજરી રાત;
મોરા રંગભીના મહારાજરે, રૂક જાઓ આજરી રાત–ટેક.
રંગભીના મોરા રાજવી, રૂકો આજરી રાત.
પ્રિયા મનાવે પ્રેમસું, મોરી રાખો અતરી બાતરે–રૂકજાઓ.
અમરઃ–હાડી રાણી બાત યા મારી, થેં મન કરોં બિચાર;
કિણુ તરેં હું રૂકાઉં રાણી, આવૈ સૈન અબારરે.
હાડીજી:–..રૂકજાઓ.
પરણ્યાં ભયો દીન આઠ હો રાજવી, થાકો કરો બિચાર;
કીણુ બિધ કાઢું બખત મારો, હૈ નહિં એક કુમારરે–રૂકજાઓ.
અમરઃ–બખત કાઢવો કાંઈ હૈ, યા મૈં ધરજો પ્રિતમ ધ્યાન;
થારા પતિવ્રત પુન્યથી રે, પ્રભુ રાખે મોરો માનરે.
હાડીજી:–..રૂકજાઓ.
કસુંબા કાઢું રાજવીરે, દીયું દારૂડા મોરે હાથ;
આજરી રાત આનંદ બિતાવો, પ્રાત જાઓ પ્રથિનાથરે–રૂકજાઓ.
અમરઃ–બ્હોત દિનાં આનંદ બિતાયો, રાણી થારા સાથ;
કસુંબા દારૂ બ્હોત પીયા નીશું, કોપ્યો દિલ્હી નાથરે.
હાડીજી:–..રૂકજાઓ.
છેવટરી યા અરજી મારી, સુણો નણુદલ વીર;
આપ પધારો નાથજી આગરા, હૈયો ધરૈનાં ધીરરે–રૂકજાઓ.
અમરઃ–જો કાંઈ કહશો કામ ન આવે, હાડી કરો બિચાર;
હશ્દાર હથળા મિલને આવે, રજા દીયો ઈણુ બારરે.
હાડીજી:–..રૂકજાઓ.

(એક દંતકથામાંનું ગીત.)

થેં થારા દીલસું બિચાર કર દેખકે, થારા પિતા રાવજી છત્રશાલજી શુદ્ધ ક્ષત્રિ હૈ, ઔર થારો પતિ શુદ્ધ રાઠોડ હૈ, ઔર દિલ્લીરા બાદશાહસું ઝઘડવા જાય હૈ. ફીર તું ભીરુતા કયું દિખાવૈ હૈ? થારી યા ભીરુતા દેખને મોંને કાંઇ સુઝે નહીં."

પોતાના પતિનાં વચનો સાંભળી હાડીજીનાં નેત્રોમાંથી અશ્રુઓની અસ્ખલિત ધારાઓ વહેવા લાગી, છતાં ધીરજ રાખી કહેવા લાગ્યાં કે, "અન્નદાતાર! મેં શુદ્ધ ક્ષત્રાણી હું. મેં ભીરુ હું કોય નહીં. વીર રાઠોડરી રાણી હું, પર મેં મોરા અન્નદાતારનેં "પધારો" યું કણુતરોંસું કહ શકું? અન્નદાતારરો વિયોગ મોંનેં રઝા દેતા રૂકે હૈ, જીણુસું દાસીરા ઉપર દયા દિખાને આજરી રાત અઠે રૂક જાઓ. પ્રાતઃસમે સુખસેં પધારો. મેં ખુશ હોને મોરા અન્નદાતારજી રઝા દેશોં. મોરી અરજ આજરી રાત રૂકવારી હૈ, અન્નદાતાર! કૃપા કરને કબુલ કરલો."

અમરઃ—"હાડીજી! હબળી તૈયારી હોગઇ હૈ; હબળા હરદાર તૈયાર હો ને અબાર આ જાશી. ફીર મોંનેં આજરી રાત થેં રૂકવારો કીણુ રીતસું આગ્રહ કરો હો? મેં થારા પ્રેમરા વશ હોને રઝારા ઉપરાંત અતરા દિન થારા પાસ રૂક ગૌ, જીણુસું મોરા ઉપર અતરો બધો કષ્ટ આયો હૈ. ફીર થેં મોંને ઝીણું બુઝને રોકવારા બાસ્તે કયું આગ્રહ કરૌ હૌ? થેં રજા દેશાં જરાં મેં આજ જાશોં, રજા નહીં દેશોં જરાંઇ આજ જાશોં. કોઇ ઉપાયસું રૂક શકું નહીં, ફીર રજા કયું ન દેવે?"

હાડીજીઃ—"અન્નદાતાર! કોઈ રીતસું આપ રૂક શકો યું નહીં હૈ; જરાં આપ સુખસું પધારો. ભગવાન્ એકલીંગજી આપોંરો અર આપોંરા સરદારાં અર સૈનરો વિજય કરૈં. મોરા અન્નદાતાર દુશ્મનોંરા મુખ શ્યામ કરને વેહેલા વેહેલા પધારેં"

હાડીજીએ રાજાને રજા આપતાં કુમકુમ અક્ષત પુષ્પથી વધાવ્યા, કંઠમાં સુંદર પુષ્પોની માળાઓ ધારણ કરાવી. પોતાના પતિને વિજયના આશીર્વાદ આપ્યા. આ સમયે રાણીજીના હૃદયમાં ઉદ્વેગનો તો પાર જ ન હોતો, નેત્રોમાં અશ્રુઓ પણ વહન જ કરી રહ્યાં હતાં, પરંતુ તે બધાને દબાવી રાખી ધીરજ રાખી પતિને રજા આપી. દારૂનો પ્યાલો રજુ કર્યો, અને અમરસિંહજીએ પણ પોતાનાં પ્રિય પ્રિયતમાના હાથનો જીંદગીનો છેલ્લામાં છેલ્લો દારૂનો પ્યાલો પી લીધો. છેવટમાં છેવટ પોતાનાં નવીન પ્રિયતમાને પોતાની છાતી સરસાં ચાંપી. યોગ્ય રીતનું આશ્વાસન આપતાં અમરસિંહે જણાવ્યું કે, 'રાણીજી! મેં વિજયી હોનેં થોડા સમયમેં થારા પાસ આય જાશોં. થેં કોઈ બાતરી ચિંતા મત કરો. શ્રી એકલીંગજી આપણી સાહ્યમેં રહશી." એમ

આશ્વાસન આપી રાણીનાં નેત્રોમાં ચોધારે અશ્રુઓના વહન થવા સાથે રાણીથી હમ્મેશને માટે છુટા પડયા.

રાણીના ભવિષ્યના વૈધવ્યનો લેખ કરી, રાણીનો ઓરડો છોડી રાજાજી ચાલ્યા ગયા. જેમ જેમ તેઓ ચાલતા ગયા તેમ તેમ દાસીઓ તરફથી શુકન તરિખે રાજાના ઉપર પુષ્પની વૃષ્ટિ કરવામાં આવી. એ વખતે જનાનખાનાને છેવટનું પવિત્ર કરી મહારાજા અમરસિંહ બહાર આવ્યા. આ વખતે આશરે ચારેક વાગ્યાનો સુમાર થયો હતો. મહારાજાએ પોતાના ખાનગી ઓરડામાં જઈ બખ્તર તથા હથિયારો ધારણ કર્યાં, અને પોતાના ખાનગી દરબારના ઓરડામાં આવી ચોબદારને લડાઇનાં વાજાં વગડાવવા આજ્ઞા કરી. ચોબદારે પણ મહારાજાની આજ્ઞાનો ત્વરિત અમલ કરાવ્યો, અને નપુંસક–કાયર–ને પણ શૂર ચઢે તેવા સિંધુ નામના રાગમાં વાજાં વાગવા લાગ્યાં.

મહારાજાએ પુનઃ ચોબદારને આજ્ઞા ફરમાવી કે "મોરી સવારિરો બંદોબસ્ત અઠૈશું કરને હધળા હરદાર કિલ્લા બહાર આવેં જણુ બાબત મોનેં વરદી દો. અર તપાસ કરાય દેખોકી કિલ્લામાં બહાર બિછાયત કરવાયને કસુંબારો બંદોબસ્ત હોયગો હૈ કી નહિં."

ચોબદારે સવારીનો બંદોબસ્ત કરાવ્યો, અને કિલ્લા બહારની બિછાયત તથા કસુંબાનો તપાસ કરાવ્યો. સરદારો આવી ગયાની તથા બિછાયત કસુંબાનો તથા સવારીનો બંદોબસ્ત થઇ ગયાની વરદી રાજાને ચોબદારે આપી; એટલે રાજાએ વિદાયગીરીની તોપો ફોડવાની આજ્ઞા કરી, અને રાજમહેલના કિલ્લા ઉપરથી મહારાજા અમરસિંહજીના વિદાય થવાની સૂચના કરતી તોપો ફુટવા લાગી. રાજા ચોબદારને આજ્ઞા કરી પોતાના દેવમંદિરમાં ગયા અને પોતાના ઇષ્ટદેવને–આખરના પ્રણામ કરીને આવ્યા અને ચાલ્યા. ચોબદારે નેકીનો પોકાર કર્યો, અને નેકીના પોકારની સાથેજ રાજમહેલનાં દાસ દાસીઓ, નીચે સવારી જોવા સારૂ આવેલા લોકો અને બંદોબસ્ત સારૂ ઉભા રાખવામાં આવેલા પેહેરેગીરોએ "મહારાજા અમરરી જય" નો દિશાઓને પણ વિદીર્ણ કરી નાંખે તેવો અવાજ કર્યો. તે અવાજ તથા રાજમહેલના કિલ્લાના ઉપરથી ફોડવામાં આવેલી તોપોના અવાજ સાથે જ નગરના કિલ્લા ઉપરની તોપો પણ દગવા લાગી.

મહારાજા અમરસિંહ આજે દિલ્હીના શાહાનશાહ શાહજહાઁન ઉપર, જેમ એક પ્રાણીરૂપી પોતાના કોળીયા ઉપર કાળ સવારી કરે, તેમ, ક્રોધયુક્ત ચઢેલા છે. આજે સવારી વિદાય થવાની છે, એ સમાચાર આખા નગરમાં દરબાર વખતે જ ત્વરિત પ્રસરી ગયા હતા.

તોપોના અવાજોની સાથેજ નગરનાં તમામ બાળ-યુવા-વૃદ્ધ સ્ત્રી પુરૂષો પોતપોતાની અનુકૂળતાવાળાં સ્થળોએ પોતાના દેવાંશી રાજા વીર અમરસિંહનાં દર્શન કરવા સારૂ નિકળી પડયાં હતાં. રાજાની સવારીના જે રસ્તા પ્રથમથીજ મુકરર કરવામાં આવ્યા હતા, તે રસ્તાની બન્ને બાજુએ મનુષ્યોની પુષ્કળ ગિરદી થઇ રહી હતી. રાજા જે હાથી ઉપર બેઠા હતા, તે હાથીને પણ બખતર ચઢાવવામાં આવ્યું હતું, તેમજ હાથી ઉપરની અંબાડી પણ જાડા લોખંડનાં પત્રાંની ચઢાવવામાં આવી હતી. આજની સવારી અન્ય પ્રકારના મૌજશૌખની નહોતી, પરંતુ રાજા અમર દિલ્હીના બાદશાહ શાહજહાંનથી લડવા જતો હતો.

રાજાનો હાથી શ્યામ રંગનો; તેના ઉપર શ્યામ રંગની લોખંડી અંબાડી કસવામાં આવી હતી. રાજાએ પણ શ્યામ રંગનું લોખંડનું બખતર ધારણ કરવાથી શ્યામ દેખાતા હતા. સાથેના રાજપૂતો પણ બખતરબંધ હોવાથી અને તેમના ઘોડાઓ ઉપર શ્યામ લોખંડનાં પાખરો નાંખવામાં આવેલાં હોવાથી તમામ શ્યામવર્ણીય દેખાવ થઇ રહ્યો હતો. જોનાર વ્યક્તિને યમરાજાના પ્રબળ સૈન્યનું જોતાંની સાથેજ ભાન થઇ આવતું હતું. વીરરસમાં રંગાયલો રાજા અમરસિંહ વિકરાળ રૂપ ધરી ચાલ્યો.

પ્રકરણ તેરમું

અમરસિંહની આગ્રા તરફ કૂચ

દોહાઃ-"રજપૂતાંરા દાવડા, સરપોંરા બારા;
રિઝવિયા મોઝાં દીયેં, ખીજવીયા ખારા."

મહારાજા અમરસિંહ જે હાથી ઉપર બેઠા હતા તે હાથીને વિંટળાઇને બખ્તર પાખરવાળા ઘોડેસ્વારો હથિયારબંધ ચાલતા હતા. સ્વારીમાં સહુથી આગળ કેટલાક પાયદળ રાજપૂતો હથિયારબંધ હતા. તેમની પછાડી બખતર પાખરવાળા ઘોડેસ્વારો ખુલ્લી તલવારોથી ચાલતા હતા. વચ્ચે વચ્ચે ઘોડા અને ઊંટો ઉપર રણવાદ્યો-નોબતો, ડંકા વિગેરે-વાગતાં હતાં. ઘોડાઓની પછાડી મારવાડી ઊંટ-સ્વારો અને તેમના પછી કેટલાક સરદારોના હાથીઓની બખ્તરોવાળી લ્હાર હતી. તેના કેડે કેટલાક રથ અને પછી મહારાજા અમરસિંહજીનો હાથી હતો. મહારાજા અમરના હાથી આગળ ઘોડાઓ ઉપર સોનાની છડીઓવાળા ચોબદારો લલકારી રહ્યા હતા. મહારાજાના હાથીના પછાડી પુનઃ

રથ, હાથી, ઘોડા અને પાયદળની મીસાલ રાખવામાં આવી હતી. આ વખતે રાઠોડ સેનાનીઓમાં ઓર પ્રકારનો જુસ્સો અને તેજ વિકસિ રહેલું હતું. તેમની મુખમુદ્રા ઉપરથી એમ જ જણાતું હતું કે તેઓ રણ-ભૂમિમાં મરવામાં જ સર્વ પ્રકારનું સુખ માનતા હોઇ અન્ય પ્રકારના આનંદથી આગ્રા તરફ જવા તૈયાર થયા છે. જેમ જેમ મહારાજાની સવારી આગળ વધતી હતી તેમ તેમ બન્ને બાજુએ ઉભેલા લોકો જય જયકાર કરતા હતા. તમામ પ્રજાજનોને પણ જાણે પોતાના વીર-રસમાં રંગાયલા રાજાનાં દર્શનથીં સ્વર્ગીય સુખ પ્રાપ્ત થતું ન હોય! એવો ભાસ થતો હતો.

આમ નગરજનોને તથા વીર રાઠોડોને પણ આનંદ આપતા ધીમી ચાલથી મહારાજા અમર પોતાની સવારી સાથે નગર બહાર જ્યાં કસુંબાની મીજલસ સારૂ બિછાયત કરવામાં આવી હતી, ત્યાં આવી પહોંચ્યા એટલે સૈનિકો અને સરદારો ચડપોચડપ પોતપોતાનાં વાહનો ઉપરથી ઉતરી પડ્યા. સ્થળ ઉપર હાજર રહેલા સૈનિકો તથા સરદારો પણ પોતપોતાની બેઠકેથી ઉભા થયા. રાજાના હાથીને માવતે-બેત કર્યો, અને નિસરણી માંડવામાં આવી. મહારાજા નીચે ઉતર્યા. તમામ સરદારો અને સૈનિકોએ પણ મહારાજાનો જય પોકાર્યો. સરદારોના મંડળ વચ્ચે મહારાજા અમરસિંહ-જેમ રાક્ષસોના ઉપર કુપિત થયલો દેવતાઓનો રાજા પોતાના સરદારો અન્ય દેવો સાથે બખ્તર તથા હથિયારબંધ થઇ ચાલતો હોય તેમ-શોભવા લાગ્યો! મહારાજા પોતાના માટે રાખવામાં આવેલા સુવર્ણના આસન ઉપર બિરાજ્યા. અન્ય સરદારોએ પણ પોતપોતાની બેઠકો લીધી, અને સહુના બેઠા બાદ કસુંબા તૈયાર થવા લાગ્યા. કસુંબો તૈયાર થયો એટલે પ્રથમ સૈન્ય સાથેના કવિને આપવામાં આવ્યો.*

કવિએ[1] કસુંબો લીધા પછી પ્રથમ મહારાજાને અને અન્ય

---

* કવિએ પણ કસુંબો લેતી વેળાએ રાજપૂતોને પ્રોત્સાહિત કરવા સારૂ કસુંબાનું મહત્વ દર્શાવતાં કહેવા માંડ્યું કેઃ-

સોરઠોઃ-અમલીઆ રજપૂતડા, જગમાં અમલ કરંત;
બીન અમલાં રજપૂતડા, ના હક નાંમ ધરંત.

દોહાઃ-અમલશું ઉધમાતીયા, અમલાંશું કર રાજ;
બીન અમલાં રજપૂતડા, જગ જીવણ કીણ કાજ?
ચઢે રણાં જબ રાજવી, પ્રથમ અમલરો કાજ;
બીન અમલાં રણ રાજવી, રક્ખ શકે નહૈં રાજ.

૧ કસુંબો પ્રથમ કવિ-ભાટ-ચારણ-ને અપાયા બાદજ રાજપૂતો લે છે. તે વહીવટ અત્યારે પણ રાજસ્થાનોમાં ચાલુ છે.

સરદારોને તથા રાજપૂતોને કસુંબા અપાયા. કસુંબા થઈ રહ્યા પછી ઉપર ખારભંજણાં–મીઠાઈ–મેવા ફળ વિગેરેને ન્યાય અપાયો. ખારભંજણાં થઇ રહ્યા બાદ દારૂ આવ્યા, અને પછી હુક્કા આવ્યા. તેને પણ યોગ્ય ન્યાય અપાયો. આ બધી કસુંબા પાણીના કાર્યની પૂર્ણાહુતિ થઇ રહ્યા બાદ, મહારાજાએ સવારી કૂચ કરવાની આજ્ઞા ફરમાવી. સહુ પોત-પોતાનાં વાહનો ઉપર સ્વાર થઇ ગયા. મહારાજા પણ પોતાના હાથી ઉપર આરૂઢ થયા અને રાજા અમરની સવારી આગ્રા તરફ ચાલી.

રાજા અમરસિંહની સવારીમાં આશરે ૫૦૦૦ પાંચ હજાર રાઠોડો ચઢ્યા હતા. મહારાજાએ પણ પોતાના–નાગોર–નગરને જતી વખતે આખરના પ્રણામ કર્યાં કેઃ–

"હાથો ચાલ્યા ચાકરી, ઊંટે કસીયા ભાર;
જો જીવશું તો આવશું, ન તૌ નરવરકોટ જવાર."

મહારાજા અમર પૂર્ણ ક્રોધના આવેશમાં હોઈ કસુંબા દારૂ થવાથી તેમનામાં સ્વાભાવિક રીતે જ નવીન બળ પ્રાપ્ત થયું. સૈન્યમાંના સરદારો અને અન્ય રાજપૂતોને પણ કસુંબા પાણીથી નવીન ચૈતન્ય પ્રાપ્ત થયું હતું. તે ઉપરાંત સૈન્યમાં સિંધુ વિગેરે ઉશ્કેરણી કરનારા રાગોમાં વાજાં વાગતાં હતાં, તેથી રાજપૂતોને વળી વિશેષ આવેશ ઉત્પન્ન થતો હતો.*

અમરસિંહજીના રાઠોડ સૈન્યના ચાલવાથી પૃથ્વી ડોલવા લાગી. શેષનાગ પોતાના ફણો ઉપર પૃથ્વીનો ભાર સહન કરી શક્યા નહીં. અમરસિંહજીને આ રણઘેલું પોતાનું સૈન્ય જોઈ અતિશય આનંદ વધવા લાગ્યો. આકાશ, પાતાળ અને પૃથ્વી ઉપર ભારી કોલાહલ થવા લાગ્યો.

---

* આમ ક્રોધના આવેશમા આવેલા સૈન્યનું વર્ણન કરતાં કવિ કહે છે કે, પદ્ધરીછંદઃ–

"ચઢયો અમર ભૂપ આગરા કોટ, મનુ લંક ઉપર રઘૂબીર ચોટ;
ફર ફરર ફરર ભૃકુટી ફરકક, દ્દિગ્ગજન દંત કર કર કરક્ક.
ભૂ ભાર સહ ન થર થર થરાટ, પર્યો શેષ ઊર ચર ચર ચરાટ;
કચ્છબ પીઠ અતિશય કસંત, ધસ મસત સેન રાઠૌર ધસંત.
અંગ ભાર ધર્યા બખતર બનાય, નિરખંત સુર અંબરમેં આય;
રંભા ઉર આનંદ ધર અપાર, નીજ પતિ આય મન લિન્હ ધાર.
અંબર પતાલ ભૂ ભયો શોર, સુનિ ભૂત–પતિ નીજ ધ્યાન છોર;
ચુકયો બીધિ બેદ પડન્ન કાજ, ઈણુ રીત ચઢયો નાગોર રાજ.
ડાકન શાકન આનંદ અપાર, કર ખપ્પર રૂધિર પીવન ધાર;
વાયસ શૃગાલ અતિ કરત કૂક, આગરા પરી અરિ ઉર હૂક.
નૃપ અમર ઉર આનંદ ન માય, નિરખત સૈન અતિ ચઢત ચાય;
દડ મજલ કૂચ આગરા આય, રહ્યો સૈન સહિત જસવંત પરાય.

શંકર પોતાના ધ્યાનમાંથી મુક્ત થઈ ગયા, અને બ્રહ્મા પણ આ કોલાહલથી પોતાનું વેદનું પઠન ચુકી ગયા. અપ્સરાઓ આનંદ માનવા લાગી. ડાકણો શાકણો રૂધિરના પાન સારૂ હાથોમાં ખપ્પર લઇ આનંદમાં આવી ગઈ. કાગડા શિયાળ વિગેરે આમિષ આહારી પ્રાણીઓ પણ આનંદિત થઈ કોલાહલ કરવા લાગ્યાં. આગ્રાની અંદરમાં દુશ્મનોનાં દીલમાં હાક પડી ગઈ. બાદશાહને અને સલાબતને અનેક પ્રકારનાં અપશકુનો થવા લાગ્યાં. મૂર્તિઓ અને કબરો ઉપરથી પુષ્પમાળાઓ ખસી પડવા લાગી. રાત્રિચર પશુ પક્ષીઓ દિવસે નગરમાં આવી બોલવા લાગ્યાં અને દિવસચર પક્ષીઓ કાગડા વિગેરે રાત્રે કોલાહલ કરવા લાગ્યા. આવી રીતનાં ભયંકર અપશુકનો થવા છતાં પણ બાદશાહ તેથી કંઈ સમજ ઉપર આવ્યો નહીં. તેની તો "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ" જ થઇ ગઇ હતી.

અમરસિંહે આગ્રામાં આવી જસવંતપુરામાં પોતાના સૈન્ય સાથે મુકામ સ્થિત કર્યો. નગરમાં ખાન-ઉમરાવોને અમરસિંહજી પોતાની સાથે સૈન્ય લઇને આવ્યા છે એવી ખબર પડી ગઇ. તેમના તરફ લાગણી ધરાવનાર અને બાદશાહના અનીતિમય હુકમને તિરસ્કારનારા કેટલાક ખાન-ઉમરાવો તેમને મળવા સારૂ જસવંતપુરામાં આવ્યા અને બાદશાહની વર્તણુક તથા હુકમ માટે દિલગિરી દર્શાવવા લાગ્યા. વિશેષમાં એમણે એમ પણ જણાવ્યું કે, અમારી મદદની જરૂર પડે તો અમો પોતપોતાનાં સાધન સાથે તૈયાર છઇએ, માટે પ્રસંગ પડે તો અમને આજ્ઞા ફરમાવવા મેહેરબાની કરવી. અમરસિંહજીએ ખાન-ઉમરાવોનો ઉપકાર માનતાં જણાવ્યું કે, 'તેમને અન્ય સૈન્યની હાલમાં જરૂર નથી. પરંતુ જો પોતે આ તોફાનમાં કામ આવે અને નાગોર અથવા જોધપુર તરફ કંઇ તોફાન ચઢાઇ કરવામાં આવે તો તે વખતે તમો સહુ એક સંપે રહી મદદ કરશો તો હું જ્યાં હોઇશ ત્યાં તમારો ઉપકાર માનીશ.' સરદારોએ તે વખતે મદદમાં રહેવા ખાત્રી આપી પોતપોતાનાં મુકામો તરફ જવા રજા માગી વિદાય થયા. તેમના ગયા બાદ અમરસિહજીએ પોતાના સરદારોને પોતાના મુકામ ઉપર વિચાર ગોઠવવા સારૂ બોલાવ્યા. સરદારો સહુ આવી ગયા એટલે અમરસિહજીએ તેમને પૂછ્યું કે:

અમર:—"હરદારોં, અપણે કણુતરોંસું બાદશાહરી સાથમેં કામ લેણો સારૂ હૈ? ઇણુ બાતરો બિચાર કરને આપોંરા બિચાર જણાય દો."

સરદારો:—"અન્નદાતાર! હમનેં પુછવારો કાંઈ કારણ હૈ; જીણુ રીતસું હઝુરનેં ઠીક લાગે અણુ રીતસું કામ કરવારા બારતે હમ હધળા તયાર હૌં."

અમરઃ—"જરા મોરો બિચાર તો એડૌ હૈ કી થેં સધળા અઠૈ તયાર હોનેં રહો, અર ૧૦૦–૨૦૦ ધોડેસ્વાર છૂટે છૂટે હોનેં કિલ્લામેં રહૈં. જણુ બખત વરદી મીલ જાય અણુ બખત થેં હધળા મીલને એક સાથ હલ્લા કરૌ. અર દરવાજારી પાસમેં ૫૦ ધોડેસ્વાર રહૈં, જીણુસું એ તુરકડા દરવાજા બંધ કર શકેં નહિ. આપ હધળા દરવાજામેં પૈઠને બાદશાહી સેન ઉપર હલ્લા કરો, અર આગ લગાયને બાદશાહરો મહેલ અર બાદશાહી દફ્તરખાનાકુ જલાય દો. મેં મોરી લારમેં ચાર સરદારોંનેં લેને દરબારમેં જાશૌં."

સરદારઃ—"અન્નદાતારજીરો ફરમાવણો બહોત આછો હૈ. હમ હધળા હરદાર તયાર હોને રહશોં, અર બખત મિલ જાય અણુ બખત બાદશાહને રાઠોડોંસું દુશ્મનાવટ કરનેસું કાંઈ ફલ મીલે હૈ વો આછી રીતસું બતાય દેશો."

અમરઃ—"ધન્ય હૈ આપ હધળા હરદારોંનેં ! આપોંરા બળશું તો યે મોરા અંગમેં જોર હૈ. આપોંરો મોંનેં પૂરો ભરૂંસો હૈ. આપ પધારો, અર ટાટ જીમને ફીર પધારો."

સરદારો ગયા બાદ મહારાજ પણુ જમ્યા. સરદારો પણુ પોતપોતાના મુકામ ઉપર ટાટ આવ્યા તે જમ્યા. પછી એક વિશાળ તંબુમાં મહારાજાએ તમામ સરદારોને તથા અન્ય રાજપૂતોને બોલાવ્યા. સહુના આવી ગયા બાદ કવિરાજે મહાભારતના કર્ણ પર્વની કથાની શરૂઆત કરી. એ રીતે રાજપૂતોને કવિએ પોતાની કહેવાની શક્તિથી વીર રસમાં રંગી નાંખ્યા. એક પ્રહર રાત્રિ બાકી રહી એટલે મહારાજાએ કથા બંધ કરાવી અને સહુ રાજપૂતોને થોડી થોડી નિદ્રા લેવા સારૂ મોકલ્યા. સહુએ પોતપોતાના મુકામ ઉપર થોડી રાત્રિ નિદ્રામાં વ્યતીત કરી અને મહારાજા પણુ થોડો વખત નિદ્રામાં વ્યતીત કરવાનો વિચાર કરી પોતાના બંગલામાં પધાર્યા.

પ્રકરણુ ચૌદમું

ચાડી ખાવાનું ફળ

દોહાઃ—તુલસિ જેસી ભવિતવ્યતા તૈ સોઈ મિલે સહાય;
આપુન જાવૈ તાહી પૈં (કી) તાહી તહાઁ લૈ જાય.

સૂર્યે ઉદય થયા પહેલાં રાજપૂતો જાગૃત થયા, પોતાનાં નિત્ય નિયમથી પરવાર્યા, અને પોતાના માલિક પાસે હાજર થયા, મહારાજ પણુ વહેલા ઉઠી પોતાના નિત્ય નિયમથી પરવારી તૈયાર થઇને જ

બેઠા હતા. સરદારોના આવ્યા બાદ કસુંબા નિકળ્યા અને તે કાર્ય પૂર્ણ થઇ રહ્યું. રાત્રિના સંકેત મુજબ લશ્કરની ગોઠવણુ કરવામાં આવી. તમામ સૈન્યને જસવંતપુરામાં વાહનો ઉપર તૈયાર રહેવાની આજ્ઞા કરી ૫૦ સવારોને દરવાજાની આસપાસ અંદર અને બહાર રહેવા સારૂ રવાના કર્યા. સો સવારોને દરવાજાથી જસવંતપુરા સુધી રાખવામાં આવ્યા, અને પચાસ સવારોને દરબારના મુકામથી દરવાજા સુધી છૂટાછૂટા ફરતા રહેવાની સૂચના આપી વિદાય કરવામાં આવ્યા. આ બધું કાર્ય પૂર્ણ થઇ રહ્યા બાદ પોતાની સાથે માત્ર ચાર સરદારોને લઈ પોતે દરબારમાં જવા સારૂ નિકળ્યા. મહારાજા દરબારમાં જવા નિકળ્યા તે વખતે શુભ અને અશુભ બે પ્રકારનાં શકુનો થયાં, પરંતુ તે તરફ દુર્લક્ષ આપી તેઓ તો દરબારમાં ચાલ્યા. શુદ્ધ ક્ષત્રિયો લડતાં મરવાનું વધારે પસંદ કરે છે. તેમણે શુભ શકુનથી એમ માન્યું કે લડવાનો પ્રસંગ પ્રાપ્ત થશે, અને અશુભથી એમ માન્યું કે લડતાં કદાચ પ્રાણાંત થવાશે તો તે પણ ક્ષત્રિયોના માટે તો શુભ શકુન જ છે. આમ નિર્ણય ઉપર આવી તેઓ દરબાર તરફ ચાલ્યા.

દરબારના સમયે દરબારમાં જવા નિકળતાં સલાબતને પણ માન શકુન થયાં. તેનાં નેત્રો સત્તાના મદથી ઠેકાણા પર નહોતાં, તેમ જ સત્તાના બળથી પોતાને મારી શકે એમ કોણ છે ? એમ જ માનતો હતો. તેથી તેણે પણ તે તરફ દુર્લક્ષ કર્યું અને પોતાના પ્રબળ ભાગ્યચક્રની પોતાના મન સાથે પ્રશંસાત્મક વાતચીત કરતાં દરબારમાં ચાલ્યો.

બાદશાહ પણ પોતે દરબારના સમયે હાજર રહેવા સારૂ તૈયાર જ થઇ રહેલો હતો. દરબાર બરાબર ભરાયો એટલે "બડ! નકીબે" વરદી આપવાથી દરબારમાં જવા નિકળ્યો અને પોતે આસનેથી ઉઠયો એટલે જનાનામાં કોઇને છીંક થઈ. પરંતુ જે દિલ્હીશ્વર પોતાને પરમેશ્વર સમાન માનતો હતો; આખા ભારતવર્ષના હિન્દુ મુસલમાન તમામ રાજાઓના મુગટો જેના ચરણસ્પર્શ ચાહતા હતા; જેની કૃપાકટાક્ષ ઉપર રાજા-નવાબોનું જીવન અને રાજ્યસત્તા હતી; મ્હોટા મ્હોટા રાજા નવાબો જેની સેવામાં હમ્મેશ સ્થિત રહેતા હતા; અને માત્ર દિલ્હીશ્વરની કૃપાકટાક્ષને પરમેશ્વરની કૃપાકટાક્ષ સમાન માનવામાં આવતી હતી, તે દિલ્હીશ્વરના મનમાં એક છીંકથી સહજ પણ શંકા થાય કે તે તેને અપશકુન માની તેથી પોતાનું અહિત થશે, એમ શાનો માને ? ! તેના મનમાં ખુદાની પ્રબળ સત્તાનો પણ તે વખતે ખિયાલ આવ્યો નહીં કે, ખુદાની અકૃપાથી "એક લોખંડના ધડાને એક કાંકરી પણ ફોડી શકે છે" અને તે પરવરદિગારની કૃપાથી "એક

કાચો ઘડો ચહાય તેટલા ઊંચેથી પડવા છતાં પણ ફૂટતો નથી," તે તો પોતાની સત્તાની પ્રબળતામાં જ મસ્ત હતો. તેથી અપશકુનનો હિસાબ ગણ્યા શિવાય દરબારમાં આવ્યો.

દરબારમાં બાદશાહના આવ્યા બાદ સલામી વિગેરેનું કાર્ય પૂર્ણ થઈ રહ્યા બાદ, અમરસિંહજી તરફ મોકલવામાં આવેલા હલકારાએ આવી હાથ જોડી પ્રાર્થના કરતાં બાદશાહને જણાવ્યું કે, "ગરિબ પરવર, દીન દિલ્લી કે વાલીદ, વો નાગોરકે રાજા અમરસિંહ આયે હૈં; ઔર જસવંતપુરામેં મુકામ રકખા હય; ઔર આજકે દરબારમેં હાજિર હોનેકા વો બોલે હૈ." આ સમાચાર જણાવતાં તેણે અમરસિંહજીની તૈયારીની હકિકતને છુપાવી.

અમરસિંહજી પોતાની આજ્ઞા મુજબ સૈન્યનો બંદોબસ્ત થયો છે કે નહીં, તેની તપાસ કરી, પોતાની ખાત્રી કરી, દરબારમાં આવવા નિકળ્યા. દરબારમાં જતાં જ ભાગ્યશાળી (!) સલાબત દરબારમાં જવાની નિસરણી ઉપર મળી ગયો. તેણે પોતાનો કૃત્રિમ–બાહ્ય–પ્રેમ બતાવતાં અમરસિંહજી સાથે વાતની શરૂઆત કરી. તેણે જાણે બાદશાહના હુકમમાં પોતાનો હાથ જ નથી એમ બતાવવાનો ડોળ કરતાં, પોતાની નિર્દોષતા વ્યક્ત કરી. પરંતુ અમરસિંહજીને તો પ્રથમથી જ માલુમ હતું કે આ તમામ કૃત્ય તેનું જ છે.

સલાબતે વાત પછી વાત કહાડતાં છેવટ પોતાનો નિર્દોષ અભિપ્રાય જણાવતાં અમરસિંહજીને કહ્યું કે, "દેખો અબ જો હુવાસો હુવા. ઇસસેં નારાજ નહીં હોના, ઔર બાદશાહ સલામતકે હુકમ મુવાફિક જુર્માનાકી રકમ દે દેને મેં ભલા હૈ."

અત્યાર સુધી અમરસિંહ પોતાના ક્રોધને દબાવી રહ્યા હતા, તે તેમનો ક્રોધ જેમ "શાંત થતા અગ્નિને ઘીની મદદ મળવાથી તે જેમ એકાએક પ્રજ્વલિત થાય છે" તેમ અમરસિંહજીના દબાઇ રહેલા ક્રોધને સલાબતનાં વચનોરૂપી ઘૃતની સહાય મળવાથી તે એકાએક પ્રગટ થયો. તેમણે સલાબતને કહ્યું કે, "દેખરે સલાબત! રાઠોડાંસું જુર્માના કણ રીતસું વસુલ કિયો જાવે હૈ, વો બાદશાહને માલુમ હૈ કોય નહીં. જીસસેં મેં બાદશાહને દિખાયને ફીર જુર્માના દેશો. ઇણ રાઠોડોંરી બાબદમેં થારે પડવારી જરૂરત કોય નહીં હૈ. થું દીપકરા ઉપર પતંગ હોને મત પડ."

આવાં મહારાજાનાં વચનો સાંભળી સલાબત જેવા સત્તામાં અંધ બનેલા પીંજારાને ક્રોધ ચડે એ સ્વાભાવિક હતું. પોતે ક્રોધના

આવેશમાં ને આવેશમાં, કોની સાથે વાતચિત કરે છે તેનું પણ ભાન ભૂલી ગયો. તે પોતાના મિજાજ ઉપર કાબુ પણ રાખી શકયો નહીં. પોતાની વાતચિત લંબાવી "ગઁવાર" શબ્દનો ઉપયોગ કરી અમરસિંહથી વાતચિત કરવા તેને પોતાની સત્તાના બળથી ઇચ્છા થઇ, અને તેનો ઉપયોગ કરવા સારૂ તેમણે "ગઁ" નામના પ્રથમ અક્ષરને પોતાના મોઢામાંથી બહાર પાડ્યો, અને તે "ગઁ" અક્ષર સાંભળતાં જ—

"ઉન મુખતેં ગ ગો કહ્યૌ, ઉન કર લઇ કટાર;
"વાર કહન પાયો નહીં, જમધર હો ગઈ પાર.

આમ એકાએક સલાબતનો ભેટો રસ્તામાં જ થઈ ગયો. "પહેલો મારે તે કદી ન હારે" એ સૂત્રને અનુસરીને ગઁવાર શબ્દના વાર એ બે અક્ષરો તો હજુ તેના મોંમાંજ હતા અને "જમધરે—કટારે જમધર"ની યાત્રા સારૂ તેને મોકલાવ્યો. આ સલાબતના મરાયાના સમાચાર ત્વરિતજ બાદશાહને પહોંચાડવામાં આવ્યા અને બાદશાહે વીર અમરને મારવાને માટે હુકમ કર્યો. હિન્દુ સરદારો તો અમરસિંહ સામા તેમને મારવા ન ઉઠ્યા તે નજ ઉઠ્યા, પરંતુ કેટલાક ખાનો પણ તેમને મારવાના કાર્યમાં જોડાયા નહીં. અમરસિંહરૂપી કાળના કોળીયારૂપી બાદશાહના એક્કા તથા અન્ય ખાનો અમરસિંહ ઉપર ધસ્યા. અહિં અમરસિંહે તો પોતાની કટાર તૈયાર રાખી જ હતી. તેનાથી જે જે મુસલમાનો તેમને મારવા આવ્યા હતા, તે તમામનો તેમણે ત્વરિત જ નાશ કર્યો. આવી રીતે જ્યારે 'દુશ્મનઘાતિની'' અમરસિંહજીની કટારીએ તેમના ઉપર આવેલા મુસલમાનોનો નાશ કર્યો, એટલે અમરસિંહજીના નામની દરબારમાં ધાકજ પડી ગઇ. કોઇની પણ અમરસિંહના સ્હામા આવવા હિમ્મત ચાલી શકી નહીં. અમરના સામું થવું તે માત્ર પોતાના ઉપર "કાળ"ને આમંત્રણ કરવા સરખું સહુને લાગ્યું. બાદશાહ અમરસિંહને મારવા વખતો વખત હુકમ કરતો ગયો, પરંતુ કોઇ ખાન કે ઉમરાવ પોતાના આસન ઉપરથી હાલ્યાજ નહિં, તે તો જાણે જડ મૂર્તિઓજ હોયની! એમ આસનોવાળા આસને અને ફુદ્દાંવાળા ફુદ્દાં પકડીનેજ સ્થિત થઇ ગયા.

અમરસિંહે કોઇપણ નિરપરાધીને નહીં મારતાં, માત્ર પોતાના ઉપર આવનારને જ તેમણે માર્યા. જ્યારે કોઇ ખાન—ઉમરાવ સ્હામા આવ્યા નહિં ત્યારે ખાન—ઉમરાવોને હુકમ કરનાર ખુદ શાહાનશાહ શાહજહાઁન ઉપર તેઓ ધસ્યા. અમરસિંહને વિકરાળ રૂપ ધરી દરબારમાં આગળ વધતા જોઇ, સર્વ ખાન અને ઉમરાવોને પોતાના પ્રાણ રક્ષાવાની પણ દેહેશત લાગી. તેમની દશા તો જેમ "પ્રહ્લાદ"ના વખતે "હિરણ્ય-

કશ્યપુ”ને મારવા સારૂ “નૃસિંહ” ભગવાનના પ્રગટ થવાથી જેવી દશા “રાક્ષસો”ની થઈ હતી તેવી થઈ. અમરસિંહને આગળ વધતા જોઈ તેઓ પણ ચડપોચડપ પોતાનાં આસનો છોડી અને નાસવા લાગ્યા. આ વખતે અમરસિંહનો નિરપાધીઓને મારવાનો બિલકૂલ વિચાર ન છતાં માત્ર તેમનું લક્ષબિંદુ તો શાહજહૉન ઉપર જ હતું; તેથી તેઓ સરદારો તરફ લક્ષ ન રાખતાં શાહજહૉન તરફ જ ધસ્યા. અમરસિંહને આગળ વધતા જોઈ તે વખતે બાદશાહને પોતાના કાળનાં પ્રત્યક્ષ દર્શન થવા લાગ્યાં, અને તેને પોતાના પ્રાણ રક્ષવાનો ઉપાય શોધવાનો પ્રસંગ ઉભો થયો. તેને કોઈ રીતે પોતાનો પ્રાણુ રક્ષાવાનો અન્ય કોઈ ઉપાય જડ્યો નહીં, અને માત્ર જનાનખાનામાં જાય તો જ તેને પોતાના પ્રાણનું રક્ષણ જણાયું. તે જનાનખાનામાં પોતાનો પ્રાણ બચાવવા સારૂ નાઠો, પરંતુ અમરસિંહજી તેના વાંસે જ હતા. તેમણે બાદશાહ ઉપર કટારી નાંખી, જે દરબાર માંહેલા એક પત્થરના થાંભલામાં વાગી—અને કહેવામાં આવે છે કે અદ્યાપિ પણ આગ્રાના દરબારના થાંભલામાં તેનું નિશાન છે. બાદશાહ જનાનખાનામાં પેઠો એટલે અમરસિંહ જનાનખાનામાં ન જતાં જનાનખાનાના દ્વાર અગાડી જ અટકી પડ્યા.*

અમરસિંહે નાસતા બાદશાહ ઉપર પોતાનો કટાર નાંખ્યો, પરન્તુ બે હાથવાળા મારનાર સામે હઝાર હાથવાળો રક્ષણ કરનાર હોય ત્યાં બે હાથવાળાનું શું ચાલી શકે? અને બાદશાહના માટે પણ એમ જ થયું. અમરસિંહે તેને મારવા સારૂ કટાર નાંખ્યો, પરન્તુ બાદશાહનું રક્ષણ કરવા સારૂ અખિલ બ્રહ્માંડોનો માલિક તૈયાર જ હતો. તેમનો કટાર થાંભલામાં વાગ્યો અને બાદશાહ સહીસલામત જનાન-

---

* પરંતુ તેઓ એવા જ ક્રોધાયમાન બની ગયા હતા કે,

છંદ પદ્ધરીઃ—

વિકરાળ રૂપ ધર્યો અમરસિંધ, મનૌ ભક્ત કાજ પ્રગટે નૃસિંધ;
ભૌ હાહાકાર દરબાર માંહ, ચલ્યો અમર જહાં શાહાનશાહ.
લખી અમર ક્રોધ ભગ્ગિય શાહ, જા લુક બૈઠ જન્નાનમાંહ;
અમ્મર કટારી પીછું ચલાય, જા ચોટ પરી હૈ થંભ માંય.
પડી શાહ ઉર શંકા અપાર, જનુ આય જનાને દેહિં માર;
અમરેશ ત્રાસ પર્યો નગ્ર માંહ, ભગે તુર્ક કોઉ દરબાર નાંહ.
અણુ રીત કરી અમરેશ કાજ, દરબાર બૈઠ મનુ મગ્નરાજ;
હૂરમ્મ સુન્યૌ જબ સમંચાર, શાહપે ભઇ ક્રોધિત અપાર.

(લોકકથા)

ખાનામાં પહોંચી ગયો. અમરસિંહજી રાજપૂતોના સાધારણ સ્વભાવ મુજબ, એક તો બાદશાહ પીઠ બતાવીને નાઠો તેથી અને વળી તે જઇને જનાનખાનામાં છુપાયો, તેથી તેના વાંસે જનાનામાં નહીં જતાં, દરબારમાં એક સિંહની માફક પોતાના સામો કોઈ આવે છે કે નહીં તેનું નિરીક્ષણ કરતા બેઠા. તેઓ કેટલોક સમય સુધી દરબારમાં દુશ્મનની રાહ જોઈ બેસી રહ્યા, પરન્તુ કોઈપણ દુશ્મન આવ્યો નહીં. બાદશાહે તો ખરા બપોરે તારા જોઇ જનાનાનો આશ્રય ગ્રહણ કર્યો હતો, એટલે તે તો દરબારમાં અમરસિંહ સામો આવવાની હિમ્મત ક્યાંથી લાવે? પરંતુ અન્ય કોઇને પણ અત્યારે અમસિંહ સ્હામા મોકલવાની હિમ્મત તે કરી શકયો નહીં. કારણ અન્ય સહુના દરબારમાં બેઠાં જ અમરસિંહે જે બહાદુરી કરી હતી, તેનું સ્મરણ તેના મનમાં જ હતું. રાઠોડોની વીરતા જગત પ્રસિદ્ધ જ છે. તે કંઈ અત્યારે અમરસિંહે જ બતાવી એમ નહોતું; તે વખતે તો રાઠોડો તેવા જ ઉત્પન્ન થતા હતા.*

આવી રીતે અમરસિંહે માત્ર એક કટારીથી જ આખી બાદશાહીમાં હાહાકાર વરતાવી—શૂન્ય દરબારમાં પોતાની સાથેના સરદારો સામે પોતાના આસન ઉપર તેઓ બિરાજ્યા, અને બાદશાહની કુમકે કોઇ આવે છે કે કેમ? તત્ સંબંધી રાહ જોવા લાગ્યા.

પ્રકરણ પંદરમું
હૂરમ અને અમરસિંહ

દોહા:—નારી અતિ બલ પાયકેં, કરત પુરૂષકો ઘાત;
શાહ અમર યા દુહુંનકી, ભઈ એકશી બાત.

અમરસિંહની હકિકત આટલેથી અટકાવી, હવે આપણે જનાનખાનામાં બાદશાહ સલામતની શું દશા થઈ તે તરફ લગાર આપણું લક્ષ ખેંચીએ. બાદશાહ જનાનખાનામાં પોહોંચે તે પહેલાં જ દાસી-

---

* કવિત:—

ધરી વિકરાળ રૂપ, વીર રસ આયો પનો, કરમેં કટારી કેઈ, જન કાલ કે ગઈ;
સારે સારે મીર ઉમરાવનકે ઊર હાક, ધાક દરબાર સારે, માંહ જતુ છે ગઈ.
ખુદ બાદશાહ જાય, લુક ગૌ જનાને માંહ, દેખિ કેં કટારી ભારી, ઠસકરૂને ગઈ;
"છગન" ભનંત ગજસિંઘ કે અમરસિંઘ, ઐશી તેં કટારી બાહી, શાકો સહુ દે ગઈ.
આજકી ન બાત યહ, આદતેં રાઠોરનકી, એક બીર લાખનમેં, હાક બરતાત હે;
સારી બાદશાહી માંહ, સુની નામ રાઠોરકો, બીર રનધીરનકો, ઊર શંકા ખાત હે.
આજ ગજસિંઘજીકે, અમર જાગયો રંગ, જીનકે પ્રતાપ, બાદશાહ અકુલાત હે;
ધન્ય માત, ધન્ય તાત, ધન્ય કુલ ધન્ય ભ્રાત, ધન્ય અમરેશ જાતેં, શૂર સકુચાત હે.

ઓની માર્ફત સલાબતની બહેન હૂરમને સલાબતના મરાયાના અને અમરસિંહની બહાદુરીના તથા બાદશાહના નાસવાના સમાચાર દાસીઓ માર્ફત પહોંચી જ ગયા હતા. તે બાદશાહને આવતાંની સાથે જ અતિશય ક્રોધયુત મુદ્રાથી કહેવા લાગી કે:—"જહાંપનાહ, આપ એક બખત મેરી સાથકી બાતમેં કહતેથેકી–આપકા સૈન એકવીસ આના હૈ, લેકિન મેરેકો તો પાવ આના ભી–માલુમ નહિ હોતા હૈ. કયોંકી એક રાઠોરને ભર દરબારકે બીચમેં બાદશાહકા "બડા નકીબ" મેરા ભાઈ સલાબત ખાનકો ઔર ઔર ભી કેઇ મુસલમાન સિપાહ સાલાહોંકો ઔર સિપાહોંકો માર દીયા, ઔર આપ ભી જનાનેમેં ઘૂસ બૈઠો હો યે કયા બાત હૈ ?"

શાહ:—"અય પ્રિયા! તુમ્મારી જલ્લદ ઇસ બખ્ત કામ નહીં આ સકતી હૈ. કયોંકી જો ઉસ બખ્ત મૈં દરબારમેંસેં ભગકે જનાનેમેં નહીં આતા તો વો રંન્ડ મેરેકો ભી માર દેતા. જબ મૈં જનાનેમેં આયા તબીતો મેરે પર ખુદાને ખેર ગુજારી, અગર મૈં શિવા જનાને કે કોઇ ઔર જગામેં છુપાતા તો વો અમરસિંહ વહાંપર આકરકેં ભી મેરેકો જરૂર મારતા. ઇસસેં ઇસ બખ્ત તો તુમ પાક પરવરદિગારકા શુક્ર ગુજારો કે જીસકી નેક મહરબાનીસેં મૈં બચ સકાહું."

હૂરમ:—"હુઝુર! ઇસમેં શુક્ર ગુજારનેકા કયા હૈ? વો રાજપૂત લોગ તો ભગે હુવે દુશ્મનકે ઉપર કભી હાથહી નહીં ઉઠાતે હૈં. ફીર ભી આપ ભગ્ગે હો ઔર જનાનેમેં આ કે છુપ બૈઠે હો, તો આપ ઇતને કયું ડરતે હો? આપ ઐસા ભી કહતેથે કી આપકી પાસમેં બાઇસ લાખ ફૌજ હૈ. વો મુઝે તો કુછ નહીં દીખ પડતા હૈ. આપને બગૈર કારન મેરે ભાઇકો મરવા ડાલા, ફીર આપકી બાઇસ લાખ ફૌજ કબ કામમેં આયગી? ઇસકા ભી તો કુછ ખિયાલ કરો. હુઝુર કો મેરા અરજ હૈ કી મેરા ભાઇકા વેર લેના ચાહિએ."

શાહ:—"અય નાજનીન! તેરી યે જીક્ર ઇસ બખ્ત છોડ દે. વો રાઠોર સુનેગા તો યહાં આકરકેં ભી મેરેકો માર દેગા, ઔર દેખ તેરા ભાઇ ચુગલીખોર થા ઔર ઇસને અમરસિંહકી ચુગલી ખાઇ. જીસસેં વો મારા ગયા હૈ ઔર ઉસકા વેર, તુમારા જીક્ર હૈ તો આગે લીયા જાયગા. લેકિન અભી તો મૈં બચા ઇસસેં તેરે કો ખુશ હોના ચાહિએ."

હુરમ:—"હઝરત! આપને બચકે કયા કીયા? આપને તો બચકે જનાના ઓઢા, ઔર અવ્વલસેં બઢી હુઇ શાહી ઇજ્જતકે ઉપર પાની ફીરા દીયા. જબ આપ ભગે ફીર ખાન–ઉમરાવજી ભગે, તો ફીર આપ-

કો લાજીમ હે કી યે મેરે જનાને કપડે બી તૌ પહર લો, ઔર આપ-કે મરદાને કપડે ઔર આપકી યે તલવાર મેરેકો દે દો. આપસેં કુછ ન હો સકેગા, ઔર મેં ઉસ રાઠોરકા નાગોર ખાલસા કરૂંગા, ઔર ઉસકો પકડકેં ઉસકા નાક ફોડકેં ઉસમેં નાથ ડાલુંગા, કયઉંકી મેરેકે મેરા ભાઇકો મરા સુનકે ઉસકા મૌત સહા નહીં જાતા હૈ."

બાદશાહને હૂરમનાં વચનો સાંભળી રીસ તો ચ્હડી, પણ તેને તો પોતાના શિર ઉપર કાળનું ભ્રમણ ભાસતું હતું; તેથી ત્વરિત કંઈ જ કરી શકવાની તેની હિમ્મત ચાલી શકી નહીં, તો પણ હૂરમના ક્રોધનું સાંત્વન કરવા સારૂ કહેવા લાગ્યો કેઃ—

"અય હૂરમ! ઈસ બખ્ત તો તુમ મહરબાનીકે ખાતિર ચુપ હો કરકે રહો. મેં કલ ફજરમેં દરબાર કરકે બીડા ફીરાકે ઉસ રંગડકો પકડા લુંગા, ઔર મેં કસમસેં કહતા હુંકી જહાં તક મેં ઉસ રંગડકો ન પકડાઉંગા વહાં તક મેરેકો ખાના ખાના હરામ હૈ"

હૂરમઃ—"હુઝુર! આપ યહાંઇ છુપે રહો, સિર્ફ મેરેકો તુમારી તલવાર દે દો. મેં ઉસ રંગડસેં લડુંગા, આપસેં કુછ ભી હો નહીં સકેગા."

આમ બાદશાહનો તિરસ્કાર કરી રીસમાં ને રીસમાં જે બારી-એથી બાદશાહ જનાનખાનામાં ગયો હતો, તે જ બારીએથી તે દરબારમાં ગઈ. તેના પગનો અવાજ સાંભળી જેમ પાંજરામાં સપડાયલો સિંહ કોઈ માણસ અથવા જાનવરના પગનો અવાજ સાંભળી એકાએક ક્રોધાવેશમાં આવી તૈયાર થઈ જાય, તેમ અમરસિંહ પણ ટટાર થયો અને ત્વરિત કટાર સંભાળી, પણ જોયું તો સામે આવનાર વ્યક્તિ પુરૂષ નહીં પણ સ્ત્રી હતી. તેથી પોતાની કટારી મ્યાન કરી બેસી રહ્યા, એટલે પોતાના ભાઈના મરણ સમાચાર સાંભળી, મારનાર ઉપર બળી રહેલી હૂરમ આવી, અને મારનારને જોઇને કહેવા લાગી કેઃ—

"અય અમરસિંહ! તૈંને ઇસ શાહી દરબારમેં આકે દંગલ કયું મચાયા હૈ? ઔર બીના કુછ કારણ મેરે ભાઈ સલાબતખાનકો કાયકો માર ડાલા? કયા તું કિસીકી દહશત ભી નહીં રખતા હૈ? જીસસેં અભી બી તું ઇસ દરબારમેંસેં હટના નહીં હૈ? અભી બી તેરેકો તેરે જાનકી દરકાર હોતો ભગ જા. નહીં તો તેરેકો પકડાયા જાયગા."

અમરઃ—"અય બેગમ! થેં થારો મુ સમાલને બોલ. દેખ તેરા ભાઈ સલાબત ચુગલી ખાણેવાલા, હાં જીણુસું મૌને ઉસકો માર દીયો હૈ. અર બાદશાહ ભાગને થારા શરણામેં આય બૈઠો જીણુસું વો બચ

ગયો હૈ. મેં ડરૂં કિણુસોં ? થારી બાદશાહીમેં મોરી નજરોંમેં કોઈ વીર આવે કોય નહીં. ફીર બાદશાહરા જૈડા કાયરોંસેં ડરનેમેં ઈણુ દરબારમેંસેં ભાગ જાઉં ? અર જો બાદશાહરો સઘળો સેન લડવારે બાસ્તે આવે જરાં મેં ભાગું કોય નહીં, તો ઈણુ નામરદોંસેં ભાગવારો કાંઇ કારણુ હૈ ? મેં મોરે જાનરી પરવા રાખું કોય નહીં, કયું કી હમ ક્ષત્રિ લોગ જાનનેં પાસ રખને ફીરે કોય નહીં, કી જીણુસું ઝગડામેં જીવરા રક્ષણુમેં ચિત્તચોટ જાય. થેં મોનેં પકડવારો કેવો હો પણુ પકડવાવાલો બાદશાહ તો જાયનેં જનાનામેં છુપ બૈઠો હૈ, ઔર થું જનાના હો કર ને મરદાના કપડાં પહરીનેં અઠૈ દરબારમેં આયને એક રાજપૂતરા સામને ખડી હુઈ હૈ, અર શરમાય કોય નહીં ? થું કીણુ તરોંસું મોંને પકડ સકે હૈં ? થારે જો કરણો વૈસો કર. મેં તો અઠૈ પકડવાવાલારો ગેલો દેખને દરબારમેં બેઠો હું. થેં ભગજા રે ભગજા. થારાસું બાત કરતાં મોંનેં શરમ આવે હૈ."

હુરમઃ—"અય અમરસિંહ ! તેને મેરા એકાએક ભાઈ સલાબતખાનકો જાનસેં મારા, તેરેકો દયા ભી નહિં આઇ. તું હિન્દુ હોકરકેં બીના દયા મેરે ભાઇકો મારા, ઇસસેં માલુમ હોતા હૈ કી તું દયા હીન હિન્દુ હૈ."

અમરઃ—"અય બેગમ ! થેં અઠૈ બીના મોતસું મરવારા બાસ્તે કયું આઇ હો ? થોંનેં લુગાઈ સમજને મેં મારૂં કોય નહીં, અર થારો કહણો સુંણુનેં સાંખ રહું હું, અર થેં મોરેસું અધિક બાત કીં કરવારા બાસ્તે બોલે હૈ ? દેખ, થારો ભાઇ બાદશાહસું હરદારોંરી જુઠી ચુગલી ખાયા કરતો હો, જીણુરો ફલ ઇણુકું મીલ ગયો હૈ. બાદશાહ થારા ભાઈરી ચુગલી સુણને ખોટા હુકમ કરતો હો. વો જાયને થારા શરણુમેં આયો જરાં બચ ગયો હૈ. જો વો ભાગતો, નહિં તો સલાબતરી ચુગલીયોં સુણુવારા બાસ્તે પધાર જાતો. મેં હિન્દુ હું, યા બાત તો સાચી હૈ, પણુ હિન્દુઓંરો કામ હૈ કી થારા ભાઇ જેડા જુઠી ચુગલી ખાયને હિન્દુ મુસલમાનોંરા બિચમેં કુસંપ કરાવણુવાલા આદમીયોંનેં મારનેં હિન્દુ મુસલમાનોંમેં સંપ બઢાવણો. થારા ભાઇરા જીવણાસું હિન્દુ મુસલમાનોંમેં કુસંપ બઢ જાતો. અર થારા ભાઇરા મરવાસું સંપ વ્હૈશી. જીણુસું થેં પરમેશ્વરરો ઉપકાર માનલૈ કે થારા ભાઇ જેડો ચુગલીખોર બાદશાહતમેં સું જાવણુસેં, બાદશાહત મજબુત હોશી, અર હિન્દુ મુસલમાન એક બણુને કામ કરશી. હમ હિન્દુઓંરા સુભાવ દયારા ભર્યોડા હૈં, પર વૈ દયા જો થારા ભાઇ જેડા ચુગલીખોરરા તરફમેં બતાઇ જાય તો ઈશ્વરરો ગુન્હો વૈ જાય. જીણુસું ચુગલીખોરને જીસી સજા હોણી ચાહિએ ઇસી સજા થારા ભાઇને કરનેમેં હિન્દુ-

ઑરા ધર્મરો રક્ષણ કિયોડો હૈ. દેખ દયા તો કરણી પણ કીણરા ઉપર ? ગાય, બ્રાહ્મણ, લુગાઇ ઔર થારા ખાવિંદ જેડા ભાગા હુવા દુશ્મનરા તરફ. થારા ભાઇ જેડા ચુગલીખોરોં તરફ દયા કરને તો "દુધ પાય ને સાપ ઉછેરવા" જેડો કામ હો, જીણુસુ ઉસકો ઠિકાણો કર દીયો હૈ."

હૂરમઃ—"અમરસિંહ ! તું બાદશાહસેં બેર કરકેં કિધર રહેગા ? ઇસકાભી તેંનેં કુછ ખિયાલ કીયા હૈ યા નહીં ? મેં તેરા નાગોર ખાલસા કરૂંગા, ઔર તેરે ઘરકે સબ આદમી લોગોંકો પકડ મંગવાકર કૈદમેં ડાલુંગા ઔર તરેકો તો જાનસેં માર દીયા જાયગા. તું બાદશાહકા સરદાર—નૌકર હો કરકેં બાદશાહસેં નમકહરામ હુવા, ઇસસેં તુમેરે હિન્દુઓંમેં જીસકો "નરક" લોગ કહતે હો ઉસ "નરક" મેં તું મેરે હાથસેં ભેજા જાયગા."

અમરઃ—"અય બેગમ ! થારો બાદશાહ તો જનાનો સેવૈ હૈ, ફીર તું મોંનેં કાંય કર સકે હૈ ? મોંનેં "નરક" દેવો એ થારા હાથમેં કઠૈ હૈ ? ક્યું કી મેં ચુગલી ખાણેવાલો હું કોય નહીં, અર થારો ભાઇ ચુગલી ખાણેવાલો હો, ઔર હમારે હિન્દુઓંકે ધર્મ શાસ્ત્રમેં કહ્યૌ હૈ કી, ચુગલી ખાણેવાલો "નરક" મેં જાવૈ હૈ. સો થારો ભાઈ ચુગલી ખાતો હો જીણુસું ઇણુને બાસ્તે "નરક" રા દરવાજા ખુલ ગયા થા જીણમેં મોરે હાથસું ધકેલ દીયો ગયો હૈ, ઔર અઠે જાયને "નરક" રો સુખ ભોગ રહો હૈ."

હૂરમઃ—"અમરસિંહ ! તું મેરા ભાઇકો મારકે ફટ ગયો હૈ, લેકિન થોડે રોજમેં મેં તેરેકો "સ્વર્ગ" "નરક" દિખાઉંગી. કલ ફજરકે દરબારમેં તેરેકો પકડનેકી તરકીબ કી જાયગી. તેરેકો પકડે બાદ તેરે ઘરકે સબ લોગોંકો પકડ લાકેં તેરે દેખતેહી ઉનકે નાક ફોડકે ઉસમેં નથ ડાલી જાયગી, ફીર તેરેકો બરાબર ખ્યાલ હોગા કી "નરક" કિસકો મીલા."

અમરઃ—"થારાસું જો હો સકે સઘળો કલ કર દિખાવણો, મૈં દેખસોં. ખાલી બકબક કરને મોરી રિસ ક્યું બઢાવૈ હૈ. અબાર થૈ ચલીજા."

કપાળમાં વાગે તેવા જવાબો અમરસિંહજી તરફથી મળવાથી અમરસિંહને ડરાવવા આવેલી હૂરમના મનમાં એમ થયું કે 'હવે આને ઘણો સતાવવામાં કાંઇ જ અર્થ નથી. ઘણો ચીડાશે તો ભાઇની પાસે બહેનને પણ કદાપિ મોકલી દેશે. અત્યારે તો તેના પાસેથી ચાલ્યા જવું તે જ મારા માટે હિતકારક છે.' આમ વિચાર કરી નિરાશ થઇ

જે બારીએથી દરબારમાં આવી હતી, તે જ બારીએ થઇને પાછી જનાનખાનામાં ચાલી ગઇ. અંતઃકરણથી બાદશાહતની બાવીસ લાખ ફોજથી પણ નહીં ડરનાર વીર અમરસિંહની વીરતા અને દૃઢતાની તે પ્રશંસા કરવા લાગી. બાવીસ લાખ સૈન્યના સ્વામી પોતાના પતિ બાદશાહની કાયરતાને માટે તેને ધિક્કારવા લાગી. પછી અમરસિંહ પણ દરબારમાંથી ચાલ્યા ગયા.

પ્રકરણ સોળમું

અમરસિંહને પકડવાનું બીડું

દોહાઃ–લાલચના વશમાં પડે, પ્રાણ તણી છે હાણ;
જેમ માછલું જળ રહે, લાલચ ખોવે પ્રાણ.

બાદશાહે દુશ્મના અગાડી અમરસિંહને પકડવા સારૂ સોગન લીધા હતા, તે મુજબ બીજે દિવસે સવારમાં દરબાર કર્યો. દરબારમાં સીતેર ખાન અને બોહોતર ઉમરાવો વારાવાળા હાજર થયા. બાદશાહને વરદી મળવાથી તે પણ દરબારમાં આવ્યો. આવીને તેણે અમરસિંહને પકડી લાવવા સારૂં બીડું ફેરવ્યું. આ બીડું લઇ નવો 'નકીબ" એ વખત દરબારમાં ફર્યો, પરંતુ કોઇની પણ અમરસિંહને પકડવા જવાની હિમ્મત ચાલી શકી નહીં. બીડું કોઇએ ઉઠાવ્યું નહીં. દરબારમાં આવી રીતની અમરસિંહની ધાક પડી ગયલી હોવાથી બાદશાહ અતિશય નાખુશ થયો અને દરબારમાં હાજર રહેલા ખાન–ઉમરાવોને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "યારો! તુમ સીતેર ખાન ઔર બોહોતર ઉમરાવ ઔર બડે બડે જંગે અફસર ઔર સુબા લોગ ભી બૈઠે હો. ઔર કલભી તુમ સબ લોગ દરબારમેં હાજર થેં. તુમારે હમારે દેખતેહીં વો રાઠોડ અમરસિંહને "બડા નકીબ" સલાબતકો માર ડાલા, ઔર ઔરભી કોઇ આદમીયોંકો ઉસને માર ડાલા. મૈં ભી જનાનખાનેમેં ભગકે ઘુસતા નહીં તો વો મેરેકો ભી માર દેતા, પરન્તુ તુમ હમ સબ દેખ રહે, ઔર કુછ કર સકે નહીં. આજભી યે બીડા ફિરાયા ગયા, લેકિન તુમારેમેંસેં કોઇ ઉસકો ઉઠાને કી હિમ્મત કર સકતે નહીં હો, યેભી બડી તાજુબીકી બાત હૈ. કયા વો રાઠોડ લોગ અકેલે હી બીરતા રખ સકતે હૈ? ઔર તુમારેમેંસેં ભગ ગઇ હૈ? યારો, તુમ લોગ બિચાર કર દેખો કે બાદશાહતમેં તુમારી ગિનતી નહીં હોગી. અલબત્ત બાદશાહતકે સાથ તુમભી ગિને જાઓગે. ઈસસેં બાદશાહતકે નામકે ખાતિરભી તો તુમારેમેંસેં કોઇ તયાર હો કે બીડા ઉઠાઓ."

આવી રીતે દરબારીઓને પાણી ચડાવી તેણે ત્રીજી વખત બીડું ફેરવવા હુકમ કર્યો. "નકીબ" બીડું લઇ ફરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, "યે બાદશાહતકે ખાતિર આપ સરદાર લોગ ખિયાલ કરકે બીડા ઉઠાઓ." ફરતાં ફરતાં જે જગાએ ગૌડ દેશનો રાજા અરજુન ગૌડ, જે અમરસિંહજીનો સાળો થતો હતો ત્યાં આવ્યો એટલે તેણે બીડું ઉઠાવ્યું.

બાદશાહે પૂછ્યું કે; "યારો બીડા કિસને ઉઠાયા ?"

નકીએ જવાબ આપ્યો કે; "ખુદાવિંદ ! ગૌડ દેશકા રાજા અરજુન ગૌડ, જો અમરસિંહકા સાલા હોતા હૈ ઉસને ઉઠાયા હૈ."

પોતાનું નામ બાદશાહ આગળ જાહેર થયું એટલે જ્યાં ઉભો હતો ત્યાંથી આગળ આવી બાદશાહને કુરનસ કરી અરજ કરવા લાગ્યો કે; "ખુદાવિંદ ! બીડા મૈંને ઉઠાયા હૈ."

બાદશાહે તેનું કહેવું સાંભળી, કહ્યું કે; "ગૌડ ! તુમ ઔર અમરસિંહ એક જાતકે હો ઔર અમરસિંહકે સાથ તુમારી ભેણુ બ્યાહી ગઇ હૈ, ફીર તુમારેમેં ભરોસા કૈસા રકખા જાય."

બાદશાહને પોતાના ઉપર ભરોસો રાખવા માટે શંકા રાખતો જાણી તેનો ખુલાસો કરતાં અરજુન ગૌડે જણાવ્યું કે, "ખુદાવિંદ ! રાજપૂતોંકા જાત ઔર સગા સંબંધ વહાં તક રહતા હૈ કી, જહાં તક વો લોગ એક દુસરે કે સામને હથિયાર ઉઠાતે નહીં હૈં. જબ હથિયાર ઉઠાતે હૈં તબ બાપ-બેટા, ભાઇ-ભાઇ, સાલા-બનેઇ વગૈરા કોઇ સંબંધકા બિચાર કરનેમેં નહિં આતા હૈ. રાજપૂત લોગ માલિકકે કામમેં ઇરસે દેખતેભી નહિ હૈં."

બાદશાહે કહ્યું કે; "દેખો, તુમારે ઐસા કહનેસે તુમારે ઉપર ભરોસા રખકે તુમકો એ કામકી સુપર્દ કી જાતી હૈ; લેકિન ખિયાલ રખના કે, અમરસિંહ રાઠોડ હૈ, ઔર રાઠોડ લોગ બાદશાહતકી ઢાલ હૈં. ઇસ બાસ્તે તુમ ઉસકો ચેતના કરકે પકડના યા મારના. મગર યાદ રખના કી ઉસકો બીના ચેતના અચેતન પકડા યા મારા જાયગા તો બાદશાહકી સખત ખફગીકો તુમ ઉઠા લોગે; ઔર ઉસકો ચેતના કરકે પકડા યા મારા જાયગા, તો તુમકો પાંચ લાખકા પટ્ટા કીયા જાયગા. ઇસ કામમેં તુમકો જીતના ખખત લગેગા, વહાંતક તુમારી દરબારમેં હાજરી ગિની જાયગી. જાઓ મૈંને જો કહા ઉસકા ખિયાલ કરકે કામ કરના, જીસસેં અમરસિંહકો ફસાતે તુમ ફસ ન જાઓ."

બાદશાહે અરજુન ગૌડને ઉપદેશાત્મક આજ્ઞા ફરમાવી અને દરબાર બરખાસ્ત કરાવ્યો. પોતે જનાનખાનામાં ચાલ્યો ગયો. સહુ ખાન-ઉમરાવો પણ આ નીચ અરજુન ગૌડને ધિક્કાર આપતા પોતપોતાના મુકામે ગયા. અરજુન ગૌડ પણ પોતાના મુકામ ઉપર ગયો અને અમરાસિંહજીને કેવી રીતે પકડવા અથવા તો મારવા તે સંબંધી વિચાર-સાગરમાં ડુબકીઓ ખાવા લાગ્યો.

પ્રકરણ સત્તરમું

અરજુન ગૌડની દગલબાજી

દોહા:—નમે નમેમેં ફેર હૈ, બ્હોત નમે નાદાન;
દગલબાજ દૂના નમૈ, ચિત્તા ચોર કમાન.

અમરાસિંહજીએ પોતાના મુકામ ઉપર દરબારમાંથી આવ્યા બાદ બાદશાહ પોતાને પકડાવવા માટે તેનાથી બનતી બધી તજવીજ કરશે, એમ માની જસવંતપુરામાં ચોકી પેરાનો સખ્ત બંદોબસ્ત રાખ્યો, અને પોતાના સરદારોને તૈયાર થઇ રહેવા સૂચના આપી.

અમરસિંહજી પોતે નિરંકુશ થઇ જસવંતપુરામાં રહેવા લાગ્યા. પરન્તુ બીજે દિવસે તેમને માલમ પડ્યું કે તેમના સાળા અરજુને, તેમને પકડવા સારૂ દરબારમાં બીડું ઉઠાવ્યું છે, તેમને પકડવા સારૂ તો બાદશાહે બંદોબસ્ત કર્યો છે, તેથી તેમણે પણ ચોકીનો સખ્ત બંદોબસ્ત કરાવ્યો.

હવે આપણે બીડાના ઉઠાવનાર અરજુન ગૌડનાં કાળાં કૃત્યો તરફ આપણું લક્ષ ખેંચીએ કે, તેણે અમરાસિંહ સાથે કેવી રીતે કામ લીધું.

અરજુન ગૌડ બીડું લઇ પોતાના મુકામે આવ્યો. તે આગળ શું કરવું, તત્ સંબંધી મહાન્ વિચારસાગરમાં ડુબકીઓ ખાવા લાગ્યો. પ્રત્યક્ષ અમરસિંહના સામા જઈ તેને પકડી લેવાની કે તેને મારવાની વાત તો તેને આકાશ કુસુમવત જ ભાસવા લાગી. તેને બીડું ઉઠાવવાના કૃત્ય બાબદ પણ પસ્તાવો થવા લાગ્યો. તેને તો અમરાસિંહને સામા પકડવા જવામાં, અને તેને પકડયા કે માર્યા સિવાય બાદશાહ પાસે જવામાં,—એ બન્ને રીતે જ કાળનાં દર્શન થવા લાગ્યાં. તેને અમરસિંહને પકડવા કે મારવા સંબંધી તો કંઇ જ ઉપાય સૂઝયો નહીં, ત્યારે તેણે પોતાના સલાહકારોને બોલાવ્યા અને તેમની સાથે કેટલીક વાટાઘાટ કર્યા બાદ, આ ચંડાળ ચોકડી એવા નિશ્ચય ઉપર આવી કે, દગલબાજી કર્યાં સિવાય અમરસિંહને મારવાનો કે પકડવાનો અન્ય કંઇ જ ઉપાય નથી.

આમ નિશ્ચય થવાથી તે રાજપૂતકુળકલંક, અને તેના ગૌડ કુટુંબને હમ્મેશને માટે બેઈજ્જત કરનાર અરજુન, તેની સાથે બે ચાર માણુસો લઈ અમરસિંહને તેની જાળમાં ફસાવવા માટે જસવંતપુરા તરફ જવા નિકળ્યો. અરજુને જતી વખતે પોતાના મુકામ ઉપર એવો પણુ બંદોબસ્ત કરી લીધો કે, તેના મુકામની તમામ ડોઢીઓ બંધ કરાવી અને અંદરના ચોગાનના ખુલ્લા ભાગમાં દેખી ન શકાય તેવી રીતે હથિયારબંધ માણુસોને રહેવા સૂચના આપી. પ્રથમનો દરવાજો પણુ બંધ રાખી માત્ર તેની બારી જ ખુલ્લી રાખવી. દરવાજાના બહાર પણુ કેટલાક માણુસોએ છુપાઇ રહેવું, અને જરૂર પડેથી એકાએક અંદરના અને બહારના માણુસોએ આવી હલ્લો કરી અમરસિંહને મારવા. જો અમરસિંહ મરાશે નહીં તો, દગલબાજી માલુમ પડ્યા પછી તે તેમને તેમના દેહ સુધી પણુ સુખી રહેવા દેશે નહીં, માટે ગમે તે ઉપાય કરી જીવના જોખમે પણુ દરેક જણે તેને મારવાની મહેનત કરવી. તેઓ જાણુતા જ હતા કે તેને દગલબાજીથી મારવાનું કામ જેટલું સહેલું છે, તેટલું જ ભય ભરેલું પણુ છે. પરંતુ તેને જીવતો પકડવો તે તો બિલકુલ ભયંકર છે.

આ રીતનો બંદોબસ્ત કરી પોતાની સાથેના બે ચાર માણુસો સાથે અરજુન ગૌડ જસવંતપુરામાં ગયો. ત્યાંના સખ્ત બંદોબસ્ત આગળ તે કાળા કૃત્યના કરનાર ગૌડની આગળ વધવાની હિમ્મત ચાલી શકી નહીં. તેણે અમરસિંહ પાસે વરદી મોકલાવી કે અરજુન ગૌડ આપને મળવા આવ્યો છે. પહેરાવાળા માણુસે જઇને વીર અમરસિંહને વરદી આપી કે, "અન્નદાતાર, અરજુન ગૌડ આયને બહાર ઠેર્યા હૈ, અર હુજુરને મીલવારી ઇચ્છા રાખેં હૈં, કાંઇ આજ્ઞા હૈ?"

અમરસિંહે વિચાર કરીને કહ્યું કે, "જાઓ, બરાબર તપાસ કરને ઇણુરી પાસસૅં સઘળાં હથિયાર ઉતરાયને અઠે લૈ આઓ. એક ચપ્પો કે છરી કુછ ઇણુરી પાસ રહણે દેણો નહીં; અર અણુરી સાથમેં જો કોઇ માણુસ વ્હૈં તો અણોંરા પાસસૅં હથિયાર ઉતરાયને ડોઢીમેં પૈઠણે દેણા; અર એકલા અરજુનનેં અઠૈ લૈ આઓ."

પહેરાવાળાએ જઇને અરજુન ગૌડને સમાચાર કહ્યા. તેણે હથિયાર ઉતારવા બાબદ પોતાના મનમાં પસ્તાવો તો કરવા જ માંડ્યો, પરંતુ હથિયાર આપ્યા શિવાય તેને તેનું કાર્ય થવાનું અસંભવિત લાગ્યું. તેથી હથિયાર ઉતારી અમરસિંહને મળવા જવા તૈયાર થયો. અમરસિંહ પાસે પહેરાવાળો તેને લઇને આવ્યો. પ્રથમ તો અમરસિંહજી પોતાના સાળા અરજુન ગૌડને એવડી તાજીમ પણુ આપતા હતા, પરન્તુ આજે

તો તેના દુષ્ટ કૃત્યનો વિચાર કરી એકવડી તાજીમ પણ આપી નહીં. અરજુન આવ્યો એટલે તેને પોતાના પાસે બેસવા જગા આપતા હતા, પણ આજે તો સામા બેસી જવા ઇસારો કરવાથી તે ત્યાં બેઠો. અરજુન સાથે વાત કરવા પણ પોતે તેના કૃત્યનો વિચાર કરી નાખુશ હતા, તેથી તેમણે તો કંઇ જ વાતની શરૂઆત કરી નહીં. જેનાં કાળાં કૃત્યોની કાલિમાથી જેના મુખમંડળ ઉપર આજે રાજતેજ ન હતાં, શ્યામતા છવાઈ રહેલી છે, એવા આ અરજુને પણ કેટલોક વખત મૌનનું અવલંબન કરી છેવટ બોલ્યા શિવાય કાર્ય થવાનું નથી, એમ વિચાર કરી બોલવાની તેણે શરૂઆત કરીઃ—

અરજુનઃ—"અમરસિંહજી! મેં આપોંરી સાહ્યમેં હું. અર અબાર મેં આપોંને મદદ દેવારી બાતચીત કરવારા બાસ્તે બુલાવવા અઠૈ આયો હું. આપ અઠૈ શું મોરી લારમેં ચલૌં. મોરે નૌરેપેં જાયને આપણુ દોનું કીણુ રીતસું કામકાજ કરણો, યા બાતરો સંકેત કરને, આપણો દોનુંરો સૈન્ય જોડને આગરા તોડોં. આપ મોરા નૌરાપેં આવો કે જીણસું બાદશાહ મોરેસું વહેમ ખાય નહીં."

અમરઃ—"ગૌડ! મેં થારી હલ્વળી બાત જાણું હું. થેં બીડો ઉઠાને મોંને પકડવારો બાદશાહરા આગે કબુલ કરને અઠૈ આયૌ હૈં."

ગૌડઃ—"મેં આપસું દગો કરવારા બાસ્તે બીડો ઉઠાયો કોય નહીં, પર મૈં તો બીડો અણુ બાસ્તે ઉઠાયો હૈ કી, કોઇ દુસરો બીડો ઉઠાયને આપોંને નુકશાન ન કર દે, અણુ બાસ્તે મૈંને યા બીડો ઉઠાયો હૈ."

અમરઃ—"ગૌડ, થારા દીલમેં દગો નહીં હૈ અણુ બાબતરી મારા દીલને ખાત્રી પડે કોય નહીં. જીણસું જે થારા દીલમેં દગો નહીં હૈ તૌ થેં બિચમેં કાશી વિશ્વનાથ ઔર શ્રીગંગાજી રાખને સોગન ખાય લે તો મેં થારી સાથ આવશોં."

આવી રીતના સોગન ખાતાં પાપી અરજુનનું પાપી દીલ પણ કંપવા લાગ્યું, પરંતુ તેનો દગલબાજી શિવાય અન્ય ઉપાય નહીં હોવાથી પાપ ઉપર પાપ કરવા પણ તે પાપી તૈયાર થયો. હમ્મેશાં એવો નિયમ છે કે પાપી માણસો પાપના રસ્તે ચડ્યા પછી, એક પાપના ઉપર બીજું તેથી પણ ભારે પાપ કરતાં શંકા ખાતા નથી અને એક પછી એક એમ ભયંકર પાપોનાં કર્મો કર્યાં જ જાય છે—પાપોના પોટલા બાંધે છે. તે જ મુજબ આ ગૌડ પણ પોટલા બાંધવા તૈયાર થયો અને છેવટ તેણે અમરસિંહજીના કહેવા મુજબ સોગન ખાતાં જણાવ્યું કે, "અમરસિંહજી! મેં આપસું કોઇ બાતરો દગો કરૂં તો

બીચમેં શ્રી કાશીપતિ વિશ્વનાથ હૈં ઔર શ્રી પતીત પાવની ગંગાજી હૈ. આપ મોરા બાસ્તે કોઇ બાતરી શંકા મત લાવો."

અમર:–"ગૌડ! દેખૌ યે બીચમેં તો કાશીપતિ ઓર ગંગાજી રાખો હૌ, ઔર સામને તો મુંકું જો કોઈ બાતરો દગો કીયો જાય જરાં તો મેં થોંનેં તુરત ફળ દે દું. અર પર લોગમેં કાશીપતિ ઔર ગંગાજી અપણી જામીનગીરીરા બાસ્તે દેખશી, જીણુસું બિચાર કરને કામ કરણો."

હમ્મેશાં એવો જ નિયમ હોય છે કે થવા કાળ વસ્તુ હરેક ઉપાયે થયા જ કરે છે. તેમાં કોઇપણ વિદ્વાનનું ડહાપણ, કે પ્રયાસો તમામ ચાલી શકતા જ નથી.

અને તેના માટેજ શ્રીમાન તુલસીદાસજીએ પણ કહ્યું છે કે:—

"તુલસી જૈસી ભવિતવ્યતા, તૈસેઇ મીલે સહાય;
આપુન જાવૈ તાહી પૈં, તાહિ તહાં લૈ જાય."
"સુનહુ ભરત ભાવી પ્રબલ, બિલખિ કહેઉ મુનિનાથ;
લાભ હાની જીવન મરન, જશ અપજશ બીધિ હાય."

એ મુજબ જ આપણી વાર્તાના નાયક વીર અમરસિંહને માટે પણ થયું. ભવિષ્યે તેમને ભુલાવામાં નાંખ્યા. તેઓ દગલબાજ અરજુન ગૌડના પાશમાં ફસાયા અને મહાન્ દગલબાજ અરજુન ગૌડ પાપી પ્રપંચમાં ફાવી શકયો. તેણે અમરસિંહને કહ્યું કે:–

ગૌડ:–"આપ મોરી લારમેં પધારો, ઔર મોરા નૌરાપૈં જાયનેં બિચાર કરનૈ મોરો અર આપરૌ સૈન એકઠો કરને આપણ, દોનો મીલને આગરા તોડવારો ઉપાય કરોં."

અમરસિંહ જેવા વીર હતા તેવા જ વિશ્વાસુ પણ હતા. અરજુન ગૌડ જેવા વિશ્વાસઘાતીના વિશ્વાસથી તેઓ ફસાયા અને અરજુન ગૌડની સાથે જવા તૈયાર થયા. તે એવા ભરોસાથી ફસાયા કે વચ્ચે કાશીવિશ્વનાથ અને શ્રી ગંગાજીને નાંખી આ દુષ્ટ રાજપૂત છતાં તો દગો નહીં કરે? તે ભરોસાથી તેઓ આ પાપી અરજુન ગૌડની સાથે જવા તૈયાર થયા. તેમણે પોતાના રાઠોડો પૈકી કેટલાક સરદારોને સાથે લીધા અને તમામ સૈન્યને જસવંતપુરામાં તૈયાર રહેવા વરદી આપી, અને વરદી મળેથી તુરતજ યોગ્ય રીતે હલ્લો કરવા સૂચનાઓ કરી દીધી.

આ પ્રમાણે સૂચનાઓ અપાયા બાદ તેઓ અરજુન ગૌડના મુકામ ઉપર ગયા. તેઓ ગૌડના મુકામ પાસે આવ્યા ત્યારે અરજુને

પ્રથમથી કરી રાખેલા સંકેત મુજબ દરવાજા બંધ હતા, તેથી અમરસિંહને તેણે બારીમાંથી અંદર જવા કહ્યું. અમરસિંહને રાજપૂતપણાનું ભારે અભિમાન હતું અને તેથી તેમના મનમાં આવો વિચાર થઇ આવ્યો કે 'જો હું પ્રથમ બારીમાં માથું નાંખીશ તો માથાને નમાવવું પડશે.' માટે પ્રથમ તેમણે બારીમાં પોતાના પગ ઘાલી પછી અંદર માથું લેવા વિચાર કરી, પ્રથમ પગ બારીમાં ઘાલ્યા, અને પ્રથમ પગ બારીમાં ઘાલ્યા એટલે તેમનું માથું બહાર રહ્યું, એટલે વિશ્વાસઘાતી અને રાજપૂત કુળકલંક અરજુન ગૌડે આ પ્રસંગનો લાભ લઇ પોતાની તલવારનો ઘા અમરસિંહ ઉપર કર્યો. જેવો ઘા અમરસિંહ ઉપર પડયો કે તુરતજ તેઓ ચેતી ગયા અને પોતાની "દુશ્મન ઘાતક" કટારી કે જે કટારીથી સલાબતને "નરક" યાત્રા કરવા સારૂ મોકલ્યો અને જે કટારીથી બાદશાહના અનેક મુસલમાનોને યમપુરીમાં રવાના કીધા, અને જે કટારી ખુદ દિલ્હીપતિ શાહજહાંન ઉપર ચલાવી કે જેના ત્રાસથી તેને નાસીને જનાનખાનું ભોગવવું પડયું હતું, તે જ કટારી આ વિશ્વાસઘાતી અને કૃતઘ્ની વિઠ્ઠલ ગોડના પુત્ર અરજુન ગૌડ ઉપર ચલાવી. પ્રથમ ઘાથી જ તે દુષ્ટનું નાક પાંપણમાંથી છેદ્યું. અને નાક છેદાવાથી અરજુને પોતાનું મોં એક તરફ ફેરવ્યું અને તે સાથે જ કટારનો ઘા પડવાથી તેનો એક બાજુનો કાન કપાયો. અને એક બાજુનો કાન કપાયાથી તેણે બીજી તરફ અનાયાસ તેનું મોં ફેરવ્યું, અને તે સાથે જ ત્રીજી વખતનો કટારનો ઘા વીર અમરસિંહે કર્યો અને તેથી તેનો બીજો કાન પણ કપાયો. આવી રીતે નાક કાન કપાયાથી અરજુનને પોતાના પ્રાણના રક્ષણની દહેશત લાગી અને તે નાઠો. અમરસિંહે અન્ય ગૌડો ઉપર પોતાની કટારી ચલાવી અને ગૌડોએ પણ અમરસિંહજી ઉપર તલવારો ચલાવી જ હતી, અને અન્ય રાઠોડો તથા ગૌડોમાં તલવારો ચાલવા જ માંડી હતી. એક બાજુ તો ગૌડો અને રાઠોડો વચ્ચે તલવારો ચાલી રહી હતી, અને અહીં તો અમરસિંહજી એકલા હતા. તેમના ઉપર ઘણા ગૌડોએ તલવારો ચલાવવાથી તેમના શરીરમાંથી લોહીનું પુષ્કળ વહન થઇ ગયું હતું. કટારીથી કેટલાક ગૌડોને યમપુરીમાં મોકલી અંતે પોતે પણ આ લોકનો ત્યાગ કરી સુરપુરીમાં ચાલ્યા ગયા.*

---

*દોહા:–અમરસિંહ કરિકેં અમર, નામ ગયે સુરલોક;
પતિ લેન અંબર મહીં, અપ્સરાન ભો થોક. ૧
અમરસિંહ નરનાહને, એક કટારી અલાય;
અમર અવનિપેં નામકર, અમ્મરપુર બસાય. ૨

આવી રીતે મહારાજા અમરસિંહ પોતાના અનેક અરિઓની ઓરતોને રંડાવી અંતે પોતાનાં રાણીને પણ રંડાવી, વીર પુરૂષો જે લોકમાં જાય છે તે અમરપુરમાં અપ્સરાઓને ભાગ્યશાળી બનાવવા માટે ચાલ્યા ગયા.*

સુનત નામ અમરેશકો, દિલ્હી પતિ ઉર હૂક;
હુરમ જનાને થર હરે, પરી નગ્રમેં ફૂક. ૩
તું અમરેશ અમર ભયો, મારી મીર મણાય;
સુણી કટારી નામકો, શાહ ન ધીર ધરાય. ૪
એક અમરકો મારતે, મરગે મીર ઘણાય;
અમર રાણી રંડાવતાં, રંડી અરી અબલાય. ૫
અરજુનને બાહી ખગાં, અમર કટારી બેશ;
કરણ નાકકો લે ગઈ, સહિત ભૃકુટ્રિય કેશ. ૬
જૈસે અસિ શિરપર પરી, ધરી કટારી હત્થ;
નાક કાન અરજુનરો, કાટ દીય સમરત્થ. ૭
કટારી અમરેશરી, બિજલાં હુંદાંય બેગ;
કામો એડો કર ગઈ, કરે ન અવરાં તેગ. ૮
સૂર ઉદયતેં તિમીરરો, જૈસે હોત બિનાશ;
ત્યું કટારી અમરેશરી, ભઇ અરિયાં કર નાશ. ૯

(પ્રાચીન.)

* આ બાબતનાં જોધપુર મહારાજા માનસિંહજીએ તથા અન્ય કવિઓએ બનાવેલાં કાવ્યો અમો વાંચકોને પ્રાચીન કાવ્યનું ભાન કરાવવા સારૂ આ નીચે આપીએ છીએઃ-

કવિતઃ-

કાલ કેસી બાઢ જમ, દાઢ કાઢિ કમધર્જ, આપ ભયે નાહરકે, રૂપ નરનાહ જૂ;
કૈક તો હજારી મારે, સેનાકો અતિ સંઘારે, છાકે છત્રધારી તેં, સુધારી હિન્દુ રાહ જૂ.
શોહકી લહરમેં, કહકયો જું અમરસિંઘ, એક એક ઘાલી ગયો, સિગરે સિપાહ જૂ;
ઢાલકી પનાહનાં, ડીવાલકી પનાહ એક, લૌનકી પનાહ બચે, આલમ પનાહ જૂ.
ખાન ઊમરાવ સબૈ, તેગકો ગુમાન વજ્યૌ, દેખકેં કટારી ગજ,-સિંઘકે સપૂતકી;
વમકયો રાઠૌર "રઘૂ-નાથ" સોર ઠૌરઠૌર, તારી ગઈ છૂટ, મહાદેવ અવધૂતકી;
રાતી દીઠ દેખ ફાટી, છાતી છિતિપાલનકી, હા કહી સોહાતી લે કૈં, પાતી જમદૂતકી;
રિપૂકો પછાર ભોન, મંડલકો ભેદ ડાર, "અગ્ર" મ્રગરાજ પૈઠો, પૌરિ પુરહૂતકી.
હક ઉઠી હીયમેં, હુરમ ઇન બાત સુની, ત્રાસ પર્યો સારી, પાતશાહીકે અવાસમેં;
ખાન સુલતાન ધર, દાતુન તિજુકા કરૈં, સેયદ વિદારે સુર, મારે એક સાસમેં.
ભોજ કરને શતૈં, સવાઇ કિન્હ ઐસી આજ, રાજા "શ્રી અમર" બીર તાઈકે બિલાસમેં;
અચ્છરી અકાશમેં, તમાશે આઈ તાસમે, નિકારી હુતી જાસમે, કટારી આમખાસમેં.
છોરી સિંહવાહન, ભવાની દૌરી દેખનકું, વૃષભ મહેશ છોર, ધાયો એક સાસમેં;
કરી કિલકારી કાલકટકો કટક નાચ્યો, વીર ભક્ષ લૈન લલકત્ત, હરહાસમૈં.
પ્રબલ પ્રતાપી ગજસિંઘકે "અમરસિંઘ," "શાહજહાં" આગે ઘાવ, કીનો તૈ પ્રકાસમૈં;

શું હાલમાં આપણે મહારાજા અમરસિંહ જેવા વીર પુરૂષોના દર્શન કરી શકીએ તેમ છે? અમરસિંહ બાદશાહના એક માંડલિક રાજા છતાં પણ ખુદ્દ બાદશાહનો, તેના સાળાને પોતાની પાસેથી બે લાખની પાઘડી અપાવવાનો અન્યાય સહન કરી શકયા નહિં, અને વળી મરતાં મરતાં પણ રાજપૂતકુલકલંક વિશ્વાસઘાતી અરજુન ગૌડને જે સજા થવી જોઇએ તે શિક્ષા પોતે–નાક કાન કાપવાની કરતા ગયા, અને પોતાનું નામ અમ્મર કરતા ગયા. અહા ધન્ય છે, તે રાઠોડ વીર અમરસિંહજીને! અત્યારે તેજ રાઠોડવંશમાં પણ તેવા વીર પુરૂષો ઉત્પન્ન થાય છે કે કેમ? તત્ સંબંધી શંકા જ છે.

પ્રકરણ અઢારમું

રાઠોડો અને ગૌડોનું યુદ્ધ

શામ સાંકરે જાન કેં, રહે અવર ઘર જોય;
સો રાણી ફિરતો લિયો, કુલ રજપૂત ન હોય.

(પ્રાચીન.)

અમરસિંહના મરાયાના સમાચાર રાઠોડોમાં પોહોચ્યા. રાઠોડો કાળના સમાન ક્રોધિત થઇ, ગૌડો ઉપર તુટી પડ્યા. "લાભ હાનિ જીવન મરન, જશ અપજશ વિધિ હાથ" એને અનુસરીને તે વખતે રાઠોડોને અપયશ પ્રાપ્તિનો મુદ્રાલેખ લખાયલો હોવાથી, તેઓએ ગૌડો ઉપર પોતાના એકત્રિત બળથી મારો ચલાવ્યો; પરન્તુ જેવી રીતે રાઠોડોને તે દિવસના માટે કલંકિત બનવાનું હતું, તેવી જ રીતે અરજુન ગૌડને પણ નાક કાન કપાવી "નાક કટા" તરિખેની ઓળખથી કેટલોક વખત કહાડવાનો બાકી હતો. તેથી જ્યારે રાઠોડોનો

અચ્છરી અકાશમેં, તમાશે આઈ તા સમૈ, નિકારી રાવ જા સમૈ, કટારી આમખાસમેં.
કરથેં લઇ કટારી, દેખત અજબ સારી, મીરજાકે દુઃખ સારી, મેદનીકો દૈ ગઇ!
બરચ્યૌ રાઠૌર રાઓ, ભાગે સબ ઉમરાવ, વિઠુલકે સુતકો, શ્રવન કાટ લૈ ગઈ.
ભનૈ "રાજા માન," ગજસિંઘ કે અમરસિંઘ, રાજહિ દિલાનહુતેં, નીકૌ ચાકૌ કૈ ગઈ;
એકહિ કટારી ઔર, એકહિ અમરસિંઘ, એતે ઉમરાવનકો, કે તૌ દુઃખ દૈ ગઈ.
શાહકો સલામ કર, માર્યો હૈ સલાબતખાં, કીનિ નાં સહાય ઔર, કીયૌ ઠૌર ઠાગરા;
કેતેક હજારી મારે, સેનાકો અતિ સંધારે, ખેલત શિકાર જૈસે, મૃગનમેં બાગરા.
ભનૈ "રાજા–માન" ગજસિંઘ કે "અમરસિંઘ," રાખી રાજપૂતિતૈં, નવલ નર નાગરા;
પાવશેર લોહ તેં, હલાઈ સારી બાદશાહી, હોતી [1]સમશેર તો, છિનાઈ લેત આગરા.

૧ અમરસિંહજી સલાબતખાનને મારીને દરબારમાં આવ્યા અને મુસલમાનોનો ધસારો થયો, ત્યારે પ્રથમ તલવાર ચલાવતાં તલવાર તૂટી ગઈ હતી, તેથી જ તેમણે પોતાની કટાર ચલાવી હતી.

સખ્ત મારો શરૂ થયો એટલે ગૌડો પણ પોતાના માલિક—નાકકટ્ટા—અરજુનનો બચાવ કરવા સારૂ છેડાયા અને અરજુન ગૌડે પોતાની ઇચ્છાથી બનાવેલા પોતાના શત્રુ રાઠોડો ઉપર તૂટયા. આ વખતે બન્ને સેનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થયું, જેને જોવાને સારૂ આકાશમાં દેવતાઓ પોતપોતનાં વિમાનોમાં બેસીને સ્થિત થયા. તેમણે સંતત માત્ર રાક્ષસોનો મારજ ખાવામાં વખત ગુમાવેલો હોવાથી, આજે તેમણે લડતાં શિખવાનો પ્રસંગ હાથ લાગ્યો છે એમ માન્યું હતું. રાઠોડો અને ગૌડોએ પણ પોતાનું વીરત્વ બતાવવા સારૂ બની શકતી તમામ પ્રકારની મહેનત અજમાવી. છેવટ રાઠોડોને દોરનાર અન્ય કોઇ સરદાર નહીં મળવાથી, અને ગૌડોનો સખ્ત મારો સહન નહીં થઇ શકવાથી રાઠોડો તેમના સ્હામા ટકી શકયા નહીં. તેમને હવે વિજયની અને પોતાના માલિકને મારનારનું વેર લેવાની આશા કરતાં, પોતાના પ્રાણની રક્ષા કરવાના ઉપાયો શોધવાની ક્ષણે ક્ષણે વધુ ને વધુ આવશ્યકતા દેખાવા લાગી. તેમની દશા તો "ધણી વિનાનું ધ્રોળ" એ કહેવત મુજબ માત્ર એક અમરસિંહજી વિના થઇ.*

રાઠોડોએ પોતાનું પરાક્રમ બતાવવામાં કંઇ જ બાકી રાખી નહીં, પરન્તુ પોતાના માલિક શિવાય, તેમને નાસી છુટવા શિવાય અન્ય પ્રકારનો કંઇ રસ્તો સુઝયો નહીં તેથી તેઓ નાસવા લાગ્યા.

---

* દોહાઃ—અમરસિંહ અવસાન સુણી, ગે રિસાય રાઠોડ;
મારે કેતે ગૌડ પર, ધણી વિણાંરો ધ્રોળ. ૧
અમરસિંહ અવસાનતેં, આનઁદ જાણ્યૌ ગૌડ;
અમરસિહ વીણ રાઠોડાં, ધણી વિણાંરો ધ્રોળ. ૨
અમરસિંહ વ્હૈગૌ અમર, શ્રુતિ નાસા કટ ગૌડ;
રાઠોડ દંગ મચાવિયો, (પણ) ધણી વિણાંરો ધ્રોળ. ૩
અમરસિંહરા આશ્રમે, માણ્યો સુખ રાઠોડ;
એહ અમર જાતાં થકાં, ધણી વિણાંરો ધ્રોળ. ૪
અમ્મર સુર સરાહતા, પાઇ હૂરાં જોડ;
અમ્મર હુઇ અમર જતાં, ધણી વિણાંરો ધ્રોળ. ૫
અમરસિંહ જાતાં થકાં, રંડયો ગઢ નાગોર;
સુના પડ્યા રાઠોડ સહ, ધણી વિણાંરો ધ્રોળ. ૬
અમ્મર જગ અમ્મર હુવો, અમ્મર કિય નાગોર;
શાહ ગૌડ મુખ શામ કિય, ધણી વિણાંરો ધ્રોળ. ૭
અમર અરી ઉર હાક પડી, તજી શાહ હૂર શોડ;
મીર–ગૌડ–નાંમેં ડરેં, ધણી વિણાંરો ધ્રોળ. ૮

રાઠોડો નાસવા લાગ્યા, ત્યારે અમરસિંહજીની પાસે રહેતા "કિશન" નામના હજામ ખવાસે રાઠોડોને ઉદ્દેશીને કહ્યું કે:–"થેં હધળા નાસવા લાગ્યા, પર હજુરરો મસ્તક લાયા કોય નહીં, થેં અઠેંસું જાયને રાણીજીને કાંય જવાબ દેશો? ઘણુ બાતરો કાંઇ બિચાર કરો હો ફી ભાગો હો!"

કિશન ખવાસના કહેવાથી રાઠોડોના જાણવામાં આવ્યું કે તેઓના માલિકનું મસ્તક પણ લાવી શકયા નથી. તેથી તેમનામાં પુનઃ નવીન જુસ્સો આવ્યો અને તેઓ ફરીને પોતાના એકત્ર બળથી ગૌડોના ઉપર હલ્લો કરવાના વિચાર ઉપર આવ્યા, અને ગૌડો ઉપર તૂટી પડ્યા. આ વખતે બાદશાહી ફૌજ ગૌડોની સાહ્યમાં આવી પહોંચી ન હત તો કદાચ ગૌડો, રાઠોડોનો આ વખતનો ધસારો અને એકત્ર મારો સહન કરી શકત નહીં, બલકે રાઠોડોના મારાથી ભવિષ્યમાં ગૌડોને તલવાર પણ પકડવાની પ્રતિજ્ઞા લેવી પડત. એવો સખ્ત ધસારો રાઠોડો તરફથી થયો હતો, પરન્તુ કહ્યું છે કે:—

સોરઠાઃ—થાવા કાળ થનાર, ભલે ઉપાય કરો ઘણા;
પણ ન કાંય વળનાર, પાશા સહુ અવળા પડે.

બાદશાહી સૈન્યની ઓચિંતી મદદ ગૌડોને મળી અને ગૌડો જોરમાં આવીને રાઠોડો ઉપર તૂટી પડ્યા. આ તેમનો શાહી સૈન્ય સાથેનો ઓચિંતો મારો રાઠોડો સહન કરી શકયા નહિ, અને પોતાના માલિકનું શિર લીધા શિવાય તેઓ નાસવા લાગ્યા.

પ્રકરણ ઓગણીસમું

વીર બલૂજી ચાંપાવત*

દોહાઃ-બલૂ કહે ગોપાળરો, ક્ષતિયાં સાથ સંદેશ;
પતશાહી ગઢ મોડકર, આવાં છાં અમરેશ.

બલૂજી ચાંપાવત પૂર્વે અમરસિંહના એક સરદાર હતા.† શુદ્ધ ક્ષત્રીવટની રીતને સારી રીતે જાણતા હતા. તેઓ આપણી વાર્તાના નાયક વીર અમરસિંહજીની પાસે એક સમયે નાગોરમાં રહેતા હતા. અમરસિંહજીને ઘેટાં રાખવાનો શોખ હતો. તે દરબારી મેંઢાં જંગલમાં ચરવા, પીંડાર સાથે જતાં હતાં ત્યારે તેમની ચોકી સારૂ સાધારણ સર-

---

* આપણે આ પ્રકરણના નાયક વીર બલૂજીની ઓળખ આ સ્થળે કરવાની જરૂર છે. તેઓ કોણ હતા અને ઓચિંતા શા કારણસર તેઓ રાઠોડોની મદદમાં આવ્યા?

† રાજપૂતાનામાં 'ગોપાળદાસ' કરીને એક ભાગ્યશાળી ક્ષત્રિય થઈ ગયા છે. તેમને આઠ પુત્રો હતા. આ આઠે પુત્રો જેમ કહેવામાં આવ્યું છે કે 'જનની

દારથી તાજીમવાળા સરદાર સુધીના તમામ સરદારોએ પોતપોતાના વારા મુજબ જવું પડતું હતું. આવી રીતે વારો ફરતાં ફરતાં બલૂજીનો વારો આવ્યો અને તેમને મેંઢાંની રક્ષાર્થે જવાનું આગલા દિવસે સાંઝે કહેવડાવવામાં આવ્યું. તેમણે એવો જવાબ આપ્યો કે "વો કામ હરદારાંરો હૈ કોય નહીં, અર મેં જાઉં કોય નહીં."

આ સમાચાર મહારાજાને પહોંચાડવામાં આવ્યા. તેઓ તે વખતે તો કંઈ બોલ્યા નહીં. જ્યારે સવારના દરબારમાં બલૂજી આવ્યા ત્યારે તેમને પુનઃ ચોકી સારૂ જવાનું કહેવામાં આવ્યું; ત્યારે પણ તેમણે તો આગલા દિવસના જેવો જ જવાબ આપ્યો.

મહારાજાએ વ્યંગમાં કહ્યું કે; "યા મેઢાંરી ચોકી કરવારો કાંમ બલૂજી કરૈં કોય નહીં. વો તો બાદશાહી ફૌજને તોડનૈં બાદશાહી ગઢ મોડશૈ!"

મહારાજનાં આ વચનો સાંભળતાં જ બલૂજી મનમાં સમઝયા કે, મહારાજાએ મારા ઉપર આ કટાક્ષ કરી; માટે હવે અહીં રહેવું નહીં. આમ વિચાર આવવાથી તેઓ હંમેશને માટે નાગોર છોડી ચાલ્યા ગયા. કેટલાંક રજવાડાં બિકાનેર અને ઉદેપુર ફરતાં ફરતાં આખરે તેઓ આગ્રા પોહોંચ્યા, અને બાદશાહની મુલાકાત મેળવી. શાહી સૈન્યમાં અમલદારના હોદ્દાની નોકરી મેળવી આગ્રામાં રહેવા લાગ્યા. આ પ્રસંગે પણ તેઓ આગ્રામાં જ હતા. તેમણે અમરસિંહજીના મરા-

---

જણ તો ભક્તજન, કાં દાતા કાં સૂર; નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવિશ નૂર' એને અનુસરીને શૂરવીર ઉત્પન્ન થયા, કે જેમનાથી તેમના પિતા પ્રસિદ્ધિ પામ્યા હતા. કહેવામાં આવે છે કે 'પિતાના નામથી જો પુત્ર ઓળખાય તો તેને પુત્ર માનવો નહીં, પરન્તુ પુત્રના નામથી પિતા ઓળખાય તેને જ પુત્ર માનવો.' આ આઠે પુત્રોએ પોતાનાં કૃત્યોથી પોતાના પિતાને ઓળખાવ્યા હતા. તે સહુમાં વીર 'બલૂજી' અલૌકિક પ્રકારની વીરતા ધરાવનાર હતા. આ ગોપાળદાસજીના આઠ પુત્રોનાં નામ જણાવવા સારૂ કોઈ વિદ્વાને નીચે જણાવેલો એક છપ્પય કહ્યો છે.

માંડવ 'રાઘવદાસ'૧ પિતા જુધ જામલ પૈઠા,
'હાથી'૨ જંગળ હેત, સેલ બાહણૂઁ સહેડા;
'હરિયા'૩ બાગડ ખેત, સાથ સબળાં દળ ભંજે,
'ખેતસિંહ'૪ અજમેર, દળાં ઊથલ રણ ગંજે;
આગરે 'બલૂ'૫ 'ભોપત'૬ 'દિલી'૭ 'વીઠલ' ઊજ્જણી બશાં,
કુળ માંહી બડા શાકા કિયા, રણ સામત 'ગોપાલ' શાં.

ઉપરના છપ્પયમાં ગોપાળદાસજીના આઠ પુત્રોનાં નામો ઉપરાંત તેઓ કયાં કયાં યુધ્ધોમાં કામ આવ્યા હતા તે પણ દર્શાવવામાં આવ્યું છે.

યાના સમાચાર સાંભળ્યા ત્યારે તેમને અમરસિંહજીનાં બાદશાહી ગઢ મોડવાનાં વચનોનું સ્મરણ થઇ આવ્યું. તુરત જ પોતાના રાજપૂત સૈન્યને ત્વરિત તૈયાર થવાનો હુકમ કર્યો.

સૈન્ય તૈયાર થયું ત્યારે સૈન્યને સાથે લઇને ગૌડોનાં ઉપર હલ્લો કરવા સારૂ તત્ક્ષણ જ ચઢયા. જ્યાં આગળ બાદશાહી સૈન્ય તથા ગૌડોનું સૈન્ય રાઠોડો સાથે લડી રહ્યું હતું ત્યાં આવી પોહોંચ્યા. તેમને આવતા જોઈ ઓળખી કિશન ખવાસે મહારાજનું શિર ગૌડો તથા બાદશાહી સૈન્યના માણસો લેવા દેતા નથી, એમ સમાચાર આપ્યા. તે સાંભળી અતિશય ક્રોધાયમાન થઈ પોતાના સૈન્ય સાથે બાદશાહી સૈન્યપર તેઓ તૂટી પડ્યા. તેમના આવવાથી નાસતા રાઠોડોમાં પણ નવીન પ્રકારનું ચૈતન્ય આવ્યું. તેઓ પણ પોતાનો પગ દૃઢ કરી વીર "બલૂજી" ની સરદારી નીચે પુનઃ લડવા લાગ્યા. એક ઘડી પહેલાં જે રાઠોડો નાસતા હતા, તેમણે પોતાને સારો સરદાર મળવાથી ભયંકર યુદ્ધ જમાવ્યું; અને ઘડીક પહેલાં પોતાને શાહી ફૌજની મદદ મળવાથી જે ગૌડો રાઠોડોને નસાડવામાં ફાવ્યા હતા, તે જ ગૌડોની ભાગ્યદશા પલટાઈ, અને તેમને નાસવાનો પ્રસંગ ઉભો થયો. બાદશાહી ફૌજ પણ રાઠોડોનો અને ચાંપાવતોનો આ સખત મારો સહન કરી શકી નહીં; તેઓ પાછા હઠવા લાગ્યા. તે સ્થિતિનો લાભ લઈ "કિશન" ખવાસે અમરસિંહજીનું શબ શોધી કહાડી તેની પાસે પડેલું પોતાના માલિકનું મસ્તક લઇ લીધું અને તે જઇને જસવંતપુરામાં પેઠો.


અહીં યુદ્ધ કરતાં કરતાં આપણા આ પ્રકરણના નાયક વીર "બલૂજી" પણ શાહી સૈન્યના અને ગૌડોના કેટલાક સરદારો અને સિપાહીઓને જમીન ઉપર યાવત્ ચન્દ્ર દિવાકર ધૂળ ચાટતા કરી, પોતાની જનુનીના નામને, પોતાની રાજપૂત કોમ, પોતાની ચાંપાવત શાખા અને પોતાની પ્રચંડ તલવારને દિપાવી અંતે આ ફાની દુનિયાનો ત્યાગ કરી સમરભૂમિમાં હમેશને માટે નિદ્રાવશ થયા અને અમરસિંહજીનાં કટાક્ષમય વચનો મરતાં મરતાં પણ સત્ય કર્યાં.

વીર* "બલૂજી" જેવા પોતાના સરદાર પડવાથી ચાંપાવતો અને રાઠોડો પણ સ્થિર રહી શકયા નહીં. તેઓ આખરે નાઠા, અને

* આ બહાદુર બલૂજી અમરસિંહજીનું શબ લેવા સારૂ ગયા હતા. તે દિવસથી કેટલાક દિવસ અગાઉ ઉદયપુરના મહારાણા સાહેબે એક સરસ ઘોડો વેચાણ લીધો હતો, પરન્તુ તે ઘોડાના માટે સવાર પણ તેના સમાન જ જોઇએ. વિચાર કરતાં છેવટે મહારાણાજીએ તે ઘોડો બલૂજીને લાયક છે, એમ સમજીને

તેની ચોકસાઈ અને સૌન્દર્ય માટે અદ્વિતીય

"વેસ્ટ એન્ડ"



ઘડીઆળોની માફક ન્યુ સીલીબ્રા ઘડીઆળ માત્ર મજબૂત નિયમિત ઘડીઆળ છે એટલુંજ નહિ પરંતુ તે વિવેકી પુરૂષ, સ્ત્રીઓ માટે સુંદર શણગારરૂપ કાંડાનું ઘડીઆળ છે. બીજી તરેહવાર ડીઝાઈનો માટે અમારૂં મફ્ત મળતું મોટું કેટલોગ જુવો.



ધી ન્યુ સીલીબ્રા

સ્ટર્લિંગ સીલ્વર રૂા. ૪૮-૦-૦

૧૮ કેરેટ ગોલ્ડ રૂા. ૧૧૦-૦-૦

વેસ્ટ એન્ડ વોચ કું૦, મુંબઈ અને કલકત્તા.

West End Watch Co

BOMBAY CALCUTTA

ચાંપાવતો પોતાના સ્થળે આવીને ભરાયા, અને રાઠોડો નાસીને જસવંત-પુરામાં ભરાયા.

અહા ધન્ય છે વીર "બલૂજી"ને, કે જેમણે કેટલાક સમય પહેલાં પોતાના માલિકે કટાક્ષમય વચનો કહેલાં તે સત્ય કરવાને ખાતર તેને આગ્રા મોકલાવી દીધો. અમરસિંહજી બાદશાહના સૈન્ય સામે લડવા જવાની તૈયારી કરી રહ્યા હતા, તેજ વખતે આ મહારાણાજીએ મોકલેલ ઘોડો લઈને માણસ આવી પહોંચ્યો. તેણે ઘોડો તેમને સોંપ્યો. બલૂજીએ તે માણસને કહ્યું કે 'જા, મહારાણાને કહેજે કે આ ઘોડાનો બદલો હું આપને કોઈ વખત "દૈબારી"માં યુદ્ધ થશે તો ત્યાં આપીશ." આ પ્રમાણે મહારાણા સાહેબને અરજ કરાવીને પોતે તો ઘોડા ઉપર સ્વાર થઈ અમરસિંહજીનું શબ લેવા સારૂ ગયા હતા, અને ત્યાંજ તેમનો દેહાન્ત પણ થયો. છતાં પણ ક્ષત્રિયોનાં વચનોની કિમ્મત બહુ જ મોંઘી ગણવામાં આવે છે. તેઓ પોતાની જીંદગી કરતાં પણ પોતાનું વચન બહુ જ મોંઘું માનતા હતા. અત્યારે ક્ષત્રિયો તે પ્રમાણે પોતાનાં વચનોની કિમ્મત સમજે છે કે નહીં તે સંબંધી અમો કંઈ જ જાણતા નથી. પરન્તુ પ્રથમના ક્ષત્રિયો તો 'પ્રાન જાહિ પર બચન ન જાહિ' એ સૂત્રને અક્ષરશઃ પાળતા હતા.

બલૂજીના સ્વર્ગે સિધાવ્યા બાદ કેટલાક સમયે 'દૈબારી'ના સ્થાન ઉપર લડાઇ જામી, ત્યારે બલૂજી પોતાનું વચન પાળવા સારૂ મહારાણાજીએ તેમના માટે મોકલાવેલા ઘોડા ઉપર સવાર થઇને આવ્યા અને સહુના દેખતાં યવન સેનાનો નાશ કરી નાંખ્યો.

અહા! જીવતાં તો પોતાનાં વચનો પાળવા ચહાય તેટલો ઉપાય કરવા હયાત હોય, પરન્તુ મરણ બાદ પણ વચન પાળવા સારૂ વીરવર 'બલૂજી' આવ્યા અને મહારાણાને મદદ કરી! ધન્ય છે તેમનાં માતા પિતાને કે જેમના ઉદરે જેમના વીર્યથી આ બહાદુર નર રત્ન ઉત્પન્ન થયું, જેનાથી સમગ્ર ભૂમિ શોભી ઉઠે છે!

આ બલૂજી મહારાણાને સહાય કરવા સારૂ આવ્યા, તે સમયનું એક પ્રાચીન ગીત આ નીચે આપવામાં આવ્યું છેઃ—

અહ આગમ વચન જસાહર આખે, ચહુ જાણે ધ્રૂ મેરૂ પ્રમાણ;
મોને અસ રીઝ મોકલિયો, દેશ્યૂં તસ બદલો દીવાણ. ૧
જગપર બચન કહે જોધપરો, પિતા બચન નહ ખતા પરેહ;
દહબારી કાંકળ વ્હે તિણ દિન, ભાડો અસચો લીધ ભરેહ. ૨
પ્રભણે ગોપાલોત ઇસીપર, જાણિ ઉદૈ ગિર દીત જહીં;
આહાડા તસ અસચો અદલો, નરિંદ બલૂ ચૂકસી નહીં. ૩
'અમર' સુછળ ગજગાહ આગરે, રણ ચઢી ઘણાં મારસ્યૂં રોદ;
ચઢિયે દળ ધાટી ચીતોડા, સાકુર ભર લીજે સીસોદ. ૪
ભિડ ખુરસાણ શરણદળ ભાગા, સમહર અસુર સાઝતાઁ સાર;
ઉભે દળોંહિ નિજર તદ આયો, અસ નીલો કમધજ અસવાર. ૫
ઘાટ કુઘાટ અહાડા ઘટતાઁ ઝાટ ખગાઁ રણ થાટ ઝલૂ;
નરપુર તણો વચન નિરવાહે, બસિયાં સુરપુર પછે બલૂ. ૬

પોતાના પ્રિય પ્રાણુની આહુતિ આપી! અને પોતાની માતાના નામને યાવત્ ચન્દ્રદિવાકર દિપાવી, અંતે આ લોકનો ત્યાગ કરી, જે લોકોમાં વીર પુરૂષો જાય છે, તે લોકમાં હમેશને માટે જઇને વસ્યા! શું અત્યારે એ જ ભારતભૂમિમાં વસતા જનો તેવા વીર શિરોમણિનાં દર્શન કરવા પુનઃ ભાગ્યશાળી બની શકે છે?

પ્રકરણ વીસમું

હાડી રાણી સતી થયાં

દોહાઃ—રામસિંહ સુણુ અમરેશ, ગૌડ કિન અવસાન;
કહે આગરા જાયને, ખેલો મૈં ઘમસાન. ૧
ઢોલ બજંતાં હે સખી, પતિ આયો મુંહિ લેણુ;
બાગાં ઢોલાં હું ચલી, પતિકો બદલો દેણુ. ૨

નાગોરમાં અમરસિંહના ગયા પછી કંઇ જ સમાચાર આવ્યા નહોતા. હાડી રાણી વિગેરે કુટુંબનાં જનો તથા આપ્ત જનો ચિંતામાં મગ્ન હતાં, અને તેમ હોય તે સ્વાભાવિક જ છે. અમરસિંહજી આગ્રા જતી વખતે પોતાના રાજ્યની દેખરેખ રાખવાનો ભાર પોતાના ભત્રીજા* રામસિંહને સોંપી ગયા હતા અને આપ્તજનોમાં—પુરૂષ વર્ગમાં એકલા રામસિંહ જ નાગોરમાં હતા. તેઓ માત્ર ૧૬—૧૭ વર્ષની વયના બાળક હતા, અને રાજના કાજથી પરવારી પોતાની સરખી વયના સોબતીઓ સાથે આનંદ ભોગવતા હતા. આજે પણુ તેઓ પોતાના સોબતીઓ

* જોધપુર રાજ્યના ઇતિહાસનું પુસ્તક અમારી સમક્ષ નથી; એટલે આ રામસિંહ નાગોરાધિપતિ મહારાજા અમરસિંહનો ભત્રીજો હતો કે પુત્ર હતો તે ચોક્કસ કહી શકાતું નથી. કર્નલ ટૉડે રાજસ્થાનના ઇતિહાસમાં આ રામસિંહને મહારાજા અમરસિંહનો પુત્ર ગણાવ્યો છે. તેનું નામ રામસિંહ નહિ આપતાં રત્નસિંહ આપ્યું છે. રાજસ્થાનનો હિન્દી અનુવાદ કરનાર પંડિત જ્વાળાપ્રસાદમિશ્રે તેની ટીકામાં કર્નલ ટૉડે આપેલું રત્નસિંહ નામ ખોટું છે, એવો ઉલ્લેખ કર્યો છે, પણુ તે રાયસિંહ છે, એમ ખુલાસો કર્યો છે; પણુ સગપણુ સંબંધમાં કશો ખુલાસો કર્યો નથી. આ વાર્તા લખનાર બ્રહ્મભટ્ટ છગનલાલ અમથારામે તેને પ્રાપ્ત પ્રાચીન કાવ્યના આધારે રામસિંહને અમરસિંહનો ભત્રીજો ગણાવ્યો છે, તે પણુ સંભવિત લાગે છે. કારણુ કે જોધાણુનાથ મહારાજા ગજસિંહ, અમરસિંહજીના પિતાને આઠ પુત્રો હતા તેમાં અમરસિંહ પાટવી કુંવર હતા; પણુ તેમને નાવારસ ઠરાવ્યાથી તેઓ રાજપાટ ત્યાગ કરીને નીકળ્યા અને બાદશાહ શાહજહાનની કૃપાથી નાગોરના અધિપતિ થયા. તે પછી તેના બીજા કોઈ ભાઇના પુત્ર રામસિંહ અમરસિંહજી સાથે રહેવા આવ્યા હોય તો તે અસંભવિત નથી. આમ હોય તો રામસિંહજી અમરસિંહજીના ભત્રીજા થાય.

સાથે આનંદમાં હતા. તેવા સમયમાં "કિશન" ખવાસ અમરસિંહજીનું માથું લઇ, આગરાથી નાસતો કેટલાક દિવસે નાગોર આવી પહોંચેલો. તે આવ્યો અને રામસિંહને વરદી કહેવડાવી કે, જરૂરનું કામ છે, માટે બહાર પધારો. રામસિંહ જાણતા જ હતા કે "કિશન" ખવાસ મહારાજા સાથે નાગોર ગયો છે, તેથી જ્યારે તેમણે તેના આવ્યાના અને જરૂરી કામસર બહાર બોલાવે છે, એમ જાણવાથી તુરત બહાર આવ્યા. આ વખતે તેમને આગ્રાના સમાચાર જાણવા અતિ આતુરતા થઈ આવી, અને બહાર આવી કિશનને સમાચાર પૂછવા લાગ્યા. કિશને પણ રામસિંહને આવતા જોયા એટલે તે પણ વધારે રામસિંહ પોતાની પાસે આવે તેટલો પણ વખત સમાચાર આપવામાં રાહ જોઈ શકયો નહીં અને તેથી કહેવા લાગ્યો કે: "આપ અઠે બૈઠને મોજાં માંણો હો. ને અઠે આગરામેં હજુર કામ આયગા હૈં."

અથવા કર્નલ ટૉડ સાહેબ અને પં. જ્વાળાપ્રસાદ લખે છે તેમ રામસિંહ અમરસિંહના પુત્ર હોય તો તેઓ અમરસિંહજીની પહેલી વારની સ્ત્રીના પુત્ર હોઇ શકે; જે પણ બનવા જોગ છે. અને અર્જુન ગૌડ અમરસિંહનો સાળો થતો હતો, એમ કહેવામાં આવ્યું છે તે ખોટું નથી. આ અર્જુન ગૌડ નાગોરાધિપતિ મહારાજા અમરસિંહજીનો પહેલી વારની પત્નીનો ભાઈ થતો હોવો જોઇએ. તેથી જ અર્જુન ગૌડ અને મહારાજા અમરસિંહજીનો સંબંધ સાળા બનેવીનો જણાય છે. કારણ કે હાડી રાણીનો ભાઈ અર્જુન ગૌડ હોત તો બુંદેલાધિપતિ મહારાજા છત્રશાલનો પુત્ર ગણાય, અને ક્ષત્રિય વીર છત્રશાલજીનો પુત્ર અમરસિંહજી જેવાને દગો દે નહિ અને પોતાની સગી બહેનને વૈધવ્ય પ્રાપ્ત કરાવે એ સ્વપ્ને પણ સંભવિત લાગતું નથી. રામસિંહ અમરસિંહજીનો ભત્રીજો હોય તો અર્જુન ગૌડ તેનો મામો ન થાય, પણ અમરસિંહજીનો પુત્ર હોય તો મામો પણ થાય.

રામસિંહ અને અમરસિંહના સગપણ સંબંધમાં ચોક્કસ ખુલાસો મળતો નથી. અમરસિંધ-હાડીજીરા (મારવાડી) ખ્યાલમાં પણ રામસિંધને અમરસિંહજીનો ભત્રીજો ગણ્યો છે. ઇતિહાસ ઉપરથી પુરવાર થતું નથી કે રામસિંહ જસવંતસિંહજી (અમરસિંહજીનો નાનો ભાઈ, ગજસિંહ પછી જોધપુરની ગાદીએ બેસનાર)નો પુત્ર હતો. તે ઉપરથી મારૂં માનવું છે કે જો રામસિંહ અમરસિંહનો ભત્રીજો પણ હોય તો તે તેના બીજા છ ભાઇઓમાંથી કોઇનો પુત્ર હોવો જોઇએ. અમરસિંહજી પછી આ રામસિંહ નાગોરનો રાજા થયો હતો. મારૂં અનુમાન એવું છે કે ઔરંગઝેબની શિખવણીથી નાગોરના એક રાયસિંહે જસવંતસિંહના મરણ પછી જોધપુર લેવાને માટે ચઢાઈ કરી હતી, તે આ રામસિંહના વંશનો કોઈ બીજો રામસિંહ કે રાયસિંહ હોવો જોઇએ; અને નામના સરખાપણાને લીધે ટૉડ સાહેબના રાજસ્થાનમાં કેટલીક અન-ઐતિહાસિકતા પેસી ગયેલી લાગે છે.

ન. ઈ. દેસાઈ

કિશનનાં વચનો સાંભળી જેમ સુતેલા સાપના પૂછડા ઉપર પગ પડવાથી તે જેમ ક્રોધાયમાન થાય, તેમ વીર રામસિંહ એકાએક ક્રોધના આવેશમાં આવી ગયા. કાળના સમાન બની ગયા. તેમનું શરીર એકાએક રક્તવર્ણનું થઇ ગયું. જોનારને એવો ભાસ થઇ આવતો હતો કે આ તો જેને "વીરરસ" કહેવામાં આવે છે તે "વીરરસ" પ્રત્યક્ષ સ્વરૂપ ધારણ કરીને આવ્યો ન હોય ??? તેઓ ક્રોધના આવેશમાં આવી ગયા.*

'કિશન થેં માંડનેં મોનેં સઘળી બાત કહ દે કે કાકાજીનેં બાદશાહને કણ રીતસું મરવાય નાંખા.'

કિશનઃ—"કુંવરશા, જણ બખત હજુર બાદશાહરી સલામરા બારતે ગયા, અણ બખત સલાબત કુછ બોલ્યો, જીણસું હજુરને સલાબતનેં માર દીયો. અણ બાતરી જણ બખત બાદશાહનેં માલુમ હુઇ, ઇણી બખત બાદશાહને હજુરનેં મારવારી આજ્ઞા દે દી, ઔર કતરાક મુગલ હજુરરા ઉપર ધસ આયા, પણ હજુરને ઘણાક મુગલા વધેર નાંખા, અર બાદશાહરા ઉપર હજુર ધસગા. જીણસું બાદશાહ દરબાર છોડને જનાનામેં પેઠગો. દુસરા દિન બાદશાહને બીડો ફીરાયો, અર વે બીડો હજુરરા સાળા અરજુન ગૌડને ઉઠાયો. અર દગો કરને હજુરનેં માર દીયા. હજુરને મરતાં મરતાં અરજુનરો નાક અર દોનું કાન કાટ દીયા. અર કેઈ ગૌડાંનેં મારનેં આપ સરગમેં પધારગા."

રામસિંહઃ—"કિશન, કાકાજીરો શિર અઠે આયૌ હૈ કી નહિં?"

કિશનઃ—"કુંવરશા, હજુરરો શિર મેં લૈનેં અઠે આયો હું."

રામસિંહઃ—"કિશન, થોંનેં ગૌડોતાંને કણ રીતસું લાવણ દીયો?"

---

*__દોહાઃ__—રામસિહ રણસિંહને, સુણ્યો અમર અવસાન;
ક્રોધવંત સમકાલ વ્હે, કરમેં ધરી કૃપાન.

છપ્પયઃ—સુની અમર અવસાન, ભાન ભૂલિયો રામસી;
શાંત વૃત્તિ ભઈ નષ્ટ, દૃષ્ટ ભઈ વૃત્તિ તામસી.
કસે દંત કરી ક્રોધ, બોધ મનુ અહે બીરરસ;
મનો ભીરહિં જઈ કાલ, હાલ તિહિં કરહિં નીજ બસ.
અણરીત ક્રોધ કરિ કેં ચલ્યૌ, હાડીપાસ લેવણ રજા;
સુર સકલ અંબર મેં સ્થીત જો, લખણ કાજ રામસી કજા.
કિશન કહૌ કણ રીતસું, કાકો માર્યા શાહ.

કિશનઃ— દગૌ કરીને મારિયા, અર્જુન ભૂપ ગૌડાહ.

રામસિંહઃ—કિશન આગરા જાયનેં, મેં બરતારોંાં ફેર;
ગૌડાંરી સબ મારનેં, લેશોં કાકા વેર.

કિશન:–"હજુરકા કામ આયા પીછાં, રાઠોડ આછી રીતસું લડા; પણ જણુ બખત ગૌડોતાંરી સાહ્યમેં શાહી સૈન આયો અણુ બખત રાઠોડ ભાગવા લાગ્યા. ઇણુ બખત "બલૂજી" ચાંપાવતને આયને બાદશાહી સેનાસું આપણી લારમેં લડવા માંડયો, જીણુમેં "બલૂજી" કામ આયગા; અર ઈણુ બખત મેં હજુરરો શિર ઉઠાયને લૈ આયો."

રામસિંહ:–"કિશન, ચાંપાવત હરદાર એડો કામો કરૈં અણુમેં કાંઇ નવાઇરી. બાત હૈ? કિશન, દેખતૌ "બલૂજી" કતરા બખતસું અપણુંસું રિસીને ગયા હા? પર હજુરરો અન્ન ખાયો હો ઇણુરો બદલો અપણા જીવરા સાટામેં દે દીયો. કિશન," થાંને પણુ ઝાઝા રંગ હૈં કી સમૈ ઓળખને હજુરરો શિર ઉઠા લાયો. જો તું હજુરરો શિર ઉઠાનેં નાં લાતો તો "બલૂજીરા" કામ આયા પીછું કોઇ રીતસું આ સકતો નહીં."

કિશન:–"કુંવરશા, હજુરરા પુન્યરા પ્રતાપસું કે કોઇ કઠણુ કામ વૈ સકે. જરાં અણુમેં કાંઇ બડો કામ હૌ જો નાં બણુ સકે?"

રામસિંહ:–"કિશન, થેં મોરી લારમેં ચાલ. આપણ કાકીજીરી પાસમેં જાયને સધળા સમંચાર જણાય દાં."

કિશને જવા ખુશી બતાવી, અને કિશનને સાથે લઇને રામસિંહ, જ્યાં અમરસિંહનાં નવાં રાણી હાડીજી હતાં ત્યાં આવ્યો. તેણે અથથી ઇતિ બધા સમાચાર કહી સંભળાવ્યા.

કિશનના મોઢેથી મહારાજાના મરાયાના સમાચાર જાણી હાડીજી મહા વિલાપ કરવા લાગ્યાં. તે કહેવા લાગ્યાં કે:–"રામસિંહ, મેં થારા કાકાનેં ના કહીહી, જરાંઇ મોરો કહણો માન્યૌ કોય નહીં નેં આપ આગરા પધાર્યા. હજુર ઠગાય ગા, અર અપણે સગાં કે હાથસું દગાસું મરગે. રામસિંહ મોરો દિન કેડા આયોકી હજુરરો મોરી સાથ લગન હુવાનેં મહીનો સવા મહીનો તો પૂરો હુવો હૈ, અણુમેં હજુરરો અવસાન હુઇગો! હજુરરા મોતરો કારણુ મેં હુઇ. હજુર મુદતરા ઉપરાંત સાત રોજ મોરી પાસમેં રૂકગે. જીણુસું એ સધળો કામો વ્હે ગૌ, અર હજુર કામ આયગા. રામસિંહ, થારા કાકાજીરો સબ અઠૈ આયો હૈ કી નહીં?"

રામસિંહ:–"કાકીજી, મોરા કાકાજીરો શિર અઠૈ આયો હૈ. "બલૂજી" ચાંપાવત રાઠોડાંરી સાહ્યમેં લડવારા બાસ્તે આયા. અર આપ ખૂબ લડને કામ આયગા. અણુ બખત કિશન હજુરરો શિર ઉઠાયને અઠૈ ભગ આયૌ હૈ."

હાડીજી:–"રામસિંહ, ધન્ય હૈ "બલૂજી" નેં કે જીણાંનેં અપણે અઠૈસું રિસાયનેં ગયા હૈં, જરાંઇ અતરી આફત હોરને અંત કામ

આયગા. ધન્ય હૈ "બલૂજી" રી માતાજીનેં કે જણીને "બલુજી" જેડા વીરનેં જનમ દીયો. અર "કિશન" નેં પણ ઝઝા રંગ હૈં કી, જીણુને હઝુરરો શિર ઉઠાય લીયો. રામસિંહ, અબાર મોરા બાસ્તે ચિતા તયાર કરાય દે. મેં થારા કાકાજીરી લારમેં સતી હોશૉં. મોરે થારા કાકાજીસું છેટો પડે હે, જીણુસું અબાર ચિતા તયાર કરાય દે."

રામસિંહ:—"કાકીજી, મેં મોરા કાકાજીરો બદલો લેવારા બાસ્તે આગરા ઉપર ચડશોં, જીણુસું મેં અઠે પરત આવોં અઠે તક આપ મોરી રાહ દેખને રૂક જાઓ. પીછુંસું આપોનેં ઠીક લાગે જણુ રીતસું આપ મોનેં આજ્ઞા ફરમાય દો."

હાડીજી:—"રામસિંહ, બાદશાહસું લડવારા બાસ્તે જાવણો, યે થારો કામ નહિં હૈ. થું અણુ બખત ટાબર હૈં, જીણુસું થારો યે કામ હે કોય નહીં, અર મેં થોનેં રજા દઉં કોય નહીં.*"

રામસિંહ:—"કાકી, આપ કાંઇ કહો હો? કાંઇ મેં શુદ્ધ રાજપૂત અર બીર રાઠોડ નહીં હુ? જીણુસું આપ ના ફરમાવો હો? આપ બિચાર કર દેખો મેં શુદ્ધ રાજપૂત અર વીર રાઠોડોરા કુળમેં જન્મ્યો હું. ફીર મેં મોરા કાકાજીરો વેર નાં લું તો મોરે જનમવારો કાંઇ લાભ હૈ? કાકીજી, આપ મોનેં છોટાસા ટાબર મતી જાણો. આપ બિચાર કર દેખો કી આગરા ચીણુગારી છોટાશી લાગે હૈ, પરન્તુ બડી બસ્તુ કું જળાવે હે, અર રોગ હૈ સો છોટાસા રૂપસું આયને બડાસા શરીરોંમેં આપણો જોર જમાયનેં આદમીરો જીવ લેવે હૈ. અણુ રીતસું મેં હું તો છોટો પણુ વીર રાઠોડરો બાળક હું. મોરી રગોમેં રાઠોડોંરો લોહી બહ રહ્યો હૈ. ઇણુ બાસ્તે મેં આગરા ઉપર જરૂર ચડઇ કરશોં, અર બાદશાહનેં દિખાયદે હોકી રાઠોડોંસું વેર કરને કાંય ફાયદો મીળે હે? કાકીજી, આપ ખુશ હોને મોનેં રજા દે દો. આપ ના કહશોં જરાંઇ મેં તો આગરા ઉપર જરૂર હલ્લા કરશોં, ફીર આપ કયું રાજી હોને મોનેં રજા દો નહીં?"

હાડીજીએ જાણ્યું કે હું રામસિંહને ના કહીશ તો પણ તે આગરા ઉપર તો ચડશે જ, તેથી તેમણે રામસિંહને સમજાવતાં કહ્યું કે,

---

* **રામસિંહ**:—"કહ કાકીને કરગરી, કરી નીજ નેન કરાલ;
કાકી કાઢું જાયને, શાહજહાંરો શાલ.
રણ ખેતાં રાઠોડસું, કરી કમાયો કોહ;
સો જતાઇ હોં શાહસું, છોડી જીવન છોહ.
રણ ખેતી રજપૂતરી, બીર ન ભૂલે બાળ;
બારહ બરસાં બાપરો, લહે વેર લંકાળ."

"ભાઇ, યા કામ કાંઇ સહેલસો હે કી જીણુસું તું માંગે ઇણુ બખતમેં બીના બિચારસું થોંનેં રજા દેદું? ભાઈ, બિચાર કર. યા શામસું સંગ્રામ હૈ, અર શામસું સંગ્રામ કરવામેં હીતરી બાત કોય નહીં હે, ફીર મેં મોરી જીભસું થોંનેં રજા કીં કરને દે સકું?"

રામસિંહે પોતાની કાકીનાં નિરાશા જનક વચનો સાંભળી કહ્યું કે, "કાકીજી, કાકીજી, આપ બિચાર કરો, જો અણુ બખત કાકાજીરો વેર લીયો જાય નહીં તો, બાદશાહ ફૂટ જાય, અર રાઠોડોંસું ફીરને કુછ કરવારો બિચાર કરશી. જીણુ બાસ્તે આપ મોનેં કૃપા કરને આજ્ઞા દો. મેં જાયને બાદશાહનેં દેખો."

હાડીજીને પણુ ખાત્રી થઇ કે રામસિંહ કોઇપણુ ઉપાયે રોકયો રહેવાનો નથી અને બાદશાહના સાથે લડવા જવાનું છે માટે સારી તૈયારીથી તેને મોકલવામાં આવે તો જ કામ પાર પડે. તેથી તે કહેવા લાગ્યાં કે, "રામસિંહ, જહાં થારો આગ્રહ હૈ તો થેં તયાર હોને જાઓ. ભગવાન એકલીંગજી થોંનેં મદદ કરશીં. થારા કાકાજીરો પાઘડી*ભાઇ પઠાણુ સરદાર મીરખાંન હૈ, અણુનેં મેં કાગળ લીખુંહું, વૈ થારી સાહ્યમેં જરૂર આશીં."

હાડીજીએ પોતાના પતિના પાઘડીભાઇ પઠાણુ સરદારને નીચેની મતલબનો પત્ર લખ્યોઃ—

છપ્પયઃ—પધ્ધડીભાઈ પઠાણુ, ભાણુ રાઠોડ અથગ્યો;
કરણુ દગારો કાજ, રાજ ગોડાંનેં ગગ્યો.
ફીર્યો બીડો શાહ, કિણું હિમ્મત નહૈં ધારી;
જહાં ગોડાંનેં આય, દગારી બાત બિચારી.
તિણુદગો કરી મમ નાથકું, માર્યો મીલિ નીજ સાથકો;
રામસી ચઢત હે આગરા, ચઢો દિખાવણુ હાથકો.

સોરઠાઃ—રામસિંહ રણુ બંક, શાહ ઉપર નીજ સેન સજ;
પઠાણુ પધાર નિઃશંક, સત્ય સગો કર આપરો.

દોહાઃ—સુખમેં સગા અનેક વ્હૈ, દુખમેં ટાલો દેય;
એડા મત વ્હેશો સગા, સુણુ પઠાણુ અજેય.
રામસિંહકી સાથમેં, ચઢ દેવશી સુજાણુ;
શાહ સુધકો લાવહૂ, કર ધર કઠિણુ કૃપાણુ.

---

* રાજપૂતાનામાં પ્રથમ એવો રિવાજ હતો કે, એક બીજાની પાઘડી બદલી, પાઘડીભાઈ થતા હતા, અને તે પાઘડીભાઈ પોતાના જીવ સાટે પણુ એક બીજાની સાહ્ય કરતા હતા. તેનું આ પઠાણુ સરદારનું પ્રત્યક્ષ જ દૃષ્ટાંત પણુ છે. હાલ આ રિવાજનું અસ્તિત્વ છે કે કેમ? તે કહી શકાય તેમ નથી. પરંતુ સાધારણુ રીતે હાલ જેવા ઘાતકી સમયમાં તેવા રિવાજનું અસ્તિત્વપણું હોવું તે શંકાસ્પદ જ છે.

રાણીજીએ પોતાનો પત્ર લઇ હલકારાને પઠાણ સરદાર પાસે મોકલ્યો અને રામસિંહને ચિતા તૈયાર કરાવવાની આજ્ઞા કરી, અને પોતે પ્રિય પતિને મળવા જવાની તૈયારી કરવા લાગ્યાં.

નગરમાં હાડીજી સતી થાય છે એ વાત ત્વરિત જ પ્રસરી ગઇ હતી, તેથી બાળક યુવા વૃદ્ધ સ્ત્રી પુરૂષો તમામ પ્રજા પોતાનાં સતી રાણીનાં પ્રથમમાં પ્રથમ અને છેલ્લામાં છેલ્લી વખતનાં દર્શન કરવા સારૂ રસ્તાની બંને બાજુએ હાજર થઇ ગયાં.

હાડીજીએ, પોતાના શિરના વાળ ઘીથી લથ્થ બથ્થ કરી છુટા મુકી દીધા. કપાળમાં કેસરની આડ કરી લીધી, અને સાક્ષાત્ ચંડીનું સ્વરૂપ ધારણ કરી હાથમાં નાળિયર લઇ તૈયાર થયાં. રામસિંહે પણ સતી દેવીના માટે સવારી તૈયાર કરાવી. પૂજ્ય કાકીજીના પાસે આવી મસ્તક નમાવી વિનય કર્યો કે "માતાજી, સવારિ તૈયાર હૈ, પધારો" રાણીજી ઉભાં થયાં, અને રાજ્ય પુરોહિતે આવી રામસિંહ પાસે દેવીની પૂજા કરાવી. રામસિંહે દેવીની ડોકમાં સુગંધિત પુષ્પોની સુંદર માળાઓ પહેરાવી, એટલે સતી દેવી ચાલ્યાં. લોકોના "સતી માતાજીકી જય"ના મહાન્ ઘોષ વચ્ચે પોતે નીચે ઉતર્યાં અને તૈયાર રાખેલા હાથી ઉપર પ્રાણપતિનું પવિત્ર મસ્તક ખોળામાં લઇ બિરાજ્યાં. રામસિંહ સતી દેવીના હાથીની અંબાડીમાં પછાડીના ભાગમાં ચમ્મર કરવા બેઠા. મહાન્ પ્રતાપી હાડી રાણી જાણે પ્રિયપતિને પોતે-પ્રેમમાં ફસાવ્યા હતા તેનો બદલો આપવા ચાલ્યાં ન હોય ! એમ વાદિત્રોના મહાન્ અવાજ, લોકોના જયજયકારના અવાજ, અને હાથી ઘોડા વિગેરે સવારીના જાનવરોના અવાજ વચ્ચે સતી થવા ચાલ્યાં. પવિત્ર મહારાણીનાં આજ પ્રથમ અને છેવટનાં દર્શનથી એક બાજુ લોકોના હૃદયમાં આનંદના ઉભરા ઉભરાવા લાગ્યા; બીજી બાજુ પોતાનાં આવાં પવિત્ર દેવી આજ પતિના વાંસે સતી થાય છે, તે સ્મરણથી આંખોમાં ચોધાર અશ્રુઓ વહેવા લાગ્યાં. લોકો મહારાણીના જયજયકારના ઘોષ કરી હાડીજી ઉપર પુષ્પની વૃષ્ટિઓ કરવા લાગ્યા. આખા નગરમાં મહારાજા અમરસિંહજીના અવસાનથી, અને હાડી રાણીના સતી થવાના સમાચારથી તમામ સ્થળે કરૂણા જ વ્યાપ્ત થઇ રહી હતી. આ વખતની લોકોની સ્થિતિ જોઇ એમ ભાન થતું હતું કે, જેને "કરૂણ રસ" કહેવામાં આવે છે, તે કરૂણ રસે જાણે નાગોરની પ્રજા ઉપર કોપાયમાન થઇ નાગોરના કિલ્લા ઉપર પોતાનું પ્રાબલ્ય દર્શાવવા સારૂ સવારી કરી ન હોય ! સ્થળે સ્થળે શોકનાં ચિન્હો દેખાતાં હતાં. તમામ સ્થળે બાળક-યુવાન અને વૃદ્ધ સ્ત્રી-પુરૂષો રૂદન કરી રહ્યાં હતાં. અરે માણસો તો શું પણ રાણીજીનાં પાળેલાં

પશુ પક્ષીઓ પણ પોકાર કરી રહ્યાં હતાં. તેઓ રાણીજી રાજમહેલમાંથી નિકળ્યાં એટલે પોકાર કરવા લાગ્યાં. તેમનાં નેત્રોમાંથી અશ્રુઓની ધારાઓ વહન કરવા લાગી. તેમણે ખોરાક પણ બંધ કર્યો, અને જાણે રાજમહેલનાં દાસદાસીઓ અને પશુ પક્ષીઓએ રાણીજીના સતી થવાના શોકમાં ઉપવાસ આદર્યા હોય નહી!

આવી રીતે શોકના દેખાવમય રાણીજીની સવારી શોકમાં ગરકાવ થયલી નગરમાં ફરી, સ્મશાનભૂમિ ઉપર આવી પહોંચી એટલે હાડીજી હાથી ઉપરથી ઉતર્યાં, અને ચંદનની ચિતા તૈયાર રાખવામાં આવી હતી ત્યાં આવ્યાં. ચિતામાં અનેક પ્રકારના સુગંધિ પદાર્થો વચ્ચે ગોઠવી રાખવામાં આવ્યા હતા, અને અંદર પુષ્કળ ઘી નાંખવામાં આવ્યું હતું; અર્થાત્ તમામ ચંદનના ટુકડા ઘીમાં તરબોળ કરી ગોઠવવામાં આવ્યા હતા. ચિતા ઉપર ચડવા સારૂ ચંદનના કાષ્ઠની નિસરણી રાખવામાં આવી હતી, તેના ઉપર થઇને હાડીજી ચિતા ઉપર ચ્હડયાં, એટલે રામસિંહે હાડીજીની પુનઃ પૂજા કરી, અને હાથ જોડી પ્રાર્થના કરી કે "માતા, મોરા ઉપર કૃપા કરને મોંને કાંઇ આજ્ઞા ફરમાય દો."

હાડીજીએ કહ્યું કે, "રામસિંઘ થેં થારા મનસું જો બિચાર કિયો હૈ અણ રીતસું આગરા ઉપર ચડાઇ કરણી. થારો જોગ માયા ભલો કરશી. અર બાદશાહરા અર ગૌડોતાંરા ઉપર થારો વિજય હોશી. રામસિંઘ, અબ ચિતા પરગટ કરાય દે, મોરે મોરા પતિસું છેટો પડે હૈ."

રામસિંહે પણ પોતાનાં પવિત્ર કાકીજીની આજ્ઞા થવાથી તુરત ચિતા પ્રગટ કરી, અને લોકોના જય જયકારના ઘોષ, વાદ્યોના ઘોરરવ તથા અબીલ ગુલાલ તથા ચિતા સળગવાથી ધુમાડાના અંધકાર સાથે જ ચિતામાંથી જ્વાળાઓ આકાશ સાથે વાર્તાઓ કરવા લાગી. રામસિંહની આજ્ઞાથી ચિતા એવી સરસ રીતે ગોઠવવામાં આવી હતી કે તેને જોઇ જોનારને સ્વર્ગમાં જવા માટેની સીઢી જાણે ગોઠવવામાં આવી હોય તેવું ભાન કરાવતી હતી. તેમાં વળી આ ધૂમાડો અને અગ્નિની જ્વાળાઓ થવાથી તો લોકોના મનમાં એમ જ થયું કે રાણીજી તો અગ્નિની પ્રથમ જ્વાળાની સાથે જ સ્વર્ગમાં પ્રિયપતિને જઇ મળ્યાં.

સવારી પરત નગર તરફ વળી. નગરમાં સ્થળે સ્થળે શોક જ દર્શાતો હતો. લોકો પ્રિય રાજા રાણીની સ્થળે સ્થળે પ્રશંસા કરતાં કરતાં રૂદનો કરતાં દેખાતાં હતાં. જેમ જેમ પોતાનાં મુકામો આવતાં ગયાં તેમ તેમ શોકમય પોતપોતાના મુકામે ગયાં.

રામસિંહે પણ આજની રાત્રિ શોકમય વ્યતીત કરવાનો વિચાર કરીને સવારમાં દરબાર ભરવાની વરદી સરદારોને કહેવડાવી. નગરમાં

ડુડી પીટાવી, લોકાને પણ ખબર આપવા કહેવડાવ્યું. તે રાત્રિ તેણે પણ શોકમય, અને આગ્રા ઉપર સવારી કરવાના વિચારમાં જ વ્યતીત કરી.

પ્રકરણ એકવીસમું

રામસિંહનો આગ્રા ઉપર ચડાઈ કરવાનો નિશ્ચય

બીર બાળક રાઠોડરૌ, બનગૌ બીચ જ્યું કાળ;
મનૌ દેખીકેં મૃગન કો, ક્ષુધિત જ્યું મૃગપતિ બાળ.

સૂર્ય ઉદયની સાથે જ કુમાર રામસિંહની આજ્ઞા મુજબ દરબારનાં વાદિત્રો વાગવા લાગ્યાં. સરદારો અને નગરના અન્ય રાજપૂતો પણ આજે દરબારમાં વહેલા જવાનું હોવાથી વહેલા ઉઠી પોતાનાં નિત્યકર્મથી પરવારી દરબાર તરફ આવવા લાગ્યા. દરબારમાં એક પછી એક માણસોનો જમાવ થવા લાગ્યો.

કુમાર રામસિંહ પણ આજે વેહેલા ઉઠી નિત્ય નિયમથી પરવારી તૈયાર થયા હતા, અને દરબારમાં જવાની વરદી મળવાની રાહ જોઇ બેઠા હતા. એટલામાં દરબારમાં તમામ સરદારો અને અન્ય રાજપૂતો આવી ગયાના સમાચાર મળ્યા એટલે પોતે ઉઠયા, અને દેવમંદિરમાં જઇ પોતાના ઇષ્ટદેવને પ્રણામ કરી પોતે દરબારમાં આવવા નિકળ્યા. નીચે પોતાના માટે તૈયાર રખાવેલા અશ્વ ઉપર સ્વાર થઇ પોતાના સાથે બીજા કેટલાક પોતાના અંગત સવારો લઇ દરબારમાં જવા નિકળ્યા. નગરજનોના જયજયકારના અવાજ વચ્ચે દરબારમાં આવી પહોંચ્યા. દરબારમાં આવ્યા એટલે તમામ લોકોએ ઉભા થઇ માન આપ્યું. પોતે પોતાના આસને બિરાજ્યા. કસુંબા પાણી થવા લાગ્યા, ખારભંજણી થઇ રહ્યાં; હોકા આવ્યા અને હોકા ચાલુ થયા એટલે સરદારોને અને અન્ય રાજપૂતોને અરીણુ ઉગવા લાગ્યાં, અને અરીણુ ઉગ્યાં એટલે કુમારે સરદારોને અને અન્ય રાજપૂતોને ઉદ્દેશીને કહેવા માંડયું કે: "હરદારોં, યેં હધળા જાંણોહો કી મોરા કાકાજી આગરામેં કામ આયગા હૈ, અર નીચ ગૌડાંતાંને દગલબાજીસું ઇણુનેં માર દીયા હૈ. બાદશાહને એક પીંજારારી ચુગલીસું એડો અનર્થ કિયૌ હૈ. અબ હુયગૌ સો હુયગૌ, પર અબાર આગે કાંઇ કરણો, યા બાત મેં આપ હધળાંસું પુછું હું, તો આપ બિચાર કરને મોંનેં જણાયદો."

સરદારો તો આ રામસિંહનાં વચનો સાંભળી કેટલોક વખત તો સ્તબ્ધ જ રહ્યા પછી વિચાર કરીને કહેવા લાગ્યા કે: "કુંવરશા આપ-

ણુંનેં અબ બાદશાહસું લડવામેં તો જય મળ સકે કોય નહિં, જીણરા બાસ્તે અમારો બિચાર તો એડો હૈ કી અબાર તો આપણે કાંય કરણો નહીં. આગરા જાયને દાવ દેખને ગૌડોતરિ વેર લેવારો બિચાર રખણો ચાહિજે. બાદશાહસું લડવારો અમારો બિચાર કોય નહીં."

રામસિંહે પોતાના સરદારોનાં આવાં વચનો સાંભળ્યાં ત્યારે તો તેના ક્રોધનો અને શોકનો પાર રહ્યો નહીં અને ક્રોધમાં ને ક્રોધમાં તે સઘળા સરદારોને ઉદ્દેશીને કહેવા લાગ્યો કેઃ "હરદારોં, આપ હધળા મોરા કાકાજીરી લારમેં બેઠણુવાળા હો, જીણુસું આપ હધળા મોરા પૂજનિક હૌ. પરન્તુ મોનેં આપોંરાં વેણુ હુણનેં શોક હોવૈ હૈ કી આપ મહારાજરી લારમેં બેઠવાવાળા હો ફીર આપોંરા અંગોંમેં અતરી કાયરતા કઠેહું આયગી? મહારાજરા તો એક રૂંવાડામેં કાયરતાહી કોય નહીં.*

* આપોંનેં રાજપૂતોંરા લક્ષણોંરો કુછ જ્ઞાન હૈ? અર જો નહિં હૈ તો મેં આપોંનેં હુણાવુંહું આપ ઈણુ બાતરો બિચાર કરને ફીરસું મોંનેં જવાબ દો."

છપ્પયઃ—યેહ બિરદ રજપૂત, પ્રથમ મુખ જૂંઠ ન બોલૈ;
યેહ બિરદ રજપૂત, પરત્રિય કાછ ન ખોલૈ.
યેહ બિરદ રજપૂત, આય બાંટે કર જોરૈ;
યેહ બિરદ રજપૂત, એક લાખોં બિચ ઓરૈં.
જમરાંણ પાંય પાછા ધરૈ, દેખિ મતૌ અવધૂતરો;
કરતાર હાથ દીધી કરદ, યેહ બિરદ રજપૂતરો.

ગીતઃ—બરસાં દસ તણો બાપરે બદલે, રાજા કનૈં રહે રજપૂત;
દેશ બિદેશ ચાકરી દૌડે, ધજવડ હથો કઢાડે ધૂત.
સેલ બંધૂક તીર, ખગ સાધન, ખસ ચઢણો, રમણો આખેટ;
ઇતરી બાત, હાથજ દિખાવે, નર નરનાહ, કહાવે નેટ.
છળ બળ દાવ, ઘાવ કામત છત, દરસે જુધ વેળા, જમ દૂત;
કિરમર જાલી રહે, નિત કાનૈં, રાજા તદિ માનૈં રજપૂત.
રાજસાળ પોશાળ તણી રૂખ, સમજે ચિત લાવે સરસ;
ભાંતિ ભાંતિ તરબિતિ હુવે ભડ, રીતિ પ્યાંતિ રંગરાગ રસ.
બાયક સાંચ સામધ્રમ બરતે, ઋધિ ખરચૈ દ્રઢ કાઈ રહે;
સો રજપૂત સહી સરસાતા, લાખાં હિં બાતાં સુજસ લહે.

કોઈ કવિને યું પણ કહ્યો હે કીઃ—

"હિમ્મત અપાર તાકી કિમ્મત અપાર હોત;
હિમ્મત ગયે તેં ફીર કિમ્મત કહાં રહી?"

હિમ્મતસું કિસોઈ ભારી કામ વ્હે જરાંઇ વ્હે સકે. ઈણ બાસ્તે "ઠાકુર" કવિને કહ્યો હે કીઃ—

કવિતઃ—શામલ વ્હે પીરમેં, શરિરમેં ન રાખે ભેદ;
અન્તર કપટ કછુ, હોય તી ઉઘરિ જાત.

આપ હબળા ઇણુ બાતોંરો ફીરને મોંનેં જવાબ દો ? કાંઈ આપ ક્ષત્રિ કોય નહીં ? આપરા મનમેં શું હિમ્મત ભગ ગઇ હૈ ? આપ રણમેં જાવાસું પગ ક્યું પાછા ધરો હો ? ક્ષત્રિયોંરા બાસ્તે વાણી-યારી તરાં ઘરાં બૈઠા બૈઠા મૌજ શૌખરૌ કઠૈ લિખ્યૌ હૈ ? રાજપૂતોંરે ઘરમેં માંદા હોયને મરવાસું રણમેં દુસ્મનશું લઢતે મરણો યે વધુ પ્રશંસારો કામ હૈ. આપ બાદશાહશું કાંઈ કરવારા બાસ્તે ડરો હો ? આપરૈ એક શિર અર દો હાથ હૈ, અર બાદશાહનેં દોચાર શિર અર ચાર આઠ હાથ હૈ ? રણમૈ વિજય મિળણોકી ભાગણો યા મરણો ઇણુરો આધાર કુછ બળરા ઉપર હૈ કોય નહીં; યે તો ભગવાન એક-લીંગજીરી મરજીરી બાત હૈ, અર વો જીણુનેં વિજય દેવો ધારે ઇણુનેં દેવે હૈ. ફીર ઓછો બળ વ્હે કી વધારે બળ વ્હે."

આ પ્રમાણે દરબારમાં જે વખતે વાતચિત થઈ રહી હતી તેજ અરસામાં હાડીજીએ પઠાણ સરદાર તરફ મોકલેલો દૂત આવી પહોંચ્યો અને તેણે સમાચાર કહ્યા કે "હજુર, પઠાણ સરદાર આજ અપણા બાર હઝાર સરંજામ લેનેં આપોંરી લારમેં આવવા નિકળશી, અર આપોંરી બહુત પ્રશંસા કી અર કહ્યૌ હૈકી મૈં મોરા જીવરા સાટૈ કુઁવર-શારી લારમૈં રહનેં લડશૌં. આપ તૈયાર વ્હેનૈં પધારો."

રામસિંહનાં શિખામણનાં વચનો અને પઠાણ સરદાર તરફથી દૂતે સંદેશો કહ્યો, તે સાંભળી સરદારોની અને અન્ય રાજપૂતોની કાયરતા નાશી જ ગઈ. તેમની ગયલી હિમ્મતે પુનઃ તેમનાં મનોમાં આવી વાસ કર્યો. તેમના શરીરમાં વીરરસનો ભાવ દેખાવા લાગ્યો. તેઓએ

ઐસો ઠાઠ ઠાને જતેં, બીના જન્ત્ર મંત્રનતેં,
સાઁપહુકો જહર, ઉતારૈ તો ઉતરિ જાત.
"ઠાકુર" કહત યામૈં, કઠિન ન માનો કહ્યુ;
હિમ્મત કિયે તેં કૌન, કાજના સુધરિ જાત.
ચારિ જને ચારિહી, દિશાતેં ચારિ કોને ગહિ;
મેરૂકો હિલાયકે ઉખારૈ તો ઉખરિ જાત.

સોરઠાઃ–હિમ્મત કિમ્મત હોય, હિમ્મત બિન કિમ્મત નહીં;
કરે ન આદર કોય, રદ કાગદ જ્યું "રાજીયા".

દોહાઃ–સબ જગ રિપુહૌં એક હૌં, કૃશ હૌ અરૂ અસહાય;
ઐસી શંકા સિંહકે, સપને હૂ નહિં આય;
કહી પરગ્ધે આપરાં, શીખ દિયે શારાઁહ;
બધે ન હમ્મર કાયરાં, ઘટે ન ઝુઝારાઁહ.
મન બિશ્વાસી જીવડા, કાયર કિય દૈડેહ;
મરશી કોડે લોહ કે, ઊબરશી ચોડેહ.

કુમારને જવાબ આપ્યો કે "કુંવરશા, હમ હધળા હરદાર ઔર રાજપૂત આપરી લારમેં આગરા આવવારા બાસ્તે તૈયાર હોં. અર હમારો બિચાર એડો હૈકી આજ સન્ધ્યા સમય અઠૈસું નિકળ જાંય."

રામસિંહે તેમને વળતો જવાબ આપતાં જણાવ્યું કે, "હરદારોં, આપોંરી અર હમારી ઇજ્જત એકઠી હૈ, જીણુસું આપ ઈણુ તરેસું રાજારા બાસ્તે રણમેં શુંઢો અણુમેં કાંઈ બડી બાત હૈ? આપોંરી મદદસું સત્રબો આગરા હલાય દેહોં, અર બાદશાહનેં માલુમ દેશૌંકી રાઠોડાંસું વેર કરને કાંઈ મીળયો?"*

આપ હધળા આગરા આયનૈ એડો કાજ કરૌ કી જીણુસું બાદશાહરી આંખ ખુલ જાય અર સ્વર્ગ–મૃત્યુ અર પાતાળમેં આપરા જશ ન્હૈ જાંય.† હરદારોં, આપોંરો બિચાર હૈ, વો મોંનેં ઠીક લાગૈ હૈ. આજ સન્ધ્યારા સમયરા આપણુ અઠૈ હુ નિકળ જાંય. આપ તયાર વ્હૈનૈં પધારો.

રામસિંહે દરબાર બરખાસ્ત કરાવતી વખતે કહ્યું કે, "કાકાજી

---

* મૈં આપ સઘળોંરી સ્હાયસું એડો કામ કરશૌં કી.

કવિત:–આજ ચલું સાથ લઇ, સઘળે રાઠોડનરો,
ધીર બલબીર બની, શાહ સુધી લાઊં મૈં;
આજ ચઢી સારી બાદશાહીકે હૈ મીરનકો,
મારી અરિ નારીનકો, બિધવા બનાઊં મૈં.
ધરી બિકરાળ રૂપ, કાલકે સમાન આજ,
સારી બાદશાહી હાહાકાર બરતાઊં મૈં;
આજ ચઢી આગરાપૈં, સકલ હિલાઉં રાજ,
કાજ કરૂં અદ્ભૂત ઔ, દિલ્લીકો ડગાઉમૈં.

છપ્પય:–આજ કરૂં રણુ રંગ, જંગ શાહકો જતાઊં;
મારૂં મુગલ પઠાણુ, બાણુ(તેં) બીરતા બતાઊં.
ગૌડાંતી ઘમસાંણુ, કરી હળ ખરાં ફિરાઊં;
શાહ સાહામેં મીર, લડે યમ લોક પઠાઊં.
બળ પાય સકળ રાઠોડરો, હાહાકાર બરતાઈ હોં;
આગરા ગૌડાંતી દોહુ દળ, કરી છિન્ન ભિન્ન ભગાઇ હોં.

† છપ્પય:–અણી કેશરિ બીર, ધીરર ધરિ લડો રાઠોડાઁ;
પકડી પછાડહુ મીર, બીર મારો સહુ ગોડાઁ.
રંડી અમરરી નાર, નાર બહુ અહિરી રંડૈ;
જહાં રાઠોડાં રંગ, જંગ જાણે જગ મંડૈ.
અણુરીત કાજ કરી આગરા, નામ કરો જગમૈં અમર;
જસ ગૌય કવિ તિહૂં લોકમૈં, હૂર પતિ પાવૈ અઁબર.

જીણુ બખત આગરા પધાર્યાં ઇણુ બખત જીણુ જગાપર કસુંબા હુવા હડા અઠે કસુંબારૌ બંદોબસ્ત કરાણો."

દરબાર બરખાસ્ત થયો. સહુ સરદારો અને અન્ય રાજપૂતો પોતપોતાનાં સ્થળે ગયા, અને કુંવર રાજમહેલમાં ગયા.

પ્રકરણ બાવીસમું

અરજુન ગૌડનું અપમાન

દગલબાજી કરવા થકી, કદિ ન થાય કલ્યાણ;
જાતે કરિને જોઇ લ્યો, જો ચાહો તે લ્હાણ.

અરજુન ગૌડ પોતાનાં નાક કાન વીર અમરસિંહજી પાસે કપાવી સાંજના દરબાર વખતે બાદશાહ પાસેથી ઇનામ મેળવવા સારૂ દરબારમાં જવા તૈયાર થયો. તે ચાલવાનો વિચાર કરીને ઉઠ્યો કે કોઇએ છીંક ખાધી, એટલે પાછો નીચે બેઠો અને પાણી મંગાવી પી લીધું, અને પુનઃ ચાલ્યો. પોતાના રહેવાના મકાનના દરવાજા પાસે આવ્યો એટલે બિલાડી આડી ઉતરી; વળી પાછો તે બેઠો અને થોડી વારે લાલચમાં ને લાલચમાં ઉઠીને ચાલ્યો. પોતાના વાડા-કમ્પાઉંડના દરવાજા પાસે આવ્યો એટલે કુતરાએ કાન કર્યા. આમ ઉપરા ઉપર તેને દરબારમાં જતાં ત્રણ વખત અપશકુન કરાવી કુદરતે તેને દરબારમાં જવા ના પાડી; છતાં પણ જેનું મન લાલચમાં ફસાયલું છે, જેનું મન વિશ્વાસઘાત કરવાથી દૂષિત થયલું છે, અને જેણે વીર અમરસિંહજી સાથે સંધિ કરતાં વચ્ચે શંકર ભગવાનને રાખ્યા હતા, અને વીર અમરસિંહજી સાથે દગો કરી શ્રીશંકર ભગવાનનો મહાન્ અપરાધ કરેલો છે, તેને તે અપરાધનું ફળ ચાખવાનું બાકી છે. પાપી અરજુન ગૌડ પોતાની સાથે બે ચાર માણસો લઇ અપશકુનને નહીં ગણતાં દરબારમાં જવા ચાલ્યો.

સવારમાં અરજુન ગૌડે દગો કરી અમરસિંહને માર્યાના અને મરતાં મરતાં પણ વીર અમરસિંહે તે વિશ્વાસઘાતીને નાક કાન કાપવાની શિક્ષા કરવાના સમાચાર નગરમાં ફરી વળ્યા જ હતા. લોકો આ નાક કટ્ટા ભાગ્યશાળીનાં દર્શન કરવા ઉત્સુક બની રહ્યા હતા. અને એવી ઉત્સુકતામાં આ ભાગ્યવાન બજાર વચ્ચે થઇ રસ્તો હોવાથી દરબારમાં જવા નીકળ્યા. એણે નાક અને કાન ઉપર પાટા બાંધેલા હતા. તેથી પોતાની જ્ઞાતિ અને સગા બનેવીના દ્રોહી અરજુન ગૌડને લોકો અનુમાનથી ત્વરિત ઓળખી ગયા. એક બીજાની વાત ઉપરથી તેની બજારમાં થઇ પસાર થવાની વાત તેના આગળ ને અગાળ બજારમાં

ત્વરિત જાહેર થતી ગઈ, અને રસ્તાની બન્ને બાજુ આ દુષ્ટ કર્મ કરનાર અરજુનને જોવા સારૂ પુષ્કળ માણુસ એકત્ર થયું. તેઓ એક બીજાને ઇસારાથી આ પાપીની ઓળખ કરાવતા હતા, પરન્તુ કોઇ પણ માણુસ તેનું નામ લેતું નહોતું, કારણ કે લોકો જાણતા હતા કે આ ઘોર પાતકીનું નામ લેવાથી કદાચ આપણે પણ પાપી બની જઇશું! જો કે અમારે પણ આવા પાપીનું નામ લેવું ન જોઇએ, તેમજ અમારા વાંચકો પાસે પણ તેનું નામ વંચાવવું લેવડાવવું નજ જોઇએ, પરન્તુ કાર્યવશાત્ તેનું નામ નિરૂપાયે લેવું લેવડાવું પડે છે. આ પાપી રસ્તો વટાવી આગળ જતો ગયો તેમ તેમ લોકો તેની હેકારી કરવામાં પણ પાછા પડતા નહોતા. પાપી ગૌડ તેના માટેની આ લોક લાગણી જોઇ લજવાતો પણ હતો, પરન્તુ લોભમાં ફસાયલા તે પાપીની બુદ્ધિ બેહેર મારી ગયલી હોવાથી દરબારમાં જવાના પોતાના વિચારને અડગ વળગી રહ્યો. છેવટ લોકોની હેકારી ઠઠ્ઠા મશ્કરી વચ્ચે આ પાપની મૂર્તિ રાજમહેલ પાસે આવી પહોંચી.

આ પાપી આગળ દરબારમાં જવા ચાલ્યો એટલે તુરતજ પેહેરાવાળાએ તેને અટકાવ્યો, તેથી ગુસ્સે થઇ કહેવા લાગ્યો કે: "મીયાં, મેરેકો પહેચાનો તો સહી. મૈં ગૌડદેશકા રાજા અરજુન ગૌડહું ઔર દરબારમેંસેં બીડા ઉઠાકેં અમરસિંહ રાઠોડકો મારને ગયા થા. ઔર ઉસકો મારકેં બાદશાહ સલામતસેં હુકુમકે મુવાફિક ઇનામ લેનેકો જાતા હું."

પેહેરાવાળાએ તેને જવાબ આપતાં જણાવ્યું કે: "મૈં આપકો બરાબર જાનતા હું, લેકિન આપકે યે નાક કાન કટ ગયલે હૈં, ઇસસેં મૈં આપકો દરબારમેં જાને નહીં દુંગા. કયા આપકો માલુમ નહીં હૈકી નાક કટે આદમીકો દરબારમેં જાને દેનેકી શાહી મના હૈ?"

અરજુન ગૌડ કહેવા લાગ્યો કે: "મીયાં, નાક કટે આદમીકો દરબારમેં જાને દેનેકી શાહી મના હૈ વો મૈં બરાબર જાનતા હું, લેકિન મેરે નાક કાન તો કોઇ બુરે કામમેં કટે નહીં હૈં. મૈં યે મેરે નાક કાન તૌ મૈં અમરસિંહકો મારનેકો ગયા થા ઉસમેં મેરેભી નાક કાન ઉસને કાટ દીયે હૈ."

પેહેરાવાળાએ સામો જવાબ આપતાં જણાવ્યું કે: "વો બાત તો ઠીક હૈ, લેકિન આપને ઉસમેં કુછ બીરતા કરકેં અમરસિંહકો નહીં મારા હૈ. ઉસકો તૌ તુમને દગલબાજીસેં મારા હૈ. ફીર તુમ ઇનામ કાયકા લેનેકો જાતે હો? ભગ જાઓ, ભગ જાઓ. તુમકો ઐશી બહાદુરી કરનેસેં શરમભી નહીં આતી હૈ?"

અરજુન ગૌડ આ પેહેરાવાળાનાં તિરસ્કાર યુક્ત વચનોથી કુપિત થઇ કહેવા લાગ્યો કેઃ "મીયાં, તુમકો ઉસકી જીકર કરનેસેં કયા ફાયદા હૈ? તુમ તુમારા કામ કરો. જાઓ બાદશાહ સલામતકો જાકેં વરદી દો, ઓર સલામતકા જો ફરમાન હોવે વો મેરેકો માલુમ કરો."

પેહેરાવાળાએ અરજુન ગૌડને પેહેરા આગળ અટકાવ્યો અને એક બીજા સિપાઇને બોલાવી હકિકત સમજાવી વરદી કહેવા મોકલ્યો. સિપાઇએ જઇને નવા "નકીબ"ને જાહેર કર્યું. "નકીબે" હાથ જોડી બાદશાહને અરજ કરી કેઃ "ખુદાવિંદ દીન દિલ્લીકે ખાવિંદ, નીચું વો અરજુન ગૌડ આયા હૈ, લેકિન અમરસિંહને ઉસકે નાક કાન કાટે હૈ, ઇસસે ઉસકો પેરેવાલેને અટકાયા હૈ, તૌ ઉસકે લિયે ખુદાવિંદકા કયા ફરમાન હૈ?"

બાદશાહઃ–"નકીબ, ઉસ પેહેરેવાલેને ઉસ હરામીકો અટકાયા વો બરાબર હૈ, ઔર ઐસે હરામીકો દરબારમેં લાના વોભી રાસ્ત નહીં હૈ, લેકિન ઉસકો યહાં બુલવાકે યે સબ ખાન ઉમરાવેકો ઉસકા ખ્યાલ દેના ચાહિએ. ઇસસે ઈસ પાપીકો દરબારમેં લાનેકી જરૂરત હૈ. બાસ્તે પેહેરેવાલેકો બોલો કી ઉસકો આને દે."

નકીબઃ–"જો હુકુમ ખુદાવિંદ."

નકીબે બાદશાહનો હુકમ સિપાઇને કહી સંભળાવ્યો અને સિપાઇએ નીચે આવી અરજુનને દરબારમાં જવાનું જણાવ્યું. તે તેની સાથેના માણસો સાથે દરબારમાં ગયો અને બાદશાહને કુરનસ કરી.

બાદશાહે તેને કહ્યું કે, "અય ગૌડ, તુમકો નાક કાન કટવાકેં દરબારમેં આતે કુછ શરમ નહીં આઇ? ઔર નાક કટે આદમીકો દરબારમેં આનેકી શાહી મના હૈ વો તુમકો માલુમ નહીં હૈ? કી જીસસે તુમ દરબારમેં આયે હો?"

અરજુનઃ–"ખુદાવિંદ, શાહી ફરમાનકે મુવાફિક મૈં અમરસિંહકો મારકેં, પટા લેનેકો આયાહું. ફીર ઉસમેં શરમ કાયકી?"

બાદશાહઃ–"અય ગૌડ, તૈંનેં શાહી ફરમાનકા અપમાન કીયા હૈ. ઉસકાભી તો તેરેકો કુછ ખિયાલ હોતા થા. તેરેકો ફરમાયા ગયા થા કી અમરસિંહકો ચેતના કરાકેં મારના યા પકડના, ફીર તૈંનેં દગા કરકેં ઉસકો કયું મારા? ઔર ઐસે બીરકો દગેસેં મારકેં ફીરભી તું પટા લેનેકો યહાં આયા હૈ? નમકહરામ તેરે જૈસે હરામીકો કુછભી દેના રાસ્ત નહીં હૈં."

અરજુનઃ–"ખુદાવિંદ સલામતને મેરેકો પાંચ લાખકા પટા દેનેકા ફરમાયા થા; ફીર મૈં સલામતસેં યે કયા સુનતાહું?"

બાદશાહ:—"અય કમબખ્ત, તું જો સુનતા હૈ વો બરાબર હૈ. તેરે જૈસે જાતિદ્રોહી ઔર સગે બનેઇકો દગાસેં મારનેવાલે હરામીકો પટા દે કરકેં, બાદશાહતકો કલંકિત કરના મેં નહિ ચાહતા. કમબખ્ત, તેરેકો જો ઇસ હરામી કામકી સજા હોની ચાહિએ વો તો મરતે મરતેભી વીર અમરસિંહ કર ગયા હૈ. ઇસસેં જ્યાદા સજા મેં તેરેકો કયા કરૂં? મેં તેરેકો મરવા ડાલતા, લેકિન તેરે જૈસે નાક કટેકો જીન્દા રખનેસેં તેરી સુરત દેખકેં ઔર કોઇ તેરે જૈસા કામ નહીં કરેગા; ઇસસેં તેરેકો મારના મેં રાસ્ત નહીં માનતાહું."

અરજુન:—"ખુદાવિંદ, કુછ ખિયાલ કિયા જાય કી મેં શાહી ફરમાનસેં મેરે સગે બનેઇકો મારનેસેં બેઇજ્જત હુવાહું; ફીરભી ખુદાવિંદ પટા દેનેકો ઇન્કાર હોતે હૈં; યે કયા બાત હૈ?"

બાદશાહ:—"કમબખ્ત, ચલાજા યહાંસેં. શાહી ફરમાનકા અપમાન કરકેં ફિરભી જ્યાદા જિક્ર કરતાહૈ? ચલાજા જલ્દ, નહીં તો તેરા રાજભી છીન લીયા જાયગા. તેરે જૈસે પાપીકા મુ દેખનેસેં ભી પાપી હોના પડતા હૈ. નકીબ, ઇસ કમબખ્તકો યહાંસેં હટાઓ."

નકીબ:—"અરજુન, ચલે જાઓ; ઇનામ મિલ ગયા. અબ જયાદા જિક્ર કરકેં કયા ફાયદા ઉઠાને માંગતે હો? તુમકો હોનેવાલા ફાયદા તો અમરસિંહ દે કરકે ગયા હૈ, ફીર યહાં કયા લેને આયે હો? ચલો, ચલે જાઓ જલ્દ."

આમ કહી અરજુનનો હાથ પકડી નકીબે તેને બહાર કહાડયો, એટલે બાદશાહે અન્ય ખાન ઉમરાવોને ઉદ્દેશીને કહેવા માંડયું કેઃ "અય ખાન ઔર ઉમરાવ, આપ દેખો. યે અરજુન ગૌડને કૈસા નીચ કામ કીયા હૈ. ઉસકો મૈંને આપ સબકે સુનતે બીડા ઉઠાતે સમય બરાબર કહા થા કી અમરસિંહકો ચેતના કરકેં મારના; ફીર ઉસ હરામીને દગા કરકેં ઉસકો મારા. અગર જો અમરસિંહને ઉસકે નાક કાન નહીં કાટે હોતે તો મેં જરૂર ઉસકા નાક કાન કાટનેકા હુકમ ફરમાતા. ઐસે હરામી કામ કરનેવાલે આદમીકો જીના ભી તો રાસ્ત નહીં હૈ? ઉસ કમબખ્તને રાજપૂત હો કેં, રાજપૂત ઔર અપના સગા બનેઇકો દગાસે મારા, ઉસકો દરબારમેં લાના વોભી રાસ્ત નહીં થા. લેકિન તુમ સબકો ઉસકા યે નતિજા દિખલાને કે બાસ્તે મૈંને દરબારમેં બુલાયા થા. આપ સબને ઉસકે હાલ અપની આંખોંસેં દેખે હૈં, ઔર સુને હૈં. ઇસસેં મેં ઐસી આશા રખતાહું કી આપમેંસે કોઇ કભી ઐસા બદકામ મત કરેં."

બાદશાહે પોતાનું ભાષણ ખતમ કરી દરબાર બરખાસ્ત કર્યો, અને પોતે જનાનખાનામાં ગયો. બાકીના ખાન ઉમરાવો અરજુન ગૌડની નિંદા કરતા અને તિરસ્કાર આપતા તથા બાદશાહના ન્યાયની પ્રશંસા કરતા પોતપોતાનાં સ્થળે ગયા.

આવા જ્ઞાતિ અને દેશદ્રોહી રાજપૂત કુલકલંકને ધિક્કાર છે, જેણે અમરસિંહ જેવા વીરને દગલબાજી કરી પછાડીથી ઘા કરી ઘાત કર્યો. પરન્તુ વીર અમરસિંહે મરતાં મરતાં પણ પોતાની વીરતા પૂર્ણપણે દર્શાવી, તે દુષ્ટના નાક કાન પોતાની કટારીથી કાપ્યાં; અને જે સજા આવા કૃતઘ્નીને થવી જોઇએ તે સજા કરી. વળી બાદશાહના ન્યાયની પણ પ્રશંસા થવા લાગી કે, જેણે આ નીચને પટો ન આપતાં તિરસ્કારી કહાડ્યો. આમ નગરમાં લોકો અરજુનને ધિક્કારવા લાગ્યા, અને વીર અમરસિંહની તથા બાદશાહની પ્રશંસા કરવા લાગ્યા.

પ્રકરણ તેવીસમું

રામસિંહની આગરા ઉપર સવારી

દોહાઃ—રામસિંહ રણમત્ત વ્હે, ચ્હડયો આગરા બંક;
માનો મૃગનકે જુથ પૈં, ચલ મૃગરાજ નિઃશંક.

બરાબર સાંઝના પાંચ વાગ્યાના સુમારમાં જે સ્થળે મહારાજા અમરસિંહ આગરા જતાં કસુંબો પીવા બેઠા હતા, તે જ જગાએ રામસિંહે બિછાયત કરાવી હતી. ત્યાં તમામ રાઠોડો એકઠા થયા, એટલે રામસિંહ પણ ત્યાં આવ્યા. રામસિંહના આવ્યા બાદ કસુંબા શરૂ થયા. તમામ રાઠોડોએ કસુંબા લીધા, અને કસુંબા લેવાથી તેમના મોં ઉપર વીરરસનો ચમકાર દર્શાવા લાગ્યો. કારણ તેનું નામ "અમલ" છે અને અમલ લેવાથી તે લેનારના શરીરમાં અમલ આણે છે, અને તે જ મુજબ રાઠોડોના શરીરમાં પણ નવીન અમલ તૌર–જોર આવ્યો. અમલ કસુંબા થઇ રહ્યા પછી હોકા ફરવા લાગ્યા અને હોકા પીને તૈયાર થયા એટલે કુંવરે સવારી કુચ કરવાની આજ્ઞા ફરમાવી. તમામ રાઠોડો પોતપોતાનાં વાહનોપર સવાર થઇ ગયા. વાદ્યો વાગવા લાગ્યાં, અને કુંવર રામસિંહનું રાઠોડ સૈન્ય આગ્રાના પંથે પડ્યું.

જે વખતે ક્રોધના આવેશમાં આવેલા રાઠોડોનું સૈન્ય ચાલવા લાગ્યું, તે વખતે શેષનાગનું ફણ કસકવા લાગ્યું, કૂર્મની પણ ઠસક છુટી ગઇ. વળી દિગ્ગજોના મનમાં પણ શંકા થવા લાગી કે, આ રામસિંહ આટલું બધું

સૈન્ય લઇ ચઢયો છે, તે અમને તો કંઇ નડશે નહીં? દેવોના રાજા ઇન્દ્રના મનમાં પણ પોતાના રાજ્યની રક્ષા સારૂ ચિંતા થવા લાગી, અને અપ્સરાઓ કુંવર રામસિંહ લડાઈ સારૂ ચડયો છે તેથી તેમને પતિઓ મળશે એમ આનંદમાં લીન થઇ આકાશમાં પોતપોતાનાં વિમાનોમાં આવી સ્થિત થઇ. શંકર પણ પોતાને વીર પુરૂષોના મુણ્ડોની માળાઓ બનાવવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથી આનંદમગ્ન થઇ રામસિંહનું સૈન્ય જોવા આવ્યા, અને સૈન્યની રચના જોઇને ખુશ થઇ નાચવા લાગ્યા. માંસનું ભક્ષણ કરવા તથા રૂધિરનું પાન કરવાના ઇરાદાથી ડાકિણીઓ અને ભૂત પ્રેતો પણ આવ્યાં, અને પોતાના પ્રભુ, ભગવાન્ શંકરના આનંદમાં ભાગ લઇ નાચવા લાગ્યાં. વીર રામસિંહને પ્રયાણ વખતે સારાં શકુનો થયાં, અને તેથી રાઠોડો ખુશ થતા ત્વરિત રસ્તો કાપવા લાગ્યા. રસ્તામાં જેમ જેમ ક્ષત્રિયોની જગાઓ આવતી હતી, તેમ તેમ તે તે સ્થળના ક્ષત્રિયો રામસિંહના સૈન્યમાં શામિલ થતા હતા. કારણ સહુ કોઇ બાદશાહના વર્તનથી કંટાળેલા હતા, અને તેથી રામસિંહ જેવા વીર સરદારની સરદારી નીચે તેઓ આનંદથી લડવા જોડાતા હતા. માત્ર ક્ષત્રિયો દાવ મળવાના અભાવે જ બેસી રહેતા હતા, પરન્તુ જ્યારે અનાયાસ પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે તે પોતાનું ધૈર્ય કાયમ રાખી શકે એ અસંભવિત જ હતું.

રસ્તામાં જતાં તેમને પઠાણ સરદાર મીર મીર્યાં પણ પોતાના બાર હઝાર પઠાણો સાથે મળ્યા. રામસિંહ સાથે જુદા જુદા સ્થળેથી એકત્ર થયલા એક લાખ રાજપૂતો ચડયા, અને બાર હજાર પઠાણો, એ રીતે એક લાખ ને બાર હજાર સૈન્ય સાથે રામસિંહ આગરા ચઢયો.*

---

* તે વખતની સવારીની શોભા એવી હતી કેઃ—

છંદ

ગજ્જંકી લાર સાર ધાર એક સાથ ચલ્લિયં, હયકી હાર ભાત ભાત જાત લાર ભલ્લિયં,
સુબીર ધીર ભીર દેખ ભાન સાન ટલ્લિયં, ચડયો રાઠોર સેન ભાર શેપ ભૂવ હલ્લિયં.
ભૃકુટી કોપ તેં ભરી, ફુરરફુરર ફુરક્કિયં, સુરામ રામ રૂપ ધાર આગરા અરક્કિયં
હિશાન હન્તિ કેર હન્ત કર્ર કર્ર કર્કિયં, કરાલ કાલસે અરિન કેર દીલ હર્કિયં.
રૉઠોર મુચ્છ તાવ દેત ઘોર વાદ્ય ગર્જિતં, મનૌ અકાશ ઇન્દ્રરાજ મેધસાજ સર્જિતં,
ચલંત અશ્વ ગર્જ્જ રર્જ્જ ઉડુ અર્ક વિસર્જિતં, પ્રભાવ અંતકં અતિય નીજ પ્રભાવ વર્જિતં.
કરંત હૂક કૂક અશ્વ ગર્જ્જ બાર બારયં, કાયેર ડરઁત પરંત લર ખેરંત ધીરન ધાર્યં,
સુધ્યાન છોડ ધૂર્જટી લગે કરન બિચારયં, બીધિ .કરંત બેદકો સુચુકિકયે ઉપારયં.

છંદ-મૌક્તિકદામ—

ચડંત સુરામ હૈ આગરા લંક, મનૌ મૃગપેં બીન બાગરા શંક;
ધરાધર ભાર ન ધગ્ગમ ધમંક, ભરે ભભકે ચમકાર ચમંક.

એમ ધસમસ કરતી રામસિંહની સવારી આગરા ચાલી. આ હકિકતની બાદશાહને ખબર પડી એટલે તેના મનમાં આગરાના રક્ષણને માટે ભારે ચિંતા થઇ પડી, કારણ કે બાદશાહ સારી પેઠે જાણતો હતો કે રાઠોડોના સામે આગરાનું સૈન્ય બિલકુલ ટકી શકે તેમ નથી. નકામાં હજારો ને લાખો માણસોને પક્ષનાં મરાવી નાંખવાં તે અર્થ વગરનું છે, માટે કોઇપણ રીતે નિકાલ થાય તો કરી નાંખવો. પુનઃ તેના મનમાં બીજો વિચાર થયો કે પઠાણ સરદારને કોઇપણ ઉપાયે મેળવી લઇ તેની માર્ફત રામસિંહને નાસીપાસ કરી પાછો કહાડવો. આમ વિચાર કરી પોતાના એક દૂતને તમામ હકિકતથી વાકેફ કરી પઠાણ તરફ પત્ર લખી મોકલવાનો વિચાર કર્યો, અને માણસ મોકલ્યો.

પ્રકરણ ચોવીસમું

બાદશાહનો પ્રપંચ

દોહા:-કરી મિત્રતા જાહિંસૌં, તાહિં દગાકર જોય;
વાહી પઠાણ ન માનિહૌં, નિમકહરામી સોય.

બાદશાહે પઠાણ સરદાર ઉપર પત્ર લખી દૂતની સાથે મોકલ્યો તે પત્રમાં નીચેના મતલબની હકિકત જણાવી હતી.

"પઠાણ સરદાર મીરખાંન,

'શાહાનશાહ શાહજહાઁન તુમકો ફરમાન કરતા હૈ કી તુમ પાક 'મુસલમાન હો, ઔર શિર્ફ બાસ્તે બાદશાહતકે ઔર બાસ્તે દીનકે તુમકો 'લાજિમ હૈ કી, હરબખ્ત બાદશાહતકી તરફમેં રહના ચાહિએ. હમારે

હરી ગજકી અતિ લારહલંત, રથનકી બીર સુલાર અલંત,
મગં બીચ બીર સુઆય મલંક, સેના નિરખંત અરીય જલંત.
સુરંકર ભીર અકાશ અપાર, હૂરં ભઈ આય અકાશમેં લાર,
શૃગાલ રૂ વાયસ સ્વાન ન પાર, ભયે સ્થિત શિવ સમાધિ બિસાર.
સહે નહીં ભાર સહસ્સ ફણીશ, ડરત્ત પરત્ત દિસાનકે ઇશ,
દિગ્ગજ્જન ભાર સહૈ કર ચીસ, કછપ્પ કસે પીઠ દંતન પીસ.

છપ્પય:-રામસિંહ રણ બંક, શંક બીણ ચડયો આગરા,
મનોં કરકે ક્રોધ, મૃગનપૈ ચલ્યો બાગરા.
સજી સેન ચતુરંગ, અંગ આનંદન પારં,
સંગ ચડે રાઠોડ, ભેડ સહ ક્રોડ અપારં.
અણરીત ચડયો રાઠોડ જબ, શેષશિષ કસકન લગ્યો,
ચૂકિયો પઠન બીધિ બેદરો, શંભુ ધ્યાનતે ડગમગ્યૌ. (પ્રાચીન)

'સુનનેમેં આયા હૈ કી, તુમ નાગોરકે સરદાર અમરસિંહકે ભતીજે રામ-
'સિંહકે સાથમેં બારા હજાર પઠાનોંકો લેકરકેં આયેહો, યે બાત અચ્છી
'નહીં હૈ. ઔર તુમ હૌ ભીતૌ બાદશાહતકે સરદાર, ફીરભી તુમ બાદ-
'શાહતકે સામને હાથ ઉઠાનેકો તયાર હુએ હો, યેભી બડી તાજુબીકી
'બાત હૈ! ઇસસેં બાદશાહકો તુમારે બાસ્તે શંકા હો રહી હૈ. ઔર જો
'હો ગુજરી ઇસમેં કુછ તુમકો યા હમકો ખૌફ કરનેકી ઇસ બખ્ત જરૂરત
'નહીં હૈ. લેકિન બાસ્તે બાદશાહતકેં ઔર દીનકે તુમ રામસિંહકો સમઝાકે
'પીછા લૌટા દો; અગર વો પીછા લૌટનેકે બાસ્તે ઇનકાર હોવે તૌ
'તુમ ઇસકા સાથ છોડકે બાદશાહતકે તરફસેં લડનેકો શામિલ હો જાઓ.
'અગર તુમ બાદશાહકે સાથમેં શામિલ હો જાઓગે તૌ તુમારા યે
'ગુનાહ બાદશાહ સલામત માફ કરેગા, ઔર તુમકો તુમારે પદેમેં બઢતી
'દી જાયગી. અગર જો તુમ ઇસ શાહી ફરમાનકો ઇનકાર કરૌગે તૌ
'તુમ બાદશાહકી સખત ખફગી ઉઠા લૌગે."

આ મતલબનો પત્ર દૂતને આપતાં સાથે સાથે તેને એમ પણ કહેવામાં આવ્યું કે "દેખો, ઇસ રૂકકેસેં કુછ હો સકે નહીં તૌ તુમ ઔરભી કુછ તરકીબસેં નિકાલ કરનેકી બાત ભી કરના, ઔર હો સકે વહાં તક નિકાલ કરકેં આના."

દૂતે "જો હુકમ, ખુદાવિંદ" એ મુજબ જવાબ આપી ચાલતી પકડી.

દૂત આગરાથી થોડે દૂર જ્યાં રામસિંહની છાવણીમાં પઠાણ સરદારનો તંબુ હતો ત્યાં આવ્યો, અને સીપાઇ સાથે તેના આવવાની વરદી કહેવડાવી.

પઠાણ સરદારે સીપાઇને આજ્ઞા કરી કે "ઉસકો આને દો."

સીપાઇ બહાર ગયો અને આગરાવાળા દૂતને લઇને પોતાના સરદાર પાસે આવ્યો. તેણે આવીને સરદારને કુરનસ કરી અને પઠાણે બતાવેલા આસન ઉપર બેઠક લીધા બાદ બાદશાહનો રૂકકો પઠાણ સરદારને આપ્યો. તેણે રૂકકો વાંચ્યો, અને બાદશાહે પોતાને ધમકી આપવાનો તથા ફોડવાનો પ્રયાસ રૂક્કામાં કર્યો છે, એથી અતિશય ક્રોધાયમાન થયો, અને દૂતને કહેવા લાગ્યો કે; "અય મીયાં, કયા બાદશાહ મુઝકો ડરાને માંગતે હૅય? કયા મૈં ઔર મુસલમાનોંકે મુવાફિક ડરપોક યા લાલચસેં ફૅસ જાનેવાલા હું? બાદશાહ અપની દિલ્હીકી ફૌજ લેકરકે મેરે સામને લડનેકો આયઁગે તૌભી મૈં લડનેકો તયાર હું. યે તૌ દિલ્હીકા બાદશાહ હૈ, લેકિન સ્યાત સારી જહાઁનકે બાદશાહોંકો લેકરકેંભી આયગા તૌભી મૈં

બાદશાહસેં ડરતા નહીં હું. ક્યોંકી મેં બરાબર જાનતા હું કી, હરેક આદમીકો એક રોજ મરનાહી હૈ. ચહાય આપ બડા જંગ જીતનેવાલા હો અગર તો ડરપોક હો, કોઈ ભી બચ નહીં સકતા હૈ. જબ્બી એક રોજ મરના હૈ તૌ ફ્રીર શુરવીરોંકો લાજીમ હૈકી જંગકા દાવ કભી ન ચૂકના; ફ્રીરસેં એસા મૌકા મીલા યા નહીં. જંગમેં લડતે હુએ મરે શુરવીરોંકો યહાંસેં ભી બઢકેં સુખ આગે મીલતે હૈં. ફ્રીર જંગકે મૈ કેસેં મેં કયું પલટ જાઉં? ઔર ડરૂંભી કયું! અગર જંગમેં મરા તૈ ઇસસેં બઢકેં સુખ મીલેગા, ઔર જંગમેં જીતા રહા ઔર જંગ જીતા તૌ મેરી ઇજ્જત બઢેગા, ઇસસેંભી મૈં ડરતા નહીં હું, ઔર બાદશાહકી તરફ્દારીભી કર નહીં સકતા હું. બાદશાહકે દીલમેં એસા ભી હૈકી પટેકી લાલચસેં મેરેકો ફસાના; લેકિન મેરે પાસ જો પટાહૈ ઇસસેં બઢકેં મેરેકો જરૂરત નહીં હૈ. ઔર જો હૈ વો કોઇભી ખાલસા મેરે જીતે કર નહીં સકતા હૈ."

"અગર જો બાદશાહ યે સમઝના ચાહતે હૈંકી, મેં યે રાજપૂતકી મદદમેં કયું આયા હું, તૌ તુમ બાદશાહસેં પેશ કરોકી યે તૌ રામસિંહ લડનેકો આયા હૈ, ઔર મેં ઇસકી તરફ્દારી કરકેં આયા હું; લેકિન વો નહીં ચઢ આતા તૌ મેં અપને આપ ચઢકેં આતા. કયુંકી અમરસિંહ મેરા "પઘડીભાઇ" થા, ઔર ઇસકો મારનેવાલે ઔર મરવાનેવાલેકી શુધ જરૂરસેં મેરે લેની ચાહિએ. અગર જો મેં અમરસિંહકે મારને ઔર મરવાનેવાલેકો બદલા ન દેઉં તૌ મેં નમકહરામી કહલાઉંગા. એસા કામ પઠાણુ લોગસેં કભી બન નહીં સકતા હૈ. ઇસ બાસ્તે મેં અલબત્ત અમરસિંહકા બદલા લેનેકે બાસ્તે બાદશાહસેં લડુંગા. ઇસમેં મેરેકો કિસીકાભી ડર નહીં હૈ. બાદશાહકો ખુશ હોના ચાહિએ કી મેં એક પાક મુસલમાન હો કરકેં બચન ઔર દોસ્તદારીકે ખાતિર મેરે જાનકીભી પરવા ન કિયે બગર બાદશાહસેં લડનેકો આયા હું. બાદશાહકો પેશ કરો કી બડે શોકકી બાત હૈકી અપને રૂકકેમેં આપ ફરમાતે હૈંકી "દીનકે ખાતિર" બાદશાહકો મેરે મીલના. કયા, અમરસિંહને દીનકા કુછ બિગાડા કીયા થા કી જીસસેં ઉસકો મરવા ડાલા? ઔર જબ મેં અમરસિંહકે ભત્તીજેકી સાથ અમરસિંહકે વેરકી વસુલાત કરનેકો આયા હુ તો ઉસમેં દીનકા નામ આગે કરકેં મેરેકો ફોડનેકો મેરે પર અપની જાલ ડાલા ચાહતે હૈ? દીનમેં કૌનસી જીગાપર કહા હૈકી બીન અપરાધિયેંકોભી મારો? ઇસ રીતસેં દીનકે નામસેં જુંઠ ફાયદા ઉઠાકે બાદશાહી કરનેવાલા બાદશાહકો લ્યાનત હૈ. દીનકે નામસેં તુમ લોગ, મૌજ શૌખ કરનેવાલે મુસલમાનોંકો ફસાઓ; હમ લોગ નહીં ફસ સકતે. એસે

બાદશાહકી ઝુંઠ જાલમેં ફસનેવાલે મુસલમાનૌંકો ઉસ બાદશાહસેંભી બઢકેં લ્યાનત હૈં. જાઓ, તુમ જા કરકેં યે સબ બાત બાદશાહકો પેશ કરો કે, હમ સચ્ચે પઠાન લોગ કભી ફૂટ નહીં સકતે.

હાં, અગર બાદશાહ રામસિંહસેં નિકાલ કરના ચાહતે હોગે, તો મેરેસેં બન સકૈગા ઇતની મદદ મેં બાદશાહકે ઉસ કામમેં અલબત્તાં કરૂંગા. અગર નિકાલ કરના હોગા તો મૈં તીન રોજ તક રામસિંહકો યહાં પર ઠહરનેકા કહુંગા, લેકિન ચૌથે રોજ તો હમ લોગ જરૂર આગરામેં હલ્લા કરૈંગે. અગર બાદશાહકો ઠીક માલુમ હો નિકાલ કરૈ, યા અપના સેનકો તયાર કરકેં લડનેકો આવૈં; હમ લોગ સભી બાતસેં તયાર હૈં. બાદશાહકો યેભી પેશ કરૌ કી લડાઇકે કામમેં હમ પઠાણુ લોગોંકોભી હિન્દુસે માને જાંય. હમારે પર મુસલમીન સમઝ કર કુછ રહમ ન કી જાય. હમ લોગ દીનકો પહચાનનેવાલે સચ્ચે મુસલમીન પઠાણુ હૈં. દીનકે સચ્ચે દુશ્મીનકે સામને હમારે શરીરકા એક બાલ રહેગા વહાંતક લડકેં એસે દુશ્મીનકા દાવ લૈનેવાલે હૈં, મગર ઝુંઠ દીનકે નામસેં નિરપરાધિયોંકો મારનેવાલેકા સામના ભી એસા કરૈંગે. ઇસ બખત ભી હમલોગ બાદશાહકો બગૈર શરમ–શિકારસકે અમરસિંહકો મારનેકા બદલા દેંગે. બસ જાઓ. તુમ યે સબ બાત બાદશાહકો પેશ કરો. અબ મેં જીયાદા કુછ ભી કહને નહીં માંગતા."

દૂતે પઠાણુ સરદારનું કહેવું સાંભળી તેને ખાત્રી થઇ કે તે કોઇ પણુ રીતે ફૂટી શકે તેમ નથી. તેથી તે નમ્રતા પૂર્વક વિનંતિ કરી કહેવા લાગ્યો કે:–"હુઝુર, અગર બાદશાહ સલામતકે રૂક્કેકા કોઇ નિકાલ હો સકે યું નહીં હૈ, તો ફીર નિકાલકે રાહ પર બાત કરના ચાહિએ, ઔર ઇસ ઝઘડેકા અંત લાના ચાહિએ. હુઝુર, ઇસ ખ્યાલ કરૈં કી ઇસ ઝઘડેમૈં બહુતસે હિન્દુ ઔર બહુતસે મુસલમીન કટ જાંયગે, ફીરભી અમરસિંહજી જીંદે નહીં હો સકતે હૈં. ઇસસેં ભી નિકાલ કી બાત શુરૂ હોનેકી મેરી બાદશાહકે તરફસેં અરજ હૈ."

પઠાણુ:–"ઉસ અરજુન ગોડકો પાંચ લાખકા પટા દે કરકેં, અમરસિંહકો મરવાનેસેં બાદશાહકો કયા ફાયદા હુવા? ઔર ઇસ તરહ પટ્ટા દે દે કરકેં સરદારોંકો મરવા ડાલનેસેં બાદશાહત કબતક નીભ સકેગા? ઇસકાભી બાદશાહ કુછ બિચાર કરતે હૈં?"

દૂતઃ–"હુઝુર, ગૌડકો એક કૌડીભી દીયા નહીં હૈ. અરજુન ગૌડકો તો બાદશાહને બીચ દરબાર સબ ખાન ઉમરાવોંકો દેખતે હુએ નાલાસી કરકેં નિકાલ દીયા ઔર બાદશાહ સલામતને ઉસસેં કરારભી તો ઐસા કિયાથા કી વીર અમરસિંહકો ચેતના કરાકેં પકડા જાય

અગર મારા જાય; કિસી રીતસેં દગા દીયા જાયગા તૌ બાદશાહકી સખ્ત ખફ્ગી ઉઠાઇ જાયગી. ફીરભી વો કમબખ્તને દગલબાજીસેં અમરસિંહકો મારે. લેકિન વીર અમરસિંહને મરતે મરતે ભી ઉસ હરામીકે નાક કાન કટારીસે કાટ દીયે. બાદશાહને ભી ઉસ હરામીકો દરબારમેં કહા કી 'અમરસિંહ જૈસે વીર આદમીકો દગલબાજીસેં તૈંને મારા, ઉસ્સેં મેં તેરે નાક કાન કટવા દેતા, લેકિન વો સજા તો તેરેકો વીર અમરસિંહ મરતે મરતે કર ગયા હૈ. અબ તો તેરેકો જાનસેં મારના ચાહિએ, લેકિન તેરે જૈસે નાક કટેકો જીન્દા રહને દેનેસેં ઐસા કામ ફીરસેં કોઇ ન કરૈ. ચલ, અબ દરબારસેં નિકલજા, દરબારકો દાગ લગાતા હૈ.'' ઐસા કહકે ઉસકો નિકાલ દીયા. ઉસકો પટા દેનેકી બાત ઝૂંઠ હૈ.

પઠાણ:-"કયા યે બાત સચ્ચ હૈ? જો યે બાત સચ્ચ હૈ તૌ તુમ જા કરકે બાદશાહકો પેશ કરોકી અગર અરજુન ગૌડકા પટા રામસિંહકો દીયા જાયગા, તો મૈં રામસિંહકો સમઝાકે પીછા લૌટાનેકે લીયે મેરેસે બન સકેગા ઇતની મદદ કરૂંગા."

દૂત:-"તો હુઝુર, જહાઁતક મૈં બાદશાહ સલામતકો મીલકે આપકા સમાચાર દું, વહાઁતક રામસિંહકે તરફસે કુછ તુફાન કીયા જાય નહીં, ઐસા આપ બંદોબસ્ત કરેં. મેં સલામતસેં બાતચિત કરકે જલ્દિ વાપસ આ જાઊંગા."

"પઠાણ:-અચ્છા. જબ તુમ જાઓ, મૈં તીન રોજ રાહ દેખુંગા."

દૂત:—"જો હુકમ હુઝુર."

આમ કહી રજા લઇ દૂત ચાલતો થયો, અને આગરામાં જઇને બાદશાહને તમામ સમાચાર નિવેદન કર્યા. બાદશાહ પણ ગમે તે ભોગે નિકાલ કરવા તૈયાર જ હતો. તેથી તેણે પણ પટ્ટો આપવા હા કહી. બાદશાહના ચોક્કસ સમાચાર લઇ દૂત પુન: પઠાણ સરદાર પાસે આવવા નિકળ્યો.

દૂતને વિદાય કર્યા બાદ પઠાણ સરદાર પણ રામસિંહના તંબુ તરફ તેને બાદશાહના દૂતની હકિકત જણાવવા ગયા.

પ્રકરણ પચીસમું

સમાધાન

દોહાઃ–બીન કજીયા જો કાજ વ્હૈં, જનિ કજીયા કર કોય;
કજીયા સજીયા જો જતાં, લાભ લિયા નહૈં સોય. (પ્રાચીન)

પઠાણ સરદાર પોતાના તંબુમાંથી ઉઠી, જ્યાં રામસિંહનો તંબુ હતો ત્યાં આવ્યા, અને બહારથી વરદી કહેવડાવી. વરદી પહોંચવાથી, રામસિંહ જાતે તેમને સામા લેવા સારૂ આવ્યા અને બન્ને જણુ તંબુમાં જઇ બેઠા. પછી પઠાણ સરદારે વાતની શરૂઆત કરીઃ–"કયું રામસિંહ, તુમારી તબિયત તો અચ્છી હૈને ?"

રામ૦ઃ—"જી હાં, આપોંરી કૃપાસું મોરી તબિયત આછી હૈ."

પઠાણઃ—"રામસિંહ, અબ કયા કરનેકા બિચાર હૈ ?"

રામ૦ઃ—"આપ મોંનેં કાંય કરવારા બાસ્તે પુછો હો ? આપને ઠીક લાગે ઇણુ રીતસું આપ ફરમાવૈં. મૈં તો આપકા આગે એક છોટાસો ટાબર હું, આપ મોરા પુજનીક હો. ફીર મોરી સલાહ કી કાંઈ જરૂરત હૈ ?"

પઠાણઃ—"રામસિંહ, તુમ ઇસ બખ્ત અમરસિંહજીકી જગાપર હો. ઔર આપકો હમ લોગ અમરસિંહ સમઝતે હૈં. ફીર તુમકો બીના માલુમ કીયે હમ લોગ કયા કર સકતે હૈં ? ઇસસેં આપકા જો બિચાર હો સો મેરેકો માલુમ કરો."

રામ૦ઃ—"યે સભી બાત તૌ ઠીક હૈ. યૈ તૌ આપ મોરા પુજનીક હોને ઇણુ તરોંસું કહો હૌ, યે આપોંરી બડાઇરી બાત હૈ."

પઠાણઃ—"રામસિંહ, દેખો બાદશાહસેં તકરાર કરકેં બીના કારણ હઝારૂન આદમી અપણા ઔર હઝારૂન આદમી બાદશાહકે કટવા ડાલનેસેં કયા ફાયદા હૈ ? જો ઐસેહી બિના તકરાર અપણુકો ફાયદા હોતા હો તૌ નાહક લડાઇ કરનેસેં કયા ફાયદા હૈ ? નિકાલ કરનેકે બાસ્તે બાદશાહકો કુછ કહૈં, ઔર જો વોભી સમઝ જાય તો અપણા ભી માન રહવૈ; ઔર નાહક આદમી લોગકા જાન જાનેસેં બચ જાય. તો ઇસ બાબદમેં તુમારા જો બિચાર હોવૈ સૌ કહ દો."

રામ૦ઃ–"કાકાજી, આપ હૌં સો મેરે મુરબ્બી ઔર પુજનીક હૌ, ફીર મેરેસું પુછનેકા કાંઈ કારણ હૈ ? જીણુ તરોંસું અપણા માન રહ જાય ઇણુ તરોંસું નિકાલ હો જાય તૌ, આપસું મૈં કઠે હું હેઠા આદમી વ્હે ગયો હું ?"

પઠાણ:–"રામસિંહ, અપણા કુછ માનં રહતા હોગા તૌ તૌ નિકાલ કીયા જાયગા, બાકી તૌ બાદશાહસેં નમકે નિકાલ કરનેકી કયા જરૂરત હૈ?"

રામ૦:–"કાકાજી, આપરા બિચાર આછા હૈં, અણુમેં મોરા બિચારરી કાંઈ જરૂરત હૈ? આપ આપરી મરજીમેં આવૈ ઈણુ રીતસું નિકાલ કર દો. મૈં તૌ આપરૌ ટાબર હું. પર યે બિચાર આપોરાં લક્ષમેં રહણો ચાહિએ કી કાકાજીરા મૌતરૌ બદલો વળ જાય."

પઠાણ:–"તુમારા કહના તૌ ઠીક હૈ, ઔર મૈં ભી ઉસકા બિચાર કરકે જો નિકાલ હો સકેગા તૌ કરૂંગા."

રામ૦:–"કાકાજી, જબ મોંનેં પુછવારી કાંઈ જરૂરત હૈ? મૈં તૌ કહ ચુકયૌ હું કી આપોનેં જીણુ રીતસું આછો લાગે ઈણુ રીતસું નિકાલ કર દો."

પઠાણ:–"જબ દેખો મેરી સાથ બાદશાહકા દૂતકી બાતચિત હુઇ હૈ સો મૈં તુમકો કહતા હું." (એમ કહી બાદશાહ તરફથી આવેલો રૂક્કો રામસિંહને આપ્યો.)

પઠાણ:–"દેખો, યે રૂક્કા લે કરકે બાદશાહકા દૂત આયા થા. ઔર મેરેકો તુમારી મદદમેંસેં હટકે બાદશાહકો મિલનેકે બાસ્તે ધમકી દીયા થા, ઔર કુછ લાલચ ભી દીયા હૈ. મૈંને દૂતકે સાથ બાદશાહકો કહલા ભેજા હૈકી, આપ ઇસ રીતસેં મેરેકો ફૅસાને માઁગતે હૌ, લેકિન મૈં રામસિંહકો છોડકે કભી બાદશાહકી તરફમેં આ નહીં સકતા હું. ઔર બાદશાહકો જાકે કહદોં કી જો બાદશાહકા ઇરાદા કુછ નિકાલ કરનેકા હોગા તો મૈં રામસિંહસેં કહુંગા, અગર બાદશાહ જો કુછ નિકાલ નહીં કરેંગે તો હમ લોગ જરૂર બાદશાહસેં લડેંગે. ઔર યે ભી કહદો કી યે તો રામસિંહ ચડા હૈ, લેકિન જો રામસિંહ નહીં ચડ આતે તૌ મૈં પઠાનોકો લે કરકે બાદશાહકી સુધ લાતા. ઇસસેં ઇસ દૂતને મેરેસેં નિકાલકી ભી કુછ બાત કી હૈ, ઔર વો વહાંતક બોલા ભી હૈ કી જો પટ્ટા અરજુન ગૌડકો દેનેકે બાસ્તે નક્કી કિયા રહા વો પટ્ટા આપકો બાદશાહ દે દેગા. ઇસસેં મૈંનેંભી ઉસકો કહા હૈ કી, 'તુમ બાદશાહસેં ઇસ બાતકી ખાત્રી કરકે ચલે આઓ.' ફીર વો બાદશાહકે પાસ ગયા હૈ, કભી બાદશાહ અપની બાત કબુલ કરૈગા તૌ અપણુકો નિકાલ કરનેમેં કયા હરઝા હૈ? ઔર ગૌડકોભી અમરસિંહજી મરતે મરતે નાક કાન કાટકે સજા કર ગયે હૈં, ઇસસેં ઇસકાભી કુછ ખ્યાલ અભી કરનેકી જરૂરત નહીં હૈ.

ઇસસેં મેરા તો બિચાર હૈ કી મેં બાદશાહસેં નિકાલ કર દું. તુમારા કયા બિચાર હે ?"

રામ૦:-"કાકાજી, આપોંનેં જયું ઠીક લગે યું કરદો. ઇણુમેં મેરીં કોઇ બાતરી હરકત હૈ કોઇ નહીં. આપ જો કુછ કરોગે વો ઠીક કરોગે. આપરી અર મેરી ઇજત સાથમેં શામિલ હૈ, ઇસસેં ઇણુ બાતમેં મેરે બિચાર કરણુરી કાંઇ જરૂરત હૈ!"

પઠાણુઃ-"અચ્છા, જબ મેં જાતા હું, ઔર જો બાદશાહકા આદમી આયગા ઔર બાદશાહકો નિકાલ કરનેકી ઇન્તઝારી હોગા, તો મેં નિકાલ કર ડાલુંગા."

પઠાણુ સરદાર રામસિંહને તમામ હકિકત કહી ચાલ્યા. તેમને વળાવવા રામસિંહ પણુ કેટલાક દૂર સુધી સાથે ગયો, અને પઠાણુ સરદારે તેને પાછો વાળવાથી તે પોતાના મુકામ ઉપર આવ્યો.

રાત્રિ તેમણે આનંદમાં વ્યતીત કરી, અને બીજે દિવસે સવારમાં બાદશાહનો દૂત બાદશાહ પાસેથી વાતચિત કરીને આવ્યો, અને તેના આવ્યા બાદ નિકાલની વાતચિત શરૂ થઈ.

પઠાણુઃ-"કયું મીયાં, કયા કરકે આયે હો ?"

દૂતઃ-"હુઝુર, આપ જીસ રીતસે બાદશાહતકી ઇજ્જત રહે ઔર રામસિંહકાભી માન રહે ઇસ તરહસે ફરમાવેં."

પઠાણુઃ-"મીયાં, તુમકો આગેસેં હમને સબ બાતચિત કહ દીયા હૈ. ફીર હમારે તરફસેં કયા ફરમાનેકા હૈ ? તુમકો પહલેસેં હમ બોલ દીયા હૈ ઇસ માફિક અરજુન ગૌડકો બાદશાહને જો પટા દેનેકા કિયા થા વો પટા રામસિંહકે નામપર કરકે ઇસકા લેખ લાકે બાદશાહકી મોહર સાથ હમકો દેદો. જો માન જાવે તો ફીર મેં રામસિંહકો બાત કહુંગા."

દૂતઃ-"હુઝુર, જબ મેં સલામતકે પાસ જાકે મોહર શિક્કા કે સાથ ખત લાકે આતા હું."

પઠાણુઃ-"હાં, મીયાં, તુમ જાઓ લેકિન, વો ખતમેં બાદશાહકો અમરસિંહકો બીના ગુન્હે દગલબાજીસે મરવા ડાલા, ઇસસેં અમરસિંહજીકે ભતીજે રામસિંહને આગરેપેં ચડાઇ કી; ઔર બાદશાહને લડાઇ કરનેકી નાખુશી દિખાકે, નિકાલ કરનેકી ઇન્તઝારી દિખાઇ; ઔર ઇસમેં યે પાંચ લાખકા પટા રામસિંહકો દે કરકે ઉસકો વાપસ લૌટાયા ઔર રામસિંહકે નામપેં ચઢા દેનેકી સબ બાત ઉસ પટેમેં આના ચાહિએ."

દૂતઃ—"અચ્છા હુઝુર, મેં સલામતકો બોલુંગા."

પઠાણઃ—"જાઓ જબ લેકિન નિકાલ કરના હોવે તો ખત કરકે લે આના."

દૂત ગયો અને બાદશાહને હકિકત નિવેદન કરી. બાદશાહને પણ ખાત્રી થઇ કે આ લોકો મક્કમ વિચાર ઉપર છે. જો તેમના કહેવા પ્રમાણે કબુલ કરવામાં નહીં આવે તો તેઓ લડાઇ કરશે. તેથી બાદશાહે પણ પઠાણ સરદારના કહેવા પ્રમાણે રામસિંહના નામનું તાંબાપત્ર કરી આપી પોતાની મોહોર શિક્કો કરી મોકલાવ્યું. આ મીયાંએ લાવીને તે તાંબાપત્ર પઠાણ સરદારને આપ્યું, અને પોતાના કહેવા પ્રમાણેનો તમામ મતલબ તેમાં આવી ગયેલો હોવાથી તે તેણે પોતાના પાસે રાખ્યું અને દૂતને લઇને રામસિંહ પાસે ચાલ્યા. રામસિંહના તંબુમાં જઇને તેમણે રામસિંહને કહ્યું કે; "રામસિંહ, મેં બાદશાહસેં નિકાલ કરકે આયાહું."

રામસિંહઃ—"કાકાજી, જો આપ કિયોડો હે, વો બરાબર હોશી. અણુમેં મોરે જાણુવારી કાંઇ જરૂરત હે?"

પઠાણઃ—"તુમારે દેખનેકી તો ખાસ જરૂરત હે. તો દેખો યે તુમારા ખત બાદશાહને જો દીયા હે."

રામઃ૦—"અણુમેં મોરે જાણુવારી કાંઇ જરૂત હે? આપને ઠીક લાગે સો બરાબર હે."

પઠાણઃ—"અચ્છી બાત હે, લેકિન દેખો તો સહી. બાદશાહને જો લિખકે ભેજા હે વો અપણે કબુલ કરના કી નહિં?"

રામ૦ઃ—"કાકાજી, આપને દેખ્યા હોશી ફીર મેરે દેખણેરી કાંઇ જરૂરત હે?"

પઠાણઃ—"રામસિંહ, આદમી આદમીકે ખાજમેં અક્કલ ઇલાયદા રહતી હે. ઇસસેં તુમ દેખો તો સહી."

રામસિંહે તે ખત પોતાના હાથમાં લઇ વાંચવા માંડયુંઃ—

આલી જહાઁન, દીન દિલ્હીકે શાહાનશાહકે તરફસેં નાગોરકે સરદાર રાઠોડ રામસિંહકો યહ તાંબાપત્ર દીયા જાતા હે કી, તુમારે ચાચા અમરસિંહજી રાઠોડને, કુછ કારણુસેં, હમારે સાલા સલાબતખાનકો માર દીયા થા, જીસસેં ઉસકો મારનેકે બાસ્તે, હમારે દરબારમેં બીડા ફીરાયા ગયા; વો બીડા ગૌડ દેશકે રાજા અરજુન ગૌડને ઉઠાયા; ઔર અમરસિંહકો ચેતના કરકે મારનેકો શાહી ફરમાન હોને પરભી, ઉસને દગલબાજીસેં અમરસિંહકો માર દીયા. ઉસકા બદલા

લેનેકે બાસ્તે તુમને ઔર પઠાણુ સરદાર મીરખાંન જો તુમ્હારે ચાચાકે "પઘડીભાઈ" હૈં, ઈન્હોને મીલકે આગરા પર ચઢાઈ કી; જીસમેં બાદશાહને તુમ્હારેસેં નિકાલ કીયા, ઔર ઉસ નિકાલમેં માલવા ઔર આધા ગુજરાત દેશકા પાંચ લાખકા પટા દીયા જાતા હૈ. ઔર જહાં-તક દિલ્લી—આગરા—કી શાહનશાહત હમારે વંશમેં રહેગા, વહાંતક વહ જાગીર તુમારા ઔર તુમારે બાદ તુમારા વંશમેં રહેગા. ઔર ઉસકા ઉપભોગ તુમ ઔર તુમારે બાદ તુમારે વંશવાલે અપની મરજી મુવાફિક કરેગે. ઔર ઉસમેં બાદશાહતકે તર્ફસેં કુછ ભી હરકત કીયા જાયગા નહીં."

આ ખત વાંચીને રામસિંહે પઠાણુ સરદાર મીરખાંનને પરત આપ્યું, અને કહેવા લાગ્યો કે: "કાકાજી ઇણુમેં આપ મેનિં કાંઇ પુછો હો? આપરા નિકાલમેં મેરે દેખણે જરૂરનો કાંઈ વ્હે?"

પઠાણુ:—"આપકો નિકાલ પસંદ તો હૈ નાં?"

રામ:—"જી હાં, આપને જો કીયો હૈ, વો મેનિં મન્જુર હૈ."

પઠાણુ:—"અચ્છા, જબ મેં જાતા હું."

રામ:—"બોહોત અચ્છા."

પઠાણુ સરદાર બાદશાહના દૂતને લઇને ગયો, અને પોતાના તંબુમાં જઈ તેને કહેવા લાગ્યો કે:—"મીયાં, તુમ જાઓ. ઔર બાદ-શાહકો જાકેં કહો કી કલકે દરબારમેં હમ લોગ આયેંગે, ઔર ભરે દરબારમેં ઇસ ખતકો બાદશાહ હમકો દેવેં ઐસા બંદોબસ્ત કરવાઓ. હમ કલ દરબારમેં આયેંગે."

દૂત:—"બોહોત અચ્છા, હુઝુર."

આમ કહી દૂત ગયો. તેણે જઈ બાદશાહને તમામ હકિકત નિવેદન કરી. બાદશાહે પણુ કબુલ કરી અને બીજે દિવસે દરબારમાં રામસિંહને "તામ્રપત્ર" આપવાનો નિશ્ચય થયો.

પ્રકરણુ છવીસમું

રામસિંહને તામ્રપત્રની ભેટ

સોરઠાઃ—કરી પરિણામ વિચાર, પછી નીજ કામ શરૂકરો;
નહીં તો ખાવો માર, ને પસ્તાવું જન્મ ભર.

આજે સવારમાં રાઠોડોને અને પઠાણોને બાદશાહ શાહ-જહાંનના દરબારમાં જવાનું હોવાથી, સવારમાં સૂર્યોદય પહેલાં જ તેઓ જાગ્રત થયા અને પોતાનાં નિત્યનાં કર્મોથી પરવારી તૈયાર થયા. રામસિંહે પણુ પોતે પાયજામો તથા તેના ઉપર જામો પહેર્યો અને

કમ્મર બાંધી, માથા ઉપર એક ભારે કિંમતિ મેહેકર બાંધી લીધું. કમ્મરમાં કટારી, જમૈયો, છરી, અને તમંચો વિગેરે કમ્મરે બાંધવાનાં હથીઆર બાંધી લીધાં. કમ્મરપટામાં તલવાર પણ લટકાવી લીધી. ખભા ઉપર એક ભારી કિંમતનો દુપટ્ટો નાંખી તૈયાર થયા. અન્ય રાજપૂતો પણ તૈયાર થઈ ગયા. ત્યારબાદ રામસિંહે પઠાણ સરદારની પાસે ખબર કરવા માણુસ મોકલ્યો. તેઓ તો પોતાના પઠાણો સાથે તૈયાર થઇને માત્ર રામસિંહની જ રાહ જોતા હતા, તેથી તેઓ રામસિંહના માણુસથી રામસિંહ પોતાની રાહ જુએ છે એવી ખબર મળવાથી તંબુમાંથી બહાર નિકળ્યા. દૂતે જઇ પઠાણુ સરદારની તૈયારીના સમાચાર આપવાથી રામસિંહ પણ પોતાના તંબુમાંથી બહાર નિકળ્યો, અને પઠાણુ સરદારને મળ્યો. પઠાણુ સરદાર રામસિંહને સાથે લઇ પોતાના તંબુમાં આવ્યા અને કેવી તૈયારીથી દરબારમાં જવું તત્ સંબંધી વિચાર કરવા લાગ્યા.

પઠાણુઃ—"રામસિંહ, દેખો; બાદશાહકા ભરોસા રખનેકા કામ નાંહ હૈ, ઇસસેં અપણુ લોગોંકો ચેતકે--સાવચેતીસેં—દરબારમેં જાના ચાહિએ."

રામ૦:—"જી હાં, મેં બાદશાહોંરા દગાસું વાકિફ હું, જીણુસેં દરબારમેં જાઁય તો પૂરે બંદોબસ્તસેં જાઁય, જરાંઇ ઠીક હૈ, નહિં તો બાદશાહ દગો કરવામેં ચુકે કોઇ નહિં."

પઠાણુઃ—"મેરા ભી બિચાર ઐસા હૈ, ઈસસેં યું કરો. સબ લશ્કરકો તયાર રખના, ઔર રાસ્તેમેં દરબાર તક રાસ્તેકી દોનું બાજુ એક તરફ રાઠોડ ઔર એક તરફ પઠાણુ ઘોડેસ્વાર ઔર પ્યાદે રખે જાઁય; ઔર તુમારી સાથમેં દશ રાઠોડોંકો ઔર મેરી સાથ દશ પઠાણોંકો દરબારમેં લે ચલેંગે. ઔર રાસ્તેમેં ઠિકાને ઠિકાને પર એક એક હજાર ઘોડેસ્વાર રખે જાઁય, ઇસ તરહકા પક્કા બંદોબસ્તસેં દરબારમેં જાના, ઔર દગા માલુમ હોવેં ઉસ બખત અપણે દોનુંકે-બાદશાહકે ઉપર હલ્લા કરના, ઔર ઉસકો પકડકેં કૈદ કર લેના. ઔર બહાર તયાર લશ્કરકે આદમી શાહી સબી દફતરકો અપને હવાલે કર લેં. ઇસ તરીંસે અપણા કામ પૂરા હે જાય; ફીર કોઇ લડનેકો આયગા તો લડેંગે ઔર કોઇ લડનેકો નહીં આયગા તો બાદશાહતમેં બંદોબસ્તી કામ પુરા કરકેં, ફીરસેં દેખા જાયગા."

રામ૦:—"જેડા આપોંરા હુકમ. આપોંનેં ઠીક લાગે જ્યું ફરમાય દો."

પઠાણુ સરદારે તુરત જ રાઠોડોને અને પઠાણોને રસ્તામાં બંદોબસ્ત સારૂ રહેવાનો અને સહુ લશ્કરને છાવણીમાં તૈયાર રહેવાનો

હુકમ ફરમાવી દીધો. સરદારોએ પણ ત્વરિત તેનો અમલ કર્યો. આ બધો બંદોબસ્ત બરાબર થઇ ગયાની વરદી મળી એટલે આ બન્ને પઠાણ કાકો અને રાઠોડ ભત્રીજો બાદશાહના દરબારમાં જવા તૈયાર થયા.

બાદશાહ પણ આજે દરબારમાં રામસિંહ રાઠોડને સણંદ આપવાની હોવાથી, અને દરબાર સવારમાં રોજના નિયમ કરતાં વહેલો ભરવાનો હોવાથી, વહેલો ઉઠી પોતાના નિત્ય નિયમથી પરવારી તૈયાર થયો. આજ દરબારમાં ખાન, ઉમરાવો અને અન્ય સુબા, સરદારો, પટાવતો, કારભારી, મેહેતા, મુત્સદ્દી, પટવારીઓ વિગેરે પણ વહેલા આવી સહુ સહુની જગાએ ઉભા રહ્યા તથા બેઠકના અધિકારીઓ પોતપોતાની બેઠક ઉપર બેસી ગયા. બાદશાહને પણ ખબર પહોંચાડવામાં આવી, અને તે પણ દરબારમાં આવ્યો, અને પોતાના જગપ્રસિદ્ધ "મયૂરાસન" પર આવી બિરાજ્યો. બાદશાહના આવ્યા બાદ બે ત્રણ ક્ષણ જેટલા ટૂંક સમયમાં રાઠોડ સરદાર નાગોરાધીશ રામસિંહજી તથા તેમના પાઘડી કાકા પઠાણ સરદાર મીરખાંન પણ પોતાના સાથે દશ દશ ચુનંદા રાઠોડો અને પઠાણો સહ દરબારમાં આવી પોહોંચ્યા. તેઓ આવ્યા એટલે "નકીબે" તેમની ઓળખ, બાદશાહને કરાવી. તેઓ કુરનસ તથા ન્યૌછાવર કરી પોતપોતાના અધિકાર મુજબ આસને બેઠા. એટલે બાદશાહે દરબારનું કામ શરૂ કરવા આજ્ઞા ફરમાવી.

પ્રથમ વારાંગનાઓના નાચ ગાન શરૂ થયા. તે કાર્ય જ્યારે પુરૂં થયું એટલે બાદશાહે પોતાનું ભાષણ શરૂ કર્યું.

બાદશાહઃ—"ખાન, ઉમરાવ, ઔર ઔર સબ સરદાર પટાવત લોગ! દેખો આજકા દરબાર એક ઔર પ્રકારકા હૈ. તુમ સબ જાનતે હૌ કી શાહી ફરમાનકે બાસ્તે વો ગૌડ દેશકા રાજા હરામી અરજુન ગૌડને અમરસિંહ રાઠોડકો મારનેકે લીયે બીડા ઉઠાયા થા. જીસ બખ્ત ઉસને બીડા ઉઠાયા ઉસ બખ્ત મૈંને ઉસ કમબખ્તકો તાકિદ દીયાથા કી અમરસિંહકો શિવાય ચેતના કીયે મારોગે યા પકડોગે તો બાદશાહકી સખ્ત ખફગી ઉઠા લોગે; લેકિન ઉસને પાંચ લાખકે પટેકી લાલચમેં બાદશાહી ફરમાનકો દીલમેં રકખે બિના અપના સગા બનેઉ વીર અમરસિંહકો દગા કરકે મારા. અમરસિંહ ભી તો કુછ કમ નહીં થા. વો ભી એક સચ્ચા શેર થા, ઇન્હોંને ઉસ હરામજાદેકે મરતે મરતે ભી નાક ઔર દોનું કાન કાટ દીયે. કૈસી બહાદરી! તોબા અલ્લાહ!!! તોબા અલ્લાહ!!! ફીર વો હરામી

દરબારમેં મેરી પાસસેં ઇનામ પટ્ટા લેનેકે બાસ્તે આયા. ઔર તુમારે સબકે આગે મૈંને ઉસકો હકાલ દીયા હૈ. કયઉંકી ઐસે હરામીઓકો પટ્ટા દેનેસેં હરામી લોગોંકો મદદ દેને સરખા કામ મેરેસેં હોતાથા. ઉસસેં મૈંને વો નીચ ગૌડકો કુછ દીયા ભી નહીં, ઔર અપમાન કરકેં નિકાલ દીયા. જબ અમરસિંહકે મરાનેકે સમંચાર નાગોરમેં માલુમ હુએ, તો ઇનકી હાડી રાણી જીનકો વીર અમરસિંહ થોડે સમયકે આગેહી બ્યાહે થે વો સતી હુએ. આમીન, આમીન. ખુદા ઇન દોનૌં રાજા રાણીકો અપને પાસ બહુત આરામ દેવૈ ! ! ! ઔર અમરસિંહકે ભતીજે, જો તુમ સબ લોગૌંકી આંખો આગે બૈઠે હૈં વો રામસિંહને આગરાકે ઉપર અપને રાજપૂતોંકે સાથ ચડાઇ કી. રામસિંહકે સાથ યે તુમ સબ લોગોંકી આંખો આગે બૈઠે હુવે પઠાણ સરદાર મીરખાંન, કી જો અમરસિંહકે પઘડીભાઇ બને થે, વો ભી શામિલ હુએ. દેખો પઘડીભાઇ હોના ઇસકા નામ હૈ કી જો અપને જીવકે જોખમસેં લડાઇમેં શામિલ હુએ હૈં. ઔર મૈંનેં ઇન્હોંકો અપની સુબાગીરીકા પટ્ટા બઢા દેનેકી લાલચકે સાથ ફોડનેકે લિયે પ્રયાસ ભી તૌ કીયા, લેકિન સબ નિકમ્મે હો રહે. પીછેસેં હમને નિકાલકી બાત શુરૂ કરવાઇ ઔર નિકાલ ભી હુઆ. ઉસ કામમેં ભી યે પઠાણ મીર-ખાંનકાહી હાથ રહા, ઔર ઇન્હોંકી મહનતસેંઇ યહ નિકાલ ભી હુવા હૈ. મૈં ખુશ હોતા હું કી ઐસે નેક પઠાણ મેરી બાદશાહતમેં મૌજુદ હૈં, ઔર વો લોગ કિસી ભી ઉપાયસેં દુશ્મનકો મીલનેકા નીચ કામ નહીં કરતે હૈં. નિકાલ ઐસા હુવા હૈ કી જો પટ્ટા અરજુન ગૌડકો, અમરસિંહકો ચેતનાકે સાથ મારનેસેં મીલનેકા થા, વો પટા આગરા પર ચડાઇ લાનેસેં મૈં બહાદુર રાઠોડ રામસિંહકો દેતા હું. ઔર નાગોરકા પટા ભી રામસિંહકે નામપર ચલેગા; ઔર યે નયા પાંચ લાખકા પટા ભી નાગોરકે સાથ શામિલ કીયા જાયગા. ઔર રામસિંહ દરબારમેં અપને કાકા અમરસિંહકી બેઠકકે ઉપર બૈઠ સકેગા, ઔર અમરસિંહકે સભી મુલાજમે રામસિંહકો મીલૈંગે. રામસિંહને, રાઠોડકે નામકો સુભિતા કીયા હૈ, ઐસે વીર સરદારોંપેં ઔર મીરખાંન જૈસે ખાંનોંપેં મૈં બહુત ખુશ રહુંગા. ઔર પાક પરવરદીગાર ખુદાતાલાસેં મેરી અરજ હૈ કી, મેરી બાદશાહતમેં મુઝે ઐસે બહોત ખાન ઉમરાવ મીલેં, મૈં માનતા હું કી તુમ સબ સરદાર લોગ રામસિંહકે મુવાફિક બાદશાહતમેં અપના માન-મર્તબા બઢાઓ. લેકિન ગેરઇન્સાફકે રાહપેં ચલકેં બાદશાહતકો ધોકા મત પહુંચાવૈં, ઔર બાદશાહતકો કલંકિત કરનેકે કોઇ કામસેં બચ જાંય.

"મૈં ઇસ બખ્ત મૌકા હોનેતેં મેરે ખાન ઉમરાવોંકો, ઔર સુબા સરદાર લોગોંકો ફરમાતા હું કી વો લોગ કભી અન્યાય મત કરૈ; મેરી હિન્દુ યા મુસલમીન રૈયતકો એક સદા નેક ઇન્સાફ આપ લોગોંકી સરદારીમેં મીલે, જીસસેં મૈં હરદમ આપ લોગૌંકે ઉપર ખુશ રહુંગા. ઔર મૌકા હોનેતેં ઐસે સરદારોંકી બાદશાહતસેં કદર ભી કી જાયગી. લેકિન આપ લોગ ઐસા ભી યાદ રકખેં કી જીસતરૌં આપકે નેક કામોંકી કદર કી જાયગી, ઐસેહી આપકે બીન નેક કામોંસેં બાદશાહકી ખફ્ગી ભી ઉઠા લોગે. આપ સબોંકો માલુમ હોના ચાહિએ કી રૈયત હૈ સો રાજાકા એક સચ્ચા ધન હૈ; રૈયત હૈ સો રાજાકા બેટા બેટી હૈ. ઇનકો ખુશ રખનેસેં રાજા–બાદશાહ–ખુશ રહ સકતે હૈં, ઔર ઇનકો નાખુશ કરનેસેં ખુદા ભી તૌ નાખુશ હોતા હૈ, ઔર ઐસે અનીતિ ચલાનેવાલા રાજા–બાદશાહ બહુત બખત તક અપને રાજકો જમા કર નહીં સકતા હૈ. રૈયત રાજાકે નીતિસેં આગે જીતની ગરિબ હૈ, ઇતનાહી અનીતિસેં મર્દ ભી હૈ. ઔર વો અપને સબકે બલસેં મિલકરકેં રાજા–બાદશાહ–કા લશ્કરકે બલકો માનતી ભી નહીં હૈ. ફીર ચાહે આપ મર જાતે હૈં, અગર તૌ રાજાકે લશ્કરકો માર દેતે હૈં. ઔર ઐસે કામમેં રાજા બાદશાહકો દોનું તરફસેં કલંક ઉઠાના પડતા હૈ. અગર રૈયતકો રાજાકા લશ્કર મારતા હૈ તો રાજાકે ઉપર રૈયતકો મારનેકા કલંક ચીપટ જાતા હૈ. ઔર, જો રૈયત રાજાકે લશ્કરકો માર દેતી હૈ તો, રાજાકો રૈયતકા માર ખાનેકા કલંક ચીપટ જાતા હૈં. રાજાકો ચાહિએ કી હરકોઇ ઉપાયસેં અપને રાજ્યમેં રૈયત સુખ ઉઠાવે ઐસે સભી ઉપાયકો કરના ચાહિએ. ઔર રૈયતકે દીલકે મુવાફિક ઉનકો ઇનકે હક્ક ચહાય વો માંગે, અગર માંગે નહીં તબભી દેના ચાહિએ. સિર્ફ અપને મૌજ શૌખ ઔર અપની હકુમતકે બારતે ઔર અપને અધિકારીઓંકી હકુમતકે લીયે, રૈયતકો અપના હક્ક નહીં દેના, વો અચ્છે રાજા–બાદશાહકે બારતે કોઇ તરહ લાજિમ નહીં હૈ. ઇસસેં આપ સભી ખાન, ઉમરાવ લોગ અપની રૈયતકો ખુશ રખો ઔર આપ નીતિસેં ચલનેવાલે રાજા હો ઇસ તરહ આપકા રાજ ઔર અપના નામકો સુભિતા કરો ઔર અપની રૈયતકે પાસ આપકી વાહ વાહ કરવાઓ. અગર આપકે સત્તાધારી અધિકારી લોગ અપની સત્તાકે બારતે જૂઠ હકિકત આપકે આગે લા કરકેં રૈયતકા દીલ દુખનેકા ઉપાય કરૈં, આપ કભી ઉસમેં મત ફસો. સિર્ફ આપ યોં સમઝા કરો કી ઔર આપકે સત્તાધારી–અફસર લોગ રૈયતકે સુખકે બારતે હૈં,

રૈયત આપ લોગોંકે સુખકે બાસ્તે નહીં હૈ. અગર તુમારેસેં તુમારી રૈયત ખુશ હોગા તો તુમ લોગ સભી રીતકે સુખકો ઉઠાઓગે ઔર જો રૈયત નાખુશ હોગા તો તુમકો સુખસેં નિંદ ભી નહીં હોગા. તુમારે દીલમેં રૈયતકો શાંતિકે બાસ્તે દીન-રાત બિચારહી હુઆ કરેંગે. તુમારે અફસર લોગ રાજકે માલિક નહીં હૈં, લેકિન વો લોગ નોગર લોગ હૈં; ઇનકો રાજકે નફા નુકશાનકે સાથ કુછભી સંબંધ નહીં હૈ, રાજકો નફા હોગા તુમહીકો હૈ, ઔર નુકશાન હોગા તો યેભી તુમહીંકોહી હૈ. ઇસ સબ બાતકા બીચાર કરકે તુમ અપના રાજ બરાબર સમાલો, લેકિન આપ રૈયતકે ખૂન ઔર માંસ ચૂસનેવાલે લૂટારૂ મત બનો. ઔર રૈયતકે ખૂન કરકે ખૂની ભી મત બનો ઔર અપને અફસરોંકી જાલોંસેં બચતે રહો."

બાદશાહે મહત્તાપૂર્ણ અને રાજ્યનીતિ દર્શાવનારૂં ભાષણ પૂર્ણ કર્યા બાદ, પઠાણ સરદાર પાસેથી રામસિંહને આપવાનું "તામ્રપત્ર" મંગાવી લઇ, તે વીર રામસિંહને આપ્યું. રામસિંહે પણ બાદશાહના ભાષણનો ઉત્તર આપવાનો વિચાર કરી, ઉભા થઇ જુસ્સાબંધ અને નિડરતા પૂર્વક નીચે પ્રમાણે ઉત્તર આપ્યો:-

"ખુદાવિંદ, આલીજહાઁન, મેરા યે ચડાઇરો કામ હૈ સોં બચ્ચુંરા જેડો હૈ, અર મૈં ભી એક ટાબર હૌં; પરન્તુ હમ રાઠોડ લોગ કાળસેં ભી તૌ ડરોં કોય નહીં. ખુદાવિંદને, મોરા કાકાજીનેં ગૌંડોંકી પાસમેં દગાસું મરવાય, નાંખા, જીણોંરો વેર લેવારા બાસ્તે, મૈં નાગોરસું અઠે આયો હો. પરન્તુ મોરા કાકાજી મીરખાનજી પઠાણશારા કહ્યાસુ મૈં અબાર પાછો લોટુંહું. ઇણ નિકાલરી બાબદમેં ખુદાવિંદ ઇણોંરા-પઠાણ સરદારરા-ઉપકારી હૈં. મોંનેં લાગૈ હૈકી મોરે મીરખાનજીરા કહ્યાસું લોટણો વો ઠીક હૈ, કયુંકી અબાર મોરે બાસ્તે વો અમરસિંહજી હૈં, અર મોરા ફાયદા બેફાયદારો વિચાર ઇણોંને કરવારો હૈ. મોરી ખુદાવિંદસું યે વિનંતિ હૈ કી ખુદાવિંદ ફીરસું કોઈ સરદારરા બાસ્તે એડો કાંમો નહીં કરૈં, કી જીણસું ઇણ તરોં-મોરી તરોં-કોઇ સરદારરે કરવારો તાકડો વૈં જાય નહીં, અર બાદશાહ સલામતરે નિકાલ કરવારો પ્રસંગ વૈ જાય નહીં. હમ રાઠોડ લોગ બાદશાહતરે સરદાર અર અંગ હૈં. સરદારોંરો કામ હૈ કી બાદશાહ આડા રસ્તે ચડ જાય તૌ બાદશાહોંનેં ઠેકાણે લાવણો ચાહિજે. અર મોંનેં જો કુછ યે કિયો હૈ વો ઇણ બાસ્તે કિયોડો હૈ, જીણસું ખુદાવિંદ, મેરે બાસ્તે કુછ ખૌફ દીલમેં મતી ધરેં."

રામસિંહે બાદશાહને જવાબ આપ્યા બાદ મીરખાંનજી ઉઠયા અને તેમણે પોતાનું ટૂંક ભાષણ શરૂ કર્યું:—

"ખુદાવિંદ, અબ જો હુવા સો હુવા. અબી ઇસ બાતકા કુછ ખ્યાલ ખુદાવિંદ ભી અપને દીલમેં ધરેં નહીં, ઔર રાઠોડ લોગ ભી ઇસ બાતકો અપને મનમેં રકખેં નહીં, કી જીસસેં આગે કોઇ બાતકી તકલીફ યા ઝઘડા ઉઠાનેકા મોંકા આ પડે."

આ મુજબ આજના દરબારનું કામ પુરૂં થયા બાદ બાદશાહ દરબાર બરખાસ્ત કરી જનાનખાનામાં ગયો. અન્ય સરદારો, બાદશાહ, રામસિંહ અને પઠાણ સરદાર મીરખાંનજીની પ્રશંસા કરતા કરતા પોતપોતાનાં મુકામો તરફ ચાલ્યા.

સરદારો, બાદશાહે તેમને ખરા જીગરની સલાહ આપી તે બાબદ બાદશાહની બહુ જ પ્રશંસા ખુલ્લા મોઢે કરવા લાગ્યા. નગરમાં પણ લોકો બાદશાહે સલાહ કરવાથી, અને સરદારોને સલાહ આપી તે બાબત સ્થળે સ્થળે માણસો મળી પ્રશંસા કરવા લાગ્યા.

પ્રકરણ સતાવીસમું

જશવંતસિંહના ક્રોધનું સાંત્વન

સોરઠાઃ- જોર ભર્યો જશવંત, સુણી મરણ નીજ ભ્રાતનું;
આણું શાહરો અંત, કહ ડગાઉં આખી દલી.

ગત પ્રકરણમાં જણાવ્યા મુજબ બાદશાહે રામસિંહનો નિકાલ કરી તેને વિદાય કર્યો. રામસિંહ અને મીરખાંન પોતાના મુકામ ઉપર આવ્યા. મુકામે આવ્યા બાદ તેમને ખબર પડી કે, મહારાજા જશવંતસિંહજીને અમરસિંહજીના મરાયાના સમાચાર મળવાથી, ક્રોધાયમાન થઈ આગ્રા ઉપર હલ્લો કરવા સારૂ આવે છે. આ સમાચાર સાંભળવાથી પઠાણકાકો અને રાઠોડ ભત્રીજો મહાન્ વિચારમાં પડ્યા. તેમને એવી ચિંતા થઇ પડી કે જો મહારાજા કંઇપણ આગ્રા ઉપર તોફાન કરશે, તો આપણું કરેલું બધું ધૂળ મળશે, અને બાદશાહે પણ જે હેતુથી આપણી સાથે નિકાલ કર્યો, તે તેનો હેતુ પણ ધૂળ મળી જશે અને પુનઃ હજારો અને લાખો માણસોનું રણભૂમિમાં બળિદાન આપવાનો પ્રસંગ ઉભો થશે. બન્નેએ કેટલોક વખત વાટાઘાટ કર્યા બાદ તેઓ એવા નિશ્ચય ઉપર આવી શકયા કે, રામસિંહે પોતાના નામનો પત્ર મહારાજા ઉપર લખવો, અને તેમાં બાદશાહ સાથે નિકાલ થયાની હકિકત જણાવવી; પરંતુ રામસિંહ મહારાજા જશવંતસિંહના ક્રોધથી સારી પેઠે વાકેફગાર

હતો અને તેથી તેણે મીરખાંનને પોતાના નામથી પત્ર લખવા જણાવ્યું. છેવટ બન્ને જણાના નામનો પત્ર લખી મોકલવા ઠરાવી, રામસિંહે બન્નેના નામનો પત્ર તૈયાર કર્યો, અને એક રાઠોડ સરદાર સાથે તે પત્ર મહારાજા તરફ મોકલવામાં આવ્યો. તેણે જઇને પત્ર મહારાજાને આપ્યો અને નિકાલની હકિકત સંબંધી મહારાજાએ કેટલાક પ્રશ્નો પૂછ્યા, તેના પણ તેણે ખુલાસા કર્યા. મહારાજા જશવંતસિંહજી બાદશાહની સાથેના નીકાલની હકિકત જાણી ક્રોધાયમાન થયા, તેમનાં નેત્રો રક્ત થઇ આવ્યાં, મુચ્છો અને ઓઠ ફરફરવા લાગ્યા. તુરત તેમનો હાથ કુદરતી જ તલવાર ઉપર પડી ગયો. તેઓ પત્ર લઈ આવેલા રાઠોડ સરદારને કહેવા લાગ્યા કેઃ–

"રામસિંહકું યા કાંઈ સુઝયો, જો બાદશાહસું નિકાલ કર નાંખ્યો? બાદશાહરી શુદ્ધ સાંન મૈં આયને જરૂર ઠેકાણે લાય દે તૌ, અણુમેં રામસિંહને બડો બિઘન નાંખ દીયો. બાદશાહરા મનમેં કાંઇ આયો નહીં, કી જશવંતસિંહ કાબુલ લડાઇમેં ગયોડા હીં, અર મેં અઠે અમરસિંહરો મરા નાંખુંહું; પણ પીછુંસું જણ બખત જશવંતસિંહ આશી તો મોરી ખબર લૈં નાંખશી. અર રામસિંહને મોરી રાહ દેખ્યા બીના નિકાલ કરને મોરી સબ બાત બિગાડ દી. મેં અણુ બખત એડા બિચારસું આયો હો કી, આગરા તોડને દિલ્હીકું તોડ દેશોં; પણ રામસિંહને મોરી મનરી બાત મનમેં રાખ દી."

દૂતઃ–"અન્નદાતાર, અણુ બાતરો શોક કરવાસું કાંઈ હૈ? જો હો ગયો સો હો ગયો."

જશ૦ઃ–"થેં મોંને કહો તો ખરાકી કીણુ રીતસું રામસિંહને આગરા ઉપર ચડાઇ કી, અર સાથમેં કોઇ હુંઢયાહા કી નાહીં?"

દૂતઃ–"અન્નદાતાર, જીણુ બખત અમરસિંહજીરા કામ આયારી બાત રામસિંહને હુણી, ઇણી બખત તુરત આપ રીસું ભરાયા, અર હાડીજી સતી વ્હાં; અર દૂસરે રોજ સાંઝરે સમૈ રામસિંહ આગરા ઉપર ચઢયા. નાગોરસું અર રરતારી સરદારીઓંમાંસું સઘળા મીલને એક લાખ રાજપૂત રામસિંહજીરી સાથમેં હુંઢયા હા. અર પઠાણુ સરદાર મીરખાંન જો અમરસિંહજીરા પઘડીભાઇ હા વો અપણી લારમેં બાર હઝાર પઠાણુ લૈનેં રસ્તે મૈં મીળ્યા. બાદશાહને મીરખાંનનેં ફોડવારા બાસ્તે બહોત પરપંચ કિયો, પણ વૈ ફુટયા નહીં. જરાં બાદશાહને નિકાલરી ભાંજગડ કરને પાંચ લાખરા પટારો તાંબાપત્ર રામસિંહસું દીયો. ઇણુ રીતસું બાત હુઇ."

જશ૦:–"થેં હથળાને મિલને મોરા સબ બિચાર મોરે મનમેં રખ દિયે. મોરે બિચાર મારે ગયે, નહિં તૌ મેં આજ બાદશાહકું બતાય દે તૌ કી રાઠોડોંસું વેર કરનૈ દિલ્હી કણુ તરોંસુ સંપરી જાય હે."

દૂતઃ–"હુઝુર, જો હોયગૌ સો હોયગો. અબ ઇણુ બાતરો બિચાર કરવાસું કાંઇ વ્હૈ શકે યું હૈ? અબ આપ અઠે–છાવણીમેં–પધારો."

જશ૦:–"ચલૌ ચલૌં હૌં."

આમ કહી પોતાના માણુસોને તૈયાર થવાની આજ્ઞા કરી. માણુસો તૈયાર થવાની વરદી મળી એટલે પોતે પણુ તૈયાર થઇને પોતાના હાથી ઉપર બિરાજ્યા અને પોતાના સૈન્ય સહ જ્યાં આગળ રામસિંહ અને પઠાણુ સરદાર મીરખાંનની છાવણી હતી તે તરફ પ્રયાણુ કર્યું. બે દિવસની મુસાફરી કરી તેઓ રામસિંહની છાવણી નજીક આવ્યા.

મહારાજા જશવંતસિંહજીની સવારી માંહેના વાદ્યોના ઘોષ સાંભળી કુમાર રામસિંહ તથા પઠાણુ સરદાર મીરખાંન પણુ પોતાની સાથે સો સો સવારો લઇ રહામા ગયા અને મહારાજાને મળ્યા. પછી તમામ સવારી રામસિંહની છાવણીમાં આવી પહોંચી. આ બધી મુસાફરીમાં અને કુમાર મળ્યા ત્યાં સુધી મહારાજા તો ક્રોધના આવેશમાં જ હતા. તેઓ બેઠા બાદ કુમારને તેમણે પૂછ્યું કેઃ–"રામસિંહ, થેં ચડઇ કરનૈં કાંય કીયો? ઇણુ તરોંસું નિકાલ કરવારી થારે કાંઇ જરૂર હી? થેં શુદ્ધ રાઠોડ હૈં ફીર ચડઇ કરને પીછુંસું નિકાલ કર દિયો યે કાંઇ બાત હે?"

રામસિંહ:–"હુઝુર પધાર્યા નહીં હા. ઔર કાકાજીને–પઠાણુ સરદારે–નિકાલ કર નાંખ્યો, અણુમેં મેં કાકાજીનેં કાંઇ કહૌં?"

જશવંતસિંહઃ–(પઠાણુ સરદારને ઉદ્દેશીને) "આપને યે કાંઇ કીયો? અમરસિંહ જેડા જોધાણુનાથરા મોતરો બદલો ઇણુતરોં પાચ લાખરા પટાસું લીયો જાય? આપ અઠૈં હા, ફીર બાદશાહસું નિકાલરી બાત શરૂ કરનૈં મોરી રાહતો દીખણી હી?"

પઠાણુઃ–"હુઝુર, બાદશાહકો બરાબર ઇસકા બદલા મીલ ચુકા હૈ. ઇસકો અપણુ કયા કરૈંગે, ઇસકા બરાબર ખ્યાલ હો ગયા થા. ઔર ઇસસેં તૌ બાદશાહને નિકાલ કીયા; ફીર જબ બાદશાહ નિકાલ માંગતા થા, તો હઝારૂન હિન્દુ મુસલમાનોંકો કટવા ડાલનેસેં ઔર કયા ફાયદા અપનુંકો લેના થા? લડ કરકેં ભી તૌ હોતા બાદશાહસેં નિકાલહી, ઇસ હિસૈં મૈંને યે નિકાલ કીયા હૈ, બાકી તૌ હમ લોગ બાદશાહસેં ડરતે તૌ થોડેહી થે?"

જશવંતઃ–"આપને જો કીયા હૈ ઇણુમેં અબ મૈં કાંઇ કરૂં યું હૈ? જો તુમને કીયા સો ઠીક હૈ, પરન્તુ અમરસિંહજીરો અણુ રીતસું

મોત હોણો યે કાંઇ ઠીક બાત હે ? અમરસિંહજી મહારાજરી રાણી જણુ બખત રાંડી, અણનાવાંસું તૌ લાખુંન મુગલાંરી ઔરતૌ, ઔર લાખુંન ગૌડાંરી લુગાઇયાં રંડાણી ચાહિજે. મહારાજ અમરસિંહરા પિછું પાંચ લાખરો પટો લૈને નિકાલ કરવારી બાત ઠીક કુછ હોય નહીં. અબાર મૈં અઠૈસુ જોધપુર જાશૌં. બાદશાહનૈં મળવારા બાસ્તે આવૌં કોય નહીં. જો મૈં આશૌં અર મોંનૈં રીસ ચડ જાય, તૌ અણુરો કુછ માઠો ફળ આ જાય. ઇણુ બાસ્તે મૈં આગરામેં આશૌં કોય નહીં."

પઠાણ:-"જબ હમ ભી હજુરકે સાથહી ચલેંગે. હમકો ભી યહાં રહનેસેં કયા જરૂરત હૈ ? અગર આગે કોઈ એસા મૌકા આયગા તૌ દેખા જાયગા."

પઠાણ સરદાર આ પ્રમાણે વાતચિત કરી પોતાના તંબુ તરફ ચાલ્યા અને રામસિંહ મહારાજા જશવંતસિંહ પાસે બેસી રહ્યા. પઠાણના ગયા બાદ રામસિંહે મહારાજાને પૂછ્યું કેઃ—

રામસિંહ:-"હુઝુર, યે પટ્ટામેંસું કાકાજીનૈં અડધો પટ્ટો દેવારી બાતચિત કરને અડધો દેશ અણોંનૈં સુંપ દો."

જશવંત:-"થારો કહણો બરાબર હૈ. કયું કી મીરખાનજી આપણી લારમૈં જીવરો અર અપણી સુબાગીરીરો જોખમ ઉઠાનૈં ચડયા હા, તો અણોંનૈં પણ કુછ નફો હોવણો ચાહિજે."

મહારાજાએ એક દૂતને પઠાણ સરદારને બોલાવી લાવવા સારૂ મોકલ્યો. તે આવ્યા એટલે પોતે વાતચિત શરૂ કરીઃ "ખાંન સાહેબ, રાસ્તામેં આપણ હધળાં જુદા પડ જાશાં, જીણસું કુછ બાતચિત મોરે આપોંરી સાથ કરણી હૈ, સો અઠૈ હીં કર લૌં."

પઠાણ:-"હુઝુર, ઐસી કાંઈ બાત હૈ, જો હોવૈ સો ફરમાઇએ."

જશવંત:-"મેરા કહણા તૌ યે હૈ કી યા પટામાંસું આપોંનૈં ઠીક લાગે વો દેશ આપ રખ લૌં, ઔર બાકી રામસિંહ રખ લે."

પઠાણ:-"હુઝુર, આપ યે કાંઈ ફરમાતે હો ? રામસિંહકે પટેમેંસે મેરેકો એક તસુ જમીન ભી કામ નહીં આતી હૈ. મૈં ઇસતરોંસેં નફા ઉઠાનેકો રામસિંહકે સાથ નહીં ચઢાથા."

જશવંત:-"યે આપોંકા કહણો તો ઠીક હૈ, પરન્તુ રામસિંહ મોંનૈં કેવૈ હૈ કી કાકાજીનૈં આધો પટો દીયો જાય."

પઠાણ:-"હુઝુર, રામસિંહ તૌ બચ્ચા હૈ, લેકિન આપ મુઝે યે ફરમાતે હોં, યે ઠીક બાત નહીં હૈ. કયું, કી રામસિંહકી સાથમેં ચઢણા વો મેરા કામથા, ઔર અગર કભી મેરેકો જરૂરત હોગા તો રામસિંહ મેરી સાથ ભી ચઢેગા. ઇસમેં બદલા કાયકા."

જશવંત:—"અચ્છા, જબ આપોંરી મરજી નહીં હે, જરાં પટ્ટારી બાત રહણે દૌં; પર આપકો યે લડાઇમેં જો ખર્ચ હુવો વો તો લો."

પઠાણ:—"વો ભી મુઝે હરામ હૈ. આપ કોઇ બાત મુઝે મત ફરમાવેં."

પઠાણ સરદારે પટ્ટો કે લડાઈનું ખર્ચ કંઇ પણ લેવા ના પાડી અને તેઓ રજા લઇ પોતાના તંબુ તરફ ચાલ્યા ગયા. બાદ મહારાજા જશવંતસિંહજીએ પોતાના લશ્કરને અને રામસિંહે તેના લશ્કરને કુચ કરવાના હુકુમો આપ્યા, અને તેઓ આગ્રા છોડી ચાલ્યા. મહારાજા જશવંતસિંહ જોધપુર ગયા, રામસિંહ નાગોર, પઠાણ સરદાર પોતાની સુબાગીરીના પ્રદેશમાં ચાલ્યા ગયા.

પ્રકરણ અઠ્ઠાવીશમું

ઉપસંહાર

દોહા:—હિમ્મત કાર્ય શરૂ કરો, રાખી પ્રભુપર પ્યાર;
સિદ્ધ કાર્ય સર્વે કરે, વાર વાર કરી વ્હાર.

આપણે આ વાર્તામાં બાદશાહની અનીતિના અંગે રાઠોડોને તથા બાદશાહને કેવી રીતે સહન કરવું પડ્યું તે જાણી ચુકયા છઇએ. વળી બાદશાહની અનીતિને સહન નહીં કરતાં રામસિંહ જેવા એક બાળક રાઠોડ હિમ્મતથી પોતાના સરદારોનો નિરાશાજનક જવાબ મળવાથી પોતાના વિચારને અડગતાથી વળગી રહી, સરદારોના વિચારો પણ તેણે પોતાની સાથે મેળવી લીધા અને માત્ર પરમેશ્વર ઉપર ભરોંસો રાખી દિલ્હી જેવી એક જબરજસ્ત બાદશાહત સામે બાથ ભીડવામાં લેશ પણ શંકા મનમાં રાખી નહીં. તે હિમ્મતથી દિલ્હી પર હલ્લો ત્યારે બાદશાહને તેની સાથે તેની મરજી મુજબ નિકાલ કરવાની ફરજ પડી. આ બધા ઉપરથી આપણને એમ ચોક્કસ જણાય છે કે પરમેશ્વર ઉપર શ્રદ્ધા રાખી હિમ્મતથી કંઇ પણ કઠિન કાર્ય ઉપાડવામાં આવે તો પરમેશ્વર તેવા કાર્ય ઉઠાવનારની સહાયમાં રહીને તે કાર્ય પૂર્ણ કરે છે.

અનીતિથી રાજ્ય ચલાવનાર રાજાઓને પોતાની અનીતિનું કેવું પરિણામ ભોગવવું પડે છે, તે પણ શાહનશાહ શાહજહાંનના વર્તન ઉપરથી આપણને ચોક્કસ રીતે દર્શાય છે. વળી રામસિંહને "તામ્રપત્ર" આપતી વખતે બાદશાહે પોતાના ખાન ઉમરાવોને ઉપદેશ આપતાં પોતાના ભાષણમાં "રાજનીતિ"નું બહુજ સારૂં વર્ણન કર્યું છે. તેમાં તેણે રાજાની નીતિ, રાજા પ્રજાનો સંબંધ, અને હરેક પ્રકારે પ્રજાની વાંચ્છનાઓ પૂર્ણ કરવી, એજ સારા રાજ્યને શોભા આપનાર છે વિગેરે જણાવી, પ્રજાને પોતાનો શિકાર સમજનાર શિકારી, અને લૂટારા જેવું વર્તન ચલાવનાર રાજાઓ, તથા પ્રજાનું લોહી ચૂસનાર

અને પ્રજાની ઇજ્જતનો વિચાર કર્યા શિવાય પ્રજાને હેરાન કરનાર રાજાઓને શાહજહાઁનના ભાષણનો શબ્દેશબ્દ પોતાના હૃદયમાં કોતરી રાખવા સરખી શિખામણ આપી છે. તેથી આપણને એમ જ માનવું પડશે કે શાહનશાહ શાહજહાઁનના પછાડીના જીવનમાં તેની પ્રજાને બહુ જ સુખ પ્રાપ્ત થયલું હોવું જોઇએ. વળી વિષયાંધપણાથી મનુષ્યને કેવાં સંકટોમાં આવી પડવું પડે છે, તેનો પણ આપણને શાહજહાઁનના અને અમરસિંહના ચરિત્રથી અનુભવ મળી શકે છે.

સ્ત્રીના પ્રેમમાં ફસાવાથી મનુષ્યો કેવી રીતે દુઃખી થાય છે, તેનું ભાન આપણને "રાવ અમરસિંહજી"ના ચરિત્ર ઉપરથી બરોબર થઇ આવે છે. શુદ્ધ ક્ષત્રિયોમાં કેટલું અને કેવું ઝનુન હોય છે તેનું તથા ક્ષત્રિયોની વીરતાનું પણ સારી રીતે ભાન થઇ શકે છે. વીર અમરસિંહજીની વીરતાની અવધિ તો આપણને એટલાથી જણાઇ આવે છે કે માત્ર એકજ કટારથી તેમણે "સલાબત"ને માર્યો, બીજા કેટલાક મુસલમાનોને દરબારમાં માર્યા અને ખુદ બાદશાહના ઉપર પણ કટારી ફેંકી, એટલું જ નહીં પણ પોતાને દગલબાજીથી મારવા તૈયાર થનાર–દુષ્ટ અરજુન ગૌડનું, મરતાં મરતાં પણ નાક કાન કાપી, જે શિક્ષા દગલબાજ મનુષ્યને થવી જોઇએ તે સજા પોતે કરતા ગયા. તેથી જ જોધપુર મહારાજા માનસિંહજીએ યથાર્થ કહ્યું છે કે "પાવશેર લોહતેં હલાઈ સારી પાતશાહી, હોતી સમશેર તો છિનાઇ લેતો આગરા" અને જો તલવાર પકડત તો તેમ કરત પણ ખરા, એમાં કાંઇ જ શંકા લેવા સરખું નથી. કોઇ કવિએ પણ આ દોહરો યથાર્થ જ કહ્યો છે કે "કટારી અમરેશરી" અર્થાત્ અમરસિંહજીના જેવો કટાર ચલાવનાર કોઇ ક્ષત્રિય થયો નથી, અને હાલમાં તો નથી જ, પણ ભવિષ્યમાં પણ કોઇ કાળે થશે કે કેમ? તત્ સંબંધી શંકા જ છે!!!

કુદરતના નિયમ મુજબ દરેકની પ્રતિસ્પર્ધા અથવા ઉલટપણું હોય છે. જો તેમ ન હોય તો સારા નરસાની પરીક્ષા પણ થઈ શકે નહીં, અને તેનું દૃષ્ટાંત આપણને અરજુન ગૌડ જેવા જ્ઞાતિ અને દેશદ્રોહીથી મળી શકે છે. જ્યારે અમરસિંહજી ક્ષાત્રવટને શોભાવતા હતા ત્યારે તે તેને લજ્જિત કરવા સારૂ તૈયાર થયો, અને બાદશાહના દરબારમાં તેણે અમરસિંહજીનો તે સગો સાળો છતાં, બીડું ઉઠાવ્યું અને દગલબાજી કરી, વચ્ચે હિન્દુઓ પ્રાણાન્તે પણ જે "વિશ્વનાથ" અને "ગંગાજી"ના સોગન ન ખાય, તેમને રાખી, અમરસિંહજીને મારવા તયાર થયો અને તેમને માર્યા પણ ખરા. અર્થાત્ જે વખતે વીર અમરસિંહ આ પવિત્ર ભારતભૂમિને પવિત્ર કરતા હતા, તે જ વખતે

આ અરજુન ગૌડ તેને અપવિત્ર કરી ભારે મારનો હતો. તેની શિક્ષા તો તેને આપણી વાર્તાના નાયક વીર અમરસિંહે તેનાં નાક કાન કાપી કરી, તો પણ તે કેટલોક વખત આ ભારતભૂમિને ભારરૂપ થઈને પણ જીવતો રહ્યો હતો.

બાદશાહના એક સુબા અને સરદાર છતાં પઠાણ સરદાર મીરખાંને પોતાની અમરસિંહજી સાથેની સત્યમિત્રતા તેમના મરણ બાદ પણ દર્શાવી પોતાનો ખરો ધર્મ બજાવ્યો છે. બાદશાહે લાલચ તથા ધમકી આપવા છતાં તેને લક્ષમાં ન લેતાં માત્ર રામસિંહજી સાથે રહી લડવાનું પસંદ કર્યું, જેનાં પરિણામે બાદશાહને રામસિંહ સાથે નિકાલ કરવાની ફરજ પડી હતી. આવી રીતે તેમણે પોતાના ચારિત્ર્યથી "પઘડીભાઈ" અથવા "દુધભાઈ" નું ભાઈપણું બતાવી મિત્રધર્મને શોભાવ્યો હતો.

હિન્દુ મુસલમાનોએ પણ કેવી રીતના સંપથી કામ લેવું જોઈએ, અને એક બીજાની સાથે કેવી રીતે હળી મળીને ચાલવું જોઇએ, તેનું તાદૃશ્ય દૃષ્ટાંત આપણને બતાવી, તે મુજબ વર્તવાની સાચી સલાહ હિન્દુ અને મુસલમાનોને પણ આપી છે.

રામસિંહે, નાગોર આવી શુભમુહૂર્ત જોવરાવી પોતાની તખ્તનશિનની ક્રિયા કરવાનું ઠરાવી, તેમાં પઠાણ સરદાર તથા જોધપુર મહારાજા જશવંતસિંહ અને અન્ય પોતાની લાગવગવાળા સરદારોને આમંત્રી સિંહાસનારૂઢ થઈ પોતાના કાકાના પગલે ચાલી નાગોર રાજ્યની પ્રજાને સુખી કરવાનું વચન આપી, સુખી કરી પણ ખરી. તખ્તનશિનની ક્રિયા વખતે પોતાની સાથે સાથમાં રહેનાર સરદારોને સારી સારી જાગીરો આપી નિરંકુશતાથી નાગોરનું રાજ્ય ભોગવવા લાગ્યો.

કાળની ગતિ ગહન છે, અને કાળને અનુસરી આ દેશમાં એક નહીં પણ અનેક વખતે રાજ્યક્રાન્તિઓ થઇ છે. રાજા રૈયત કોઇ પણ પોતાના મહેલ કે ઘરમાં સુખથી રહી શકતાં નહોતાં, એવા સમયમાં આ નાગોરના રાજ્ય કર્તાઓ પણ નબળા ન પડતાં પોતાનું રાજ્ય સ્થાયી રાખી શકે એ અસંભવિત જ હતું. અને નાગોરના સત્તાધીશો નબળા પડયા તેથી અથવા બીજાં કોઇ કારણોથી નાગોરાધીશો પોતાની સત્તા ગુમાવી બેઠા. પરંતુ પ્રબળ રાઠોડોએ નાગોરના રાજ્યનો કેટલોક ભાગ પોતાના મારવાડના રાજ્ય સાથે ભેળવી લીધો અને અત્યારે પણ તે નાગોરનો કિલ્લો જોધપુર મારવાડના રાજ્યના હવાલામાં છે.

श्रीकृष्णार्पणमस्तु. इति सम्पूर्णम्.

પરિશિષ્ટ

રાજા અમરસિંહ સંબંધમાં ટૉડકૃત રાજસ્થાનમાં ઉલ્લેખ

(નાગોરાધિપતિ રાજા અમરસિંહના સંબંધમાં કર્નલ ટૉડ સાહેબે રાજસ્થાનના ઇતિહાસમાં જે હકીકત આપી છે તે નીચે રજુ કરી છે. તે ઉપરથી વાર્તાની લેખકે કેવી ગુંથણી કરી છે તે સમજાશે.)

૧

રાજપૂતો સ્વભાવથી જ પ્રાચીન સંસ્કારના પૂજક હોય છે. તે છતાં પણ તેઓ કદિ પોતાના પૂર્વજોના આચારવિચાર વિરુદ્ધ વર્તન કરે છે. તેમના સમાજમાં કોઈ કોઈ વખત ઉત્તરાધિકારની પ્રણાલીમાં ફેરફાર થયેલો જોવામાં આવે છે. રાઠોડકુળના ઇતિહાસમાં આપણે આવાં બે ઉદાહરણો જોયાં છે અને આ વખતે ત્રીજું ઉદાહરણ જોવાનો પ્રસંગ આવ્યો છે. ગજસિંહનો જ્યેષ્ઠ પુત્ર અમર હતો, તેથી ઉત્તરાધિકારની પ્રાચીન પ્રથા અનુસાર તે જ રાજસિંહાસનનો યોગ્ય અધિકારી હતો; પરંતુ ગજસિંહે તેનો હક્ક રદ કરી જસવંતસિંહને પોતાના સિંહાસનપર અભિષિક્ત કર્યો. જ્યેષ્ઠ પુત્ર વિદ્યમાન હોવા છતાં પણ ગજસિંહે પોતાના નાના પુત્રને સિંહાસનપર બેસાડયો, તેનું એક વિશેષ કારણ છે અને તે એ છે કે અમરસિંહ ઉદ્ધત અને ઉગ્ર સ્વભાવનો હતો. આ કારણથી રાજ્યના પ્રાયઃ સર્વ માણસો તેને ચાહતા નહોતા. તેનામાં રાજોચિત એવો કોઈ પણ ગુણ નહોતો કે જેની સહાયથી તે પચાસ હજાર રાઠોડોની ઉપર રાજ્ય કરી શકે. તે છતાં પણ તે અસાહસિક અને પરાક્રમરહિત નહોતો. તેની તેજસ્વિતા અને પરાક્રમની આગળ તેના શત્રુઓ તૃણવત્ બનીને ભસ્મ થતા હતા. ગજસિંહે દક્ષિણમાં જે જે યુદ્ધો કર્યાં હતાં, તે સર્વમાં અમરસિંહે પોતાનું અપૂર્વ પરાક્રમ દર્શાવી આપ્યું હતું. અમરસિંહ યુદ્ધમાં આગેવાની ભરેલો ભાગ લેતો હતો. તે નીડર અને રણચતુર હતો. જેમનો સ્વભાવ એના સ્વભાવને મળતો આવતો હતો, તે સર્વ જણે એની સાથે મિત્રતા બાંધી હતી; છતાં તે મોટા અને બળવાન માણસોની સાથે ઉદ્ધતાઈ કરીને લડાઈ ટંટા કરવા લાગ્યો તથા જેનું તેનું અપમાન કરવા લાગ્યો. તે કારણથી પ્રજાહિતૈષી રાજા ગજસિંહે પોતાની પ્રજાના કલ્યાણને માટે ઉદ્ધત અમરસિંહનો સિંહાસન ઉપર અભિષેક કર્યો નહિ.

સંવત ૧૬૯૦ ના વૈશાખ માસમાં એક દિવસ ગજસિંહે મારવાડના સમસ્ત સામંતો અને મિત્રોની સાથે સભામાં બેસીને પોતાના જ્યેષ્ઠ પુત્ર અમરસિંહને પોતાના ઉત્તરાધિકારના પદપરથી ચ્યુત કર્યો.

આ પ્રકારનું શોચનીય કાર્ય રાજપૂતોદ્વારા ક્વચિત્ જ થાય છે. અંત્યેષ્ટિસંસ્કારની પ્રાયઃ સમસ્ત ક્રિયાઓ આ પ્રસંગે કરવામાં આવે છે. જે દિવસે આવી શોચનીય ઘટના બને છે, તે દિવસને સમસ્ત રાજપૂતો શોકનો દિવસ માને છે. ગજસિંહે પોતાના જ્યેષ્ઠ પુત્રને ઉત્તરાધિકારના પદપરથી ચ્યુત કર્યો તે પ્રસંગનું વર્ણન આ પ્રમાણે છે;—ગજસિંહ ઉચ્ચ સિંહાસનપર વિરાજમાન થયા છે અને

તેમની બન્ને બાજુએ રાજ્યના સામંતો પોતપોતાની પદવી અનુસાર વિરાજ્યા છે. સામે કાંઇક જમણી બાજુ તરફ અમરસિંહ ઉભો છે. સર્વ સભાસદો નિઃસ્તબ્ધ અને નિઃશબ્દ છે. સભાજનો વિસ્મિત થઈ રાજાના ગંભીર તથા તેજોમય મુખ તરફ નિહાળી રહ્યા છે. સર્વ તેમની આજ્ઞા સાંભળવાને ઉત્સુક થઈ રહ્યા છે. થોડીવાર પછી તે ગંભીર નિઃસ્તબ્ધતાનો ભંગ કરી રાજા બોલ્યા: "અમરસિંહને ઉત્તરાધિકારના પદપરથી ચ્યુત કરવામાં આવ્યો છે. હવે તે ભવિષ્યમાં રાજા થઈ શકશે નહિ. મારવાડનો ઉત્તરાધિકાર એના કનિષ્ઠ બંધુને સમર્પિત કરવામાં આવ્યો છે. અમરસિંહને દેશપાર કરવામાં આવે છે, માટે હમણાં જ તેણે મારવાડ છોડીને ચાલ્યા જવું."[1] આ કઠોર આજ્ઞા થતાંની સાથે જ દેશપાર માટેનાં વસ્ત્રાદિ લાવવામાં આવ્યાં. અમરસિંહે સર્વ વસ્ત્રો પરિધાન કર્યાં. આ સર્વ વસ્ત્રો કાળા રંગનાં હતાં. કાળો પાયજામો, કાળો અંગરખો, મસ્તક ઉપર કાળા રંગની ટોપી અને ઢાલ તથા તલવાર પણ કાળી હતી. ત્યાર પછી તેની આગળ એક કાળા રંગનો અશ્વ આવ્યો. તે અશ્વપર આરૂઢ થઈને અમરસિંહ શીઘ્ર ત્યાંથી ચાલ્યો ગયો. તેણે કોઇની તરફ એકવાર પણ દૃષ્ટિપાત કર્યો નહિ, તેમજ કોઈને પોતાની સાથે આવવાને પણ કહ્યું નહીં.

તેજસ્વી અમરે કોઈની પણ સહાયની અપેક્ષા કરી નહિ, તો પણ તેને પોતાના દેશમાંથી એકલા જવું પડયું નહિ. જે સામંતો અને બીજા લોકો તેને ભાવી રાજા તરીકે ગણીને તેના પ્રત્યે આદરની દૃષ્ટિથી જોતા હતા, તે સર્વ એકદમ રાજસભામાંથી વિદાય લઇને તેની સાથે ગયા. અમર આ સર્વ વિશ્વાસુ સરદારોની સાથે મારવાડથી બહાર નીકળી પાદશાહની સભામાં પહોંચ્યો. શાહજહાન પાદશાહે તેને થયેલી દેશનિકાલની સજા મંજુર રાખી હતી, તો પણ તેણે તે નિરાશ્રય રાજકુમારને પોતાને શરણે આવેલો જોઈ તેના પ્રત્યે દયા દર્શાવી અને તેને એક સેનાના સેનાપતિપદપર નિયુક્ત કર્યો. અમર પરાક્રમી અને રણદક્ષ પુરુષ હતો. થોડા જ દિવસમાં પાદશાહ તેનાપર અત્યંત પ્રસન્ન થયો અને તેને ત્રણ હજાર સૈનિકોનો મનસબદાર બનાવી "રાવ" ની ઉપાધિ આપી તથા નાગોર જીલ્લો તેને અર્પણ કર્યો. આ સર્વ સન્માનને પ્રાપ્ત થઈ રાઠોડ અમરસિંહ અત્યંત ઉગ્ર સ્વભાવનો થઈ ગયો. આ ઉગ્ર સ્વભાવ જ તેનો કાળરૂપ નિવડ્યો. જે ઉગ્ર અને ક્રોધી સ્વભાવને લીધે તે રાજ્યથી વંચિત થયો હતો, તેને લીધે જ અંતે તે અકાળ મૃત્યુને પ્રાપ્ત થયો. ઉન્નતિને પ્રાપ્ત થયા પછી તે પોતાના કર્તવ્યમાં ઘણો બેદરકાર બન્યો. તે એટલે સુધી કે વ્યાઘ્ર, વરાહ આદિ જાનવરોના શિકારમાં મગ્ન રહી તે એક પખવાડીઆ સુધી પાદશાહની

---

૧. અમરસિંહને આ પ્રકારની થયેલી દેશનિકાલની સજા ઈતિહાસદ્વારા પ્રમાણિત થતી નથી. મહારાજા ગજસિંહે જસવંતસિંહની માતાના કહેવાથી અમરસિંહને રાજ્યથી વિમુખ કરી પ્રથમથી જ પાદશાહને ત્યાં નોકર રખાવી દીધો હતો. તેમણે પોતાના મૃત્યુ પૂર્વે થોડા દિવસપર તેને લાહોરમાં બોલાવ્યો હતો, ત્યારે પણ તેને જુદો રાખ્યો હતો. તેની મા, તેની સ્ત્રીઓ અને તેનાં સંતાનોને જોધપુરથી દૂર કરી પાદશાહની આપેલી જાગીરમાં મોકલી દેવામાં આવ્યાં હતાં.

સભામાં ગેરહાજર રહ્યો. આ ગેરહાજરીને માટે શાહજહાને તેને ધમકી આપી અને દંડનો ભય દર્શાવ્યો; પરંતુ તેજસ્વી અમરસિંહ તેથી કિંચિત્ પણ ભયભીત થયો નહિ. તેણે ધીર અને અકંપિત સ્વરથી પાદશાહના મુખપર જ જવાબ આપ્યો:-"હું શિકાર કરવાને બહાર ચાલ્યો ગયો હતો, તેથી અહીં આવી શક્યો નહિ." પછી તે પોતાની સમશેરને સ્પર્શ કરીને બોલ્યો:-"આપ દંડ કરવાની ઈચ્છા રાખો છો તો કરો, કેવળ આ મારી તલવાર જ મારૂં ધન છે."

અમરસિંહનાં આ નીડર અને તેજસ્વી વચનો સાંભળી પાદશાહ અત્યંત ક્ષુભિત થયો અને તેણે તેનો દંડ કર્યો. પછી તેણે તે દંડ વસુલ કરવાને માટે બક્ષી સલાબતખાંને[1] તેની પાસે મોકલ્યો. ખજાનચી સલાબતખાં અમરને ઘેર ગયો અને કુટ વચનથી તેની પાસે દંડ માંગ્યો. તેના આવા અયોગ્ય વર્તનથી અમર અત્યંત ક્રોધિત થયો અને તેણે તેને પોતાની આગળથી ચાલી જવાને કહ્યું; તેમ જ દંડ આપવાનો સાફ ઈન્કાર કર્યો. પોતાના કર્મચારીના થયેલા અપમાનથી પાદશાહે ખુદ પોતાને અપમાન થયેલું ગણ્યું અને તેણે તરત જ અમરને બોલાવી મંગાવ્યો. અમર તત્કાળ દિવાનેખાસમાં[2] પાદશાહની પાસે ગયો. દૂરથી જ તેણે પાદશાહના ડોળા રાતા થયેલા જોયા. સલાબતખાં પાદશાહની સામે હિકર જોડીને ઉભો હતો. આ દૃશ્ય જોઇ અમરનું હૃદય ક્રોધાવેશથી થરથર કંપવા લાગ્યું, તેની નસેનસમાં ઉષ્ણ રક્ત દોડવા લાગ્યું અને તેનાં રોમે રોમમાંથી ક્રોધાગ્નિ ઝરવા લાગ્યો. તે મનમાં બોલ્યો કે:-"પાદશાહે જ મારો તિરસ્કાર કર્યો છે, મને ગાળો ભાંડી છે અને મારો દંડ કર્યો છે, માટે સર્વ ઉપદ્રવોનું મૂળ એ જ છે." આવો વિચાર કરી તે પાંચ હજારી, સાત હજારી મનસબદાર, સરદારો તથા ઉમરાવોની વચ્ચે થઇને શીઘ્ર સમ્રાટની પાસે પહોંચી

---

૧ સલાબતખાં બક્ષી હતો. બક્ષીનું કાર્ય કેવળ પગાર વહેંચવાનું જ નહોતું; પરંતુ હિસાબી ખાતાંપર દેખરેખ રાખવાનું પણ હતું. તેનું પદ અતિ સન્માનનીય હતું, પરંતુ તેમાં જાનનો જોખમ ઘણો રહેતો હતો. ખાસ કરીને અમરસિંહની પાસે મુછનો વાળ હાલે તો વૈર લેવાને તૈયાર થાય એવા ઉગ્ર સ્વભાવના પ્રચંડ યોદ્ધાઓ હતા, તેથી તેનું પદ ઘણું જોખમભરેલું થઇ પડયું હતું. સલાબતખાંની સાથે અમરસિંહને વેર હતું અને તેનું કારણ સલાબતખાં પાદશાહની વિશ્વાસપાત્ર સેવા બજાવતો હતો, તે જ કદાચ હશે; પરંતુ કર્નલ ટૉડની આ વાત માન્ય નહિ કરતાં હિંદી અનુવાદક જણાવે છે કે અમરસિંહે પાદશાહને પરબારો મુજરો કર્યો હતો, તેથી સલાબતખાંએ નારાજ થઈને તેનું અપમાન કર્યું હતું અને તેને 'ગમાર' કહ્યો હતો. આથી રૂષ્ટ થઈ અમરસિંહે પોતાની કટારથી તેને મારી નાખ્યો. સત્ય વાત આ જ છે, બીજી સર્વ કવિઓની અતિશયોક્તિ છે.

૨ આ ઘટના દિવાનેખાસમાં બની નહોતી. શાહજહાનની તવારિખ અનુસાર આ ઘટના સંવત ૧૭૦૧ ના શ્રાવણ સુદ ૩ ને દિવસે શાહજાદા દારા શિકોહની હવેલીમાં બની હતી. આ હવેલીમાં પાદશાહ થોડા દિવસ થયાં કોઈ ખાસ કારણવશાત્ રહેતો હતો.

ગયો. પાદશાહે ધાર્યું કે તે કાંઈ બોલશે; પરંતુ તેણે તો એકદમ છલંગ મારીને સલાબતખાંપર આક્રમણ કર્યું અને તેના હૃદયમાં કટાર ઘોંચી દીધી. પછી તેણે પોતાની સમશેર ખેંચી પાદશાહપર આક્રમણ કર્યું; પરંતુ પાદશાહના સૌભાગ્યથી તે તલવાર તખ્તની સાથે અથડાઇને નીચે તૂટી પડી. પાદશાહ ભયભીત થઈ સિંહાસન છોડી મહાલયની અંદર નાસી ગયો. રાજસભામાં મહા હાહાકાર પ્રવર્તી રહ્યો. અમરની સંહારક મૂર્તિ જોઈ સર્વ માણુસો ભયથી ચારે તરફ નાસવા લાગ્યા, તેની પ્રચંડ સમશેર વિદ્યુત્‌ની પેઠે ચમકારા મારતી ચારે તરફ ઘુમવા લાગી. અમરસિંહને સારામાઠાનો વિચાર રહ્યો નહિ. તેણે જેને પોતાની સામે જોયો તેનાપર આક્રમણ કર્યું. આ પ્રમાણે તેણે પાંચ ઉચ્ચ પદાધિકારી મોગલ સેનાધિપતિઓને મારી નાખ્યા. રક્તની ધારાથી સમસ્ત સભામાં કિચડ થઈ ગયો. તે છતાં પણ તે રાઠોડ વીરનું હૃદય શાંત થયું નહિ. તેને રોકવાનો બીજો કોઈ પણ માર્ગ નહિ જોઈ તેના સાળા અર્જુન ગોડે તેને નમ્ર વચનોથી શાંત પાડ્યો અને પછી યુક્તિથી તેનાપર શસ્ત્રપ્રહાર કર્યો. જો કે આ શસ્ત્ર-પ્રહારથી અમર પૃથ્વીપર તૂટી પડ્યો, તોપણ જ્યાંસુધી તેના શરીરમાં દમ રહ્યો ત્યાંસુધી તે સતત સમશેર ચલાવતો રહ્યો. અંતે તે રક્તશય્યામાં અનંત-કાળને માટે સૂઈ ગયો.

અમરના આ ભયંકર અને શોચનીય મૃત્યુનું વેર લેવાને માટે તેના સામંતોએ[1] પ્રાણાંત સુધી મોગલોનો સંહાર કરવાની પ્રતિજ્ઞા કરી. તેમણે કેસરી વસ્ત્રો પરિધાન કરી પ્રચંડ વેગથી મોગલો ઉપર આક્રમણ કર્યું. ચાંપાવત ગોત્રના બલ્લૂ અને કૂંપાવત ગોત્રના ભાઉ નામના બે તેજસ્વી રાજપૂતો તે સેનાના સેનાપતિ થયા. જોતજોતામાં કેટલાક રાજપૂતોની પ્રચંડ વીરતાથી લાલ કિલ્લાની અંદર પુષ્કળ રક્તપાત થવા લાગ્યો. અસંખ્ય યુદ્ધવિશારદ યવન સૈનિકો આવીને રાજપૂતો ઉપર આક્રમણ કરવા લાગ્યા. અસ્ત્રશસ્ત્રના ઝણકાર અને વીરોના સિંહનાદથી સમસ્ત આગ્રા ગુંજી રહ્યું. અસંખ્ય મોગલ સૈનિકોથી મુઠ્ઠીભર રાજપૂતોએ અંતે પરાજિત થઈને પ્રાણત્યાગ કર્યો. ત્યાર પછી અમરની વિવાહિતા સ્ત્રી (બુંદીના રાજાની કન્યા) તે ભયંકર રણભૂમિમાં આવી અને પોતાના મૃતપતિની દેહ ઉઠાવી લઈ ગઈ. પછી તેણે એક ચિતા બનાવી અને પોતાના સ્વામીના મૃતદેહને ખોળામાં લઈને તેની સાથે બળીને ભસ્મીભૂત થઈ.

અમરસિંહના કેટલાક વિશ્વાસુ સેવકો અને સરદારોએ પ્રાણ ત્યાગ કર્યા. તેને ઘણો દીર્ઘકાળ વ્યતીત થઈ ગયો છે; પરંતુ તેમની અપ્રતિમ રાજભક્તિ, આત્મોત્સર્ગ અને વીરતાનું પ્રકાશમાન ચિત્ર આજે પણ આગ્રાના સ્તંભોમાં વિદ્યમાન છે. તેમના મહાન અને અમર જીવનચરિત્રનો નાશ કોઈ પણ કરી શક્યું નથી.[2] તેઓ જે બુખારા નામના સિંહદ્વારથી લાલ કિલ્લામાં ગયા હતા,

---

૧ અમરસિંહના સરદારો અર્જુન ગોડપર વેર લેવાને માટે તેના મકાન તરફ જતા હતા; પરંતુ એવામાં પાદશાહની સેના આવી પહોંચવાથી તેની સાથે યુદ્ધ થયું.

૨ કર્નલટોડ જણાવે છે કેઃ—

આવાં ચરિત્રો લખવાથી ઘણો ફાયદો થવાનો સંભવ છે. પાશ્ચાત્ય રાજ-

તેને ઈંટાદ્વારા બંધ કરી દેવામાં આવ્યું અને તે દિવસથી એ "અમરસિંહરા ફાટક" ના નામથી પ્રસિદ્ધ થયું. ત્યારથી દીર્ઘકાળ પર્યંત તે દ્વાર બંધ રહ્યું હતું. અંતે જ્યોર્જ સ્ટીલ નામના એક અંગ્રેજે ઇ૦ સ૦ ૧૮૦૯ માં તેને ખોલાવ્યું હતું.[1]

નીતિની સાથે પૌર્વાત્ય રાજનીતિનો મુકાબલો કરવાને અને જો કોઇ સામંત હાલની બ્રિટિશ સરકાર સાથે અમરસિંહના જેવું વર્તન કરે તો તેની સાથે સરકારે કેવી રીતે વર્તવું જોઈએ, તેનો નિર્ણય કરવાને માટે આવાં દૃષ્ટાંતો ધ્યાનમાં લેવાની ઘણી જરૂર છે. રાજપૂતોનાં ચરિત્રપરથી અત્યાચારી મુસલમાન પાદશાહોએ પણ એક શિખામણ લીધી હતી અને તે એ હતી કે, તેઓ એક કડી બગડવાથી આખી સાંકળને રદ કરતા નહોતા, અર્થાત્ એક મનુષ્ય અપરાધ કરે તો તેના સમસ્ત વંશને તેઓ અપરાધી ગણીને તેનાપર વૈર રાખતા નહોતા. શાહજહાને અમરના પુત્રપર આ અપરાધને માટે વૈર લીધું નહોતું. ઉલટું તેણે તેના પુત્રને નાગોરની ગાદીપર અભિષિક્ત કર્યો હતો. તેનું નામ રામસિંહ હતું. ઉપરોક્ત જાગીર દીર્ઘકાળપર્યંત તેના વંશજોના હાથમાં રહી હતી. રામસિંહનો પુત્ર હઠીસિંહ, (હિંદી અનુવાદક જણાવે છે કે હઠીસિંહ અને અનુપસિંહ એ ઉભય રાયસિંહના બંધુ હતા અને ઇંદ્રસિંહ રાયસિંહનો પુત્ર હતો.) તેનો પુત્ર અનુપસિંહ, અનુપસિંહનો ઈંદ્રસિંહ અને તેનો પુત્ર મોહકમસિંહ થયો હતો. રામસિંહની ચોથી પેઢીએ ઈંદ્રસિંહને જ્યારે રાઠોડોએ નાગોરમાંથી કાઢી મૂકી તે રાજ્ય પોતાના મહારાજ્યમાં સંયોજી દીધું ત્યારે રામસિંહના વંશજોના અધિકારમાંથી તે જાગીર સદાને માટે નીકળી ગઈ; પરંતુ મોગલોએ અને મરાઠાઓએ રાજપૂતોની સાથે જે પ્રકારનું વર્તન રાખ્યું હતું તેવું વર્તન રાખવાને આપણે તૈયાર થયા નથી. આપણને પ્રજાના સ્નેહ અને પ્રેમ ઉપર સંપૂર્ણ વિશ્વાસ નહોતો, તેથી આપણે તેના પ્રત્યે દયા પ્રકાશિત કરવાનું સાહસ કરી શકયા નહોતા; પરંતુ આપણે લીધેલું વૈર તો ઈંદ્રવજ્રની પેઠે આપણા શત્રુઓનાં હૃદય ભસ્મ કરી દે છે. જુઓ, અનેક સામંતોને તેમની જાગીરોમાંથી દૂર કરવામાં આવ્યા છે, રોહિલાઓની સામેના નિત્ય પ્રપંચોથી ભરતપુરના વિધ્વંસ પર્યંત આપણે સિંહસમાન કાર્ય કર્યું છે. વર્તમાન કાળમાં આપણો પ્રતાપ દૃઢ થઈ ગયો છે. સાંપ્રતમાં આપણે દયાભાવ પ્રકટ કરી શકીએ એમ છે અને દુર્ભાગ્યવશાત્ રાજપૂતાનામાં તેની આવશ્યકતા હોય તો ત્યાં સંપૂર્ણ દયાભાવ પ્રકટ કરવો જોઇએ; કારણ કે ત્યાંના લોકો અતિ કૃતજ્ઞ હોવાથી તેઓ તેની કદર કરશે અને આકાશાનુસારની પેઠે, તે પુનઃ આપણી ઉપર જ આવી પડશે; (અર્થાત્ તેનું ફળ આપણને જ મળશે) પરંતુ જો આપણે સંકટના આગમનની આશંકા અને ભીતિ રાખીને તદનુસાર આપણો રાજ્યપ્રબંધ ચલાવીશું નહિ તો એક દિવસ આપણા ઉપર ભયંકર સંકટ જ આવી પડશે. આપણી રાજ્ય વ્યવસ્થા પ્રજાને ઇષ્ટ નથી અને અલ્પ સમય રહેનારા પોલિટિકલ એજન્ટોની સાથે થયેલા ક્ષુલ્લક વિવાદથી યુગોથી સ્થપાયેલાં રાજ્યનું ઉન્મૂલન થઈ જવાનો ભય રહે છે.

૧ મહાશય સ્ટીલે કર્નલ ટૉડને જણાવ્યું હતું કે: "જ્યારે હું અમરસિંહનું ફાટક ખોલાવતો હતો ત્યારે નગરવાસીઓએ મને રોકીને કહ્યું કે:–" આપ એને

૨

રામસિંહ સંબંધમાં કર્નલ ટૉડકૃત રાજસ્થાનમાં ઉલ્લેખ

પુરીહરવીરો આ વિજયથી અત્યંત ઉત્સાહિત થયા. વળી રત્ન[૧] નામના એક રાઠોડે આ સમયે જોધપુર જીતી લેવાની અભિલાષા ધારણ કરી. અમરસિંહ નામના જે રાઠોડ રાજકુમારને તેની ચંચળતા અને ક્રોધી સ્વભાવને લીધે રાજસિંહાસનથી વંચિત કરીને તેના પિતાએ દેશપાર કર્યો હતો, અને જે શાહજહાનને મારવાનો પ્રયત્ન કરતાં સ્વયં રાજસભામાં માર્યો ગયો હતો, તે જ અમરસિંહનો પુત્ર આ રત્ન હતો. એમ કહેવાય[૨] છે કે ઔરંગઝેબે જ રત્નને જોધપુર જીતી લેવાને માટે ઉશ્કેર્યો હતો. ગમે તેમ હો; પરંતુ રત્નની[૩] આ

ખોલાવશો નહિ. એમાં એક મહા પ્રચંડ અજગર એનો રક્ષક બનીને રહે છે. ફાટક ખોલાવશો તો અવશ્ય આપ વિપદ્માં આવી પડશો.” મેં તેની વાત ખોટી માની તેનાપર કિંચિત્ પણ લક્ષ આપ્યું નહિ; પરંતુ ફાટક તોડતાં તોડતાં જ્યારે તેનો થોડો ભાગ શેષ રહ્યો ત્યારે એક અતિ પ્રચંડ સર્પ તેમાંથી નીકળ્યો અને તેણે મારાપર આક્રમણ કર્યું, તે મારા બંને પગની વચ્ચે આવી પડ્યો. હું શીઘ્ર નાઠો અને દૂર જઇને ઉભો રહ્યો. મહા મુશ્કેલીથી આ વખતે હું તેના દંશમાંથી બચ્યો હતો.

૧ રત્ન નામ ખોટું છે; ખરૂં નામ રામસિંહ છે. રામસિંહ રાવ અમરસિંહનો પુત્ર અને મહારાજા જસવંતસિંહનો ભત્રીજો હતો.

૨ ઉદારહૃદય શાહજહાને અમરસિંહની ઉદ્ધતાઇને માટે તેના પુત્રને શિક્ષા કરી નહોતી; ઉલટું તેણે તેને નાગોરનું રાજ્ય આપ્યું હતું. આ રાજ્ય તેના વંશમાં ચાર પેઢી સુધી રહ્યું. પછી રાઠોડ રાજાએ તેના વંશજોને ત્યાંથી કાઢી મૂક્યા. પ્રજાવત્સલ શાહજહાને અમરસિંહના પુત્રપ્રત્યે જેવું ઉદાર વર્તન કર્યું હતું, તેવું ઉદાર વર્તન કોઇપણ વિજાતીય રાજાએ કોઇ પ્રજાજન સાથે કર્યું હોય એમ ઈતિહાસપરથી જણાતું નથી. કર્નલ ટૉડ સ્પષ્ટ રીતે જણાવી ગયા છે કે જો ભારત વર્ષમાં બ્રિટિશ સામ્રાજ્યને અચલ રાખવાની ઈચ્છા હોય તો આ પ્રકારની ઉદારતા પ્રજાપ્રત્યે દર્શાવવાની આવશ્યકતા છે.

આ નોંધમાં આટલો સુધારો કરવાનો છે:—અમરસિંહના વંશજોના હાથમાં નાગોરનું રાજ્ય ચાર પેઢીઓ સુધી રહ્યું નહોતું. મહામુશ્કેલીથી બે પેઢીઓ સુધી રહ્યું હતું.

૩ ઔરંગઝેબે ઉજ્જયિનીના યુદ્ધમાં જસવંતસિંહ પ્રત્યે નારાજ થઈને જોધપુરનું રાજ્ય રામસિંહને અર્પણ કર્યું હતું; પરંતુ પાછળથી તેને આપવાનું બંધ રાખવામાં આવ્યું અને જસવંતસિંહના હાથમાંજ જોધપુરનું રાજ્ય રહ્યું. રામસિંહ જસવંતસિંહની પૂર્વે મરણ પામ્યો હતો. તેના મરણ પછી ઔરંગઝેબે જોધપુર રાજ્યની સનંદ ઈંદ્રસિંહને આપી હતી; પરંતુ રાઠોડોએ તેને પરાસ્ત કર્યો. આથી ઔરંગઝેબ તેના પ્રત્યે અપ્રસન્ન થયો અને ઈંદ્રસિંહ જોધપુર પર અમલ ચલાવી શકયો નહિ. રત્ન નામ રામસિંહ અથવા ઈંદ્રસિંહની જગ્યાએ આ પુસ્તકમાં કર્નલ ટૉડે લખેલું છે.

ચેષ્ટા સફળ થઈ નહિ. વિશ્વાસુ રાઠોડ સરદારો અજિતસિંહના અધિકારની રક્ષા કરવાને માટે રત્નની સામે યુદ્ધમાં પ્રવૃત્ત થયા અને તેમણે તેને હરાવ્યો. તેણે નાસીને નાગોરના કિલ્લામાં ભરાઇ પોતાના પ્રાણનું રક્ષણ કર્યું. ત્યાર પછી રાઠોડ સરદારોએ ઈંદાવંશીઓપર આક્રમણ કરી તેમને મંદોરમાંથી દૂર નસાડી મૂક્યા. ઔરંગઝેબે જે હેતુથી રત્નને જોધપુર જીતી લેવાને ઉત્સાહિત કર્યો હતો, તે હેતુ સફળ થયો નહિ. (સસ્તા સાહિત્યની આવૃત્તિમાંથી)

૩

વાર્તાને લગતાં ઐતિહાસિક વર્ષોની યાદી

૧. મ. ગજસિંહ ગાદીએ બેઠા. ઈ. સ. ૧૬૨૦. જહાંગીરનો સમય.

૨. શા. શાહજહાન „ „ ૧૬૨૭.

૩. ગજસિંહે અમરસિંહને નાવારસ ઠરાવ્યો. ૧૬૩૪.
અમરસિંહને શાહજહાને નાગોર આપી પોતા સાથે રાખ્યો.

૪. ગજસિંહ મરણ પામ્યા. ૧૬૩૮.

૫. અમરસિંહ મ. છત્રશાળની પુત્રીને પરણ્યા. ૧૬૪૫ ના આષાઢ શુદ ૯.

૬. અમરસિંહે સલાબતખાનને કટારીથી માર્યો. ૧૬૪૫ ના શ્રાવણ શુદ ૩.

૭. અમરસિંહનું અર્જુન ગૌડે દગાથી ખુન કર્યું. ઈ. સ. ૧૬૪૫ ના શ્રાવણ શુદ ૫.

વાર્તામાં અમરસિંહની રાણી મહારાજ છત્રશાલની પુત્રી, હાડી રાણીને નામે જે ઓળખાય છે તેનું વિશેષ નામ શું હતું તે લેખક છગનલાલ બ્રહ્મભટ્ટે લખ્યું નથી. તેમ જ મારવાડી ભાષાના અમરસિંઘજીરા ખ્યાલમાં પણ હાડી રાણીનું નામ આપેલું નથી. પણ સલાબતખાન શાહજહાનનો સાળો હતો અને ચુગલીખોર હતો એ જણાવેલું છે. પાદશાહ શાહજહાનની વાર્તામાં આવતી માનીતી હુરમ તે કોણ? તાજ બેગમ કે બીજી કોઈ? તેનો ખુલાસો પણ મળતો નથી. અમરસિંહના અને હાડી રાણીના મારવાડી ભાષામાં પોવાડા અથવા ખ્યાલ જુદા જુદા પ્રકારના મળે છે. તેમાં એકમાં શાહજહાનની હુરમને તાજબીબી તરીકે ઓળખાવી છે અને સલાબતખાન તેનો ભાઈ હતો એમ તો બધામાં જ એક સરખું વર્ણવેલું મળી આવે છે.

(સંપાદક)

કુદરતની અમૂલ્ય બક્ષીસ

સૌંદર્ય એ સ્ત્રીઓને મળેલી કુદરતી બક્ષીસ છે. સૌંદર્ય વાળને અંગે રહેલું છે. સુંદર વાળ વગરનો ચહેરો ગમે તેટલો આકર્ષક હોવા છતાં પણ મોહક દેખાતો નથી એટલે વાળ એક સૌંદર્યમાં મહત્વનો ભાગ ભજવે છે. છતાં વાળની સંભાળ લેવાની જરૂર ઘણા થોડા માણસો સમજે છે. વાળને જોઇતો ખોરાક નહિ મળવાથી પરિણામે ધીમેધીમે વાળ ખરી જાય છે. આખિર તેને માટે ઇલાજ શોધવા નીકળે છે. આવી રીતે છેલ્લી ઘડીએ ઇલાજ શોધવા કરતા તેની પહેલેથીજ માવજત કરવાનું જરૂરનું છે અને તે ફક્ત વાળને જોઇતો ખોરાક આપવાનું છે.



કામીનીઆ ઑઇલ (રજીસ્ટર્ડ)

વાળ માટેનો સંગીન આયુર્વેદિક ખોરાક છે કારણ કે તેમાં રહેલા ૩૭ વનસ્પતિજન્ય તત્વો માથાનો ખોડો દૂર કરી વાળના મૂળીઆમાં પ્રવેશ કરે છે અને વાળની જડ મજબુત બનાવીને સુંદર, સુંવાળા, લાંબા, ગુચ્છાદાર ઉગવામાં મદદ કરે છે. આ તેલ માથામાં લગાડવાથી આખા દિવસના થાકેલા મગજને તાજગી મળે છે. વળી તેની મનમોહક ખુશબો મનને આનંદ આપનારી છે.

દુનીયા ભરમાં લાખો લોકોએ આ તેલ વાપરી પોતાનો સંતોષ જાહેર કર્યો છે. જેમાંનો ફક્ત આ એકજ અભિપ્રાય વાંચો.

"શ્રી૦ આર. કે. નાયર મુ. નેનકાણા, પોસ્ટ વાંઠ પેરીયાર. તા૦ ૧-૧૨-૧૯૩૯ ના પત્રમાં લખે છે કે:—"[illegible] કે જેને માટે મેં કામીનીઆ ઑઇલ મંગાવ્યું હતું. તેને કામીનીઆ ઑઇલ વાપરવાથી અજાયબીભરી અસર થઇ છે બીજી એક ડઝન બાટલી કામીનીઆ ઑઇલ વી. પી. થી મોકલજો" વિશેષ ખાત્રી શા માટે? તમો પોતેજ એક બાટલી ખરીદી ખાત્રી કરો.

કીંમત: ૧ બાટલીના રૂ. ૧-૦-૦ વી. પી. ખર્ચ રૂ. ૦-૬-૦.
૩ ,, રૂ. ૨-૧૦-૦ ,, રૂ ૦-૧૨-૦.

સોલ એજન્ટ:—ધી એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.
૨૮૫ માર્કેટ, પોસ્ટ બોક્ષ નં. ૨૦૮૨ મુંબઈ નં. ૨.